ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૯૫/૧૪૨/એસટીસી/૩૪૯૨/૧૨૩૭/જીએચ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT STATE ROAD TRANSPORT CORPORATION RULES, 1971.

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન નિયમો, ૧૯૭૧ સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૦મી જુલાઈ, ૧૯૯૫.

માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન, અધિનિયમ, ૧૯૫૦.

ક્રમાંક : જીજી/૯૫/૧૪૨/એસટીસી/૩૪૯૨/૧૨૩૭/જીએચ.--માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ના ૬૪મા ની કલમ ૪૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન નિયમો, ૧૯૭૧ વધું સુધારવા નીચેના નિયમો કરે છે :—

INDEX

૧. આ નિયમો, 'ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન (સુધારા) નિયમો, ૧૯૯૫' કહેવાશે.

૨. ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિયમો, ૧૯૭૧માં, નિયમ-૬માં, પેટા-નિયમ (૧)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

"(૧) ડિરેક્ટરોને ચૂકવવાની ફી બાબત.—અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ અથવા મેનેજીંગ ડિરેક્ટર અથવા કેન્દ્ર સરકારના પ્રતિનિધિ ન હોય તેવા ડિરેક્ટર, માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમની કલમ ૧૨ હેઠળ બોર્ડ નક્કી કરેલ, બોર્ડ અથવા સમિતિની દરેક બેઠકમાં હાજર રહે તે દિવસ માટે, રૂ. ૧૫૦ (રૂપિયા એકસો પચાસ ફકત)ની ફી મેળવવાને હકદાર થશે. પરંતુ, ફકત એકજ બેઠકને લગતી ફી તેજ દિવસે લેવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડિયા,
સરકારના ઉપ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી ઓગષ્ટ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૩મી જૂન, ૧૯૯૫ના ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના સરકારી જાહેરનામાં ક્રમાંક : જીઓસ/૯૫/૩૮/ભાપન/૧૦૯૪/૭૩૦/કે, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

re

AMENDMENT TO THE ENGLISH AND GUJARATI TYPIST (SUBORDINATE SECRETARIAT SERVICE, CLASS-III) RECRUITMENT (EXAMINATION) RULES, 1991.

અંગ્રેજી તથા ગુજરાતી ટાઈપીસ્ટ (તાબાની સચિવાલય સેવા, વર્ગ--૩) ભરતી (પરીક્ષા) નિયમો, ૧૯૯૧ સુધારવા સંબંધી જાહેરનામું

સામાન્ય વહીવટ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જૂન, ૧૯૯૫.

ભારતનું સંવિધાન

ક્રમાંક : જીઓસ/૯૫/૩૮/ભાપન/૧૦૯૪/૭૩૦/કે : ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, અંગ્રેજી તથા ગુજરાતી ટાઈપીસ્ટ (તાબાની સચિવાલય સેવા, વર્ગ--૩) ભરતી (પરીક્ષા) નિયમો, ૧૯૯૧ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે.--

૧. આ નિયમો, અંગ્રેજી તથા ગુજરાતી ટાઈપીસ્ટ (તાબાની સચિવાલય સેવા, વર્ગ--૩) ભરતી (પરીક્ષા) (સુધારા) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. અંગ્રેજી તથા ગુજરાતી ટાઈપીસ્ટ (તાબાની સચિવાલય સેવા, વર્ગ--૩) ભરતી (પરીક્ષા) નિયમો, ૧૯૯૧માં નિયમ ૧૨માં, પેટા-નિયમ (૧) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :

"(૧) યથાપ્રસંગ ગુજરાતી ટાઈપીસ્ટ અથવા અંગ્રેજી ટાઈપીસ્ટની જગ્યા માટે અરજી કરતા ઉમેદવારે, તેની અરજી સાથે ફકત રૂ. ૨૦/- (રૂપિયા વીસ ફકત) ની પરીક્ષા ફી ચુકવવાની રહેશે :

પરંતુ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વ્યકિતઓ, વિચરતી જાતિઓ અને વિમુકત જાતિઓ સહિતની અને શારીરિક રીતે ખોડ ખાંપણવાળી વ્યકિતઓને ઉપર પ્રમાણે ભરવાનું ફરમાવ્યું હોય તો, પરીક્ષા ફી તેમજ અરજી ચાર્જ કોઈ હોય તો, તેમાંથી મુકિત આપવામાં આવશે."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

અનીલ ભટ્ટ,
સરકારના ઉપસચિવ.
સામાન્ય વહીવટ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૯મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૪મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીઅચ/એલ/૨૭/ઓપીએમ/૧૦૯૫/સી-૧૭૩/એમ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Order

Under

THE BOMBAY PROHIBITION ACT, 1949.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ હેઠળ હુકમ.

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૪મી જુલાઈ, ૧૯૯૫.

ક્રમાંક : જીએચ/એલ/૨૭/ઓપીએમ/૧૦૯૫/સી-૧૭૩/એમ—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ ૫૮-ક સાથે વાંચતા, તેની કલમ ૧૩૯ના ખંડ (૧)ના પેટા-ખંડ (ખ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ફરમાવે છે કે પોસ દોડાંના વેપારી ધ્વારા જમીન માર્ગે થતી પોસ દોડાંની આયાત અને હેરફેર, નશાબંધી અને આબકારી ખાતાના અનુરક્ષણ (એસ્કોર્ટ) હેઠળ કરવાની રહેશે તેમજ પોપી-રૂએ એના લાઈસન્સદારે પોસ દોડાંનો સંગ્રહ અને વેચાણ પણ નશાબંધી અને આબકારી ખાતાની દેખરેખ હેઠળ કરવાનો રહેશે. નશાબંધી અને આબકારી ખાતા ધ્વારા પૂરા પડાયેલ આવા અનુરક્ષણ અને દેખરેખનો ખર્ચ સંબંધિત લાઈસન્સદારે ભોગવવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,
એચ. એસ. રાઠોડ,
સરકારના ઉપ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૧મી ઓગષ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચટી. ૯૫. ૧૨) એમ. એન. આર. ૧૦૯૩-૯૧૨-ઈ,નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT ENTERTAINMENTS TAX ACT, 1977.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ જાહેરનામું.

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ઓગષ્ટ, ૧૯૯૫.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક : (જીએચ.ટી.-૯૫.૧૨) એમ.એન.આર.૧૦૯૩-૯૧૨-ઈ.— ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે;

તેથી, હવે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા) ની કલમ ૨૯ ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, અને માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૩નું સરકારી જાહેરનામું ક્રમાંક: જી.એચ.ટી.-૯૩-૪૦-એમ.એન.આર-૧૦૯૩-૯૧૨-ઈ રદ કરીને, ગુજરાત સરકાર, આથી, આદેશ કરે છે કે, સિનેમા ધ્વારા અપાતા મનોરંજનના માલિકને, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખે પ્રવેશ માટે ભરવાનો વિદ્યમાન દર, ઘટાડી શકાશે નહિ એવી શરતને અધીન રહીને ટિકિટ દીઠ એક રૂપિયા સુધી કર ભરવામાંથી મુકિત આપવામાં આવશે.

આ જાહેરનામાનો કોઈપણ મજકૂર, વિડિયો કેસેટ રેકોર્ડર અથવા વિડિયો કેસેટ પ્લેયર અથવા ડિસ્ક એન્ટેના અને કેબલ ટેલિવિઝન સંચાલન દ્વારા અપાતા મનોરંજનને લાગુ પડશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
જી. ડી. ભગોરા,
સરકારના ઉપસચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૪થી ઓગસ્ટ ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીઓચ/વી/૯૫નો ૧૦૬/ટીપીએસ/૩૧૯૩/૧૧૨૪/એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર,

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૪થી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬:

ક્રમાંક: જીઓચ/વી/૯૫નો ૧૦૬/ટીપીએસ—૩૧૯૩/૧૧૨૪/એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૧૯મી માર્ચ, ૧૯૯૧નો સરકારી જાહેરનામા ક્રમાંક: જીઓચ/વી/૧૧૯૧નો ૬૯/ટીપીએસ/૩૧૯૦/૯૬૩/૯૧/એલ, હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રુએ, ભરુચ નગરપાલિકા, ભરૂચે, તેને સાદર કરેલ, ફેરફાર કરેલ નગરરચના યોજનાનો મુસદ્દો, ભરૂચ ક્રમાંક ૧ (દ્વિતીય ફેરફાર કરેલ) (જેનો આમાં હવે પછી, "સદરહુ દ્વિતીય ફેરફાર કરેલ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો;

અને સદરહુ અધિનિયમની કલમ ૫૦થી મળેલી સત્તાની રુએ ગુજરાત સરકારે, સદરહુ દ્વિતીય ફેરફાર કરેલી યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણુંક કરી હતી;

અને નીમેલા નગરરચના અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૫૨ની પેટા-કલમ (૨) અને કલમ ૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના ભરુચ, ક્રમાંક ૧ (દ્વિતીય ફેરફાર કરેલ) પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ દ્વિતીય ફેરફાર કરેલ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરેલ છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૬૫થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા સુધારાને આધીન રહીને, "સદરહુ દ્વિતીય ફેરફાર કરેલી પ્રારંભિક યોજના" મંજૂર કરે છે.

(ખ) જણાવે છે કે સદરહુ યોજના ભરુચ નગરપાલિકા, ભરુચની કચેરીમાં રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ, લોકોને જોવા માટે ખુલ્લી રહેશે, અને

(ગ) સદરહુ કલમ ૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)નાં હેતુ માટેની તારીખ તરીકે સન ૧૯૯૫ના સપ્ટેમ્બર મહિનાની ૬ઠ્ઠી તારીખ નક્કી કરે છે.

અનુસૂચિ

૧. યોજના બુકમાં, ફેરવહેંચણી પત્રકમાં, પાના નં. ૬ પર, અનુક્રમાંક ૧ ઉપર, કોલમ ૯માં આખરી પ્લોટો ક્રમાંક ૭/એ અને ૭/બી સામે કરેલ વિશેષ નોંધ ૨૬ ગણવી.

૨. યોજના બુકમાં, ફેરવહેંચણી પત્રકમાં, પાના નં. ૬ના અનુક્રમાંક ૧ ઉપર આખરી પ્લોટ ક્રમાંક ૭/એ માટે કોલમ નં. ૨માં "આર્થિક રીતે પછાત લોકોના ક્વાર્ટર માટે અનામત" એ શબ્દોને બદલે, પ્લાન નં. ૩ અને ૪માં દર્શાવ્યા પ્રમાણે "સામાન્યિક શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત વર્ગના લોકો માટે ગૃહનિર્માણ તરીકે ફાળવેલ" એ શબ્દો મૂકવા.

૩. વિકાસ નિયંત્રણ વિનિયમો, દ્વિતીય ફેરફાર કરેલ પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાંથી બાકાત રાખેલ છે એમ ગણવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુક્ત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, JANUARY 25, 1996/MAGHA 5, 1917 [No. 4

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ઓગષ્ટ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૭મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એલ/૧૫/અમએલએસ/૧૦૯૫-૪૬૫-એમ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

re

AMENDMENT TO THE GUJARAT ROTTEN GUR AND AMMONIUM CHLORIDE (MANUFACTURE AND POSSESSION) RULES, 1977.

ગુજરાત સડેલો ગોળ અને નવસાર (બનાવટ અને કબજા) નિયમો, ૧૯૭૭ સુધારવા સંબંધી જાહેરનામું

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી જુલાઈ, ૧૯૯૫.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯,

ક્રમાંક : જીએચ/એલ/૧૫/એમએલએસ/૧૦૯૫-૪૬૫-એમ.-- મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા) ની કલમ ૧૦૭ સાથે વાંચતા, તેની કલમ ૧૪૩ની પેટા-કલમ (૨) ના ખંડ (બ) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો સદરહુ કલમ ૧૪૩ની પેટા-કલમ (૩) થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી ગુજરાત સરકાર સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

INDEX

૨. ઉપર્યુક્ત મુદત પૂરી થતાં પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી, નશાબંધી અને આબકારી નિયામક ગુજરાત રાજ્ય, ઓ/૨, ન્યુ મેન્ટલ હોસ્પિટલ બિલ્ડીંગ, અસારવા, અમદાવાદ-૩૮૦૦૧૬-ને, જે કંઈ વાંધા અથવા સૂચનો મળશે તે, સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જીએચજીએલ-૧૫/એમ એલઆરએ-૧૦૯૫-૪૬૫૫-એલ.:- મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સને ૧૯૪૯ના મુંબઈના ૨૫મા) ની કલમ ૧૦૩ સાથે વંચાણ, તેની કલમ ૧૪૩ની પેટા-કલમ (૨) ના ખંડ (ઙ) થી આપેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત સ્ટેલા ગોળ અને નવસાર (બનાવટ અને કબજા) નિયમો, ૧૯૭૭માં સુધારવા નીચેના નિયમો કરે છે.—

૧. આ નિયમો 'ગુજરાત સ્ટેલા ગોળ અને નવસાર (બનાવટ અને કબજા) (સુધારા) નિયમો, ૧૯૯૫' કહેવાશે.

૨. ગુજરાત સ્ટેલા ગોળ અને નવસાર (બનાવટ અને કબજા) નિયમો, ૧૯૭૭ (જેને આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ ૪માં, પેટા-નિયમ (૩)માં, "લાઈસન્સ ફી તરીકે એકસો રૂપિયા અને એક હજાર રૂપિયાની રકમ" એ શબ્દોને બદલે, "લાઈસન્સ ફી તરીકે એકસો પચાસ રૂપિયા અને એક હજાર પાંચસો રૂપિયાની રકમ" એ શબ્દો મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૫માં, પેટા-નિયમ (૩)માં, "લાઈસન્સ ફી તરીકે એકસો રૂપિયા અને એક હજાર રૂપિયાની રકમ" એ શબ્દોને બદલે, "લાઈસન્સ ફી તરીકે એકસો પચાસ રૂપિયા અને એક હજાર પાંચસો રૂપિયાની રકમ" એ શબ્દો મૂકવા.

૪. સદરહુ નિયમોમાં; નિયમ ૬માં, પેટા-નિયમ (૩)માં, "પચીસ રૂપિયા" એ શબ્દોને બદલે, "ચાળીસ રૂપિયા" એ શબ્દો મૂકવા.

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૭માં, પેટા-નિયમ (૩) માં, "પચીસ રૂપિયા" એ શબ્દોને બદલે, "ચાળીસ રૂપિયા" એ શબ્દો મૂકવા.

૬. સદરહુ નિયમોમાં, નમૂના આર. જી. ૧માં, પ્રસ્તાવનામાં, "લાઈસન્સ ફી તરીકે એકસો રૂપિયા અને એક હજાર રૂપિયાની રકમ" એ શબ્દોને બદલે, "લાઈસન્સ ફી તરીકે એકસો પચાસ રૂપિયા અને એક હજાર પાંચસો રૂપિયાની રકમ" એ શબ્દો મૂકવા.

૭. સદરહુ નિયમોમાં, નમૂના એ. સી. ૧માં, પ્રસ્તાવનામાં, "લાઈસન્સ ફી તરીકે એકસો રૂપિયા અને એક હજાર રૂપિયાની રકમ" એ શબ્દોને બદલે, "લાઈસન્સ ફી તરીકે એકસો પચાસ રૂપિયા અને એક હજાર પાંચસો રૂપિયાની રકમ" એ શબ્દો મૂકવા.

૮. સદરહુ નિયમોમાં, નમૂના આર. જી. ૨માં, પ્રસ્તાવનામાં, "પચીસ રૂપિયા" એ શબ્દોને બદલે," ચાળીસ રૂપિયા" એ શબ્દો મૂકવા.

૯. સદરહુ નિયમોમાં, નમૂના એ. સી. ૨માં, પ્રસ્તાવનામાં, "પચીસ રૂપિયા" એ શબ્દોને બદલે, "ચાળીસ રૂપિયા" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઈ. એચ. ઠાકર.
સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૫નો ૧૦૫/વીબીએન/૨૫૯૪/૨૩૭૦/આઈસી/૧૧૧-ચનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જુલાઈ, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૫નો ૧૦૫/લીબીએન/૨૫૯૪/૨૩૭૦/આઈસી/૧૧૧-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ ના ગુજરાતના ૧૮મા)ની કલમ--૭થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત સાગબારા અને જિલ્લા પંચાયત ભરૂચ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી:--

(૧) અનુસૂચિના કોલમ—૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ—૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે, અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ –૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ—૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ.	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર.	વિદ્યમાન ગામોમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર.	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ.	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	સાગબારા	નાલ ગ્રુપ ગ્રામ પંચાયત	૧. નાલ ગ્રામ પંચાયત		૧. નાલ	૧. (૧) નાલ મહેસૂલી ગામ
			૨. કાકડપાડા મહેસૂલી ગામ			(૨) કાકડપાડા મહેસૂલી ગામ
			૩. પાડી મહેસૂલી ગામ			(૩) પાડી મહેસૂલી ગામ
			૪. દોધનવાડી મહેસૂલી ગામ	૧. (૧) દોધનવાડી મહેસૂલી ગામ	૨. દોધનવાડી મહેસૂલી ગામ	૨. (૧) દોધનવાડી મહેસૂલી ગામ
			૫. સોરતા મહેસૂલી ગામ	(૨) સોરતા મહેસૂલી ગામ		(૨) સોરતા મહેસૂલી ગામ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી ઓગષ્ટ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી ઓગષ્ટ ૧૯૯૫ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી/૧૯૯૫નો ૧૦૮/ વીબીએન--૩૨૯૪-૨૮૯૭ આઈસી--૮૦-ચનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT PANCHAYATS, ACT 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી ઓગષ્ટ, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૫નો ૧૦૮/વીબીએન-૩૨૯૪-૨૮૯૭-આઈસી-૮૦-ચ.-- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત દાહોદ અને જિલ્લા પંચાયત પંચમહાલ સાથે વિચાર-વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી.--

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી ;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ-૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામોમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	દેવગઢ બારિયા	કાકલપુર ગ્રુપ ગ્રામ પંચાયત:	૧. કાકલપુર મહેસૂલી ગામ		૧. કાકલપુર	૧. કાકલપુર મહેસૂલી ગામ
			૨. વીરોલ મહેસૂલી ગામ	૧. વીરોલ મહેસૂલી ગામ	૨. વીરોલ મહેસૂલી ગામ	૨. વીરોલ મહેસૂલી ગામ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/4



The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, FEBRUARY 1, 1996/MAGHA 12, 1917 [No. 5

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ઓગષ્ટ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૦૧/ડીવીપી-૧૪૯૧/એમ-૪૧૮/એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી જુલાઈ, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫ નો ૧૦૧/ડીવીપી-૧૪૯૧/એમ-૪૧૮/એલ.-- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/ ૧૯૮૬ નો ૪૬/ ડીવીપી-૧૪૮૧-૩૮૪-(૮૬)-એલ હેઠળ મંજૂર કરેલ સુરત શહેરી વિકાસ વિસ્તાર માટે છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭ મા) ની કલમ ૧૯ ની પેટા-કલમ -(૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઈપણ વ્યકિતને સુચિત ફેરફાર બાબતે કોઈ સુચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/- ૧૯૮૬નો ૪૬/ડીવીપી- ૧૪૮૧- ૩૮૪- (૮૬)- એલ થી મંજૂર કરેલી સુરત શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો સુચિત ફેરફાર.

સુરત શહેરી વિકાસ વિસ્તારમાં મંજૂર કરેલી વિકાસ યોજનામાં " ટ્રાન્સપોર્ટ (જી. એસ.આર.ટી.સી.)-ટી/૧૯" માટે અનામત રાખેલી આ સાથે જોડેલા પ્લાનમાં 'ABCDEFGHI' નિશાનીથી દર્શાવેલ નવાગામ ગામની કામરેજ તાલુકાની ૨૩૮૪૦ ચો.મી. માપની બ્લોક ૧૦૧/પી, ૧૦૨, ૧૦૩/ પી વાળી જમીન, સદરહૂ અનામતમાંથી કમી કરવી, અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત, નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ આ સાથેના પ્લાન ઉપર દર્શાવ્યા પ્રમાણે "રહેણાંક ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હૂકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ,

વે. અને સં. બા. વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી ઓગષ્ટ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૦૦/ડીવીપી-૧૫૯૪-૩૯૧૧- (૯૪)-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી જુલાઈ, ૧૯૯૫.

ગુજરાત નગરરચના શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૦૦/ડીવીપી-૧૫૯૪--૩૯૧૧-(૯૪)-એલ.-- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૭ નો ૨૪૦--ડીવીપી ૧૫૮૩-૪૪૨૦-(૮૭)- એલ હેઠળ મંજૂર કરેલ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના શહેરી વિકાસ વિસ્તાર માટે છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭ નો ૨૪૦/ડીવીપી ૧૫૮૩-૪૪૨૦-(૮૭)-એલ થી મંજૂર કરેલી ઔડાની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

ઔડાની મંજૂર કરેલ વિકાસ યોજનામાં "કલોલ મ્યુનિસપલ જાહેર હેતુઓ" માટે અનામત રાખેલી કલોલની મહેસૂલી સરવે નંબર ૧/૧ સિટી સરવે નંબર ૧૪૪/પી (વિસ્તાર ૧૮૫૦૭ ચો.મી.) વાળી જમીન, સદરહુ અનામત રાખેલી જમીનમાંથી કમી કરવી અને ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬નો કલમ ૧૨ (૨) (ડ) હેઠળ આ રીતે મુકત કરેલી જમીનોમાંથી - આ સાથે જોડેલા પ્લાનમાં " AEEG " નિશાની કરીને દર્શાવ્યા પ્રમાણે (વિસ્તાર ૭૪૪.૨૦ ચો.મી.)ની જમીનો, "કલોલ નગરપાલિકાના વાણિજ્યિક હેતુઓ" માટે અનામત રાખવી અને સાથે જોડેલા પ્લાનમાં " GBCDEFG " નિશાની કરીને દર્શાવ્યા પ્રમાણે (વિસ્તાર ૧૭૭૬૩ ચો. ની બાકીની જમીનો, " એ. પી. એમ.સી. માટેના શાકભાજી માર્કેટ યાર્ડ; કલોલ" તરીકે અનામત રાખવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,

ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૧૪૭/ ઈએસટી/૧૦૯૩/૨૫૫૦/સી નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT POLICE SUB-INSPECTORS (UNARMED MALE BRANCH) RECRUITMENT (EXAMINATION) RULES, 1980.

ગુજરાત પોલીસ સબ-ઈન્સ્પેકટર (બિન હથિયાર પુરુષ શાખા) ભરતી (પરીક્ષા) નિયમો, ૧૯૮૦ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જુલાઈ, ૧૯૯૫.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧.

ક્રમાંક : જીજી/૧૪૭/ /ઈએસટી/૧૦૯૩/૨૫૫૦/સી : મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સન ૧૯૫૧નાં મુંબઈનાં ૨૨મા) ની કલમ-૫૬ના ખંડ (ખ) થી મળેલી સત્તાની રૂએ, "ગુજરાત સરકાર, આથી ગુજરાત પોલીસ સબ ઈન્સ્પેકટર (બિન હથિયાર પુરુષ શાખા) ભરતી (પરીક્ષા) નિયમો, ૧૯૮૦ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો, "ગુજરાત પોલીસ સબ ઈન્સ્પેકટર (બિન હથિયાર પુરુષ શાખા) ભરતી (પરીક્ષા) (સુધારા) નિયમો, ૧૯૯૫" કહેવાશે.

૨. ગુજરાત પોલીસ સબ-ઈન્સ્પેકટર (બિન હથિયાર પુરુષ શાખા) ભરતી (પરીક્ષા) નિયમો, ૧૯૮૦માં, પ્રસ્તાવનામાં "રાજ્યપાલ" એ શબ્દને બદલે, "સરકાર" એ શબ્દ મૂકવો.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૩ પછી નીચેનો પરંતુક ઉમેરવો. :—

"પરંતુ આયોગને મળેલી અરજીઓની સંખ્યા, જાહેરાત કરેલી જગાઓની સંખ્યાની સરખામણીમાં આયોગની મળેલી અરજીઓની સંખ્યા વધુ હોય તો, આયોગ, પરીક્ષા પહેલાં, પરિશિષ્ટ 'ખ' માં નિર્દિષ્ટ કરેલ પ્રશ્નપત્રવાળો સ્ક્રીનીંગ ટેસ્ટ યોજશે. સ્ક્રીનીંગ ટેસ્ટના યોગ્ય ધોરણો, આયોગ વખતોવખત નક્કી કરે તેવા રહેશે. માત્ર જે ઉમેદવારોએ લાયકાતના ગુણ મેળવ્યા હોય તે ઉમેદવારોને જ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે.

વધુમાં, સ્ક્રીનીંગ ટેસ્ટમાં મેળવેલા ગુણ, પરીક્ષાના પરિણામના હેતુ માટે ધ્યાનમાં લેવામાં આવશે નહિ."

૪. સદરહુ નિયમોમાં, પરિશિષ્ટ—ક પછી, નીચેનું પરિશિષ્ટ ઉમેરવું :—

"પરિશિષ્ટ—ખ
(જુઓ નિયમ ૩ પરંતુક)
સ્ક્રીનીંગ ટેસ્ટ
સામાન્ય જ્ઞાન.

૧ કલાક—૧૦૦ ગુણ."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વાય. એન. બારોટ,
સરકારના ઉપસચિવ.

———

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩જી ઓગસ્ટ ૧૯૯૫ના ગુજરાત સરકારનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૯૫નો ૧૦૪/ડીવીપી/૨૮૯૪/૧૩૨૮/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૩જી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૯૫નો ૧૦૪/ડીવીપી/૨૮૯૪/૧૩૨/એલ.— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૩મી નવેમ્બર ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૨નો ૨૪૩-ડીવીપી/૨૮૯૧/૧૮૮૩(૯૨)એલ હેઠળ મંજૂર કરેલ લીંબડી નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ(૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:-

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૨નો ૨૪૩/ડીવીપી/ ૨૮૯૧-૧૮૮૩(૯૨) એલ થી મંજૂર કરેલી લીંબડીની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

લીંમડીની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં "મનોરંજનના ઉપયોગ" માટે મુકરર કરેલી, આ સાથે જોડેલા પ્લાનમાં "A-B-C-D-A" નિશાની કરેલી ૪૭૪૦-૪૫ ચો.મી. માપવાળી, લીંબડીની સિટી સર્વે નં. ૩૨૪૪ પૈકીની જમીનો, સદરહુ મુકરરમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા મુજબ ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ઇ) હેઠળ "પ્રાથમિકશાળા" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૪મી ઓગસ્ટ ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૯૫/૧૧૫૫/એમવીઆર/૧૫૮૯/૩૯૭૬/(ભાગ-૨)-ખ.— નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

Notification

Re.

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૪મી ઓગસ્ટ, ૧૯૯૫.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૫/૧૧૫૫/એમવીઆર/૧૫૮૯/૩૯૭૬/(ભાગ-૨) :— મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૨૧૨ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારતા નિયમોનો મુસદ્દો ગૃહ વિભાગના તારીખ ૩જી જૂન, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૫/૧૨૩/એમવીઆર/૧૫૮૯/૩૯૭૬/ભાગ-(૨)ખ હેઠળ, ગુજરાત રાજપત્ર, અસાધારણ ભાગ-૪ એના પાના ૬૮ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી, તારીખ ૩જી જુલાઈ ૧૯૯૫ સુધીમાં વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યા હતા.

અને સદરહુ જાહેરનામા ના સંબંધમાં, સરકારને મળેલા વાંધા અથવા સૂચનો સરકારે વિચારણામાં લીધા હતા.

તેથી, હવે, મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૧૨૯ના બીજા પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને તે અર્થે તેને અંખત્યાર આપતી અન્ય સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે,

(૧) આ નિયમો 'ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૧૯૯૫' કહેવાશે.
(૨) ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯માં, નિયમ ૧૯૩માં પરંતુકમાં, ખંડ (ખ)ને, બદલે, નીચેનો મજકૂર મૂકવો :—
"(ખ) ૫૦ ક્યુબીક સેન્ટીમીટરમાં કરતાં વધુ શકિત ધરાવતું એન્જિન બેસાડેલી મોટર સાયકલ ચલાવતી કોઈપણ વ્યકિત, સન ૧૯૯૫ના સપ્ટેમ્બર, મહિનાની ૩૦મી તારીખ સુધી,"

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમનાં નામે,

એન. એસ. પાટડીયા,
સરકારના ઉપસચિવ, ગૃહવિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૫મી ઓગસ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીપી/૧૬/બીડીએમ/૧૦૯૩/(૯૫)/૧૪૨૨/વાય નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

REGISTRATION OF BIRTHS AND DEATHS ACT, 1969.

જન્મ--મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ હેઠળ જાહેરનામું

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, પમી ઓગસ્ટ, ૧૯૯૫.

જન્મ--મરણ નોંધણી, અધિનિયમ ૧૯૬૯.

ક્રમાંક : જીપી/૧૬/બીડીએમ/૧૦૯૩/(૯)/૧૪૨૨/વાય : જન્મ--મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૬૯ના ૧૮મા)ની કલમ ૪ની પેટા--કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલા અધિકારીઓને સદરહુ પેટા--કલમ (૩) હેઠળ મુખ્ય રજિસ્ટ્રારના કાર્યો બજાવવા માટે તેને અધિકૃત કરવામાં આવે તેવા તેમના કાર્યો બજાવવાના હેતુ માટે, સદરહુ અનુસૂચિના કોલમ ૩માં તેમની સામે દર્શાવ્યા પ્રમાણે હોદ્દા સાથે નીમે છે.

અનુસૂચિ

અનુક્રમાંક	અધિકારી	હોદ્દો	વિસ્તાર.
૧	નાયબ નિયામક (આંકડા) આરોગ્ય કમિશનરની કચેરી.	અધિક નાયબ ચીફ રજિસ્ટાર જન્મ અને મરણ.	સમગ્ર રાજ્ય.
૨	તાલુકા વિકાસ અધિકારી.	તાલુકા રજિસ્ટ્રાર જન્મ અને મરણ.	સંબંધિત તાલુકો.
૩	આંકડા મદદનીશ જિલ્લા આરોગ્ય અધિકારીની કચેરી.	અધીક્ષક, જન્મ અને મરણ.	સંબંધિત જિલ્લો.
૪	આંકડા મદદનીશ, તાલુકા પંચાયતની કચેરી.	ઈન્સ્પેક્ટર જન્મ અને મરણ.	સંબંધિત તાલુકો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ઓન. એલ. ઠાકર,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૭મી ઓગસ્ટ, ૧૯૯૫ ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનાં સરકારી જાહેરનામા ક્રમાંક કેપી/૧૯૯૫નો ૧૧૧/વીબીએન-૩૪૯૪-એમ તેલ ૨-૧૫/ચનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT PANCHAYATS' ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૫નો ૧૧૧/વીબીએન-૩૪૯૪ એમએલએ-૧૫/ચ :—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત હિંમતનગર અને જિલ્લા પંચાયત સાબરકાંઠા સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી :—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે, અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ.

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર.	વિદ્યમાન ગામોમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર.	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ.	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
(૧)	હિંમતનગર.	સવગઢ	(૧) સવગઢ મહેસૂલી ગામ. (૨) માળીવાડા. (પેટા પરા.) (૩) મહેરપુરા મહેસૂલી ગામ.	(૧) મહેરપુરા મહેસૂલી ગામ.	(૧) સવગઢ (૨) મહેરપુરા.	૧. (૧) સવગઢ મહેસૂલી ગામ. (૨) માળીવાડા (પેટા પરા) ૨. મહેરપુરા મહેસૂલી ગામ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુકત સચિવ.

વૈદ્યાધિનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭ સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૧મી ઓગસ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૫નો ૯૭/વીબીએન/૨૯૯૫/૧૦૨૪/આઈસી-૨૪-ચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૫નો ૯૭/વીબીએન/૨૬૯૫/૧૦૨૪/આઈસી/૨૪/ચ : ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, બોરસદ અને જિલ્લા પંચાયત ખેડા સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી :—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે, અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી ;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧	બોરસદ	સંખ્યાડ	૧ સંખ્યાડ મહેસૂલી ગામ ૨ નાની સંખ્યાડ (પેટાપરા)	નાની સંખ્યાડ (પેટાપરા)	૧ સંખ્યાડ ૨ નાની સંખ્યાડ	૧ સંખ્યાડ મહેસૂલી ગામ ૨ નાની સંખ્યાડ (પેટાપરા)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩જી ઓગસ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી/૧૯૯૫નો ૧૨૪-વીબીએન/૩૨૯૫/૧૬૬૯/ચ ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

EX—12

INDEX

Notification

Under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૩જી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૫ની ૧૨૪/વીબીએન-૩૨૯૫-૧૩૬૭-ચ—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો)ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત લુણાવાડા અને જિલ્લા પંચાયત પંચમહાલ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી :—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે, અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ.

અ. નં.	તાલુકાનું નામ.	વિદ્યમાન ગામનું નામ.	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર.	વિદ્યમાન ગામોમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર.	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ.	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	લુણાવાડા	કડાછલા	(૧) કડાછલા મહેસૂલી ગામ.		૧. કડાછલા	(૧) કડાછલા મહેસૂલી ગામ.
			(૨) ચાપટીયા મહેસૂલી ગામ.	(૧) ચાપટીયા મહેસૂલી ગામ.	૨. ચાપટીયા	૨. (૧) ચાપટીયા મહેસૂલી ગામ.
			(૩) કલ્યાણપુરા મહેસૂલી ગામ.	(૨) કલ્યાણપુરા મહેસૂલી ગામ.		(૨) કલ્યાણપુરા મહેસૂલી ગામ
			(૪) ભુવાલ મહેસૂલી ગામ.	(૨૩) ભુવાલ મહેસૂલી ગામ.		(૩) ભુવાલ મહેસૂલી ગામ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭ સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૯૫/૧૪૯/એમટીએ/૧૦૯૫/૧૩૦૫/ખ-ભાગ. ૨ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઠ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE BOMBAY MOTOR VEHICLES TAX ACT, 1958.

મુંબઈ મોટર વાહનો વેરા અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી જુલાઈ, ૧૯૯૫.

મુંબઈ મોટર વાહનો વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જી/જી/૯૫/૧૪૯/એમટીએ/૧૦૯૫/૧૩૦૫/ખ--ભાગ. ૨.—મુંબઈ મોટર વાહનો વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૯ના—૬૫મા)ની કલમ-૩ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ અને ગૃહ વિભાગના તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/જી/૯૩/૪૪/એમટીએ/૧૯૯૩—૯૯૩(૪)/ખથી સુધાર્યા મુજબનું ગૃહ વિભાગનું તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૦નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચ/જી/૯૦/૬૫/એમટીએ/૧૫૯૦-૧૮૪૫/ખ રદ કરીને, ગુજરાત સરકાર, આથી, આદેશ કરે છે કે સન ૧૯૯૬ના ઓગસ્ટ મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી, ગુજરાત રાજ્યમાં ઉપયોગમાં લીધેલ અથવા ઉપયોગમાં લેવા માટે રાખેલ, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ-૧માંની નોંધમાં નિર્દિષ્ટ કરેલ મોટર વાહનો ઉપર સદરહુ અનુસૂચિના કોલમ-૨માંની તત્સમાન નોંધમાં નિર્દિષ્ટ કરેલ વાર્ષિક દરે વેરો લેવામાં અને વસૂલ કરવામાં આવશે.

અનુસૂચિ

મોટર વાહનો ૧	વાર્ષિક વેરાનો દર ૨
ભાગ ૧—મોટર સ્પિરીટ વાપરતાં મોટર વાહનો.	
ક. માત્ર ન્યુમેટિક ટાયર બેસાડેલ મોટર વાહનો:—	
૧. માલ અથવા સામાનની હેરફેર માટે વપરાતાં મોટર વાહનો (ટ્રાઈસિકલો સહિત)	
(ક) ભાર સાથેનું નોંધેલું વજન ૭૫૦ કિલોગ્રામ કરતાં વધારે ન હોય તેવાં વાહનો.	રૂ. ૨૯૦/—
(ખ) ભાર સાથેનું નોંધેલું વજન ૭૫૦ કિલોગ્રામ કરતાં વધારે હોય, પણ ૧૫૦૦ કિલોગ્રામ કરતાં વધારે ન હોય તેવા વાહનો.	રૂ. ૫૪૦/—.
(ગ) ભાર સાથેનું નોંધેલું વજન ૧૫૦૦ કિલોગ્રામ કરતાં વધારે ન હોય, પણ ૩૦૦૦ કિલોગ્રામ કરતાં વધારે ન હોય તેવાં વાહનો.	રૂ. ૮૨૫/—.
(ઘ) ભાર સાથેનું નોંધેલું વજન ૩૦૦૦ કિલોગ્રામ કરતાં વધારે હોય, પણ ૪૫૦૦ કિલોગ્રામ કરતાં વધારે ન હોય તેવા વાહનો.	રૂ. ૧૧૯૦/—.
(ચ) ભાર સાથેનું નોંધેલું વજન ૪૫૦૦ કિલોગ્રામ કરતાં વધારે હોય, પણ ૬૦૦૦ કિલોગ્રામ કરતાં વધારે ન હોય તેવા વાહનો.	રૂ. ૧૫૯૦/—.
(છ) ભાર સાથેનું નોંધેલું વજન ૬૦૦૦ કિલોગ્રામ કરતાં વધારે હોય, પણ ૭૫૦૦ કિલોગ્રામ કરતાં વધારે ન હોય તેવાં વાહનો.	રૂ. ૧૭૨૦/—.
(જ) ભાર સાથેનું નોંધેલું વજન ૭૫૦૦ કિલોગ્રામ કરતાં વધારે ન હોય તેવા વાહનો.	રૂ. ૧૭૨૦/— ઉપરાંત ૭૫૦૦ કિલોગ્રામ કરતાં વધુ હોય તેવા દરેક ૨૫૦ કિલોગ્રામ અથવા તેના ભાગ માટે રૂ. ૧૩૦/-.

INDEX

૧	૨
પરંતુ કોઈ સ્થાનિક સત્તામંડળ મોટર વાહનો ઉપર વેરો લેતું હોય, ત્યારે આવા સ્થાનિક સત્તામંડળની હદની અંદર જ વાપરવા માટે રજિસ્ટર થયેલાં મોટર વાહનો માટેના વેરાના વાર્ષિક દર—	
(૧) આવા સ્થાનિક સત્તામંડળ દ્વારા લેવાતા વેરામાંથી, આવા સ્થાનિક સત્તામંડળે આવા મોટર વાહનોને, પૂર્ણત: અથવા અંશત: મુકિત આપી હોય તે કિસ્સામાં, આ ખંડમાં નિર્દિષ્ટ કરેલા દર જેટલાં રહેશે;	
(૨) બીજા કોઈ કિસ્સામાં, એવી રીતે નિર્દિષ્ટ કરેલા દરોના બે તૃતીયાંશ જેટલા રહેશે.	
૨. ભાડે ફરતાં અને ઉતારુઓની હેરફેર માટે વપરાતાં મોટર વાહનો, (ટ્રાઈસિકલો સહિત),—	
(ક) બધાં મળીને ત્રણ કરતાં વધારે ન હોય તેટલા ઉતારૂઓને લઈ જવા માટે લાઈસન્સ આપેલાં વાહનો.	રૂા. ૨૦૦/—.
(ખ) બધાં મળીને ચાર ઉતારૂઓ લઈ જવા માટે લાઈસન્સ આપેલાં વાહનો	રૂા. ૮૦૦/—.
(ગ) (૧) ૪ કરતાં વધારે પણ ૬ કરતાં વધારે નહિ તેવા ઉતારૂઓ લઈ જવા માટે લાઈસન્સ આપેલ વાહનો.	રૂા. ૮૦૦/— ઉપરાંત, ચાર ઉતારૂઓથી, વધુ જે ઉતારૂઓ લઈ જવા વાહનને એવી રીતે લાઈસન્સ આપવામાં આવ્યું હોય તે પ્રત્યેક ઉતારૂ દીઠ રૂા. ૯૦/—
(૨) ૬ કરતાં વધારે પણ ૯ કરતાં વધારે નહિ તેવા ઉતારૂઓ લઈ જવા માટે લાઈસન્સ આપેલાં વાહનો.	રૂા. ૬૬૦/— ઉપરાંત છ ઉતારૂઓથી વધુ જે ઉતારૂઓ લઈ જવા વાહનને એવી રીતે લાઈસન્સ આપવામાં આવ્યું હોય તે પ્રત્યેક ઉતારૂ દીઠ રૂા. ૬૦/—.
(૩) નવ ઉતારૂઓ કરતાં વધારે ઉતારૂઓ લઈ જવા માટે લાઈસન્સ આપેલાં વાહનો.	રૂા. ૮૪૦/— ઉપરાંત નવ ઉતારૂઓથી વધુ જે ઉતારૂઓ લઈ જવા વાહનને એવી રીતે લાઈસન્સ આપવામાં આવ્યું હોય તે પ્રત્યેક ઉતારૂના સંબંધમાં નીચેના દરોએ ગણતરી કરેલી રકમ:—
	(ક) આવા પ્રત્યેક ઉતારૂ માટે બેસવાની સગવડ દીઠ રૂા. ૭૨/—; અને
	(ખ) આવા, પ્રત્યેક ઉતારૂ માટે ઉભા રહેવાની સગવડ દીઠ રૂા. ૩૬/—.
પરંતુ કોઈ સ્થાનિક સત્તામંડળ મોટર વાહનો ઉપર વેરો લેતું હોય, ત્યારે આવા સ્થાનિક સત્તામંડળની હદની અંદર જ વાપરવા માટે રજિસ્ટર થયેલા મોટર વાહનો માટેના આ ખંડ હેઠળના વેરાના વાર્ષિક દર,—	
(૧) આવા સ્થાનિક સત્તામંડળ દ્વારા લેવાતા વેરામાંથી, આવા સ્થાનિક સત્તામંડળે આવા મોટર વાહનોને, પૂર્ણત: અથવા અંશત: મુકિત આપી હોય તે કિસ્સામાં, આ ખંડમાં નિર્દિષ્ટ કરેલા દર જેટલા રહેશે;	
(૨) બીજા કોઈ કિસ્સામાં, એવી રીતે નિર્દિષ્ટ કરેલા દરોના બે તૃતીયાંશ જેટલા રહેશે.	
(૩) અટકી પડેલાં વાહનો ખેંચી લઈ જવા માટે વપરાતી બ્રેક ડાઉનવાન.	રૂા. ૨૫૦/—.
૪. આ અનૂસૂચિની પૂર્વવર્તી જોગવાઈઓ હેઠળ વેરાપાત્ર હોય તે સિવાયના મોટર વાહનો, જે—	

INDEX

૧	૨
(૧) કોઈ વ્યકિત, સ્થાનિક સત્તામંડળ, સાર્વજનિક ટ્રસ્ટ, યુનિવર્સિટી અથવા શૈક્ષણિક કે સમાજ કલ્યાણ સંસ્થાની માલિકીનાં હોય ત્યારે—	
(ક) ભાર લીધા વગરના જે વાહનોનું વજન ૨૨૫૦ કિલોગ્રામ કરતા વધારે હોય અને જેમાં (ડાઈવરની બેઠક સહિત)ની બેઠકોની અને એ વાહનના માલિકને આપેલી પરમિટની શરતો અનુસાર લઈ જવા પરવાનગી આપવામાં આવેલી ઉભી રહેનાર વ્યકિતઓની બેઠકોની કુલ સંખ્યા વીસ કરતાં વધુ ન હોય તે વાહનો.	રૂા. ૫૪૦/—.
(ખ) ભાર લાદ્યા વગરના જે વાહનોનું વજન ૨૨૫૦ કિલોગ્રામ કરતાં વધારે હોય અને જેમાં (ડ્રાઈવરની બેઠક સહિત)ની બેઠકોની અને એ વાહનના માલિકને આપેલી પરમિટની શરતો અનુસાર લઈ જવાની પરવાનગી આપવામાં આવેલી ઉભી રહેનાર વ્યકિતઓની બેઠકોની કુલ સંખ્યા વીસ કરતાં વધુ હોય તે વાહનો.	રૂા. ૫૪૦/— ઉપરાંત વીસ કરતાં વધુ હોય તેટલી દરેક સંખ્યા માટે રૂા. ૨૦/—
(ગ) (૧) રીગ્સ, ક્રેન્સ, કોમ્પ્રેસર્સ અથવા પ્રોજેકટર્સ જેવી કોઈપણ સાધન-સામગ્રી બેસાડેલ અથવા નહીં બેસાડેલ અને ભાર લાદ્યા વગર ૨૨૫૦ કિલોગ્રામ કરતાં વધુ વજનના ટ્રેકટરો; અને	રૂા. ૫૪૦/— ઉપરાંત ૨૨૫૦ કિલોગ્રામથી વધુ દરેક વધારાના ૨૫૦ કિલોગ્રામ અથવા તેના ભાગ માટે રૂા. ૧૦૦/-.
(૨) ભાર લાદ્યા વગર જે મોટર વાહનોનું વજન ૨૨૫૦ કિલોગ્રામ કરતાં વધારે હોય કે જે કોઈ ઉતારૂઓ, માલ અથવા બીજા ભારને લઈ જવા ધારેલ ન હોય અને જેને રીગ્સ, ક્રેન્સ, કોમ્પ્રેસર્સ અથવા પ્રોજેકટર્સ જેવી કોઈપણ સાધનસામગ્રી બેસાડેલ હોય અને જેનો કોઈ ખાસ સેવા અથવા હેતુઓ માટે ઉપયોગ કરતા હોય;	
(૩) કોઈ વ્યકિત, સ્થાનિક સત્તામંડળ, સાર્વજનિક ટ્રસ્ટ યુનિવર્સિટી અથવા શૈક્ષણિક કે સમાજ કલ્યાણ સંસ્થા સિવાયની કોઈ વ્યકિતની માલિકીના હોય, ત્યારે—	ઉપર નિર્દિષ્ટ કરેલા દર કરતાં બમણો દર.
૫. ટ્રેઈલર ખેંચવા માટે વપરાતાં મોટર વાહનો અંગે ભરવાનો વધારાનો વેરો—	
(૧) ટ્રેઈલર માલ લાવવા લઈ જવા માટે વાપરવામાં આવે, ત્યારે દરેક ટ્રેઈલર માટે.	માલ અથવા ચીજો લાવવા લઈ જવા માટે વપરાતાં મોટર વાહનો અંગે ખંડ-૧માં નિર્દિષ્ટ કરેલા દરો.
(૨) ટ્રેઈલર ઉતારૂઓ લાવવા લઈ જવા માટે વાપરવામાં આવે, ત્યારે દરેક ટ્રેઈલર માટે.	ભાડે ફરતાં અને ઉતારૂઓ લાવવા લઈ જવા માટે વપરાતાં મોટર વાહનો અંગે ખંડ-૨માં નિર્દિષ્ટ કરેલા દરો.
(૩) ટ્રેઈલર બીજા કોઈ હેતુ માટે વાપરવામાં આવે, ત્યારે દરેક ટ્રેઈલર માટે :	રૂા. ૫૦/-
પરંતુ એકના એક ટ્રેઈલર અંગે આ ખંડ મુજબ બે કે વધારે વાહનો ઉપર વેરો લેવામાં આવશે નહિ.	
૬. ખંડ ૨ અથવા ખંડ ૪ હેઠળ આવતા અને સન ૧૯૫૭ના માર્ચ મહિનાની ૩૧મી તારીખ પછી, ભારત બહાર બનાવેલા અને ભારતમાં આયાત કરેલા મોટર વાહનો.	ખંડ-૨ અથવા, યથાપ્રસંગ ખંડ-૪માં નિર્દિષ્ટ કરેલા દર કરતાં બમણો દર.

સ્પષ્ટીકરણ—૧. ખંડ ૪ના હેતુ માટે :—

(૧) "શૈક્ષણિક સંસ્થા" એટલે, રાજય સરકારે, આ અર્થે રાજપત્રમાં જાહેર કરેલા હુકમ દ્વારા માન્ય કરી હોય તેવી શૈક્ષણિક સંસ્થા;

INDEX

૧	૨
(૨) "સ્થાનિક સત્તામંડળ" એટલે, ગુજરાત રાજ્યમાં તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ રચાયેલ કોઈ મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા, કેન્ટોનમેન્ટ બોર્ડ અથવા પંચાયત;	
(૩) "સાર્વજનિક ટ્રસ્ટ" એટલે, ગુજરાત રાજ્યમાં અમલમાં હોય તે પ્રમાણેના મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના મુંબઈના ૨૯મા) હેઠળ રજિસ્ટર થયેલ સાર્વજનિક ટ્રસ્ટ;	
(૪) "સમાજ કલ્યાણ સંસ્થા" એટલે, લોકોને કલ્યાણકારક હોય એવી કોઈ પ્રવૃત્તિ કરતી અને આ ખંડોના હેતુઓ માટે, રાજપત્રમાં જાહેર કરેલા હુકમથી રાજ્ય સરકારે માન્ય કરેલી કોઈ સંસ્થા;	
(૫) "યુનિવર્સિટી" એટલે, ગુજરાત રાજ્યમાં તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાથી અથવા તે હેઠળ સ્થપાયેલી યુનિવર્સિટી.	
સ્પષ્ટીકરણ ૨.—જો કોઈ મોટર વાહન એક કરતાં વધારે વ્યકિતઓની સહિયારી માલિકીનું હોય, તો મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૪૧ની પેટા-કલમ (૧)ના પરંતુકમાં ગમે તે મજકૂર હોય તે છતાં, આવું મોટર વાહન ખંડ-૪ના હેતુઓ માટે કોઈ એક વ્યકિતની માલિકીનું નહિ, પણ વ્યકિતઓની સહિયારી માલિકીનું છે એમ ગણાશે.	
ખ. માત્ર ન્યુમેટિક ટાયર બેસાડેલાં હોય તે સિવાયના મોટર વાહનો.	વર્ગ-કમાં દર્શાવેલા દર ઉપરાંત સેંકડે પચાસ ટકા.
ભાગ—૨ મોટર સ્પિરિટ સિવાયનું બળતણ વાપરતાં મોટર વાહનો:	ભાગ-૧માં દર્શાવેલા દર ઉપરાંત તેમાં જણાવેલા તમામ મોટર વાહનો અથવા તેના કોઈ વર્ગ માટે સેંકડે પચાસ ટકા સરચાર્જ પરંતુ આવો સરચાર્જ નીચેના કરતાં વધુ હોવો જોઈશે નહિ— (૧) ભાગ-૧ના પેટા-ખંડ-૨ની બાબતમાં (૩)માં જણાવેલ મોટર વાહનની બાબતમાં રૂા. ૬૩૬/- અને (૨) બીજી કોઈ બાબતમાં રૂા. ૧૧૦૦/-.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે

એન. એસ. પાટડિયા,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૭મી ઓગસ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી/૧૯૯૫નો ૪૯/વીબીએન-૩૨૯૪-૧૪૮૯-ચનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક:કેપી/૧૯૯૫ના ૪૯/વીબીએન-૩૨૯૪-૧૪૮૯-ચ. —ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)-ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત સંતરામપુર અને જિલ્લા પંચાયત પંચમહાલ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી :—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર.	વિદ્યમાન ગામોમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર.	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	સંતરામપુર	પાટવેલ	(૧) પાટવેલ મહેસૂલી ગામ.		(૧) પાટવેલ	(૧) (૧) પાટવેલ મહેસૂલી ગામ.
			(૨) આપતલાઈ મહેસૂલી ગામ			(૨) આપતલાઈ મહેસૂલી ગામ
			(૩) નવા ગામ મહેસૂલી ગામ	નવા ગામ મહેસૂલી ગામ	(૨) નવા ગામ	(૧) (૧) નવા ગામ મહેસૂલી ગામ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૭મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૬મી ઓગસ્ટ ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી/૧૯૯૫ નો ૧૦૯/ટીપીએસ--૨૯૫૬-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫ નો ૧૦૯/ટીપીએસ-૧૧૯૨-૨૯૫૬-એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૮૭ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૭૩નો/૮૭/ટીપીએસ-૧૧૮૬-૭૨૩-(૮૭)-એલ હેઠળ ગુજરાત સરકારે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ ની પેટા--કલમ (૨) થી મળેલી સત્તાની રુએ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદે પોતાને સાદર કરેલી નગરરચના યોજના અમદાવાદ નંબર--૧૪ (શાહીબાગ દ્વિતીય સુધારેલી)નો મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહુ દ્વિતીય સુધારેલી યોજનાના મુસદ્દા તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો ;

અને, સદરહુ અધિનિયમની કલમ--૫૦ થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકારે, સદરહુ દ્વિતીય સુધારેલી યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણૂંક કરી હતી ;

અને, નિમાયેલા નગરરચના અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) ની કલમ ૫૨ ની પેટા--કલમ (૨) અને કલમ ૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના, અમદાવાદ નં.૧૪ (શાહીબાગ--દ્વિતીય સુધારેલી) પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ દ્વિતીય સુધારેલી પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો) તે ગુજરાત સરકારને સાદર કરેલ છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) ની કલમ ૬૫ થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફાર ને અધીન રહીને, "સદરહુ દ્વિતીય સુધારેલી પ્રારંભિક યોજના" મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે સદરહુ યોજના, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદની કચેરીમાં રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ લોકોને જોવા ખુલ્લી રહેશે, અને

(ગ) સદરહુ કલમ ૬૫ ની પેટા--કલમ (૨) નાં ખંડ (ખ) ના હેતુ માટેની તારીખ તરીકે સન ૧૯૯૫ના સપ્ટેમ્બર મહિનાની ૧૮મી તારીખ નક્કી કરે છે.

અનુસૂચિ

(૧) પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં, નકશા નં. ૩ અને ૪ ઉપર, "ગંદા વસવાટ ઉન્નતિ માટે અનામત "એ" નોંધને બદલે," ગંદાવસવાટ-ઉન્નતિ માટે ફાળવણી" એ નોંધ મૂકવી.

(૨) "વિકાસ નિયંત્રણ વિનિયોગ" ને, પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાંથી બાકાત રાખ્યા હોય તેમ ગણવું જોઈએ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, FEBRUARY 22, 1996/PHALGUNA 3, 1917 [No. 8

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર-૧૩૬-આઈઈએ-૧૦૮૨-આઈ-૨૨-એમ(૪)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

re

AMENDMENT TO THE INDUSTRIAL EMPLOYMENT (STANDING ORDERS) RULES, 1959.

ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમો) નિયમો, ૧૯૫૯ સુધારવા સંબંધી જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી જુલાઈ, ૧૯૯૫.

ક્રમાંક : કેએચઆર-૧૩૬-આઈઈએ-૧૦૮૨-આઈ-૨૨-એમ(૪).—ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમો) અધિનિયમ, ૧૯૪૬ (સન ૧૯૪૬ના ૨૦મા)ની કલમ--૧૫ હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓની જાણ સારૂ સદરહુ કલમ--૧૫ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદત પૂરી થયે અથવા તે પછી સદરહુ મુસદ્દો, ગુજરાત સરકાર વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થતાં પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈપણ વ્યકિત તરફથી મજૂર કમિશનર, "શ્રમ ભવન", ગન હાઉસ પાસે, ખાનપુર, અમદાવાદ—ને જે કોઈ વાંધા અથવા સૂચનો મળશે તેની ઉપર સરકાર વિચારણા કરશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક કેએચઆર-૧૩૬-આઈઈએ-૧૦૮૨-આઈ-૨૨-એમ(૪).—ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમો) અધિનિયમ, ૧૯૪૬ (સન ૧૯૪૬ના ૨૦મા)થી મળેલી સત્તાની રૂએ અને શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૭/૯/૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક. કેએચઆર-૨૦૩૮-આઈઈએ-૧૦૮૨-આઈ-૨૨-એમ(૪) રદ કરીને, ગુજરાત સરકાર, આથી, મુંબઈ ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમો) નિયમો, ૧૯૫૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો "મુંબઈ ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમો) (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૫" કહેવાશે.

૨. તે, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખથી અમલમાં આવશે.

૩. મુંબઈ ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમો) નિયમો, ૧૯૫૯માં, અનુસૂચિ ૧માં, "નમૂનારૂપ સ્થાયી હુકમો" એ શીર્ષક હેઠળ, નીચેના ફેરફારો કરવા:—

(૧) "ક.—શારીરિક શ્રમનું અથવા ટેકનિકલ કામ કરતાં કામદારો માટે," એ પેટા-શિર્ષક હેઠળ, સ્થાયી હુકમ ક્રમાંક ૪ પછી, નીચેના હુકમો દાખલ કરવા:—

"૪ક. અકસ્માતોના પ્રસંગે તબીબી સહાય :

(ક) કોઈપણ કામદાર તેના રોજગાર દરમિયાન અથવા તેના રોજગારમાંથી ઉપસ્થિત થતાં અકસ્માતનો ભોગ બને, ત્યારે માલિકે, માલિકના ખર્ચે, ઈજા પામેલ કામદારને, તાત્કાલિક અને જરૂરી તબીબી સહાય આપવા માટે, સંતોષકારક ગોઠવણ કરવી જોઈશે અને તેનું ધ્યાન રાખતા દાકતરને જરૂરી લાગે, તો તેની વધુ સારવાર માટે ગોઠવણ કરવી જોઈશે.

(ખ) તબીબી તપાસ :—

કામદારની પ્રથમ નિમણુંક થયે, તેની તબીબી તપાસ કરવાનું ભરતી નિયમોમાં ઉલ્લેખેલ હોય, ત્યારે માલિકે, માલિકના ખર્ચે, રજિસ્ટર થયેલ તબીબી વ્યવસાયી દ્વારા તબીબી તપાસ કરાવવા માટે ગોઠવણ કરવી જોઈશે.

(ગ) અનન્ય સેવા :

જે ઔદ્યોગિક સંસ્થામાં કામદારને કામે રાખવામાં આવ્યો હોય તે ઔદ્યોગિક સંસ્થાના હિતની વિરૂધ્ધ તેણે કોઈપણ સમયે કામ કરવું જોઈશે નહિ અને તે સંસ્થામાંના તેના કામ ઉપરાંત, તેના માલિકના હિતને પ્રતિકૂળ અસર પહોંચે તેમ, કોઈપણ રોજગાર હાથ ધરવો જોઈશે નહિ."

INDEX

(૨) "ખ—કારકુની અથવા દેખરેખના કામ ઉપર કામે રાખેલા કામદારો માટે" એ પેટા-શીર્ષક હેઠળ સ્થાયી હુકમ ક્રમાંક ૪ પછી, નીચેના હુકમો દાખલ કરવા :

"૪ક. (ક) અકસ્માતોના પ્રસંગે તબીબી સહાય :

કોઈપણ કામદાર, તેના રોજગાર દરમિયાન અથવા તેના રોજગારમાંથી ઉપસ્થિત થતા અકસ્માતનો ભોગ બને, ત્યારે માલિકે માલિકનાખર્ચે, ઈજા પામેલ કામદારને, તાત્કાલિક અને જરૂરી તબીબી સહાય આપવા માટે, સંતોષકારક ગોઠવણ કરવી જોઈશે, અને તેનું ધ્યાન રાખતા ડાકતરને જરૂરી લાગે, તો તેની વધુ સારવાર માટે ગોઠવણ કરવી જોઈશે.

(ખ) તબીબી તપાસ :

કામદારની પ્રથમ નિમણૂક થયે, તેની તબીબી તપાસ કરવાનું ભરતી નિયમોમાં ઉલ્લેખેલ હોય, ત્યારે માલિકે, માલિકના ખર્ચે, રજિસ્ટર થયેલ તબીબી વ્યવસાયી દ્વારા તબીબી તપાસ કરાવવા માટે ગોઠવણ કરવી જોઈશે.

(ગ) અનન્ય સેવા :

જે ઔદ્યોગિક સંસ્થામાં કામદારને કામે રાખવામાં આવ્યો હોય તે ઔદ્યોગિક સંસ્થાના હિતની વિરૂધ્ધ તેણે કોઈપણ સમયે કામ કરવું જોઈશે નહિ અને તે સંસ્થામાંના તેના કામ ઉપરાંત, તેના માલિકના હિતને પ્રતિકૂળ અસર પહોંચે તેમ, કોઈપણ રોજગાર હાથ ધરવો જોઈશે નહિ."

(૩) "ગ—સવેતન પત્રકારો માટે," એ પેટા-શીર્ષક હેઠળ, સ્થાયી હુકમ ક્રમાંક : ૪ પછી, નીચેના હુકમો દાખલ કરવા:—

"૪ક. (ક) અકસ્માતોના પ્રસંગે તબીબી સહાય :

કોઈપણ સવેતન પત્રકાર, તેના રોજગાર દરમિયાન અથવા તેના રોજગારમાંથી ઉપસ્થિત થતા અકસ્માતનો ભોગ બને, ત્યારે માલિકે, માલિકના ખર્ચે, ઈજા પામેલ સવેતન પત્રકારને, તાત્કાલિક અને જરૂરી તબીબી સહાય આપવા માટે સંતોષકારક ગોઠવણ કરવી જોઈશે અને તેનું ધ્યાન રાખતા ડાકતરને જરૂરી લાગે, તો તેની વધુ સારવાર માટે ગોઠવણ કરવી જોઈશે.

(ખ) તબીબી તપાસ :

સવેતન પત્રકારની પ્રથમ નિમણૂક થયે, તેની તબીબી તપાસ કરવાનું ભરતી નિયમોમાં ઉલ્લેખેલ હોય, ત્યારે માલિકે, માલિકના ખર્ચે, રજિસ્ટર થયેલ તબીબી વ્યવસાયી દ્વારા તબીબી તપાસ કરાવવા માટે ગોઠવણ કરવી જોઈશે.

(ગ) અનન્ય સેવા :

જે ઔદ્યોગિક સંસ્થામાં સવેતન પત્રકારને કામે રાખવામાં આવ્યો હોય તે ઔદ્યોગિક સંસ્થાના હિતની વિરૂધ્ધ તેણે, કોઈપણ સમયે કામ કરવું જોઈશે નહિ અને તે સંસ્થામાં તેના કામ ઉપરાંત, તેના માલિકના હિતને પ્રતિકૂળ અસર પહોંચે તેમ કોઈપણ રોજગાર હાથ ધરવો જોઈશે નહિ."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૭મી એપ્રિલ, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીજી/૯૮/૯૫/પીઓરેસ/૨૦૯૧/એમ ગેલએ/૪૩/વી નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT OF BOMBAY, HOME DEPARTMENT NOTIFICATION NO. 8103/5, DATED THE 13TH AUGUST, 1951.

મુંબઈ સરકારનું ગૃહ વિભાગનું તારીખ ૧૩મી ઓગસ્ટ, ૧૯૫૧નું જાહેરનામું ક્રમાંક : ૮૧૦૩/૫ સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી એપ્રિલ, ૧૯૯૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક : જીજી/૯૮/૯૫/પીઓએસ/૨૦૯૧/એમએલએ/૪૩/વી.—ગુજરાત રાજ્યને લાગુ પડતા હોય તેટલા પૂરતા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨જા)ની કલમ—૨ના ખંડ (ફ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ સરકારનું ગૃહ વિભાગનું તારીખ ૧૩મી ઓગસ્ટ, ૧૯૫૧નું જાહેરનામું ક્રમાંક : ૮૧૦૩/૫ નીચે પ્રમાણે સુધારે છે:—

સદરહુ જાહેરનામામાં,—

(ક) "ખંભાળજ પોલીસ સ્ટેશનનું ઓડ આઉટ પોસ્ટ" એ શીર્ષક હેઠળની નીચેની નોંધો કમી કરવી:—

"(૧૫) સુંદલપુરા
નેસડા—
૧. લાલપુરા
૨. હરખાપુરા
૩. દુધાપુરા

(૧૬)ધુળેટા."

(ખ) "આણંદ તાલુકાના ઉમરેઠ પોલીસ સ્ટેશન" એ શીર્ષક હેઠળ, નોંધ ૧૮ પછી, નીચેની નોંધો ઉમેરવી:—

"૧૯ સુંદલપુરા
નેસડા—
૧ લાલપુરા
૨ હરખાપુરા
૩ દુધાપુરા

૨૦ ધુળેટા"

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જી. કે. મહેતા,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૧મી, ઓગસ્ટ ૧૯૯૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી જુલાઇ ૧૯૯૫ના ગુજરાત સરકારના સમાજકલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/એલ/૩૨/ડીએનએસ/૧૦૯૫-૪૫૧-એચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઇ: જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GUJARAT INDUSTRIOALS ALCOHOL (IMPORT, STORAGE AND SALE FOR EXPORT OVERSEAS, INBOND RULES, 1966.

ગુજરાત ઔદ્યોગિક આલ્કોહોલ (બોન્ડ હેઠળ આયાત, સંગ્રહ અથવા દરિયાપાર નિકાસ માટે વેચાણ નિયમો, ૧૯૬૬ સુધારવા સંબંધી જાહેરનામું.

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૯મી જુલાઈ, ૧૯૯૫.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એલ/૩૨/ડીએનએસ-૧૦૯૫-૪૫૧-એમ.— મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ના કલમ ૧૦૭ સાથે વાંચતા, તેની કલમ ૧૪૩ની પેટા-કલમ (૧) અને પેટા-કલમ(૨)ના ખંડ (ભ) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો સદરહુ કલમ ૧૪૩ની પેટા કલમ (૩) થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી ગુજરાત સરકાર સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થતાં પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યકિત તરફથી, નશાબંધી અને આબકારી નિયામક, ગુજરાત રાજય, ઓ/૨, ન્યુ મેન્ટલ હોસ્પિટલ બિલ્ડીંગ, અસારવા, અમદાવાદ-૩૮૦૦૧૬ને, જે કંઈ વાંધા અથવા સૂચનો મળશે, તે, સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જીએચ/એલ/૩૨/ડીએનએસ-૧૦૯૫-૪૫૧-એમ.— મુંબઈ નશાબંધી અધિનિયમ ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ ૧૦૭ સાથે વાંચતા, તેની કલમ ૧૪૩ની પેટા-કલમ (૧) અને પેટા કલમ (૨)ના ખંડ (ભ)થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર, આથી, ગુજરાત ઔદ્યોગિક આલ્કોહોલ(બોન્ડ હેઠળ આયાત, સંગ્રહ અથવા દરિયાપાર નિકાસ માટે વેચાણ) નિયમો, ૧૯૬૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો, "ગુજરાત ઔદ્યોગિક આલ્કોહોલ (બોન્ડ હેઠળ આયાત, સંગ્રહ અથવા દરિયાપાર નિકાસ માટે વેચાણ) (સુધારા) નિયમો ૧૯૫૫" કહેવાશે.

(૨) ગુજરાત ઔદ્યોગિક આલ્કોહોલ (બોન્ડ હેઠળ આયાત, સંગ્રહ અથવા દરિયાપાર નિકાસ માટે વેચાણ) નિયમો, ૧૯૬૬ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩માં, પેટા-નિયમ (૪)માં,

(૧) "રૂા. ૫૦૦/-" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂ. ૭૫૦/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

(૨) "રૂા. ૧૦૦૦/- (એક હજાર)" એ અક્ષરો, આંકડા, કૌંસ અને શબ્દોને બદલે, "રૂ. ૧૫૦૦/- (એક હજાર પાંચસો")" એ અક્ષરો આંકડા, કૌંસ અને શબ્દો મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૬માં, પેટાનિયમ (૧)માં, "રૂ. ૧૦/-" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૧૫/-" એ અક્ષરો અને આંકડા મૂકવા

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૧૨માં, પેટા-નિયમ (૧)માં, "રૂ. ૧૦/-" અક્ષરો અને આંકડાને બદલે, "રૂ. ૧૫/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૫. સદરહુ નિયમોમાં,નમૂના બી.ડબલ્યુ.આઈ.એ-૧માં શરત ૪(૧)માં, "રૂ. ૨૫/-" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂ.૪૦/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એસ. રાઠોડ,
સરકારના ઉપસચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૨૨ મી ઓગષ્ટ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલ તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જી/જી/૯૫/૧૫૧/એમટીએ/૧૦૯૫/૧૩૦૫ ખ-(ભાગ--૨) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY MOTOR VEHICLES. TAX ACT, 1958.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું.

ગૃહ વિભાગ,

સચિવાલય ,ગાંધીનગર. ૩૧મી જુલાઈ, ૧૯૯૫.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જી/જી/૯૫/૧૫૧/એમટીએ/૧૦૯૫/૧૩૦૫/ખ/(ભાગ-૨):-- મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન. ૧૯૫૮ના મુંબઈના ૬૫ મા) ની કલમ ૩ની પેટા--કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, અને ગૃહ વિભાગનું તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૩નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચ/જી/૯૩/૪૨/એમટીએ/૧૫૯૩/૯૩૩-(૨)-ખ થી સુધાર્યા પ્રમાણે ગૃહ વિભાગનું તારીખ ૨જી એપ્રિલ, ૧૯૯૨નું સરકારી જાહેરનામું ક્રમાંક:જીએચ/જી/૯૨/૫૫/એમટીએ/૧૫૯૨/૯૯૧/-(૨)-ખ રદ કરીને, ગુજરાત સરકાર, આથી આદેશ કરે છે કે સન ૧૯૯૫ના ઓગસ્ટ મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૧માં ની નોંધમાં નિર્દિષ્ટ કરેલા જે મોટર વાહનો ગુજરાત રાજ્યમાં ઉપયોગમાં લેવાતાં હોય અથવા ઉપયોગ માટે રાખેલા હોય તે મોટર વાહનો ઉપર સદરહુ અનુસૂચિના કોલમ ૨માં ની તત્સમાન નોંધમાં નિર્દિષ્ટ કરેલા દરે વેરો લેવામાં અને વસૂલ કરવામાં આવશે.

અનુસૂચિ

ઉચક રકમના વેરાનો દર

૧લી ઓગષ્ટ, ૧૯૯૫ પહેલા અથવા તે પછી બીજા કોઈ રાજ્યમાં રજિસ્ટર થયેલા (હિરફેર વાહનો સિવાયના) મોટર વાહનો.	ભાર લાદ્યા વગરની ૫૦ કિ. ગ્રા. કરતાં વધારે વજનની નહોય, તેવી સાયકલો.	ભાર લાદ્યા વગરની, ૫૦ કિ. ગ્રા. કરતાં વધારે વજનની હોય, પણ ભાર લાદ્યા વગરની૧૦૦ કિ.ગ્રા. કરતાં વધારે વજનની ન હોય તેવી સાયકલો.	ભાર લાદ્યા વગરની, ૧૦૦ કિ.ગ્રા. કરતાં વધારે વજનની સાયકલો	ટ્રાઈસિકલો	ટ્રેઈલર અથવા સાઈડકાર ખેંચવા માટે વપરાતી સાઈકલો અને ટ્રાઈસિકલો
	રૂ.	રૂ.	રૂ.	રૂ.	રૂ.
(૧)	(ક)	(ખ)	(ગ) (૨)	(ઘ)	(ચ)

ભાગ--૧ મોટર સિપરીટ વાપરતાં મોટર વાહનો.

ક. માત્ર ન્યુમેટિક ટાયર બેસાડેલાં, મોટર વાહનો-

૧. મોટર સાયકલો અને ટ્રાઈસિકલો
(મોટર, સ્કૂટરો અને યાંત્રિક શક્તિથી ચલાવવા માટેના સાધન સાથેની સાયકલો સહિત), જે--

INDEX

(૧)	(ક)	(ખ)	(ગ) (૨)	(ઘ)	(ચ)
(૧) કોઈ વ્યકિત, સ્થાનિક સત્તામંડળ, સાર્વજનિક ટ્રસ્ટ, યુનિવર્સિટી અથવા શૈક્ષણિક કે સમાજ કલ્યાણ સંસ્થાની માલિકીની હોય તે,					
વાહન અગાઉથી રજિસ્ટર થયેલું હોય અને રજિસ્ટ્રેશનના મહિનાથી તે વાહન--					કોલમ (ક), (ખ), (ગ) અથવા (ઘ)માં નિર્દિષ્ટ કરેલ દરો ઉપરાંત.
(૧) ૨ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૪૪૦	૯૨૫	૧૮૬૨	૧૮૬૨	૭૩૩
(૨) ૨ વર્ષ કરતાં વધુ પણ ૩ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો	૩૮૦	૮૫૦	૧૭૨૪	૧૭૨૪	૬૬૭
(૩) ૩ વર્ષ કરતાં વધુ પણ ૪ વર્ષ કરતાં વધુ જુનું ન હોય તો	૩૨૦	૭૭૫	૧૫૮૬	૧૫૮૬	૬૦૧
(૪) ૪ વર્ષ કરતાં વધુ પણ ૫ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૨૬૦	૭૦૦	૧૪૪૮	૧૪૪૮	૫૩૫
(૫) ૫ વર્ષ કરતાં વધુ પણ ૬ વર્ષ કરતાં વધુ જુનું ન હોય તો	૨૦૦	૬૨૫	૧૩૧૦	૧૩૧૦	૪૬૯
(૬) ૬ વર્ષ કરતાં વધુ પણ ૭ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો	૧૪૦	૫૫૦	૧૧૭૨	૧૧૭૨	૪૦૩
(૭) ૭ વર્ષથી વધુ પણ ૮ વર્ષથી વધુ જૂનું ન હોય તો.	૮૦	૪૭૫	૧૦૩૪	૧૦૩૪	૩૩૭
(૮) ૮ વર્ષથી વધુ પણ ૯ વર્ષથી વધુ જૂનું ન હોય તો,	૮૦	૪૦૦	૮૯૬	૮૯૬	૨૭૧
(૯) ૯ વર્ષથી વધુ પણ ૧૦ વર્ષથી વધુ જૂનું ન હોય તો	૮૦	૩૨૫	૭૫૮	૭૫૮	૨૦૫
(૧૦) ૧૦ વર્ષથી વધુ પણ ૧૧ વર્ષથી વધુ જૂનું ન હોય તો	૮૦	૨૫૦	૬૨૦	૬૨૦	૧૩૯
(૧૧) ૧૧ વર્ષથી વધુ પણ ૧૨ વર્ષથી વધુ જૂનું ન હોય તો	૮૦	૧૭૫	૪૮૨	૪૮૨	૭૩
(૧૨) ૧૨ વર્ષથી વધુ પણ ૧૩ વર્ષથી વધુ જૂનું ન હોય તો.	૮૦	૧૦૦	૩૪૪	૩૪૪	૭૩

INDEX

(૧)	(ક)	(ખ)	(ગ) (૨)	(ઘ)	(ચ)
(૧૩) ૧૩ વર્ષથી વધુ પણ ૧૪ વર્ષથી વધુ જૂનું ન હોય તો	૮૦	૧૦૦	૨૦૬	૨૦૬	૭૩
(૧૪) ૧૪ વર્ષથી વધુ જૂનું હોય તો	૮૦	૧૦૦	૧૩૭	૧૩૭	૭૩

(૨) કોઈ વ્યકિત, સ્થાનિક સત્તા-મંડળ, અથવા શૈક્ષણિક કે સમાજ-કલ્યાણ સંસ્થા સિવાયની કોઈ વ્યકિતની માલિકીનાં હોય ત્યારે, — ઉપર નિર્દિષ્ટ કરેલા દરો કરતાં બમણો દર.

૨. અશકત માણસો માટે અનુકૂળ કરેલાં અને વપરાતાં ભાર લાદ્યા વગરના, ૨૫૦ કિલોગ્રામ-કરતાં વધારે વજનનાં ન હોય તેવાં મોટર વાહનો. વાહન અગાઉથી રજિસ્ટર થયેલ હોય અને રજિસ્ટ્રેશનના મહિનાથી તે વાહન — ઉચક રકમના વેરાનો દર.

	રૂ.
(૧) ૨ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૭૦
(૨) ૨ વર્ષ કરતાં વધુ પણ ૩ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૬૦
(૩) ૩ વર્ષ કરતાં વધુ પણ ૪ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૫૦
(૪) ૪ વર્ષ કરતાં વધુ પણ ૫ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૪૦
(૫) ૫ વર્ષ કરતાં વધુ પણ ૬ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૩૦
(૬) ૬ વર્ષ કરતાં વધુ પણ ૭ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૨૦
(૭) ૭ વર્ષ કરતાં વધુ જૂનું હોય તો.	૧૦

૩. આ અનુસૂચિની પૂર્વવર્તી જોગવાઈઓ હેઠળ વેરાપાત્ર હોય તે સિવાયનાં મોટર વાહનો, જે—

(૧) કોઈ વ્યકિત, સ્થાનિક સત્તામંડળ, સાર્વજનિક ટ્રસ્ટ, યુનિવર્સિટી અથવા શૈક્ષણિક કે સમાજ-કલ્યાણ સંસ્થાની માલીકીનાં હોય તે, — ઉચક રકમના વેરાનો દર.

૧	૨		
	ભાર લાદ્યા વગરનાં ૭૫૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં ન હોય તેવાં વાહનો.	ભાર લાદ્યા વગરનાં ૭૫૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં પણ ભાર લાદ્યા વગરનાં ૧૨૦૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં ન હોય તેવાં વાહનો.	ભાર લાદ્યા વગર ૧૨૦૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં પણ ભાર લાદ્યા વગરનાં, ૨૨૫૦ કિલોગ્રામ કરતા વધારે વજનનાં ન હોય તેવાં વાહનો.
	રૂ. (ક)	રૂ. (ખ)	રૂ. (ગ)

INDEX

	ક	ખ	ગ
વાહન અગાઉથી રજિસ્ટર થયેલ હોય અને રજિસ્ટ્રેશનનાં મહિનાથી તે વાહન--			
(૧) બે વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૫૧૫૬	૯૩૮૦	૧૪૦૬૨
(૨) ૨ વર્ષ કરતાં વધુ પણ ૩ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૪૮૧૨	૮૭૬૦	૧૩૧૨૪
(૩) ૩ વર્ષ કરતાં વધુ પણ ૪ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો	૪૪૬૮	૮૧૪૦	૧૨૧૮૬
(૪) ૪ વર્ષ કરતાં વધુ પણ ૫ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૪૧૨૪	૭૫૨૦	૧૧૨૪૮
(૫) ૫ વર્ષ કરતાં વધુ પણ ૬ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૩૭૮૦	૬૯૦૦	૧૦૩૧૦
(૬) ૬ વર્ષ કરતાં વધુ પણ ૭ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો	૩૪૩૬	૬૨૮૦	૯૪૩૨
(૭) ૭ વર્ષ કરતાં વધુ પણ ૮ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૩૦૯૨	૫૬૬૦	૮૪૩૪
(૮) ૮ વર્ષ કરતાં વધુ પણ ૯ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૨૭૪૮	૫૦૪૦	૭૫૬૬
(૯) ૯ વર્ષ કરતાં વધુ પણ ૧૦ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૨૪૦૪	૪૪૨૦	૬૬૫૮
(૧૦) ૧૦ વર્ષ કરતાં વધુ પણ ૧૧ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૨૦૬૦	૩૮૦૦	૫૬૨૦
(૧૧) ૧૧ વર્ષ કરતાં વધુ પણ ૧૨ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૧૭૧૬	૩૧૮૦	૪૬૮૨
(૧૨) ૧૨ વર્ષ કરતાં વધુ પણ ૧૩ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૧૩૭૨	૨૫૬૦	૩૭૪૪
(૧૩) ૧૩ વર્ષ કરતાં વધુ પણ ૧૪ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૧૦૨૮	૧૯૪૦	૨૮૦૬
(૧૪) ૧૪ વર્ષ કરતાં વધુ જૂનું હોય તો.	૬૮૪	૧૩૨૦	૧૮૬૮
(૨) કોઈ વ્યક્તિ, સ્થાનિક સત્તામંડળ, સાર્વજનિક ટ્રસ્ટ, યુનિવર્સિટી અથવા શૈક્ષણિક કે સમાજકલ્યાણ સંસ્થા સિવાયની કોઈ વ્યક્તિની માલિકીનાં હોય ત્યારે.	ઉપર નિર્દિષ્ટ કરેલા દરો કરતાં બમણો દર.		
૪. ખંડ ૧ અથવા ખંડ ૩ હેઠળ આવતા અને સન ૧૯૫૭ના માર્ચ-મહિનાની ૩૧મી તારીખ પછી. ભારત બહાર બનાવેલાં અને ભારતમાં આયાત કરેલાં મોટર વાહનો.	ખંડ ૧ અથવા, યથાપ્રસંગ, ખંડ ૩માં નિર્દિષ્ટ કરેલાં દર કરતાં બમણો દર.		

સ્પષ્ટીકરણ:--૧ ખંડ-૧ અને ખંડ ૩ ના હેતુ માટે,—

(૧) "શૈક્ષણિક સંસ્થા" એટલે, રાજ્ય સરકારે, આ અર્થે રાજપત્રમાં અધિસૂચિત કરેલા હુકમ દ્વારા માન્ય કરી હોય તેવી શૈક્ષણિક સંસ્થા ;

(૨) "સ્થાનિક સત્તામંડળ" એટલે ગુજરાત રાજ્યમાં તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ રચાયેલ કોઈ મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા, કેન્ટોનમેન્ટ બોર્ડ અથવા પંચાયત;

(૩) "સાર્વજનિક ટ્રસ્ટ" એટલે, ગુજરાત રાજ્યમાં અમલમાં હોય તે પ્રમાણેના મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ રજિસ્ટર થયેલ સાર્વજનિક ટ્રસ્ટ;

(૪) "સમાજ કલ્યાણ સંસ્થા" એટલે લોકોને કલ્યાણકારક હોય એવી કોઈ પ્રવૃત્તિ કરતી અને તે ખંડોના હેતુ માટે રાજપત્રમાં અધિસૂચિત કરેલા હુકમથી રાજ્ય સરકારે માન્ય કરેલી કોઈ સંસ્થા ;

(૫) "યુનિવર્સિટી" એટલે ગુજરાત રાજ્યમાં તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાથી અથવા તે હેઠળ સ્થપાયેલી યુનિવર્સિટી.

INDEX

સ્પષ્ટીકરણ ૨:--જો કોઈ મોટર વાહન એક કરતાં વધારે વ્યકિતઓની સહિયારી માલિકીનું હોય તો, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ના કલમ ૪૧ની પેટા-કલમ (૧)ના પરંતુકમાં ગમે તે મજકૂર હોય તે છતાં, આવું મોટર વાહન ખંડ ૧ અને ખંડ ૩ના હેતુઓ માટે કોઈ એક વ્યકિતની માલિકીનું નહિ પણ વ્યકિતઓની સહિયારી માલિકીનું છે એમ ગણાશે.

ખ. માત્ર ન્યુમેટિક ટાયર બેસાડેલાં હોય તે સિવાયનાં મોટર વાહનો.	વર્ગ ક માં દર્શાવેલા દર ઉપરાંત સેંકડે ૫૦ ટકા.
ભાગ--૨ મોટર સ્પિરિટ સિવાયનું બળતણ વાપરતા મોટર વાહનો.	ભાગ ૧માં દર્શાવેલા દર ઉપરાંત તેમાં જણાવેલ તમામ મોટર વાહનો અથવા તેના કોઈ વર્ગ માટે સેંકડે ૫૦ ટકા સરચાર્જ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા,
સરકારના ઉપ-સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩જી ઓગષ્ટ ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૫નો ૧૦૫/ડીવીપી-૧૫૯૦--૧૩૦૮- (૯૦)-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી ઓગષ્ટ, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૦૫/ડીવીપી--૧૫૯૦-૧૩૦૮- (૯૦)- એલ.-- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૨૪૦/ડીવીપી--૧૫૮૩--૪૪૨૦- (૮૭)-એલ હેઠળ મંજૂર કરેલ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના શહેરી વિકાસ વિસ્તાર માટે છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો સૂચિત ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૫ના સરકારી જાહેર-નામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૮/ડીવીપી/૧૫૯૦-૪૧૭૧-(૯૪)-એલ હેઠળ તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૫ના ગુજરાત સરકારના અસાધારણ રાજપત્ર ભાગ-૪બીના પાના ક્રમાંક ૫--૪ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે સદરહુ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સચિવાલય ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી ;

INDEX

અને, ગુજરાત સરકારને, આ સૂચિત ફેરફારના સંબંધમાં કોઈ સૂચનો અથવા વાંધા મળ્યા નથી ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર ૩જી ઓગષ્ટ, ૧૯૯૫ થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭ નો ૨૪૦/ડીવીપી-૧૫૮૩-૪૪૨૦- (૮૭)- એલ થી મંજૂર કરેલ ઔડાના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

(૧) ઔડાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "ખુલ્લી જગા" માટે મુકરર કરેલી, આ સાથે જોડેલા પ્લાનમાં "ABCPA" તરીકે દર્શાવેલી ગાંધીનગર તાલુકાના ભાટ ગામની મહેસૂલી સરવે નંબર ૪૩/એ પૈકી, ૪૩/બી પૈકી, ૪૪ પૈકી, ૫૩ પૈકી, ૫૪ પૈકી, ૬૦ પૈકી, ૬૫ પૈકી અને ૭૪ પૈકી વાળી (આશરે ૪.૧૩ હેકટર માપવાળી) જમીનો, સદરહુ મુકરર કરેલી જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ડ) હેઠળ આ સાથે જોડેલ પ્લાનમાં અનુક્રમાંક ૧માં જણાવ્યા મુજબ "જી.આઈ.ડી.સી.નો લીલો પટ્ટો" માટે અનામત રાખવી.

(૨) ઔડાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "ખેતી વિષયક ઝોન" માટે મુકરર કરેલી, આ સાથે જોડેલા પ્લાનમાં (CDEFGHIJKLMNOPC) તરીકે દર્શાવેલ ગાંધીનગર તાલુકાના ભાટ ગામની મહેસૂલી સરવે નંબર ૪૩/એ પૈકી, ૪૩/બી પૈકી, ૪૪ પૈકી, ૬૦ પૈકી, ૬૫ પૈકી, ૬૧, ૬૨, ૬૩ અને ૬૪વાળી (આશરે ૨૩.૪૩ હેકટર માપવાળી) જમીનો, સદરહુ મુકરર કરેલ જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ડ) હેઠળ, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૨ પર જણાવ્યા મુજબ 'સોના અને હિરા ઝવેરાત સંકુલ માટેના સામાન્ય ઔદ્યોગિક વિસ્તાર માટેની જી.આઈ.ડી. સી. " માટે અનામત રાખવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,

ખાસ ફરજ પરના અધિકારી અને ગુજરાત સરકારના સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચ-આર/૯૫/૧૬૦/બીઆઈઆર ૧૦૯૫/ ૧૨૩૬—એમ (૪) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE BOMBAY INDUSTRIAL RELATIONS ACT, 1946.

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪૬ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૫.

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪૬ (સન ૧૯૪૭નો મુંબઈનો ૧૧મો) :

ક્રમાંક : કેએચ-આર/૯૫/૧૬૦/બીઆઈઆર/૧૦૯૫/૧૨૩૬/એમ (૪):—મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬ (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૩ના ખંડ (૨૩) અનુસાર અને આગાઉના બે જાહેરનામા ક્રમાંક (૧) કેએચ-

એસએસ-૬૦૫--બીઆઈઆર-૧૩૬૭-જેએચ તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૬૮ અને (૨) કેએચ-આર-૭૦૬-બીઆઈઆર-૧૦૭૯-૯૮૬૩૫ એમ (૪) તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૮૩ના અનુસંધાનમાં ગુજરાત સરકાર આથી, શિક્ષણ અને મજૂર વિભાગનું તારીખ ૨૮મા જુલાઈ, ૧૯૬૧ના સરકારી જાહેરનામું ક્રમાંક બીઆઈઆર-૧૧૬૧-વી (જેનો આમાં હવે પછી "સદરહુ જાહેરનામા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) નીચે પ્રમાણે વધુ સુધારે છે :

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં--

(૧) "અમદાવાદ જિલ્લો" એ શીર્ષક હેઠળ, અનુક્રમાંક ૧ સામે આવતી નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી :

"શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૫મી ફેબ્રુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચ--એસએચ-૮૬- એમડબલ્યુએ--૧૦૭ (૧)-- પીની અનુસૂચિ 'ખ' મુજબ મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૩ હેઠળ રચ્યા પ્રમાણેના અમદાવાદ શહેર અને અમદાવાદ કેન્ટોનમેન્ટ";

(૨) "અમદાવાદ જિલ્લો" એ શીર્ષક હેઠળની અનુક્રમાંક ૨ સામે આવતી નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી :

" અમદાવાદ શહેર તાલુકો (ઉપર અનુક્રમાંક ૧માં જણાવ્યા પ્રમાણે અમદાવાદ શહેર અને અમદાવાદ કેન્ટોનમેન્ટ સિવાય)".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૧મી ઓગસ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. કેપી/૧૯૯૫નો ૧૧૨/વીબીએન-૨૫૯૪-૨૬૮૧-ચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૫નો ૧૧૨-વીબીએન-૨૫૯૪-૨૬૮૧-ચ.--ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ--૭થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત ગોધરા અને જિલ્લા પંચાયત પંચમહાલ સાથે વિચાર-વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી:--

(૧) અનુસૂચિના કોલમ--૩માં દર્શાવેલા વિદ્યમાન ગામનાં સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ--૫માં દર્શાવેલા સ્થાનિક વિદ્યમાન વિસ્તારો બાકાત રાખે છે, અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

INDEX

(૨) સદરહુ અનુસૂચિના કોલમ--૩માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ--૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ.	વિદ્યમાન ગામનું નામ.	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર.	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર.	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ.	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	ગોધરા	અંબાલી	૧. (૧) અંબાલી મહેસૂલી ગામ (૨) બાગીડોલ મહેસૂલી ગામ		૧. અંબાલી	૧. (૧) અંબાલી મહેસૂલી ગામ (૨) બાગીડોલ મહેસૂલી ગામ
			૨. રણછોડપુરા (ફળીયા)	(૧) રણછોડપુરા (ફળીયા)	૨. રણછોડપુરા	૨. (૧) રણછોડપુરા (ફળીયા)
			૩. લક્ષ્મણપુરા (ફળીયા)	(૨) લક્ષ્મણપુરા (ફળીયા)		(૨) લક્ષ્મણપુરા (ફળીયા)
			૪. નવાધરા (ફળીયા)	(૩) નવાધરા (ફળીયા)		(૩) નવાધરા (ફળીયા)
			૫. લસબનીયા (ફળીયા)	(૪) લસબનીયા (ફળીયા)		(૪) લસબનીયા (ફળીયા)
			૬. ભેખડીયા (ફળીયા)	(૫) ભેખડીયા (ફળીયા)		(૫) ભેખડીયા (ફળીયા)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૫મી ઓગસ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/એલ/૩૪/એનડીએસ/૧૦૯૫/૪૬૩/એમ,નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

re

AMENDMENT TO THE BOMBAY PROHIBITION (DRUGS PERMITS) MEDICAL BOARD RULES, 1954.

મુંબઈ નશાબંધી અધિનિયમ, (ઔષધ પરમિટ) તબીબી બોર્ડ નિયમો, ૧૯૫૪ સુધારવા સંબંધી જાહેરનામું.

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ઓગસ્ટ, ૧૯૯૫.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એલ/૩૪/એનડીએસ/૧૦૯૫/૪૬૩/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ--૧૦૭ સાથે વાંચતાં, તેની કલમ--૧૪૩ની પેટા-કલમ (૧) અને પેટા-કલમ (૨)ના ખંડ (ભ) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ કલમ--૧૪૩ની પેટા-કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યક્તિઓની જાણ સારુ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી ગુજરાત સરકાર સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થતાં પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી, નશાબંધી અને આબકારી નિયામક, ગુજરાત રાજય, ઓ/૨, ન્યુ મેન્ટલ હોસ્પિટલ બિલ્ડિંગ, અસારવા, અમદાવાદ—૩૮૦૦૧૬—ને, જે કંઈ વાંધા અથવા સૂચનો મળશે તે, સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જીએચ/એલ/૩૪/એનડીએસ/૧૦૯૫/૪૬૩/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ--૧૦૭ સાથે વાંચતાં, તેની કલમ--૧૪૩ની પેટા-કલમ (૧) અને પેટા-કલમ (૨)ના ખંડ (ભ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ નશાબંધી (ઔષધ પરમીટ) તબીબી બોર્ડ નિયમો, ૧૯૫૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો 'મુંબઈ નશાબંધી (ઔષધ પરમીટ) તબીબી બોર્ડ (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૫' કહેવાશે.

૨. મુંબઈ નશાબંધી (ઔષધ પરમિટ) તબીબી બોર્ડ નિયમો, ૧૯૫૪માં, નિયમ ૯માં,

(૧) 'દસ રૂપિયાની ફી' એ શબ્દોને બદલે 'પંદર રૂપિયાની ફી' એ શબ્દો મૂકવા;

(૨) '૧૦/—રૂા.ની ફી ઉપરાંત ૧૦૦/—રૂા.ની ફી' એ શબ્દો, અક્ષરો અને આંકડાને બદલે, '૧૫/—રૂા.ની ફી ઉપરાંત ૧૫૦/—રૂા'ની ફી' એ શબ્દો, અક્ષરો અને આંકડા મૂકવા.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એસ. રાઠોડ,
ગુજરાત સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૯૫નો. ૧૧૧/ડીવીપી/૨૬૯૩/૭૩૧/(૯૫)/એલ,નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJRAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૧૧/ડીવીપી/૨૬૯૩/૭૩૧/(૯૫)/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૦મી ઓગસ્ટ, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૨૦૭-ડીવીપી/૨૬૮૯/૨૬૧૭(૯૧)/એલ, હેઠળ મંજૂર કરેલી અમરેલી નગરની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની, કલમ--૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર—ને લેખિતમાં રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૦મી ઓગસ્ટ, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧ના ૨૦૭/ડીવીપી/૨૬૮૯/૨૬૧૭(૯૧)/એલ, થી મંજૂર કરેલી અમરેલીની છેવટની સુધારેલી યોજનામાંનો સૂચિત ફેરફાર.

અમરેલીની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે 'ABCD' તરીકે નિશાની કરેલી, "ખેતીવિષયક ઝોન" માટે મુકરર કરેલ અમરેલીની મહેસૂલી સરવે નંબર ૮૯૧/પી (એ-૧—જી૨૭) અને મહેસૂલી સરવે નંબર ૮૯૨/પી (એ-૧—જી-૩૮) વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત થયેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ--૧૨(૨)(ક) હેઠળ" રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ-૯૫/૧૫૬/એફએસી-૧૦૯૫-૮૬૦-(૧)-એમ-(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under.

THE FACTORIES, ACT, 1948.

કારખાના અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૫

કારખાના અધિનિયમ, ૧૯૪૮ (૧૯૪૮નો ક્રમાંક ૬૩).

ક્રમાંક : જીધ્યુ-૯૫/૧૫૬/ઓફએસી-૧૦૯૫-૮૬૦-(૧)-એમ-(૩). —કારખાના અધિનિયમ, ૧૯૪૮ની કલમ-૬૬ની પેટા કલમ (૧)ના ખંડ - (ખ)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી જીઈ આપાર લાઈટિંગ લી. કોમ્પોનન્ટ ડિવિઝન, ધરમસિંહ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, નડિયાદ (જિલ્લો ખેડા)ના સંબંધમાં તા. ૩૦-૭-૧૯૯૫થી શરૂ થતી બે વર્ષની મુદત સુધી સવારના ૫.૦૦ અને રાત્રિના ૧૦-૦૦ વચ્ચેના સમય દરમિયાન તેમાં સ્ત્રી કામદારોને કામે રાખવાનો અધિકાર આપવા ખંડ (ખ)માં જણાવેલ નિબંધોમાં નીચેની શરતોને આધીન રહીને ફેરફાર કરે છે કે સંચાલકોએ—

(ક) સ્ત્રી કામદારોને તેમના રહેઠાણથી કારખાનામાં કામ કરવા આવવા તથા પાછા જવા માટે મફત વાહનવ્યવહારની સગવડનો પ્રબંધ કરવો; અને

(ખ) જે સ્ત્રી કામદારોના સંબંધમાં આવી રીતે લાવવા લઈ જવાની સગવડનો પ્રબંધ કર્યો હોય તે સ્ત્રી કામદારોની સલામતી માટે પૂરતી વ્યવસ્થા કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ઓકટોબર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી ઓકટોબર, ૧૯૯૫ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચટી-૯૫-૨૧-વીડીઓ-૧૦૯૩-૨૩૭૩-ઈનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ માટે પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

re

AMENDMENT To THE GUJARAT TAX ON LUXURIES (HOTELS AND LODGING HOUSES) RULES, 1978.

ગુજરાત (હોટલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર નિયમો, ૧૯૭૮ સુધારવા સંબંધી જાહેરનામું.

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ઓકટોબર, ૧૯૯૫.

ગુજરાત (હોટલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક. જીએચટી-૯૫-૨૧-વીડીઓ-૧૦૯૩-૨૩૭૩-ઈ.—ગુજરાત (હોટલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ૨૪મા)ની કલમ--૨૧ હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ કલમ--૨૧ની પેટા-કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે,

INDEX

તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે રાજ્યપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુધો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થતાં પહેલાં સદરહુ, મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી ગુજરાત સરકારના અધિક મુખ્ત સચિવ, માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કંઈ વાંધા અથવા સૂચનો મળશે તે, સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક. જીએચટી-૯૫-૨૧-વીઆઈ-૧૦૭૩-૨૩૭૩-ઈ.—ગુજરાત (હોટલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૨૪મા)ની કલમ--૨૧થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત (હોટલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર નિયમો, ૧૯૭૮ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે—

૧. આ નિયમો ગુજરાત (હોટલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર (સુધારા) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. ગુજરાત (હોટલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર નિયમો, ૧૯૭૮માં, નિયમ--૧૧માં, (૧) ખંડ (ક)માં, "પાંચ રૂપિયા" એ શબ્દોને બદલે, "પચીસ રૂપિયા" એ શબ્દો મૂકવા.

(૨) ખંડ (ખ)માં, "દસ રૂપિયા" એ શબ્દોને બદલે, "પચાસ રૂપિયા" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. બી. સ્વેઈન,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ઓકટોબર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ-આર/૧૬૩/બીઆરયુ-૧૦૯૪/૨૧૩/એમ(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE BOMBAY RELIEF UNDERTAKINGS (SPECIAL PROVISIONS) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચ-આર/૧૬૩/બીઆરયુ-૧૦૯૪/૨૧૩-એમ(૩).—અરવિંદ ઈન્ટેક્ષ લિમિટેડ, રાજપુર રોડ, અમદાવાદ—૩૮૦૦૨૧ (જેનો આમાં હવે પછી "સદરહુ અન્ડરટેકિંગ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) તારીખ ૧લી માર્ચ, ૧૯૯૫ના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચઆર-૫૩-બીઆરયુ-૧૦૯૪-૨૧૩-એમ(૩)ના સંદર્ભમાં, એક વર્ષની વધુ મુદત માટે, "રાહત અન્ડરટેકિંગ"નો દરજ્જો લંબાવવા અરજી કરી છે;

INDEX

અને સદરહુ અન્ડરટેકિંગને એવી રીતે ચાલુ રાખવાનું જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના ક્રમાંક. ૯૬મા)ની કલમ--૩ની પેટા-કલમ (૨) અને કલમ--૪ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૪)થી પણ મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી—

(૧) સદરહુ અન્ડરટેકિંગને, સન ૧૯૯૫ના મે મહિનાની ૧લી તારીખથી, બાર મહિનાની વધુ મુદત માટે રાહત અન્ડરટેકિંગ જાહેર કરે છે તે તદનુસાર, સદરહુ અન્ડરટેકિંગ બેરોજગારી રાહતના પગલાં તરીકે ઉપયોગી થવા માટે ચલાવવામાં આવશે; અને

(૨) સદરહુ અન્ડરટેકિંગના સંબંધમાં એવો આદેશ કરે છે કે, સદરહુ અન્ડરટેકિંગને રાહત અન્ડરટેકિંગ તરીકે જાહેર કરવામાં આવ્યું હોય તે પહેલાં મળેલ અથવા વ્હોરેલ તમામ હકો, વિશેષાધિકારો, ફરજો, જવાબદારીઓ અને તે અંગેની અમલ બજવણી માટે કોઈ ઉપાય મોકૂફ રાખવા અને કોઈ કોર્ટ, ટ્રિબ્યુનલ, અધિકારી અથવા સત્તામંડળ સમક્ષ, તે સંબંધી અનિર્ણિત તમામ કાર્યવાહીઓ સન ૧૯૯૫ના મે મહિનાની ૧લી તારીખથી બાર મહિનાની વધુ મુદત માટે સ્થગિત કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૨૮મી ઓક્ટોબર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તા. ૧૦મી ઓક્ટોબર, ૧૯૯૫ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચટી/૯૫/૧૯/વીડીઓ/૧૦૯૩/૨૩૭૩/ઈ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

re

AMENDMENT TO THE GUJARAT ENTERTAINMENTS TAX, RULES, 1979.

ગુજરાત મનોરંજન કર નિયમો, ૧૯૭૯ સુધારવા સંબંધી જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૧૦મી ઓક્ટોબર, ૧૯૯૫.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક : જીએચટી/૯૫/૧૯/વીડીઓ/૧૦૯૩/૨૩૭૩/ઈ:—ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા), ની કલમ-૩૧ હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો સદરહુ કલમ-૩૧ની પેટા-કલમ (૪)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યક્તિઓની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને આથી નોટિસ આપવામાં આવે છે કે રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પુરી થતાં પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યક્તિ તરફથી, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, માહિતી પ્રસારણ અને પ્રવાસન વિભાગ, સચિવાલય ગાંધીનગરને જે કંઈ વાંધા અથવા સૂચનો મળશે તે, સરકાર વિચારણામાં લેશે.

INDEX

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જીએચટી/૯૫/૧૯/વીડીઓ/૧૦૯૩/૨૩૭૩/ઈ.—ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સને ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા)ની કલમ-૩૧થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મનોરંજન કર નિયમો, ૧૯૭૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો ગુજરાત મનોરંજન-કર (સુધારા) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. ગુજરાત મનોરંજન કર નિયમો, ૧૯૭૯માં, નિયમ ૧૪માં,—

(ક) "રૂા. ૫/-" એ અક્ષરો અને આંકડાને બદલે "રુપિયા પંચીસ"એ શબ્દો મૂકવા;

(ખ) "રૂા. ૧૦/-"એ અક્ષરો અને આંકડાને બદલે "રુપિયા પચાસ" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બી. બી. સ્વેઈન,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ્ય પ્રેસ ગાંધીનગર

INDEX

REGISTERED NO. G/GNR/2

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, FEBRUARY 29, 1996/PHALGUNA 10, 1917 [No. 9

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૯મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૧મી જુલાઈ ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૫/૧૫૦/એમટીએ–૧૦૯૫/૧૩૦૫/ખ(ભાગ-૨)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE BOMBAY MOTOR VEHICLES TAX AOT, 1958

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૫.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જી/જી/૯૫/૧૫૬/એમટીએ–૧૦૯૫/૧૩૦૫/ખ (ભાગ-૨).–મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ ના મુંબઈના ૬૫ મા) ની કલમ ૩ ની પેટા–કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, અને ગૃહ વિભાગના તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/જી/૯૩/૪૧/એમટીએ/૧૫૯૩/૯૩૩(૧)–ખ થી સુધારવા પ્રમાણેના ગૃહ વિભાગના તારીખ ૨૪ એપ્રિલ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/જી/૯૨/૫૪/એમટીએ/૧૫૯૨/૯૯૧–(૧)–ખ રદ કરીને, ગુજરાત સરકાર, આથી આદેશ કરે છે કે સન ૧૯૯૫ ના ઓગસ્ટ મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ-૧ માંની નોંધમાં નિર્દિષ્ટ કરેલા જે મોટર વાહનો ગુજરાત રાજ્યમાં ઉપયોગમાં લેવાતા હોય અથવા ઉપયોગ માટે રાખેલા હોય તે મોટર વાહનો ઉપર માટે સદરહુ અનુસૂચિના કોલમ-૨ માં ની તત્સમાન નોંધમાં નિર્દિષ્ટ કરેલા દરે વેરો લેવામાં અને વસૂલ કરવામાં આવશે.

INDEX

અનુસૂચિ

સન ૧૯૯૫ના ઓગસ્ટ મહિનાની ૧લી તારીખે અથવા તે પછી ગુજરાત રાજ્યમાં રજિસ્ટર થયેલાં (ડિરેક્ટર વાહનો સિવાયનાં) મોટર વાહનો.	ઉપર રકમના વેરાના દર
૧	૨
ભાગ–૧ મોટર રિપરિટ વાપરતાં મોટર વાહનો.	
ક. માત્ર ન્યુમેટિક ટાયર બેસાડેલા મોટર વાહનો.	
૧. મોટર સાયકલો અને ટ્રાઈસિકલો (મોટર સ્કુટરો અને યાંત્રિક શકિતથી તે ચલાવવા માટેના સાધન સાથેની સાયકલો સહિત), જે—	
(૧) કોઈ વ્યકિત, સ્થાનિક સત્તામંડળ, સાર્વજનિક ટ્રસ્ટ, યુનિવર્સિટી અથવા શૈક્ષણિક કે સમાજ કલ્યાણ સંસ્થાની માલિકીની હોય, ત્યારે—	
(ક) ભાર લાધ્યા વગરની, ૫૦ કિલોગ્રામ કરતાં વધારે વજનની ન હોય તેવી સાયકલો	રૂા. ૫૦૦
(ખ) ભાર લાધ્યા વગરની, ૫૦ કિલોગ્રામ કરતાં વધારે વજનની પરંતુ ભાર લાધ્યા વગરની ૧૦૦ કિલોગ્રામ કરતાં વધારે વજનની ન હોય તેવી સાયકલો	રૂા. ૧૦૦૦
(ગ) ભાર લાધ્યા વગરની ૧૦૦ કિલોગ્રામ કરતાં વધારે વજનની સાયકલો.	રૂા. ૨૦૦૦
(ઘ) ટ્રાઈસિકલો.	રૂા. ૨૦૦૦
(ચ) ટ્રેઈલર અથવા સાઈડકાર ખેંચવા માટે વપરાતી સાયકલો અથવા ટ્રાઈસિકલો	ઉપર નિર્દિષ્ટ કરેલા દરો ઉપરાંત રૂા. ૮૦૦
(૨) કોઈ વ્યકિત, સ્થાનિક સત્તામંડળ, સાર્વજનિક ટ્રસ્ટ, યુનિવર્સિટી અથવા શૈક્ષણિક કે સમાજ કલ્યાણ સંસ્થા સિવાયની કોઈ વ્યકિતની માલિકીનાં હોય ત્યારે.	ઉપર નિર્દિષ્ટ કરેલા દરો કરતાં બમણો દર.
૨. અશકત માણસો માટે અનુકુળ કરેલાં અને વપરાતાં ભાર લાધ્યા વગરનાં, ૨૫૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં ન હોય તેવાં મોટર વાહનો.	રૂા. ૮૦
૩. આ અનુસૂચિની પૂર્વવર્તી જોગવાઈઓ હેઠળ વેરાને પાત્ર હોય તે સિવાયના મોટર વાહનો જે,—	
(૧) કોઈ વ્યકિત, સ્થાનિક સત્તામંડળ, સાર્વજનિક ટ્રસ્ટ, યુનિવર્સિટી અથવા શૈક્ષણિક કે સમાજ કલ્યાણ સંસ્થાની માલિકીનાં હોય, ત્યારે—	
(ક) ભાર લાધ્યા વગરનાં, ૭૫૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં ન હોય તેવાં વાહનો	રૂા. ૫૫૦૦
(ખ) ભાર લાધ્યા વગરનાં, ૭૫૦ કિલોગ્રામ કરતાં વધારે વજનના પરંતુ ભાર લાધ્યા વગરનાં, ૧૨૦૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં ન હોય તેવાં વાહનો.	રૂા. ૧૦,૦૦૦
(ગ) ભાર લાધ્યા વગરનાં, ૧૨૦૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં પરંતુ લાધ્યા વગરનાં ૨૨૫૦ કિલોગ્રામ કરતાં વધારે વજનના ન હોય તેવાં વાહનો.	રૂા. ૧૫,૦૦૦
(૨) કોઈ વ્યકિત સ્થાનિક સત્તામંડળ, સાર્વજનિક ટ્રસ્ટ, યુનિવર્સિટી અથવા શૈક્ષણિક કે સમાજ કલ્યાણ સંસ્થા સિવાયની કોઈ વ્યકિતની માલિકીનાં હોય ત્યારે	ઉપર નિર્દિષ્ટ કરેલા દરો કરતાં બમણો દર
(૪) ખંડ ૧ અથવા ખંડ ૩ હેઠળ આવતા અને સન ૧૯૫૭ ના માર્ચ મહિનાની ૩૧મી તારીખ પછી, ભારત બહાર બનાવેલાં અને ભારતમાં આયાત કરેલાં મોટર વાહનો.	ખંડ ૧ અથવા યથા પ્રસંગ ખંડ ૩માં નિર્દિષ્ટ કરેલા દર કરતાં બમણો દર

INDEX

સ્પષ્ટીકરણ ૧.—ખંડ ૧ અને ખંડ ૩ ના હેતુઓ માટે—

(૧) "શૈક્ષણિક સંસ્થા" એટલે રાજ્ય સરકારે, આ અર્થે રાજપત્રમાં અધિસૂચિત કરેલા હુકમ દ્વારા માન્ય કરી હોય તેવી શૈક્ષણિક સંસ્થા ;

(૨) "સ્થાનિક સત્તામંડળ" એટલે ગુજરાત રાજ્યમાં તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ રચાયેલ કોઈ મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા, કેન્ટોનમેન્ટ બોર્ડ અથવા પંચાયત ;

(૩) "સાર્વજનિક ટ્રસ્ટ" એટલે, ગુજરાત રાજ્યમાં અમલમાં હોય તે પ્રમાણેના મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ રજિસ્ટર થયેલ સાર્વજનિક ટ્રસ્ટ ;

(૪) "સમાજ કલ્યાણ સંસ્થા" એટલે લોકોને કલ્યાણકારક હોય એવી કોઈ પ્રવૃત્તિ કરતી અને તે ખંડના હેતુઓ માટે, રાજપત્રમાં અધિસૂચિત કરેલા હુકમથી રાજ્ય સરકારે માન્ય કરેલી કોઈ સંસ્થા ;

(૫) "યુનિવર્સિટી" એટલે ગુજરાત રાજ્યમાં તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાથી અથવા તે હેઠળ સ્થપાયેલી યુનિવર્સિટી.

સ્પષ્ટીકરણ: ૨.—જો કોઈ મોટર વાહન એક કરતાં વધારે વ્યક્તિઓની સહિયારી માલિકીનું હોય તો, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૪૧ ની પેટા-કલમ (૧) ના પરંતુકમાં ગમે તે મજકૂર હોય તે છતાં, આવું મોટર વાહન, ખંડ ૧ અને ખંડ ૩ ના હેતુઓ માટે કોઈ એક વ્યક્તિની માલિકીનું નહિ, પણ વ્યક્તિઓની સહિયારી માલિકીનું છે એમ ગણાશે.

ખ. માત્ર ન્યુમેટિક ટાયર બેસાડેલાં હોય તે સિવાયના મોટર વાહનો.	વર્ગ-ક માં દર્શાવેલા દર ઉપરાંત સેંકડે ૫૦ ટકા.
ભાગ--૨ મોટર સ્પિરિટ સિવાયનું બળતણ વાપરતાં મોટર વાહનો.	ભાગ-૧ માં દર્શાવેલા દરે ઉપરાંત તેમાં(છ)ણાવેલ તમામ મોટર વાહનો અથવા, તેના કોઈ વર્ગ માટે સેંકડે ૫૦ ટકા, સરચાર્જ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/એલ/૨૮/ડીએનએસ/૧૦૯૫/૪૪૯/એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

AMENDMENT TO THE BOMBAY RECTIFIED SPIRIT RULES, 1951.

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જુલાઈ, ૧૯૯૫.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એલ/૨૮/ડીએનએસ/૧૦૯૫/૪૪૯/એમ :—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ ૧૦૭ સાથે વાંચતાં, તેની કલમ ૧૪૩ની પેટા કલમ,(૧) અને પેટા-કલમ (૨)ના ખંડ (ભ) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ કલમ ૧૪૩ની પેટા--કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારું પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી ગુજરાત સરકાર સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થતાં પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી, નશાબંધી અને આબકારી નિયામક, ગુજરાત રાજ્ય, ઓ/૨, ન્યુ મેન્ટલ હોસ્પિટલ બિલ્ડીંગ, આસારવા, અમદાવાદ--૩૮૦૦૧૬-ને, જે કંઈ વાંધા અથવા સૂચનો મળશે તે, સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો.

ક્રમાંક : જીએચ/એલ/૨૮/ડીએનએસ/૧૦૯૫/૪૪૯/એમ :—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ ૧૦૭ સાથે વાંચતાં તેની કલમ ૧૪૩ની પેટા-કલમ (૧) અને પેટા--કલમ (૨)ના ખંડ (ભ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ શુદ્ધ સ્પિરિટ નિયમો, ૧૯૫૧ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો મુંબઈ શુદ્ધ સ્પિરિટ (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. મુંબઈ શુદ્ધ સ્પિરિટ નિયમો, ૧૯૫૧ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૪૫માં, પેટા-નિયમ (૨)(ક)માં, ખંડ (૧)માં, "રૂા. ૧૦/–" એ આંકડાને બદલે રૂા."રૂા. ૧૫/–" એ આંકડા મૂકવા.

(૧) ખંડ (ખ) (૧)માં પેટા–ખંડ (૧)માં "૧૦/-" એ આંકડાને બદલે "૧૫/-" એ આંકડા મૂકવા.
(૨) પેટા–ખંડ (૨)માં, "૧૦૦" એ આંકડાને બદલે "૧૫૦" એ આંકડા મૂકવા.
(૩) પેટા–ખંડ (૩)માં, "૨૦૦" એ આંકડાને બદલે "૩૦૦" એ આંકડા મૂકવા.
(૪) પેટા–ખંડ (૪)માં, "૩૫૦" એ આંકડાને બદલે "૫૨૫" એ આંકડા મૂકવા.
(૫) પેટા–ખંડ (૫)માં, "૬૦૦" એ આંકડાને બદલે "૯૦૦" એ આંકડા મૂકવા.
(૬) પેટા--ખંડ (૬)માં, "૧૦૦૦" એ આંકડાને બદલે "૧૫૦૦" એ આંકડા મૂકવા.

૩. સદરહુ નિયમોમાં નિયમ ૨૦માં પેટા-નિયમ (૨)માં "રૂા. ૧૦" એ અક્ષરો અને આંકડાને બદલે "રૂા. ૧૫/–" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૪. સદરહુ નિયમોમાં નિયમ ૨૩માં પેટા--નિયમ (૧)માં "રૂા. ૧૦/-" એ અક્ષરો અને આંકડાને બદલે "રૂા. ૧૫/-- " એ અક્ષરો અને આંકડા મૂકવા.

૫. સદરહુ નિયમોમાં નિયમ ૨૬માં "રૂા. ૫૦/–" એ અક્ષરો અને આંકડા ને બદલે "રૂા. ૭૫/–" એ અક્ષરો અને આંકડા મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એસ. રાઠોડ,
ગુજરાત સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી ઓગસ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૧૫૨/૯૫/એમવીઆર-૧૦૯૨/૪૨૯૭/ખ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

re

AMENDMENT TO THE BOMBAY MOTOR VEHICLES TAX RULES, 1959.

મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧લી ઓગસ્ટ, ૧૯૯૫.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જી/જી/૧૫૨/૯૫/એમવીઆર-૧૦૯૨/૪૨૯૭/ખ.—મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ વધુ સુધારતા નિયમોના મુસદ્દો મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૨૩ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, ગૃહ વિભાગના તારીખ ૩૦મી ઓગસ્ટ, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૪/૧૦૧/એમવીઆર-૧૦૯૨/૪૨૯૭/ખ, હેઠળ તારીખ ૩૦મી ઓગસ્ટ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર, અસાધારણ ભાગ-૪-બીના પાના નંબર ૧૬૬-૧ અને ૧૬૬-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ તરફથી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૪ સુધીમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યાં હતાં;

અને, સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં સરકારને કોઈ વ્યકિત તરફથી વાંધા અથવા સૂચનો મળ્યાં નથી.

તેથી, હવે, મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૨૩થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો, "મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૫" કહેવાશે.

૨. મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ-૨માં-,

(૧) ખંડ (ચ)માં, "મોટર વાહન અધિનિયમ, ૧૯૩૯" એ શબ્દો અને આંકડાને બદલે, "મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮" એ શબ્દો અને આંકડા મૂકવા.

(૨) ખંડ (ઝ)માં, "મોટર વાહન અધિનિયમ, ૧૯૩૯ અથવા મુંબઈ મોટર વાહન નિયમો, ૧૯૫૯માં " એ શબ્દો અને આંકડાને બદલે, "મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ અથવા કેન્દ્રિય મોટર વાહન નિયમો, ૧૯૮૯માં અથવા ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૯૯માં" એ શબ્દો અને આંકડા મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ-૧૬-ક માં,—

(૧) ખંડ (૮)માં, "મોટર વાહન અધિનિયમ, ૧૯૩૯ની કલમ ૬૩ની પેટા કલમ (૧૧)" એ શબ્દો આંકડા અને કૌંસને બદલે, "મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૮૮ની પેટા કલમ (૧૨)" એ શબ્દો, આંકડા અને કૌંસ મૂકવા.

(૨) ખંડ (૯)માં.—

(૧) "મોટર વાહન અધિનિયમ, ૧૯૩૯ની કલમ ૬૩ની પેટા કલમ (૬) અથવા કલમ ૬૩ની પેટા કલમ (૭) હેઠળ મંજૂર કરેલ ટુરિસ્ટ પરમિટ" એ શબ્દો, આંકડા અને કૌંસને બદલે, "મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૮૮ની પેટા કલમ (૮) અથવા કલમ-૮૮ની પેટા-કલમ (૯) હેઠળ મંજૂર કરેલ ટુરિસ્ટ પરમિટ" એ શબ્દો, આંકડા અને કૌંસ મૂકવા :

(૨) "મોટર વાહન અધિનિયમ, ૧૯૩૯ (સન ૧૯૩૯ના ૪થા)ની કલમ-૬૩ની પેટા-કલમ (૩-ક) અને (૩-ખ)" એ શબ્દો, આંકડા અને કૌંસને બદલે, "મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૮૮ની પેટા-કલમ (૫) અને પેટા કલમ (૬) એ શબ્દો, આંકડા અને કૌંસ મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ-૨૯માં, પેટા-નિયમ (૧)માં,—

(૧) "વાહન વ્યવહાર નિયામક" એ શબ્દોને બદલે, "વાહન વ્યવહાર કમિશનર અથવા વાહન વ્યવહાર નિયામક" એ શબ્દો મૂકવા;

(૨) "બંદર, વાહન વ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગ" એ શબ્દોને બદલે, "ગૃહ વિભાગ" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાંટડિયા,
સરકારના ઉપ-સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૯૯/ડીવીપી/૨૭૯૪/૧૦૮૩/એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી જુલાઈ, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૯૯/ડીવીપી/૨૭૯૪/૧૦૮૩/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચવી-૧૯૯૩નો ૧૩૩/૨૭૯૨/૨૧૦૯/(૯૩)-એલ, હેઠળ મંજૂર કરેલ મહેસાણા વિસ્તાર વિકાસ સત્તામંડળના વિકાસ વિસ્તાર માટે છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૯૩નો-૧૩૩/-ડીવીપી-૨૭૯૨-૨૧૦૯-(૯૩)-એલ થી મંજૂર કરેલી મહેસાણાની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

મહેસાણાની મંજૂર કરેલ વિકાસ યોજનામાં "ઔદ્યોગિક ઝોન" તરીકે મુકરર કરેલી મહેસાણાની મહેસૂલી સરવે નંબર : ૧૯૯૦/૧૨ (વિસ્તાર ૩૨૫.૨૭ ચો.મી.) અને મહેસૂલી સરવે નંબર : ૧૯૯૦/૧૩ (વિસ્તાર ૪૫૧૯ ચો.મી.) વાળી જમીન, સદરહુ મુકરર કરેલી જમીનમાંથી કમી કરવી અને આ રીતે મુકત કરેલી જમીનો ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ આ સાથે જોડેલ પ્લાનમાં દર્શાવ્યા મુજબ "વાણિજ્યિક ઝોન" તરીકે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એલ/૨૯/ડીએનએસ/૧૦૯૫/૪૫૭/એમનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

re

AMENDMENT TO THE BOMBAY DENATURED SPIRIT RULES, 1959.

મુંબઈ વિકૃત સ્પિરિટ નિયમો, ૧૯૫૯ વધુ સુધારવા સંબંધી જાહેરનામું

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જુલાઈ, ૧૯૯૫.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એલ/૨૯/ડીએનએસ/૧૦૯૫/૪૫૭/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈ ૨૫મા)ની કલમ ૧૦૭ સાથે વાંચતાં, તેની કલમ ૧૪૩ની પેટા-કલમ (૨)ના ખંડ (ભ) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો; સદરહુ કલમ ૧૪૩ની પેટા-કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારુ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી ગુજરાત સરકાર સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થતાં પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી, નશાબંધી અને આબકારી નિયામક, ગુજરાત રાજય, ઓ/૨, ન્યુ મેન્ટલ હોસ્પિટલ બિલ્ડીંગ, અસારવા, અમદાવાદ-૩૮૦૦૧૬-ને, જે કંઈ વાંધા અથવા સૂચનો મળશે તે, સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જીએચ/એલ/૨૯/ડીએનએસ/૧૦૯૫/૪૫૭/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ ૧૦૭ સાથે વાંચતા, તેની કલમ ૧૪૩ની પેટા-કલમ (૨)ના ખંડ (ભ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી મુંબઈ વિકૃત સ્પિરિટ નિયમો, ૧૯૫૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો મુંબઈ વિકૃત સ્પિરિટ (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. મુંબઈ વિકૃત સ્પિરિટ નિયમો, ૧૯૫૯ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૫માં, "રૂા. ૫૦૦/-" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૭૫૦/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૨૪માં, પેટા-નિયમ (૨)માં, "રૂા. ૧૦/-"એ અક્ષરો અને આંકડાને બદલે, રૂા. "૧૫/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૨૫માં, પેટા-નિયમ (૨) માં, "રૂા. ૧૫/-" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૨૫/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૨૬માં, પેટા નિયમ (૩)માં,—

(૧) "રૂા. ૧૫/-" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૨૫/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

INDEX

(૨) ખંડ (ક)થી (ચ) ને બદલે, નીચેના ખંડો મૂકવા;

"(ક) વાર્નિશ, પોલિશ, રંગ અને ડાઈઝના ઉત્પાદન માટે મહિના દીઠ છૂટ આપેલ કુલ જથ્થો—

(૧) ૫૦૦ લિટર કરતાં વધારે ન હોય, ત્યારે	રૂા. ૧૧૫/-
(૨) ૫૦૦ લિટર કરતાં વધારે હોય પણ ૨૫૦૦ લિટર કરતાં વધારે ન હોય, ત્યારે	રૂા. ૨૨૫/-
(૩) ૨૫૦૦ લિટર કરતાં વધારે હોય, પણ ૧૦,૦૦૦ લિટર કરતાં વધારે ન હોય, ત્યારે	રૂા. ૬૦૦/-
(૪) ૧૦,૦૦૦ લિટર કરતાં વધારે હોય, ત્યારે	રૂા. ૧૨૦૦/-

(ખ) વાર્નિશ, પોલિશ, રંગ અને ડાઈઝના ઉત્પાદન અથવા કલાકારીગીરી અથવા વ્યવસાય (ધંધો) સિવાયના અન્ય કોઈપણ ઉદ્યોગ માટે મહિના દીઠ છૂટ આપેલ કુલ જથ્થો,—

(૧) ૨૫૦૦ લિટર કરતાં વધારે ન હોય ત્યારે, રૂા. ૭૫/-

(૨) ૨૫૦૦ લિટર કરતાં વધારે હોય ત્યારે, રૂા. ૩૦૦/-

(ગ) કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓ, સંગ્રહાલયો અથવા અન્ય સંસ્થાઓએ હાથ ધરેલ કોઈ કલાકારીગીરી અથવા ઉદ્યોગના સંબંધમાં રૂા. ૧૫/-.

(ઘ) ખંડ (ક), (ખ), અથવા (ગ)માં ઉલ્લેખાયેલ કોઈપણ બે અથવા તમામ હેતુઓના સંબંધમાં (ક) અથવા (ખ) માટે ઠરાવેલી ફી, એ બેમાંથી વધુ હોય તે.

(ચ) ખંડ (ક) અથવા (ખ)માં જણાવેલ કોઈપણ હેતુ માટે મહિના દીઠ છૂટ આપેલ કુલ જથ્થો, બે ક્વાર્ટર બાટલી કરતાં વધતો ન હોય ત્યારે, રૂા. ૧૫/-".

૬. સદરહુ નિયમોમાં, નિયમ-૩૩માં,—

(૧) ખંડ (૧)માં "રૂા. ૫૦૦/-" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૭૫૦" એ અક્ષરો અને આંકડા મૂકવા.

(૨) ખંડ (૨)માં "રૂા. ૧૦૦૦/-" એ અક્ષરો અને આંકડાને બદલે "રૂા. ૧૫૦૦/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

(૩) ખંડ (૩)માં "રૂપિયા એક હજાર પાંચસો" એ શબ્દોને બદલે, "રૂા. ૨૨૫૦/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૩૫માં "એકસો રૂપિયા" એ શબ્દોને બદલે "રૂા. ૧૫૦/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૮. સદરહુ નિયમોમાં, નિયમ ૪૫માં, પેટા-નિયમ (૩)માં, "રૂા. ૧૦/-" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૧૫/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૯. સદરહુ નિયમોમાં, નિયમ ૫૦માં, "રૂા. ૧૦/-" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૧૫/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૧૦. સદરહુ નિયમોમાં, નિયમ ૫૨માં, "રૂા. ૧૦" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૧૫/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૧૧. સદરહુ નિયમોમાં, નિયમ ૫૯માં, "રૂા. ૧૦/-" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૧૫/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૧૨. સદરહુ નિયમોમાં, નમૂના ડી.એસ. ૧માં, પ્રસ્તાવનામાં "રૂપિયા પાંચસો" એ શબ્દોને બદલે, "રૂા. ૭૫૦" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૧૩. સદરહુ નિયમોમાં, નમૂના ડી.એસ.-૭માં, પ્રસ્તાવનામાં "રૂપિયા એકસો" એ શબ્દોને બદલે, "રૂા. ૧૫૦/-" એ અક્ષરો અને આંકડો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એસ. રાઠોડ,
સરકારના ઉપસચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૭મી ઓગસ્ટ, ૧૯૯૫,

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૧૭મી ઓગસ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એલ/૪૦/એફએલઆર/૧૦૯૫/૪૭૬/એમ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે. -

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE BOMBAY PROHIBITION (PRIVILAGES FEES) RULES, 1954.

મુંબઈ નશાબંધી (વિશેષાધિકાર ફી) નિયમો, ૧૯૫૪ સુધારવા સંબંધી જાહેરનામું

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૭મી ઓગસ્ટ, ૧૯૯૫.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક: જીએચ/એલ/૪૦/એફએલઆર/૧૦૯૫/૪૭૬/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ ૧૦૭ સાથે વાંચતાં, તેની કલમ ૧૪૩ની પેટા-કલમ (૨)ના ખંડ (ભ) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ કલમ ૧૪૩ની પેટા-કલમ (૩) થી ફરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યક્તિઓની જાણ સારુ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી, નોટિસ આપવામાં આવે છે કે રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી ગુજરાત સરકાર સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થતાં પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યકિત તરફથી, નશાબંધી અને આબકારી નિયામક, ગુજરાત રાજય, ઓ/૨, ન્યુ મેન્ટલ હોસ્પિટલ બિલ્ડીંગ, અસારવા, અમદાવાદ-૩૮૦ ૦૧૬ ને જે કંઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક: જીએચ/એલ/૪૦/એફએલઆર/૧૦૯૫/૪૭૬/એમ.- મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ ૧૦૭ સાથે વાંચતાં, કલમ ૧૪૩ની પેટા-કલમ (૨)ના ખંડ (ભ) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ નશાબંધી (વિશેષાધિકાર ફી) નિયમો, ૧૯૫૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે.—

૧. આ નિયમો મુંબઈ નશાબંધી (વિશેષાધિકાર ફી) (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. મુંબઈ નશાબંધી (વિશેષાધિકાર ફી) નિયમો, ૧૯૫૪ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ-૩માં, "રૂા. ૧૦/-" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૧૫/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪માં,—

(૧) "દશ ટકા" એ શબ્દો ને બદલે, "પંદર ટકા" એ શબ્દો મૂકવા.

(૨) પરંતુકમાં, "રૂા. ૧૦/-" એ અક્ષરો અને આંકડાને બદલે "રૂા. ૧૫/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૬માં,—

(૧) "પચાસ ટકા" એ શબ્દોને બદલે, "એક સો ટકા" એ શબ્દો મૂકવા.

(૨) પરંતુકમાં "રૂા. ૧૦/-" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૧૫/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૭માં, "રૂા. ૧૦/-" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૧૫/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૬. સદરહુ નિયમોમાં, નિયમ-૮માં, "રૂા. ૧૦/-" એ અક્ષરો અને આંકડાને બદલે "રૂા. ૧૫/ " એ અક્ષરો અને આંકડા મૂકવા.

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૯માં, "૫૦ પૈસા જતા કરવા અને ૫૦ પૈસા અથવા વધુને એક રૂપિયા તરીકે ગણવો" એ આંકડા અને શબ્દોથી શરૂ થતા ભાગને બદલે, "રૂપિયા એક" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એચ. એસ. રાઠોડ,
સરકારના ઉપસચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૧૦/ટીપીએસ-૧૩૯૪-૧૩૨૪-એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૧૦/ટીપીએસ-૧૩૯૪-૧૩૨૪-એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ : ૭મી, મે, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૮૨નો ૮૨/ટીપીએસ-૧૩૭૯-૧૫૨૫-(૩)-એલ હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા) (જેનો આમાં હવે પછી,— "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, રાજકોટ શહેરી વિકાસ સત્તા-મંડળે, પોતાને સાદર કરેલ નગરરચના યોજનાનો મુસદ્દો, રાજકોટ ક્રમાંક. : ૩ (નાનામવા) (જેનો આમાં હવે પછી, "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો.

અને, સદરહુ અધિનિયમની કલમ ૫૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણૂક કરી હતી;

અને, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક. ૨૭મા)ની કલમ ૬૫થી મળેલી સત્તાની રૂએ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ : ૧૬મી એપ્રિલ, ૧૯૯૨ના, સરકારી જાહેરનામા ક્રમાંક. : જીએચ/વી/૧૯૯૨નો ૭૫/ટીપીએસ-૧૩૯૧-૧૩૧૬(૯૨)-એલ હેઠળ, નગરરચના યોજના, રાજકોટ ક્રમાંક. : ૩ (નાનામવા) પ્રારંભિક મંજૂર કરી હતી;

અને, નીમેલા નગરરચના અધિકારીએ, સદરહુ અધિનિયમની કલમ ૫૨ની પેટા-કલમ (૨) અને કલમ ૬૨ની પેટા-કલમ (૨) હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના, રાજકોટ ક્રમાંક. : ૩ (નાનામવા)—છેવટની યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ છેવટની યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરેલ છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા સુધારાને આધીન રહીને, "સદરહુ છેવટની યોજના" મંજૂર કરે છે.

(ખ) જણાવે છે કે "સદરહુ છેવટની યોજના" રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની કચેરીમાં રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ લોકોને જોવા માટે ખુલ્લી રહેશે; અને

(ગ) સદરહુ કલમ ૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે સન ૧૯૯૫ના સપ્ટેમ્બર મહિનાની ૧૯મી તારીખ નક્કી કરે છે.

INDEX

અનુસૂચિ

(૧) યોજના બુકમાં, પાના નંબર ૧૯૫ ૫૨, કામના અંદાજીત ખર્ચની નીચે મૂકેલ નોંધને "પ્રારંભિક નગરરચના યોજનામાં સમાવેલા તમામ કામો પ્રારંભિક યોજના અમલમાં આવે તે તારીખથી સાત વર્ષમાં પુરા કરવા જોઈશે" તરીકે મૂકાશે.

(૨) યોજના બુકમાં, વિકાસ નિયંત્રણ વિનિયમોના, પાના નંબર ૧૩ ઉપર, વિનિયમ ક્રમાંક ૬.૨ (ક) (૮)માં કરેલી જોગવાઈ : "પરંતુ જ્યાં જાહેર હેતુ માટે, સદરહુ નગરરચના યોજના હેઠળ, નગરરચના યોજના અમલમાં અને અનામત હોય ત્યારે સક્ષમ સત્તાધિકારી, વિનિયમ ક્રમાંક. ૧૩.૧.૭ક અને ૧૩.૧.૭ખ અને કોમન પ્લોટની જોગવાઈઓને લગતા બીજા કોઈપણ વિનિયમમાંથી, નગરરચના યોજના હેઠળ જાહેર હેતુ માટે ઉપર જણાવેલી અનામત ધ્યાનમાં લીધા પછી પૂર્ણત: અથવા અંશત: પ્લોટના માલિકને મુકિત આપી શકશે." એ મજકૂર કમી કરવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૫નો ૧૨૮–વીબીએન/૩૪૯૫-૪૫૬-આઈસી-૧૬-ચ.–નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૫નો ૧૨૮-વીબીએન/૩૪૯૫-૪૫૬-આઈસી-૧૬-ચ.–ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭૩ી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, પ્રાંતિજ અને જિલ્લા પંચાયત સાબરકાંઠા–હિંમતનગર સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી :–

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

INDEX

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનુ નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	ખાંતિજ	મેમદપુર	૧. મેમદપુર મહેસૂલી ગામ.		૧. મેમદપુર	૧. (૧) મેમદપુર મહેસૂલી ગામ.
			૨. શાંતિપુરા (પેટાપરા)			(૨) શાંતિપુરા (પેટાપરા)
			૩. લાલપુર મહેસૂલી ગામ.			(૩) લાલપુર મહેસૂલી ગામ.
			૪. જૈનપુર મહેસૂલી ગામ.	જૈનપુર મહેસૂલી ગામ.	૨. જૈનપુર	૨. જૈનપુર મહેસૂલી ગામ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટ માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૪મી ઓગષ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એલ/૩૭/એફએલઆર/૧૦૯૫/૪૬૯/એમ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE BOMBAY PROHIBITION (SPECIAL POSSESSION) PERMIT RULES, 1952

મુંબઈ નશાબંધી (ખાસ કબજા) પરમિટ નિયમો, ૧૯૫૨ સુધારવા સંબંધી જાહેરનામું

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ઓગસ્ટ, ૧૯૯૫.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એલ/૩૭/એફએલઆર/૧૦૯૫/૪૬૯/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈનો ૨૫મા)ની કલમ ૫૨, ૫૩ અને ૧૦૭ સાથે વાંચતાં, તેની કલમ ૧૪૩ હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ કલમ ૧૪૩ની પેટા કલમ (૩) થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારૂ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી ગુજરાત સરકાર સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

INDEX

૨. ઉપર્યુકત મુદત પૂરી થતાં પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી, નશાબંધી અને આબકારી નિયામક, ગુજરાત રાજ્ય, ઓ/૨, ન્યુ મેન્ટલ હોસ્પિટલ બિલ્ડિંગ, અસારવા, અમદાવાદ-૩૮૦ ૦૧૬-ને, જે કંઈ વાંધા અથવા સૂચનો મળશે તે, સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જીએચ/એલ/૩૭/એફએલઆર/૧૦૯૫/૪૬૯/એમ.— મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ ૫૨, ૫૩ અને ૧૦૭ સાથે વાંચતાં, તેની કલમ ૧૪૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મહેસૂલ વિભાગના તારીખ ૩૧મી માર્ચ, ૧૯૫૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : ૩૦૧૫/૫૧ (જેનો આમાં હવે પછી "સદરહુ જાહેરનામાં" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) હેઠળ કરેલા નિયમો વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો, "મુંબઈ નશાબંધી (ખાસ કબજા) પરમિટ નિયમો, ૧૯૫૨" કહેવાશે.

સદરહુ જાહેરનામામાં, વિદ્યમાન નિયમ ૧ને, તે નિયમોના નિયમ ૧ક તરીકે ફરી નંબર આંપવો અને એ રીતે ફરી નંબર આપેલ નિયમ ૧કની પહેલાં નીચેનો મજકૂર મૂકવો :—

૨. સદરહુ જાહેરનામામાં, નિયમ ૧કમાં, "દસ રૂપિયાની ફી" એ શબ્દોને બદલે, "પંદર રૂપિયાની ફી" એ શબ્દો મૂકવા.

૩. સદરહુ જાહેરનામામાં, નિયમ ૩માં, "દસ રૂપિયાની ફી" એ શબ્દોને બદલે, "પંદર રૂપિયાની ફી" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એસ. રાઠોડ,
સરકારના ઉપસચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૯મી ઓગષ્ટ ૧૯૯૫ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એસએચ/૩૬/એફએલઆર/૧૦૯૫/૪૬૮/એમ; નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT OF BOMBAY NOTIFICATION, REVENUE DEPARTMENT, NO, 10504/39 DATED 23RD JULY, 1949.

મુંબઈ સરકારના મહેસૂલ વિભાગનું તારીખ ૨૩મી જુલાઈ, ૧૯૪૯નું જાહેરનામું

ક્રમાંક : ૧૦૫૦૪/૩૯ સુધારવા સંબંધી જાહેરનામું.

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી ઓગષ્ટ, ૧૯૯૫.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એસએચ/ ૩૬/ઓફએલઆર/૧૦૯૫/૪૬૮/એમ.— મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા) ની કલમ ૧૦૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ સરકારના મહેસૂલ વિભાગનું તારીખ ૨૩મી જુલાઈ, ૧૯૪૯નું જાહેરનામું ક્રમાંક : ૧૦૫૦૪/૩૯ નીચે પ્રમાણે સુધારે છે.—

INDEX

સદરહુ જાહેરનામામાં, વિદ્યમાન અનુસૂચિને બદલે નીચેનો મજકૂર મૂકવો:-

"અનુસૂચિ

	જકાતપાત્ર વસ્તુઓનાં નામ (૧)	જકાતનો દર (૨)
૧.	એલ.બીયર, પોરટર સાઈડર અને આથો ચડાવેલા બીજા દારૂ	આલ્કોહોલના પ્રમાણના પ્રુફ લિટર દીઠ રૂા. ૧૦.૦૦
૨.	આલ્કોહોલયુકત એસેન્સો	આલ્કોહોલના પ્રમાણના પ્રુફ લિટર દીઠ રૂા. ૨૦.૦૦
૩.	દારૂ. કોર્ડીયલ્સ મિશ્રણો અને બીજી સ્પિરિટવાળી બનાવટો (સ્પિરિટયુકત ઔષધની અને પ્રસાધનની બનાવટો સિવાય)	
	(ક) કસ (સ્ટ્રેન્થ) તપાસવાની જરૂર નથી એમ દર્શાવાય એવી રીતે નોંધવામાં આવે તો	લિટર દીઠ રૂા. ૬૦.૦૦
	(ખ) કસોટી કરાય તો	આલ્કોહોલના પ્રમાણના દરેક પ્રુફ લિટર દીઠ રૂા. ૪૫.૦૦
૪.	બીજા બધા પ્રકારના સ્પિરિટો (ભારતમાં બનાવેલા વિકૃત સ્પિરિટ સિવાય)	આલ્કોહોલના પ્રમાણના પ્રુફ લિટર દીઠ રૂા. ૪૫.૦૦
૫.	(ક) પ્રુફ સ્પિરિટના ૧૭ ટકાથી વધારે કસ ન હોય તેવા વાઈન	લિટર દીઠ રૂા. ૧૦.૦૦
	(ખ) પ્રુફ સ્પિરિટના ૧૭ ટકાથી વધારે કસ હોય તેવા વાઈન	આલ્કોહોલના પ્રમાણના પ્રુફ લિટર દીઠ રૂા. ૪૫.૦૦."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એસ. રાઠોડ
સરકારના ઉપસચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીઆર-૯૫-૧૫૩-આઈબીએ-૧૦૯૧-૩૨૫૦-એમ-(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ-સચિવ.

Notification

under

THE GUJARAT BOILER ATTENDANT RULES, 1966.

ગુજરાત બોઈલર પરિચર નિયમો, ૧૯૬૬ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૫.

ક્રમાંક : જીઆર-૯૫-૧૫૩-આઈબીએ-૧૦૯૧-૩૨૫૦-એમ (૩).—ગુજરાત બોઈલર પરિચર નિયમો, ૧૯૬૬ના નિયમ-૮ના પેટા નિયમ (૧)થી મળેલી સત્તાની રૂએ, અને આ સંબંધી આગાઉનું જાહેરનામું રદ કરીને, ગુજરાત સરકાર આથી, પ્રાઈમ-મુવર્સ અને મોર્ડન બોઈલર પ્રેકટીસનું પ્રાયોગિક અને સૈધ્ધાંતિક જ્ઞાન ધરાવતી નીચેની વ્યકિતઓને, આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રણ વર્ષની મુદત માટે પરીક્ષક બોર્ડના સભ્યો તરીકે નીમે છે.

INDEX

અનુક્રમાંક	નામ અને સરનામું	હોદ્દો
૧	૨	૩
૧.	પરીક્ષક બોર્ડના અધ્યક્ષ, ઈન્ચાર્જ, સ્ટીમ બોઈલર અને સ્મોક ન્યુસન્સના મુખ્ય નિરીક્ષક, ગુજરાત રાજ્ય, અમદાવાદ.	હોદ્દાની રુએ અધ્યક્ષ.
૨.	અમદાવાદ ખાતેના સ્ટીમ બોઈલર્સ અને સ્મોક ન્યુસન્સના નિરીક્ષક.	હોદ્દાની રુએ સચિવ (મુખ્ય નિરીક્ષક દ્વારા નિયુક્ત કરાશે)
૩.	શ્રી જી. જે. ભારડવા, ચીફ મેનેજર (એમ) કૃષક ભારતી સહકારી લિમિટેડ, કૃભકો નગર, સુરત--૩૯૪ ૧૧૫	સભ્ય.
૪.	શ્રી એસ. વી. શર્મા, જનરલ મેનેજર (યુટીલીટી), ગુજરાત હેવી કેમીકલ લિમિટેડ, સુત્રાપાડા-૩૬૩ ૧૭૫, જિ. જુનાગઢ.	સભ્ય,
૫.	શ્રી આર. જી. શાહ, ડેપ્યુટી જનરલ મેનેજર (ઓપરેશન) એફ. જી., આઈપીસીએલ, પો. પેટ્રોકેમિકલ્સ, જિ. વડોદરા.	સભ્ય,
૬.	શ્રી અશોક શાંતીલાલ શાહ, મુખ્ય ઈજનેર, મોનોગ્રામ મિલ્સ, રખિયાલ રોડ, અમદાવાદ --૩૮૦૦૨૩.	સભ્ય,
૭.	શ્રી રમેશચંદ્ર છોટાલાલ પટેલ, મુખ્ય ઈજનેર, રાયપુર મેન્યુ. કું. લિમિટેડ, સરસપુર દરવાજા, અમદાવાદ--૩૮૦ ૦૧૮.	સભ્ય,
૮.	શ્રી એમ. વી. ચૌધરી, જનરલ મેનેજર, મહેસાણા જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લિમિટેડ, મહેસાણા-૩૮૪ ૦૦૨.	સભ્ય,
૯.	શ્રી કે. જે. પટેલ, મુખ્ય ઈજનેર, ધી ભારત વિજય મિલ્સ લિમિટેડ, કલોલ-૩૮૨૭૨૧, જિ. મહેસાણા.	સભ્ય,
૧૦.	શ્રી એચ. સી. દવે, (ચીફ મેનેજર), મેઈન્ટેનન્સ, ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કો-ઓપરેટીવ લિમિટેડ, કસ્તુરીનગર-૩૮૨ ૪૨૩.	સભ્ય,
૧૧.	શ્રી વિશ્વનાથ શર્મા, ડે. જનરલ મેનેજર, ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ લિમિટેડ, પો. પેટ્રોકેમિકલ્સ--૩૯૧ ૩૪૬, વડોદરા.	સભ્ય,
૧૨.	શ્રી પુરષોત્તમ મોહનભાઈ સીતાપરા, અધિક મુખ્ય ઈજનેર, ગુજરાત ઈલેકટ્રિસીટી બોર્ડ, કચ્છ લિગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન, એસકેવી નગર, પાનન્ધ્રો, કચ્છ.	સભ્ય,
૧૩.	પ્રો. પી. એસ. દેસાઈ, પ્રોફેસર મિકેનીકલ એન્જિનિયરીંગ, એલ. ડી. એન્જિનિયરીંગ કોલેજ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.	સભ્ય,
૧૪.	પ્રો. પી એચ. પરમાર, પ્રોફેસર મિકેનિકલ એન્જિનિયરીંગ, એલ. ડી. એન્જિનિયરીંગ કોલેજ, નવરંગપુરા, અમદાવાદ—૩૮૦ ૦૦૯.	સભ્ય,
૧૫.	શ્રી એસ. જે. હાંસોટી, સિનિયર મેનેજર, એન્જિ. સર્વિસીઝ, અલીક ઈન્ડસ્ટ્રીઝ લિ, અતુલ--૩૯૬ ૦૨૦ જિ, વલસાડ.	સભ્ય,
૧૬.	શ્રી સુરેન્દ્ર મોતીલાલ શાહ, સિનિ. એન્જિ. પાવર પ્લાન્ટ, ધી બરોડા રેયોન કોર્પો. લિ. પો. બરોડા રેયોન ઉધના, જિ. સુરત--૩૯૪ ૨૨૦.	સભ્ય,

INDEX

૧	૨	૩
૧૭.	શ્રી મનહરલાલ એમ. પટેલ, એમ. ડી. શ્રી ચલથાણ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિમિટેડ, જિ. સુરત.	સભ્ય
૧૮.	શ્રી એન. બી. ગોહિલ, સિનિયર મેનેજર, (યુ એન્ડ આઈ) ડી.એલ.ડબલ્યુ, સોડાએશ પ્લાન્ટ, ધાંગ્રધ્રા, જિ. સુરેન્દ્રનગર--૩૬૩ ૩૧૧.	સભ્ય
૧૯.	શ્રી નવીનચંદ્ર ભાનુપ્રસાદ વ્યાસ, ફેકટરી સુપ્રિટેન્ડન્ટ ઈન્ચાર્જ, "ગુજકોમાસોલ", રીલિફ રોડ, અમદાવાદ.	સભ્ય
૨૦.	શ્રી એમ. બી. દેસાઈ, મેનેજર (મેઈનટેનન્સ) અમદાવાદ ઈલેકટ્રીસીટી કંપની લિ., સાબરમતી, અમદાવાદ-૩૮૦ ૦૦૫.	સભ્ય
૨૧.	શ્રી વી. ટી. શાહ, મેનેજર, (એન્જિ. સર્વિસીઝ) સોમા ટેક્ષટાઈલ, ગોમતીપુર, અમદાવાદ.	સભ્ય
૨૨.	શ્રી કે. જે. પાઠક, મુખ્ય ઈજનેર, એન.જી. ટેક્ષટાઈલ, શાહવાડી, નારોલ, જિ. અમદાવાદ.	સભ્ય
૨૩.	શ્રી જે. બી. શાહ, મુખ્ય ઈજનેર, વીની ઓવરસીઝ લિમિટેડ, નારોલ, જિ. અમદાવાદ.	સભ્ય
૨૪.	શ્રી બી. આર. પટેલ, સિનિયર એન્જિનિયર (મિકે.) ગુજરાત ઈલેકટ્રીસીટી બોર્ડ, થર્મલ પાવર સ્ટેશન, ધુવારણ, જિ. ખેડા.	સભ્ય
૨૫.	શ્રી કે. એમ. વાણકર, ડિરેકટર, અલંકાર બોઈલર્સ એન્ડ પ્રેશર વેસલ્સ પ્રા. લિમિટેડ, ૫૨૧૮, ફેઝ-૪, જી.આઈ.ડી.સી., ઈન્ડસ્ટ્રીયલ-એસ્ટેટ, વટવા, અમદાવાદ --૩૮૨ ૪૪૫.	સભ્ય
૨૬.	શ્રી એ. આર. જોહરી, વર્કસ મેનેજર, નેસ્લર બોઈલર્સ પ્રા. લિમિટેડ, એ-૧-૮૩૭, જી.આઈ.ડી.સી. ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, મકરપુરા, વડોદરા-૩૯૦ ૦૧૦.	સભ્ય
૨૭.	શ્રી આર. એન્જિનિયર, ડિરેકટર, ઈન્ડસ્ટ્રીયલ બોઈલર્સ લિમિટેડ, ૨૨૭, વાપી ઇન્ડસ્ટ્રીયલ ટાઉનશીપ, વાપી, જિ. વલસાડ.	સભ્ય

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તા. ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૫નાં ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ-૯૫/૧૫૫/એફએસી-૧૦૯૫/૯૬૦ (૨)એમ(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE FACTORIES ACT, 1948.

કારખાના અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૫.

કારખાના અધિનિયમ, ૧૯૪૮ (૧૯૪૮નો ક્રમાંક : ૬૩)

ક્રમાંક : જીયુ-૯૫/૧૫૫/ફેક્ટ્રએસી/૧૦૯૫/૮૬૦ (૨) એમ (૩).—કારખાના અધિનિયમ, ૧૯૪૮ની કલમ-૬૬ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી, જીઈ સ્પાયર લાઈટિંગ લી. ધરમસિંહ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, લિમ્બાસી-૩૮૭ ૫૨૦ (તા. માતર) (જિલ્લો ખેડા)ના સંબંધમાં, તા. ૩૦-૭-૯૫થી શરૂ થતી બે વર્ષની મુદત સુધી સવારના ૫.૦૦ અને રાત્રિના ૧૦.૦૦ વચ્ચેના સમય દરમિયાન તેમાં સ્ત્રી કામદારોને કામે રાખવાનો અધિકાર આપવા ખંડ (ખ)માં જણાવેલ નિબંધોમાં, નીચેની શરતોને આધીન રહીને ફેરફાર કરે છે કે સંચાલકોએ—

(ક) સ્ત્રી કામદારોને તેમના રહેઠાણથી કારખાનામાં કામ કરવા આવવા તથા પાછા જવા માટે મફત વાહનવ્યવહારની સગવડનો પ્રબંધ કરવો; અને

(ખ) જો સ્ત્રી કામદારોના સંબંધમાં આવી રીતે લાવવા લઈ જવાની સગવડનો પ્રબંધ કર્યો હોય તો સ્ત્રી કામદારોની સલામતી માટે પૂરતી વ્યવસ્થા કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

બી. આર. રાણા,
સરકારના નાયબ સચિવ.

બૌધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ધ ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તા. ૮મી સપ્ટેમ્બર ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫ના ૧૩૦/એચબીએ/૧૦૯૫/૧૪૫૬/ઠ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ

Notification

under

THE GUJARAT HOUSING BOARD ACT, 1961.

ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૬૧.

ક્રમાંક : જીએચ/વી/સન ૧૯૯૫ના ૧૩૦/એચબીએ/૧૦૯૫/૧૪૫૬/ઠ.—ગુજરાતગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ ૧૯૬૧ (સન ૧૯૬૧ના ગુજરાતના ૨૮મા)ની કલમ-૮ સાથે વાંચતા કલમ-૫ની પેટા-કલમ (૧) હેઠળ મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર આથી ગુજરાત ગૃહનિર્માણ બોર્ડના અધ્યક્ષ તરીકે ૯૦૧--સુંદર ગોપાલ કોમ્પલેક્ષ, આંબાવાડી સર્કલ, એલિસબ્રીજ અમદાવાદના શ્રી પ્રફુલભાઈ બારોટને તેઓ ચાર્જ સંભાળે તે તારીખથી, તારીખ ૭મી સપ્ટેમ્બર, ૧૯૯૮ સુધી નીમે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એલ. એ. શાહ,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તા. ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫ના ૧૧૯/ટીપીએસ-૧૨૯૪-૧૪૯૫-એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૧૯/ટીપીએસ-૧૨૯૪-૧૪૯૫-એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનર્માણ વિભાગના તા. ૨૧મી મે, ૧૯૮૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૪નો ૬૩/ટીપીએસ-૧૨૮૨/૧૫૭૪/(૮૪)-એલ, હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહું અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રુએ, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને પોતાને સાદર કરેલી નગરરચના યોજના વડોદરા નં. ૧૫ (અકોટા સૈયદ વાસણા)ના મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહું યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો;

અને, સદરહુ અધિનિયમની કલમ-૫૦થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણુંક કરી હતી;

અને, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૯મી મે, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૨નો ૯૭/ટીપીએસ-૧૨૯૧/ ૨૮૮/એલ હેઠળ ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૬૫થી મળેલી સત્તાની રૂએ, નગરરચના યોજના, વડોદરા નં. ૧૫ (અકોટા-સૈયદ-વાસણા) પ્રારંભિક યોજના મંજૂર કરી હતી.

અને, નગરરચના અધિકારીએ સદરહુ અધિનિયમની કલમ-૫૨ની પેટા-કલમ (૨) અને કલમ-૬૨ની પેટા-કલમ (૨) હેઠળ ઠરાવ્યા પ્રમાણે નગરરચના યોજના, વડોદરા નં. ૧૫ (અકોટા-સૈયદ-વાસણા)ની છેવટની યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ છેવટની યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી હતી;

(ક) "સદરહુ છેવટની યોજના" મંજૂર કરે છે.

(ખ) જણાવે છે કે "સદરહુ છેવટની યોજના" વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરી, વડોદરામાં રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ લોકોને જોવા માટે ખુલ્લી રહેશે, અને

(ગ) સદરહુ કલમ-૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે સન ૧૯૯૫ના ઓક્ટોબર મહિનાની ૭મી તારીખ નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,

ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૧૮/ડીવીપી-૨૫૯૩-૨૬૭૯-એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ-લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૧૮/ડીવીપી--૨૫૯૩--૨૬૭૯--એલ.-- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૮૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૫નો ૩૮/ડીવીપી--૨૫૮૨-૭૮૫-(૮૫)- એલ, હેઠળ મંજૂર કરેલી નવસારી નગરની છેવટની સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ સુધારેલી વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું ;

અને, સદરહુ સુધારેલી વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા)ની કલમ ૧૯ની પેટા કલમ-(૧) થી ઠરાવ્યા પ્રમાણે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૮મી ડિસેમ્બર ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૯૪નો ૬૦૩/ડીવીપી/૨૫૯૩/૨૬૭૯/એલ હેઠળ તારીખ ૨૮મી ડિસેમ્બર ૧૯૯૪ના ગુજરાત સરકારના અસાધારણ રાજપત્ર ભાગ ૪--બીના પાના નંબર ૨૫૮--થી ૨૫૮-૩ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે સદરહુ ફેરફાર પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર અધિક મુખ્ય સચિવ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સચિવાલય ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિદ્ધ કરી હતી;

અને, ગુજરાત સરકારે સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક. ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રુએ ગુજરાત સરકાર આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે સદરહુ સુધારેલી વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને;

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર તારીખ ૭મી ઓકટોબર, ૧૯૯૫થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૬ઠ્ઠી માર્ચ ૧૯૮૫ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૫નો ૩૮/ડીવીપી-૨૫૮૨-૭૮૫-(૮૫)-એલ, થી મંજૂર કરેલી નવસારી નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર.

નવસારીની મંજૂર કરેલી વિકાસ યોજનામાં આ સાથે જોડેલ પ્લાનમાં 'BCDEFGHIJB' અને 'ABJIKLA' નિશાની કરીને દર્શાવેલ "ઔદ્યોગિક ઝોન" તરીકે મુકરર કરેલી નવસારી નગરરચના યોજના ક્રમાંક ૧ (સ્ટેશન વિસ્તાર)ની મહેસૂલી સર્વે નં. ૩૦૬+૩૦૭ પૈકી છેવટના પ્લોટ નં. ૬૮ પૈકી અને ૬૯ પૈકી વાળી જમીન સદરહુ મુકરર કરેલી જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલ જમીનો ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "૯.૦ મી.ના એપ્રોચ રોડ સાથે રહેણાંકના ઝોન" તરીકે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગનાં સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચટી-૯૫-૧૪) ઈપીટી-૧૦૯૧-૫૯૩-ઈનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE BOMBAY CINEMA RULES, 1954.

મુંબઈ સિનેમા નિયમો, ૧૯૫૪ સુધારવા સંબંધી જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૫.

મુંબઈ સિનેમા (નિયમન) અધિનિયમ, ૧૯૫૩.

ક્રમાંક : (જીએચટી-૯૫-૧૪) ઈપીટી-૧૦૯૧-૫૯૩-ઈ.—મુંબઈ સિનેમા નિયમો, ૧૯૫૪ વધુ સુધારતા નિયમોનો અમુક મુસદ્દો, મુંબઈ સિનેમા (નિયમન) અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૩ના મુંબઈના ૧૧મા)ની કલમ-૯ની પેટા-કલમ (૪)થી કરાવ્યા પ્રમાણે, માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચટી-૯૫.૧૦) ઈપીટી-૧૦૯૧-૫૯૩-ઈ હેઠળ તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર, અસાધારણ, ભાગ—૪—બીના પાના ૧૦૩—૧ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૫ સુધીમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યાં હતાં;

અને, સદરહુ મુસદ્દા અંગે સરકારને લોકો તરફથી કોઈ વાંધા અથવા સૂચનો મળ્યાં નથી;

તેથી, હવે, મુંબઈ સિનેમા (નિયમન) અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૩ના મુંબઈના ૧૧મા)ની કલમ-૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ સિનેમા નિયમો, ૧૯૫૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો 'મુંબઈ સિનેમા (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૫' કહેવાશે.

૨. મુંબઈ સિનેમા નિયમો, ૧૯૫૪માં, નિયમ-૧૦૮માં, પેટા-નિયમ (૧)માં, ખંડ (ક)માં, "અર્ધ-કાયમી" એ શબ્દોને બદલે, "અર્ધ-કાયમી, જનતા સિનેમા" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

બી. બી. સ્વેઈન,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર-૯૫-૧૬૨-બીઆરયુ-૧૦૯૪-૧૯૩-એમ-(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE BOMBAY RELIEF UNDERTAKING (SPECIAL PROVISIONS) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૫.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચઆર-૯૫-૧૬૨-બીઆરયુ-૧૦૯૪-૧૯૩-એમ (૩).—શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૦મી જૂન, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર-૯૪-૧૦૦-બીઆરયુ-૧૦૯૪-૧૯૩-એ મ-(૩)થી ગુજરાત સરકારે, જાહેર કર્યું છે કે ધી સ્ટાર ઓફ ગુજરાત ટેક્સટાઈલ મિલ્સ લિમિટેડ, અમદાવાદ (જેનો આમાં હવે પછી "સદરહુ અન્ડરટેકિંગ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ને, તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૪થી બાર મહિનાની મુદત સુધી બેરોજગારી રાહતના પગલાં તરીકે ઉપયોગી થવા માટે ચલાવવામાં આવશે;

અને, સદરહુ અન્ડરટેકિંગે, તા. ૭મી નવેમ્બર, ૧૯૯૪ની તેની અરજી ક્રમાંક : એસઓજીટીએમ-૧૦૨૯-૯૪-૯૫ હેઠળ મુદત વધુ લંબાવવા માટે અરજી કરી છે;

અને, ઉદ્યોગ અને ખાણ વિભાગના તારીખ ૭મી નવેમ્બર, ૧૯૯૪ના ઠરાવ ક્રમાંક : એસજીટી-૧૦૯૧-૧૬૭૬-ટી અને તારીખ ૮મી મે, ૧૯૯૫ના ઠરાવ ક્રમાંક : એસજીટી-૧૦૯૪-૬૦૫-ટી હેઠળ સદરહુ અન્ડરટેકિંગની તરફેણમાં ૧૯૯૧થી ૧૯૯૭–૧૯૯૮ સુધી સાત વર્ષની મુદત માટે અમુક રાહતો આપી છે,

હવે, સદરહુ અન્ડરટેકિંગ તેવી રીતે ચલાવવાનું ચાલુ રાખવા જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે.

તેથી, હવે, મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ની કલમ-૪ની પેટા-કલમ (૧)ના ખંડ (ક) ના પેટા ખંડ-(ક)ના (૪) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) તારીખ ૧૦મી જુન, ૧૯૯૪ના ઉપર્યુકત જાહેરનામાની કાયદેસરતા બાર મહિનાની વધુ મુદત માટે તાજી કરે છે; અને

(ખ) જાહેર કરે છે કે સદરહુ અન્ડરટેકિંગને ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૫થી શરૂ થતી બાર મહિનાની મુદત માટે, સદરહુ અધિનિયમના હેતુઓ માટે બેકારી રાહતના પગલાં તરીકે ઉપયોગી થવા માટે ચલાવવું જોઈશે અને ઉપર્યુકત જાહેરનામા હેઠળ સદરહુ અન્ડરટેકિંગને રાહત અન્ડરટેકિંગ જાહેર કરવામાં આવે તે પહેલાં, સદરહુ અધિનિયમની કલમ-૩ હેઠળ મળેલ અથવા વ્હોરેલ તમામ હકો, વિશેષાધિકારો, ફરજો (બિન્કોની જવાબદારીઓ સિવાય)ની જવાબદારીઓ તેના અમલ માટે કોઈ ઉપાય મોકુફ રાખવા જોઈશે અને કોઈ કોર્ટ/ટ્રિબ્યુનલ-અધિકારી/સત્તામંડળ સમક્ષ તે સંબંધી, અનિર્ણિત તમામ કાર્યવાહીઓ સદરહુ અધિનિયમની કલમ-૩ હેઠળ, સદરહુ અન્ડરટેકિંગને રાહત અન્ડરટેકિંગ જાહેર કર્યાની તારીખથી વધુ એક વર્ષની મુદત માટે સ્થગિત કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીધુ-૯૫/૧૫૪/એફએસી-૧૦૯૫-૮૬૦-એમ (૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE FACTORIES ACT, 1948.

કારખાના અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ઓગષ્ટ, ૧૯૯૫.

કારખાના અધિનિયમ, ૧૯૪૮ (૧૯૪૮નો ક્રમાંક ૬૩).

ક્રમાંક. જીયુ-૯૫/૧૫૪/એફઓસી-૧૦૯૫-૮૬૦-એમ (૩) .—કારખાના અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૬૬ની પેટા—કલમ (૧)ના ખંડ (ખ)ના પરંતુકથી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, જી. ઈ. અપાર લાઈટિંગ લી., ધરમસિંહ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, લાઈટિંગ ડિવિઝન, નડિયાદ ૩૮૭ ૦૦૧ (જિલ્લો ખેડા)ના સંબંધમાં, તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૫થી શરૂ થતી બે વર્ષની મુદત સુધી સવારના ૫.૦૦ અને રાત્રિના ૧૦.૦૦ વચ્ચેના સમય દરમિયાન તેમાં સ્ત્રી કામદારોને કામે રાખવાનો અધિકાર આપવા ખંડ (ખ)માં જણાવેલ નિબંધોમાં, નીચેની શરતોને આધીન રહીને ફેરફાર કરે છે કે સંચાલકોએ—

(ક) સ્ત્રી કામદારોને તેમના રહેઠાણથી કારખાનામાં કામ કરવા આવવા તથા પાછા જવા માટે મફત વાહનવ્યવહારની સગવડનો પ્રબંધ કરવો; અને

(ખ) જે સ્ત્રી કામદારોના સંબંધમાં આવી રીતે લાવવા લઈ જવાની સગવડનો પ્રબંધ કર્યો હોય તે સ્ત્રી કામદારોની સલામતી માટે પૂરતી વ્યવસ્થા કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૫નો ૧૩૪/ડીવીપી/૨૪૯૧/૨૯૨૦/એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૫નો ૧૩૪/ડીવીપી/૨૪૯૧/૨૯૨૦/એલ.-ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૪થી એપ્રિલ, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૯૦/ડીવીપી/૨૪૯૯/૯૫૦/(૯૧)-એલ હેઠળ મંજૂર કરેલી, ઉપલેટા નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

INDEX

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી.—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુક્ત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી સૂચનો અથવા વાંધા હોય તો, તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

તારીખ: ૪થી એપ્રિલ, ૧૯૯૧ના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૯૧નો ૯૩/ડીવીપી/૨૪૮૯/૯૫૩/(૯૧)-એચ, થી મંજૂર કરેલ ઉપલેટાની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

---

૧. આ સાથે જોડેલા પ્લાન પર દર્શાવ્યા પ્રમાણે, મંજૂર કરેલી ઉપલેટાની સુધારેલી વિકાસ યોજનામાં " A-B " અને "CD" તરીકે નિશાની કરેલ, મહેસૂલી સરવે નંબર ૩૦૭/૧, મહેસૂલી સરવે નંબર ૩૦૫/૨ અને મહેસૂલી સરવે નંબર ૩૧૬ વચ્ચેથી પસાર થતો ૧૮.૦ મીટર પહોળો સૂચિત રસ્તો કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

૨. આ સાથે જોડેલા પ્લાન પર દર્શાવ્યા પ્રમાણે મંજૂર કરેલી ઉપલેટાની સુધારેલી વિકાસ યોજનામાં E-F-G-H-I-J-E તરીકે નિશાની કરેલ, મહેસૂલી સરવે નંબર ૨૦૭/૨ અને મહેસૂલી સરવે નંબર ૨૦૭/૫ વચ્ચેથી પસાર થતો ૧૮.૦ મીટર પહોળો સૂચિત રસ્તો, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે ૧૨.૦ મીટરનો પહોળા રસ્તા (ઘટાડેલા) તરીકે સૂચિત કરવો અને H-I તરીકે નિશાની કરેલ હોય તે સિવાયની મુકત કરેલી બાકીની જમીનો "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી અને H-I તરીકે નિશાની કરેલ જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "વાણિજ્યિક ઉપયોગ" માટે મુકરર કરવી.

૩. આ સાથે જોડેલા પ્લાન પર મંજૂર કરેલી ઉપલેટાની વિકાસ યોજનામાં K-L-M-N-O-P-Q-R-S-T-U-K તરીકે દર્શાવ્યા પ્રમાણે, મહેસૂલી સરવે નંબર ૧૯૭/૧, ૧૯૭/૨ વચ્ચેથી પસાર થતો ૧૫.૦ મીટર પહોળો સૂચિત રસ્તો અને મહેસૂલી સરવે નંબર ૧૯૮/૧ વચ્ચેથી પસાર થતો ૧૮.૦ મીટર પહોળો સૂચિત રસ્તો કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

૪. આ સાથે જોડેલા પ્લાન પર મંજૂર કરેલી ઉપલેટાની વિકાસ યોજનામાં, U-V-W-X-Y-Z-U તરીકે દર્શાવ્યા પ્રમાણે "જાહેર હેતુ" માટે મુકરર કરેલી સરકારી દવાખાનાની દક્ષિણ તરફ આવેલી જમીન કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "વાણિજ્યિક ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ખાસ ફરજ પરના અધિકારી અને
ગુજરાત સરકારના સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગ્રામ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/આર/૧૬૫/બીઆરયુ-૧૦૯૪/૧૦૭૭-એમ-(૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE BOMBAY RELIEF UNDERTAKINGS (SPECIAL PROVISIONS) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

મુંબઈ રાહત (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક: જીએચ-આર-૧૬૫-બીઆરયુ-૧૦૯૪-૧૦૭૭-એમ(૩).—મુંબઈ રાહત અન્ડર ટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૩થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, જાહેર કરે છે કે ઔદ્યોગિક અન્ડરટેકિંગ એટલે કે ધી કમલા સ્પિનિંગ એન્ડ મેન્યુફેકચરિંગ મિલ્સ પ્રાઈવેટ લિમિટેડ, રખિયાલ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૨૩ને બેકારી નિવારણનાં પગલાં તરીકે ઉપયોગી થવા માટે ચલાવવામાં આવશે અને તદનુસાર સદરહુ અન્ડરટેકિંગ સન ૧૯૯૫ના જૂન મહિનાની ૯મી તારીખથી એક વર્ષની વધુ મુદત માટે સદરહુ અધિનિયમના હેતુ માટે રાહત અન્ડરટેકિંગ છે એમ ગણશે અને સદરહુ અધિનિયમની કલમ ૪ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૪)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર સદરહુ અન્ડર-ટેકિંગ એટલે કે ધી કમલાસ્પિનિંગ એન્ડ મેન્યુફેકચરિંગ મિલ્સ પ્રાઈવેટ લિમિટેડ, અમદાવાદના સંબંધમાં આદેશ કરે છે કે સદરહુ અન્ડર-ટેકિંગ રાહત અન્ડરટેકિંગ જાહેર કરવામાં આવ્યું તે પહેલાં મૅળેલ અથવા વ્હેરેલ તમામ હકો, વિશેષાધિકારો, ફરજો જવાબદારીઓ અને તે અંગેની અમલ બજાવણી માટે કોઈ ઉપાય મોકૂફ રાખવા અને કોઈ કોર્ટ/ટ્રિબ્યુનલ/અધિકારી/સત્તામંડળ સમક્ષ તે સંબંધી અનિર્ણીત તમામ કાર્યવાહીઓ સદરહુ અધિનિયમની કલમ ૩ હેઠળ સદરહુ અન્ડરટેકિંગ રાહત અન્ડરટેકિંગ તરીકે જાહેર થાય ત્યારથી, સન ૧૯૯૫ના જૂન મહિનાની ૯મી તારીખથી શરૂ થતી એક વર્ષની મુદત માટે સ્થગિત કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી ઓકટોબર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ: ૧૦મી ઓકટોબર, ૧૯૯૫ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચટી/૯૫/૨૦/વીડીઓ/૧૦૯૩/૨૩૭૩/ઈ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

re

AMENDMENT TO THE GUJARAT ENTERTAINMENTS TAX (EXHIBITION BY MEANS OF CABLE TELEVISION AND ANTENNA) RULES, 1993.

ગુજરાત મનોરંજન કર (કેબલ ટેલિવિઝન અને એન્ટેના દ્વારા પ્રદર્શન) નિયમો, ૧૯૯૩ સુધારવા સંબંધી જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ઓકટોબર, ૧૯૯૫.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક: જીએચટી/૯૫/૨૦/વીડીઓ/૧૦૯૩/૨૩૭૩/ઈ.—ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૩ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૩૧ હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ કલમ ૩૧ની પેટા-કલમ (૪)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી

INDEX

અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે, રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થતાં પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કંઈ વાંધા અથવા સૂચનો મળશે તે, સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક. : જીએચટી/૯૫/૨૦/વીડીઓ/૧૦૯૩/૨૩૭૩/ઈ.—ગુજરાત મનોરંજન કર અધિનિયમ ,૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૩૧થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી, ગુજરાત મનોરંજન કર (કેબલ ટેલિવિઝન અને એન્ટેના દ્વારા પ્રદર્શન) નિયમો, ૧૯૯૩ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો ગુજરાત મનોરંજન કર (કેબલ ટેલિવીઝન અને એન્ટેના દ્વારા પ્રદર્શન) (સુધારા) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૩. ગુજરાત મનોરંજન કર (કેબલ ટેલિવિઝન અને એન્ટેના દ્વારા પ્રદર્શન) નિયમો, ૧૯૯૩માં, નિયમ ૩૩માં,—

(ક) "રૂા. ૫/—" એ અક્ષરો અને આંકડાને બદલે "રૂપિયા પચીસ" એ શબ્દો મૂકવા;

(ખ) "રૂા. ૧૦/—" એ અક્ષરો અને આંકડાને બદલે "રૂપિયા પચાસ" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

બી. બી. સ્વેઈન,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી ઓકટોબર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એલ એન્ડ પી.એ/૩/૭૮/૯૫/એ/૨૩૮ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

re

AMENDMENT TO THE GUJARAT LEGISLATIVE ASSEMBLY (LEADER OF THE OPPOSITION) SALARY AND ALLOWANCES RULES, 1979.

ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર તથા ભથ્થાં નિયમો ૧૯૭૯ સુધારવા સંબંધી જાહેરનામું.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત વિધાનસભા (વિરોધ પક્ષના નેતા) પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૭૯.

ક્રમાંક : જીએચ/એલ/એન્ડ પી.એ./૩/૭૮/૯૫/એ/૨૩૮.—ગુજરાત વિધાનસભા (વિરોધ પક્ષના નેતા) પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૭૯ (સન ૧૯૭૯ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૧૨થી મળેલા સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી, ગુજરાત વિધાનસભા (વિરોધ પક્ષના નેતા) પગાર તથા ભથ્થાં નિયમો, ૧૯૭૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:—

INDEX

૧. (૧) આ નિયમો ગુજરાત વિધાનસભા (વિરોધ પક્ષના નેતા) પગાર તથા ભથ્થાં (સુધારા) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

(૨) સન ૧૯૯૨ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે તે અમલમાં આવ્યો છે એમ ગણાશે.

૨. ગુજરાત વિધાનસભા (વિરોધ પક્ષના નેતા) પગાર તથા ભથ્થાં નિયમો, ૧૯૭૯માં, નિયમ ૪માં.—

(ક) પેટા નિયમ (૩)ને બદલે, નીચેનો પેટા નિયમ મૂકવો.—

"(૩) હોટેલ અથવા લોજ સિવાયના સ્થળોએ રોકાણ માટે દૈનિક ભથ્થાનો દર નીચે પ્રમાણે રહેશે :—

રોકાણનું સ્થળ ૧	દૈનિક ભથ્થાનો દર ૨
ક—વર્ગ શહેરો :—	
અમદાવાદ, બેંગલોર, કલકત્તા, દિલ્હી, બૃહદ મુંબઈ, હૈદરાબાદ, કાનપુર, મદ્રાસ અને પૂના.	રૂા. ૧૦૬/—
ખ—૧ વર્ગ શહેરો :—	
કોઈમ્બતુર, ઈન્દોર, જયપુર, લખનૌ, મદુરાઈ, નાગપુર, પટણા અને સુરત.	રૂા. ૮૫/—
ક અને ખ—૧ વર્ગ શહેરો સિવાયના તમામ સ્થળો.	રૂા. ૭૮/— " ;

(ખ) પેટા નિયમ (૪)માં, ખંડ (ક)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:—

"(ક) હોટલમાં આથવા લોજમાં જમવા તથા રહેવા માટે પ્રબંધ કરતી એવી અન્ય સંસ્થામાં રોકાણ માટે, નીચેના કોષ્ટકના કોલમ ૧માં જણાવેલ શહેરો માટે તેની સામે તેના કોલમ ૨માં જણાવેલ દરોએ દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે.

કોષ્ટક

શહેરનું નામ ૧	દૈનિક ભથ્થાનો દર ૨
(ક) ક વર્ગ શહેરો	દિવસ દીઠ રૂા. ૨૬૫/—
(ખ) ખ—૧ વર્ગ શહેરો	દિવસ દીઠ રૂા. ૨૨૫/—
(ગ) ક અને ખ—૧ વર્ગ શહેરો સિવાયના સ્થળો.	દિવસ દીઠ રૂા. ૨૦૫/.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એસ. દવે,
સરકારના નાયબ સચિવ.

આ નિયમો તારીખ ૨૩—૩—૯૨ના ગુજરાત સરકારના રાજપત્ર, અસાધારણ ભાગ—૪ બી ના પાના ૫૬—૧ થી ૫૬—૨ ઉપર પ્રસિધ્ધ થયેલા કાયદા વિભાગના તારીખ ૧૩—૩—૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચકે/એલડી/૧૦/૬૬/૪૧/૯૨/પી થી છેલ્લે સુધાર્યા હતા.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી નવેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૬મી ઓકટોબર, ૧૯૯૬ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચટી-૯૫-૧૭-બીસીઆર-૧૫૯૩-૨૬૮૭-ઈ,નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE BOMBAY CINEMA RULES, 1954.

મુંબઈ સિનેમા નિયમો, ૧૯૫૪ સુધારવા સંબંધી જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ઓકટોબર, ૧૯૯૬.

મુંબઈ સિનેમા (નિયમન) અધિનિયમ, ૧૯૫૩.

ક્રમાંક : જીએચટી-૯૫-૧૭-બીસીઆર-૧૫૯૩-૨૬૮૭-ઈ.—મુંબઈ સિનેમા (નિયમન) અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૩ના મુંબઈના ૧૧મા)ની કલમ--૯ હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ, કલમ--૯ની પેટા-કલમ (૪)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારૂં પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી ગુજરાત સરકાર સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કાંઈ વાંધા અથવા સૂચનો મળશે તે ઉપર સરકાર વિચારણા કરશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જીએચટી-૯૫-૧૭-બીસીઆર-૧૫૯૩-૨૬૮૭-ઈ.—મુંબઈ સિનેમા (નિયમન) અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૩ના મુંબઈના ૧૧મા)ની કલમ--૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ સિનેમા નિયમો, ૧૯૫૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો, "મુંબઈ સિનેમા (ગુજરાતે સુધારા) નિયમો, ૧૯૯૫" કહેવાશે.

૨. મુંબઈ સિનેમા નિયમો, ૧૯૫૪માં, નિયમ-૨માં, પેટા-ખંડ (ખ)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

"(ખ) "સિનેમા" એટલે કોઈ સ્થળ કે જે સિનેમેમાટોગ્રાફના સાધનો દ્વારા પ્રદર્શન કરાતું હોય પરંતુ તેમાં ગુજરાત સિનેમા, (વિડિયો દ્વારા પ્રદર્શનનું નિયમન) નિયમો, ૧૯૮૪ના નિયમ--૨ના ખંડ (ચ)માં વ્યાખ્યા આપેલ વિડિયો સિનેમાનો સમાવેશ થતો નથી."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

બી. બી. સ્વેઈન,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી નવેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી ઓકટોબર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચઆર/૯૫/૧૮૩/બીઆરયુ-૧૦૯૫/૭૫૩-એમ(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE BOMBAY RELIEF UNDERTAKINGS (SPECIAL PROVISIONS) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ઓકટોબર, ૧૯૯૫.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચ-આર/૯૫/૧૮૩/બીઆરયુ-૧૦૯૫/૭૫૩-એમ(૩).—મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ--૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જાહેર કરે છે કે ક્વોલીટી સ્ટીલ્સ એન્ડ ફોર્જીંગ્સ લિમીટેડ, ૫૦૧-૩, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, સયાજીગંજ, બરોડા--૩૯૦૦૦૫ને બેકારી રાહતનાં પગલાં તરીકે ઉપયોગી થવા માટે ચલાવવામાં આવશે અને તદનુસાર સદરહુ અન્ડરટેકિંગ, આ હુકમો બહાર પાડયાની તારીખથી અથવા માંદા ઔદ્યોગિક કંપની (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૮૫ (સન ૧૯૮૬ના ૧લા)ની જોગવાઈઓ હેઠળ તેને 'માંદા એકમ' તરીકે જાહેર કર્યાની તારીખથી એ બેમાંથી જે મોડી હોય તે તારીખથી આરંભ કરીને એક વર્ષની મુદત માટે સદરહુ અધિનિયમના હેતુઓ માટે રાહત અન્ડરટેકિંગ છે. એમ ગણાશે અને સદરહુ અધિનિયમની કલમ--૪ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૪)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર સદરહુ અન્ડરટેકિંગ એટલે કે ક્વોલીટી સ્ટીલ્સ એન્ડ ફોર્જીંગ્સ લિમીટેડ, બરોડાના સંબંધમાં એવો પણ આદેશ કરે છે કે સદરહુ અન્ડરટેકિંગ રાહત અન્ડરટેકિંગ જાહેર કરવામાં આવ્યું તે પહેલાં મળેલ અથવા વ્હોરેલ તમામ હકો, વિશેષાધિકારો, ફરજો, જવાબદારીઓ અને તે અંગેની અમલ બજવણી માટે કોઈ ઉપાય મોકૂફ રાખવા અને કોઈ કોર્ટ/ટ્રિબ્યુનલ/અધિકારી/સત્તામંડળ સમક્ષ તે સંબંધી અનિર્ણિત તમામ કાર્યવાહીઓ, આ હુકમો બહાર પાડયાની તારીખથી અથવા માંદા ઔદ્યોગિક કંપની, (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૮૫ની જોગવાઈઓ હેઠળ તેને 'માંદા એકમ' તરીકે જાહેર કર્યાની તારીખથી એ બેમાંથી જે મોડી હોય તે તારીખથી આરંભ કરીને, સદરહુ અન્ડરટેકિંગના કર્મચારીઓના હકો અને ચૂકવવાપાત્ર રકમને પ્રતિકૂળ અસર થશે નહિ તે શરતને આધીન રહીને એક વર્ષની મુદત માટે સ્થગિત કરવી જોઈશે.-

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી નવેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી નવેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના, સરકારી જાહેરનામા ક્રમાંક. જીયુ-૯૫/૧૮૭/એફએસી/૧૦૯૫/૧૬૦૭-એમ(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE FACTORIES ACT, 1948.

કારખાના અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી નવેમ્બર, ૧૯૯૫.

કારખાના અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮નો ૬૩મો).

ક્રમાંક : જીયુ-૯૫/૧૮૭/એફએસી-૧૦૯૫/૧૬૦૭-એમ(૩).—કારખાના અધિનિયમ, ૧૯૪૮ની કલમ–૬૬ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, હિન્દુસ્તાન લિવર લિમિટેડ, મુંબઈ દ્વારા, ચોરવાડ, (જિલ્લો જૂનાગઢ) ખાતે સ્થપાયેલ ઈ. ઓ. યુ. (એક્ષપોર્ટ ઓરિએન્ટેડ યુનિટ)ના સંબંધમાં, તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૫થી અમલમાં આવે તે રીતે એક વર્ષ સુધીની મુદત માટે સવારનાં ૬–૦૦ વાગ્યાથી રાત્રિના ૧૧–૦૦ વાગ્યા વચ્ચેના સમય દરમિયાન તેમાં સ્ત્રી કામદારોને માછલી સૂકવીને જાળવવાની/પ્રક્રિયાની પ્રવૃત્તિઓમાં કામે રાખવાનો અધિકાર આપવા, ખંડ (ખ)માં જણાવેલ નિબંધોમાં એવી શરતને આધીન રહીને, ફેરફાર કરે છે કે સંચાલકોએ–

(ક) સ્ત્રી કામદારોએ તેમના રહેઠાણ/હોસ્ટેલથી કારખાનામાં કામ કરવા, આવવા તથા પાછા જવા માટે મફત વાહનવ્યવહારની સગવડનો પ્રબંધ કરવો જોઈશે; અને

(ખ) જે સ્ત્રી કામદારો (સાંજના ૭ વાગ્યા પછી કામ કરવા ઈચ્છતી હોય તે)ના સંબંધમાં આવી રીતે લાવવા લઈ જવાની સગવડનો પૂરતો પ્રબંધ કર્યો હોય તે સ્ત્રી કામદારોની સલામતી માટે પૂરતી વ્યવસ્થા કરવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી નવેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએસએચ-૧૭૮-એફડીઈ-૧૦૯૨-૧૧૬-એમ(૧)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

THE OCCUPATIONAL THERAPIST (CLASS-III) RECRUITMENT RULES, 1995.

વ્યાવસાયિક ચિકિત્સક (વર્ગ–૩) ભરતી નિયમો, ૧૯૯૫ સંબંધી જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ ઠ્ઠી, નવેમ્બર, ૧૯૯૫.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જીએસએચ-૧૭૮-એફડીઈ-૧૦૯૨-૧૧૬-એમ(૧).– ભારતના સંવિધાનની કલમ–૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, કારખાનાઓના મુખ્ય ઈન્સ્પેક્ટર હેઠળની ઔદ્યોગિક આરોગ્ય વિજ્ઞાન પ્રયોગશાળામાં વ્યાવસાયિક ચિકિત્સક વર્ગ– ૩ની જગ્યા ઉપર ભરતીના નિયમન માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:–

INDEX

૧. આ નિયમો વ્યાવસાયિક ચિકિત્સક, (વર્ગ–૩) ભરતી નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. કારખાનાઓના મુખ્ય ઈન્સ્પેક્ટર હેઠળની ઔદ્યોગિક આરોગ્ય વિજ્ઞાન પ્રયોગશાળામાં, વ્યાવસાયિક ચિકિત્સક, વર્ગ–૩ની જગા ઉપરની નિમણૂક, સીધી પસંદગીથી કરવામાં આવશે.

૩. નિયમ–૨માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર—

(ક) ૨૧ વર્ષથી ઓછી અને ૩૦ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઈએ નહિ;

(ખ) (૧) કાયદા અથવા વૈધાનિક બોર્ડ અથવા માન્ય સંસ્થા દ્વારા સ્થપાયેલ કોઈ યુનિવર્સિટીની વ્યાવસાયિક ચિકિત્સકની પદવી ધરાવતા હોવા જોઈએ, અથવા

(૨) માન્ય સંસ્થામાંથી વ્યાવસાયિક ચિકિત્સકનો ડિપ્લોમા સાથે વ્યાવસાયિક ચિકિત્સા ખાતામાં, કામનો બે વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ, અથવા

(૩) કાયદા અથવા વૈધાનિક બોર્ડ અથવા માન્ય સંસ્થા દ્વારા સ્થપાયેલ કોઈ યુનિવર્સિટીની અંગ વ્યાયામ ચિકિત્સાની પદવી ધારણ અંગ વ્યાયામ ચિકિત્સા અથવા વ્યાવસાયિક ચિકિત્સા ખાતામાં કામનો બે વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ; અને

(ગ) હિન્દી અથવા અંગ્રેજી અને ગુજરાતીનું પૂરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ :

પરંતુ અસાધારણ રીતે સારી લાયકાત અથવા અનુભવ અથવા તે બંને ધરાવતા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

૪. સીધી પસંદગીથી નિમાયેલ ઉમેદવાર, એક વર્ષની મુદત માટે પ્રોબેશન પર રહેશે.

૫. સીધી પસંદગીથી નિમાયેલ ઉમેદવારે, સરકાર વખતોવખત ઠરાવે તેવા નિયમો અનુસાર ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંને પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમાયેલ ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી જોઈશે.

૭. પસંદ થયેલ ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં તેવી રકમ અને તેવી મુદત માટે જામીનગીરીખત અને જામીનખત રજૂ કરવા જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
સરકારના નાયબ સચિવ.

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

તા. ૧–૧–૧૯૯૬ થી તા. ૩૧–૧–૧૯૯૬ દરમ્યાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી.

અનુક્રમ નંબર.	અસાધારણ રાજ્યપત્રનો નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ	પ્રસિધ્ધિની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
		ભાગ–૯		
૧.	૧.	૨૯ ભા. એ. (જીએચએમ-૧) જીએસટી-૧૦૯૬-એસ-૪૯-૯ તા. ૮–૧–૯૬	૧૮–૧–૯૬	વે. અને સં. બા. વિ.
૨.	૨*	સન ૧૯૯૬નો ગુજરાત વિધેયક ક્રમાંક ૧.	૩૧–૧–૯૬	,,

એમ. આર. પટેલ,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/1.



The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, MARCH 14, 1996/PHALGUNA 24, 1917 No, 11

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૫મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૫મી જુલાઈ ૧૯૯૫ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એલ/૨૫/એમએફએલ/૧૦૯૫/૪૭૫/એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઇ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE BOMBAY MHOWRA FLOWERS RULES, 1959.

મુંબઈ મહુડાં ફૂલો નિયમો, ૧૯૫૯ વધુ સુધારવા સંબંધી જાહેરનામું.

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૯૫.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ ૪/એલ/૨૫/એમએફએલ/૧૦૯૫/૪૭૫/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ ના મુંબઈના ૨૫મા) ની કલમ ૧૦૭ સાથે વાંચતા, તેની કલમ ૧૪૩ ની પેટા-કલમ (૨) ના ખંડ (ભ) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો, નીચેનો મુસદ્દો, સદરહુ કલમ ૧૪૩ ની પેટા-કલમ (૩) થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા પછી ગુજરાત સરકાર સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

ઉપર્યુકત મુદત પૂરી થતાં પહેલ, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી નશાબંધી અને આબકારી નિયામક ગુજરાત રાજ્ય, ઓ/૨, ન્યુ મેન્ટલ હોસ્પિટલ બિલ્ડિંગ, અસારવા, અમદાવાદ--૩૮૦૦૧૬ ને, જે કંઈ વાંધા અથવા સૂચનો મળશે તે, સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

નં. જીએચ/એલ/૨૫/એમએફએલ/૧૦૯૫/૪૭૫/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ ના મુંબઈના ૨૫મા)ની કલમ ૧૦૭ સાથે વાંચતા, તેની કલમ ૧૪૩ ની પેટા-કલમ (૨) ના ખંડ (ભ) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ મહુડાં ફૂલો નિયમો, ૧૯૫૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો મુંબઈ મહુડાં ફૂલો (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. મુંબઈ મહુડાં ફૂલો નિયમો, ૧૯૫૯ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં નિયમ ૫ માં, પેટા-નિયમ (૨) માં, (૧) ખંડ (ક) માં,

(૧) પેટા-ખંડ (ક) માં "લાઈસન્સ ફી તરીકે રૂા. ૫૦૦ અને રૂા. ૨૦૦૦ ની રકમ" એ અક્ષરો, આંકડા અને શબ્દોને બદલે "લાઈસન્સ ફી તરીકે રૂા. ૭૫૦ અને રૂા. ૩૦૦૦ ની રકમ" એ અક્ષરો, આંકડા અને શબ્દો મૂકવા ;

(૨) પેટા-ખંડ (ખ) માં "રૂા. ૫' એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૧૦" એ અક્ષરો અને આંકડા મૂકવા ;

(૩) પેટા-ખંડ (ગ) માં—

(ક) નોંધ (૧) માં, "રૂા. ૧૦" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૧૫" એ અક્ષરો અને આંકડા મૂકવા ;

(ખ) નોંધ (૨) માં, "રૂા. ૨૫" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૪૦" એ અક્ષરો અને આંકડા મૂકવા ;

(૨) ખંડ (ખ) માં,—

(૧) પેટા-ખંડ (ક) માં, "રૂા. ૫૦૦" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૭૫૦" એ અક્ષરો અને આંકડા મૂકવા ;

(૨) પેટા-ખંડ (ખ) "રૂા. ૫૦૦ વત્તા માં, રૂા. ૨૦૦" એ અક્ષરો, આંકડા અને શબ્દને બદલે, "રૂા. ૭૫૦ વત્તા રૂા. ૩૦૦" એ અક્ષરો, કાંકડા અને શબ્દ મૂકવા ;

(૩) પેટા-ખંડ (ગ) માં, "રૂા. ૩૫૦" એ અક્ષરો અને આંકડાને બદલે "રૂા. ૫૨૫" એ અક્ષરો અને આંકડા મૂકવા ;

(૪) પેટા-ખંડ (ઘ) માં, "રૂા. ૩૫૦ વત્તા રૂા. ૧૦૦" એ અક્ષરો, આંકડા અને શબ્દને બદલે "રૂા. ૫૨૫ વત્તા રૂા. ૧૫૦" આ અક્ષરો, આંકડા અને શબ્દ મૂકવા ;

INDEX

(૫) પેટા–ખંડ (ચ) માં, "રૂા. ૫૦૦ " એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૭૫૦ એ અક્ષરો અને આંકડા મૂકવા ;

(૬) પેટા–ખંડ (છ) માં "રૂા. ૫૦૦ વત્તા રૂા. ૧૦૦" એ અક્ષરો આંકડા અને શબ્દને બદલે "રૂા. ૭૫૦ વત્તા રૂા. ૧૫૦" એ અક્ષરો આંકડા અને શબ્દ મૂકવા;

(૩) ખંડ (ગ) માં,—

(૧) પેટા-ખંડ (ક) માં "રૂા. ૧૦૦" એ અક્ષરો અને આંકડાને બદલે "રૂા. ૧૫૦" એ અક્ષરો અને આંકડા મૂકવા ;

(૨) પેટા–ખંડ (ખ) માં "રૂા. ૫૦૦" એ અક્ષરો અને આંકડાને બદલે "રૂા. ૭૫૦" એ અક્ષરો અને આંકડા મૂકવા ;

(૩) પેટા–ખંડ (ગ) માં "રૂા. ૫૦૦ વત્તા રૂા. ૧૦૦" એ અક્ષરો આંકડા અને શબ્દને બદલે "રૂા. ૭૫૦ વત્તા રૂા. ૧૫૦"એ અક્ષરો આંકડા અને શબ્દ મૂકવા ;.

(૪) પેટા–ખંડ (ઘ) માં "રૂા. ૭૦૦" એ અક્ષરો અને આંકડાને બદલે "રૂા. ૧૦૫૦" એ અક્ષરો અને આંકડા મૂકવા ;

(૫) પેટા–ખંડ (ચ) માં "રૂા. ૭૦૦ વત્તા રૂા. ૧૦૦" એ અક્ષરો આંકડા અને શબ્દને બદલે "રૂા. ૧૦૫૦ વત્તા રૂા. ૧૫૦"એ અક્ષરો આંકડા અને શબ્દ મૂકવા ;

(૬) પેટા–ખંડ (છ) માં, "રૂા. ૧૦૦૦" એ અક્ષરો અને આંકડાને બદલે "રૂા. ૧૫૦૦" એ અક્ષરો અને આંકડા મૂકવા ;

(૭) પેટા–ખંડ (જ) માં, "રૂા. ૧૦૦૦ વત્તા રૂા. ૧૦૦" એ અક્ષરો, આંકડા અને શબ્દને બદલે, "રૂા. ૧૫૦૦ વત્તા રૂા. ૧૫૦" એ અક્ષરો, આંકડા અને શબ્દ મૂકવા ;

(૪) ખંડ (ઘ) માં, "રૂપિયા દસ" એ શબ્દોને બદલે, "રૂપિયા પંદર" એ શબ્દો મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦માં. પેટા–નિયમ (૧) માં, "રૂપિયા દસ એ શબ્દોને બદલે, "રૂપિયા પંદર" એ શબ્દો મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૧૩માં, પેટા-નિયમ (૧) માં, "રુપિયો એક" અને અન્ય કોઈપણ કિસ્સામાં, રુપિયા દસ" એ શબ્દોને બદલે "રુપિયા બે અને અન્ય કોઈપણ કિસ્સામાં, રુપિયા પંદર" એ શબ્દો મૂકવા.

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૧૫ માં, પેટા-નિયમ (૧)માં, "રૂપિયો એક અને અન્ય કોઈપણ કિસ્સામાં, રુપિયા દસ" એ શબ્દોને બદલે, "રુપિયા બે અને અન્ય કોઈપણ કિસ્સામાં "રુપિયા પંદર" એ શબ્દો મૂકવા.

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૧૮માં, પેટા-.નયમ (૧)માં, "રુપિયા પંદર" એ શબ્દોને બદલે, "રુપિયા પચીસ" એ શબ્દો મૂકવા.

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૨૧માં, પેટા–નિયમ (૧) માં, "રુપિયા પંદર" આ શબ્દોને બદલે, "રુપિયા પચીસ" આ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એસ. રાઠોડ,
સરકારના ઉપ-સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી ઓગષ્ટ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/એલ/૩૧/ડીએનએસ/૧૦૯૫/૪૭૧/એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE BOMBAY RECTIFIED (TRANSPORT IN BOND) RULES, 1951.

મુંબઈ શુધ્ધ સ્પિરીટ (બોન્ડ હેઠળ હેરફેર) નિયમો, ૧૯૫૧ સુધારવા સંબંધી જાહેરનામું

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જુલાઈ, ૧૯૯૫.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એલ/૩૧/ડીએનએસ/૧૦૯૫/૪૭૧/એમ.-- મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા) ની કલમ ૧૦૭ સાથે વાંચતા, તેની કલમ ૧૪૩ની પેટા-કલમ (૨) ના ખંડ (ભ) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ કલમ ૧૪૩ની પેટા કલમ (૩) થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી ગુજરાત સરકાર સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થતાં પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી, નશાબંધી અને આબકારી નિયામક ગુજરાત રાજય, ઓ/૨, ન્યુ મેન્ટલ હોસ્પિટલ બિલ્ડીંગ, અસારવા, અમદાવાદ--૩૮૦૦૧૬--ને, જે કંઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જીએચ/એલ/૩૧/ડીએનએસ/૧૦૯૫/૪૭૧/એમ.-- મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા) ની કલમ ૧૦૭ સાથે વાંચતા, તેની કલમ ૧૪૩ની પેટા--કલમ (૨) ના ખંડ (ભ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી મુંબઈ શુધ્ધ સ્પિરિટ (બોન્ડ હેઠળ હેરફેર) નિયમો, ૧૯૫૧ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે.--

૧. આ નિયમો, "મુંબઈ શુધ્ધ સ્પિરીટ (બોન્ડ હેઠળ હેરફેર) (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૫" કહેવાશે.

૨. મુંબઈ શુધ્ધ સ્પિરીટ (બોન્ડ હેઠળ હેરફેર) નિયમો, ૧૯૫૧માં નિયમ ૫માં પેટા--નિયમ (૧)માં 'રૂા. ૧૦' એ અક્ષરો, અને આંકડાને બદલે 'રૂા. ૧૫' એ અક્ષરો અને આંકડા મૂકવા.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એસ. રાઠોડ,
ગુજરાત સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૮મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એલ/૧૯/ડીએનએસ/૧૦૯૫/૪૭૨/એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ

Notification
Re
AMENDMENT TO THE GUJARAT METHYL ALCOHOL RULES, 1981.

ગુજરાત મિથાઈલ આલ્કોહોલ નિયમો, ૧૯૮૧ સુધારવા સંબંધી જાહેરનામું.

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૧૫મી જુલાઈ, ૧૯૯૫.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એલ/૧૯/ડીએનએસ/૧૦૯૫/૪૭૨/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ ૧૦૭ સાથે વાંચતા તેની કલમ ૧૪૩ની પેટા-કલમ (૨)ના ખંડ (ભ) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો સદરહુ કલમ ૧૪૩ની પેટા-કલમ (૩)થી ફરમાવ્યા પ્રમાણે તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારુ પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને આથી નોટિસ આપવામાં આવે છે કે રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી ગુજરાત સરકાર સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થતાં પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યકિત તરફથી, નશાબંધી અને આબકારી નિયામક, ગુજરાત રાજય ઓ/૨, ન્યુ મેન્ટલ હોસ્પિટલ, બિલ્ડીંગ, અસારવા, અમદાવાદ-૩૮૦૦૧૬ને જે કંઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જીએચ/એલ/ડીએનએસ/૧૦૯૫/૪૭૨/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ ૧૦૭ સાથે વાંચતાં, તેની કલમ ૧૪૩ની પેટા-કલમ (૨)ના ખંડ (ભ)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી ગુજરાત મિથાઈલ આલ્કોહોલ નિયમો, ૧૯૮૧ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો ગુજરાત મિથાઈલ આલ્કોહોલ (સુધારા) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. ગુજરાત મિથાઈલ આલ્કોહોલ નિયમો, ૧૯૮૧ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ-૪માં પેટા-નિયમ (૧)માં "લાઈસન્સ ફી તરીકે રૂપિયા એકસોની ફી અને અનામત તરીકે રૂપિયા એક હજારની રકમ" એ શબ્દોને બદલે, "લાઈસન્સ ફી તરીકે રૂપિયા એકસો પચાસની ફી અને અનામત તરીકે રૂપિયા એક હજાર પાંચસોની રકમ" એ શબ્દો મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નમૂના એમ. એ. ૧માં, "લાઈસન્સ ફી તરીકે રૂપિયા એકસોની ફી અને અનામત તરીકે રૂપિયા એક હજારની રકમ" એ શબ્દોને બદલે "લાઈસન્સ ફી તરીકે રૂપિયા એકસો પચાસની ફી અને અનામત તરીકે રૂપિયા એક હજાર અને પાંચસોની રકમ" એ શબ્દો મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ-૯માં, પેટા-નિયમ (૧)માં "રૂપિયા એકસોની ફી" એ શબ્દોને બદલે, રૂપિયા એકસો પચાસની ફી" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એસ. રાઠોડ,
સરકારના ઉપ-સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. કેવી-૯૫નો ૧૨૧-ઓનપીએલ-૪૫૯૪-૧૭૫૪-એમ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MUNICIPALITIES, (CONDUCT OF ELECTION) RULES, 1994.

ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ સુધારવા સંબંધી જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪નો ગુજરાતનો અધિનિયમ ૩૪મો).

ક્રમાંક : કેવી-સન ૧૯૯૫નો ૧૨૧-એનપીએલ-૪૫૯૪-૧૭૫૪-એમ.—ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ (સન ૧૯૬૪ ના ગુજરાતના ૩૪મા)ની કલમ–૬ની પેટા-કલમ (૫) સાથે વાંચતાં, કલમ–૨૭૭ની પેટા-કલમ (૧) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓની જાણ સારૂ, સદરહુ કલમ–૨૭૭ની પેટા-કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસની મુદત પૂરી થયે અથવા તે પછી સદરહુ મુસદ્દો ગુજરાત સરકાર વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈપણ વ્યકિત તરફથી ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કોઈ વાંધા અથવા સૂચનો મળશે તેની ઉપર સરકાર વિચારણા કરશે.

જાહેરનામાનો મુસદ્દો

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪નો ગુજરાતના અધિનિયમ ૩૪મા)ની કલમ–૬ની પેટા-કલમ (૫) સાથે વાંચતાં કલમ-૨૭૭ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો, 'ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના (સુધારા) નિયમો, ૧૯૯૫' કહેવાશે.

૨. ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ–૪ના પેટા-કલમ (૨)ના પરંતુકમાં, "નિયમો ૬ થી ૧૧, ૧૩, ૧૫, ૧૬, ૧૮, ૪૨, ૫૦ થી ૫૩ અને ૫૮ થી ૬૯ હેઠળ" એ શબ્દો અને આંકડાને બદલે, નીચેના શબ્દો અને આંકડા મૂકવા:—

"નિયમો ૬, ૮ થી ૧૦, ૧૩, ૧૫, ૧૬, ૧૮, ૪૯ થી ૫૨ અને ૫૯ થી ૬૮".

૩. નિયમ–૫ના પેટા-નિયમ (૩)માં 'પછીના' એ શબ્દ પછી, 'બીજા' એ શબ્દ દાખલ કરવો.

૪. નિયમ–૭ના પેટા-નિયમ (૭)માં, "પ્રમાણપત્રમાં સહી કરશે." એ શબ્દો પછી, "અને ત્યારપછી બનતી ત્વરાએ ઉમેદવારનું,— (૧) કરનારનું અને ટેકો આપનારનું, ઉમેદવારી પત્રમાં જેવી રીતે હોય તેવા વર્ણનવાળી ઉમેદવારીપત્રની નોટિસ, પોતાની કચેરીમાં જાહેર છેલ્લી દેખાઈ આવે તેવી જગાએ ચોંટાડાવવી જોઈશે." એ શબ્દો ઉમેરવા.

૫. નિયમ–૧૧માં, પરંતુક પછી, નીચેના શબ્દો ઉમેરવા:—

"ચૂ
થયે ટણી અધિકારીએ, ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટિસની યથાર્થતા અને તે પહોંચાડનાર વ્યકિતની ઓળખ અંગે ખાતરી તે નોટિસ પોતાની કચેરીમાં સહેલાઈથી દેખાઈ આવે તેવી કોઈ જગાએ ચોંટાડાવવી જોઈશે.".

૬. નિયમ–૧૫ના પેટા-નિયમ (૪)માં, "ઉમેદવારે" એ શબ્દની પહેલાં "માન્ય રાજકીય પક્ષના ઉમેદવાર સિવાયના" એ શબ્દો દાખલ કરવા.

૭. નિયમ ૧૭ના પેટા-નિયમ (૩)માં, "જપ્ત થશે" એ શબ્દો પછી નીચેના શબ્દો ઉમેરવા:—

"અને તે મ્યુનિસિપલ ફંડનો ભાગ બનશે."

INDEX

૮. નિયમ–૨૩ના પેટા-નિયમ (૧)માં, "ચૂંટણી અધિકારી" એ શબ્દો પછી, "જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારીની પૂર્વમંજૂરીથી અને" એ શબ્દો દાખલ કરવા.

૯. નિયમ ૩૮ના પેટા-નિયમ (૫)માં, "જપ્ત કરવાનો" એ શબ્દની પહેલા આવતા "સરકારમાં" એ શબ્દોને બદલે "નગરપાલિકામાં" એ શબ્દો મૂકવા.

૧૦. (૧) નમૂના–૨માં,

(ક) પેરા–૧માં "ચૂંટણી" એ શબ્દને બદલે, "સામાન્ય/પેટા ચૂંટણી" એ શબ્દો મૂકવા.

(ખ) પેરા–૨માં "મને મારી કચેરીએ" એ શબ્દોને બદલે "ચૂંટણી અધિકારીઓને અથવા મદદનીશ ચૂંટણી અધિકારીને" એ શબ્દો મૂકવા.

(ગ) પેરા–૪માં ગુજરાતીમાં સુધારો કરવાની જરૂર નથી.

(ઘ) પેરા–૫માં "મારી ઓફિસમાં મને" એ શબ્દોને બદલે "ઉપર પેરા–૨માં નિર્દિષ્ટ કરેલા અધિકારી પૈકીના કોઈપણ અધિકારીને તેની ઓફિસમાં" એ શબ્દો મૂકવા.

(૨) નમૂના નં. ૬માં "બોર્ડનું નામ" એ શબ્દો પછી "ચૂંટણી પંચ દ્વારા બેઠકો....." એ શબ્દો ઉમેરવા.

(૩) વિદ્યમાન નમૂના નં. ૧૧ ને બદલે સુધારેલો નમૂનો નં. ૧૧ મૂકવો.

(૪) નમૂનાં નં. ૧૯માં, જમણી બાજુએ "પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડવો" એ શબ્દો ઉમેરવા.

(૫) નમૂના નં. ૨૧માં "મતદારોની કુલ સંખ્યા" એ શબ્દોને બદલે "મતોની કુલ સંખ્યા" એ શબ્દો મૂકવા.

નમૂનો—૧૧

(જુઓ નિયમ–૨૯)

મતપત્રનો નમૂનો

સ્થળપત્ર

.....નગરપાલિકા, ચૂંટણીનું વર્ષ.....વોર્ડ નંબર.....મતપત્રન
અનુક્રમ નંબર.....મતદાન મથકનો નંબર.....મતદાન મથકનું નામ —.....
વોર્ડમાં મતદારનો અનુક્રમ નંબર.....મતદારની સહી અથવા અંગૂઠાનું નિશાન.....

જોડેલો ભાગ

.....નગરપાલિકા, વોર્ડ નંબર..... ચૂંટણીનું વર્ષ.....

અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક.
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક

INDEX

અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક

ગુજરાતના રાજ્યપાલના હુકમથી તેમના નામે,

એ. એ. નાગોરી,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગઝટમા અગ્રજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૨મી ઓગસ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એલ/૪૩/એફએલઆર/૧૦૯૫/૪૭૪/એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE RULES PRESCRIBED UNDER GOVERNMENT NOTIFICATION, REVENUE DEPARTMENT, No. FLR-1358/53/69, DATED THE 30TH APRIL, 1959.

મહેસૂલ વિભાગના તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૫૯ના સરકારી જાહેરનામા ક્રમાંક : એફએલઆર-૧૩૫૮/૫૩/૬૯ હેઠળ ઠરાવેલા નિયમો સંબંધી જાહેરનામું

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ઓગસ્ટ, ૧૯૯૫.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એલ/૪૩/એફએલઆર/૧૦૯૫/૪૭૪/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ ૧૩ અને ૧૦૭ સાથે વાંચતા તેની કલમ ૧૪૩ની પેટા-કલમ (૧) અને પેટા-કલમ (૨)ના ખંડ (ભ) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ કલમ ૧૪૩ની પેટા-કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યક્તિઓની જાણ સારુ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પુરા થયે અથવા તે પછી ગુજરાત સરકાર સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પુરી થતાં પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યકિત તરફથી નશાબંધી અને આબકારી નિયામક, ગુજરાત રાજ્ય ઓ/૨, ન્યુ સેન્ટલ હોસ્પિટલ બિલ્ડિંગ, અસારવા, અમદાવાદ-૩૮૦૦૧૬-ને જે કંઈ વાંધા અથવા સૂચનો મળશે તે, સરકાર વિચારણામાં લેશે.

INDEX

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જીએચ/એલ/૪૩/એફરોલરાર/૧૦૯૫/૪૭૪/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ-૫૩ અને ૧૦૭ સાથે વાંચતા, તેની કલમ ૧૪૩ની પેટા-કલમ (૧) અને પેટા-કલમ (૨)ના ખંડ (ભ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી મહેસૂલ વિભાગના તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૫૯ના સરકારી જાહેરનામા ક્રમાંક : એફએલઆર-૧૩૫૮/૫૩/૬૯ હેઠળ ઠરાવેલા નિયમો નીચે પ્રમાણે સુધારે છે :—

૧. સદરહુ જાહેરનામામાં, વિદ્યમાન નિયમ-૧ ને આ નિયમોના નિયમ ૧ક તરીકે ફરી નંબર આપવો અને જે રીતે ફરી નંબર આપેલા નિયમ ૧-કની આગળ, નીચેનો મજકૂર મૂકવો :—

"આ નિયમો વિદેશી દારૂના બોન્ડ હેઠળ સંગ્રહ કરવા (અધિકારપત્ર અને શરતો) બાબતના નિયમો, ૧૯૫૯ કહેવાશે."

૨. સદરહુ જાહેરનામામાં નિયમ-૨માં "રૂા. ૫૦૦/-"એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૭૫૦/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એસ. રાઠોડ,
સરકારનો ઉપ સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૭મી ઓગસ્ટ, ૧૯૯૫ ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એલ/૩૯/એફએલઆર/૧૦૯૫/૪૫૫/એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE BOMBAY SACREMENTAL WINE RULES, 1950.

મુબઈ ધર્મ-સંસ્કાર માટેના વાઈન નિયમો, ૧૯૫૦ સુધારવા સંબંધી જાહેરનામું.

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ઓગસ્ટ, ૧૯૯૫.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એલ/૩૯/એફએલઆર/૧૦૯૫/૪૫૫/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ ના મુંબઈના ૨૫મા) ની કલમ ૧૦૭ સાથે વાંચતા, તેની કલમ ૧૪૩ ની પેટા--કલમ (૨) ના ખંડ (ભ) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ કલમ ૧૪૩ ની પેટા-- કલમ (૩) થી ઠરાવ્યા પ્રમાણે, જેનાથી અસર થવાનો સંભવ હોય તો તે તમામ વ્યક્તિઓની જાણ સારું પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી ગુજરાત સરકાર સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થતાં પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી, નશાબંધી અને આબકારી નિયામક, ગુજરાત રાજ્ય, ઓ/૨, ન્યુ મેન્ટલ બિલ્ડિંગ, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૧૬--ને, જે કંઈ વાંધા અથવા સૂચનો મળશે તે, સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જીએચ/એલ/૩૯/એફએલઆર/૧૦૯૫/૪૫૫/(એમ).—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ ના મુંબઈના ૨૫મા) ની કલમ ૧૦૭ સાથે વાંચતા, તેની કલમ ૧૪૩ ની પેટા--કલમ (૨) ના ખંડ (ભ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ ધર્મ-સંસ્કાર માટેના વાઈન નિયમો, ૧૯૫૦ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:—

INDEX

૧. આ નિયમો મુંબઈ ધર્મ-સંસ્કાર માટેના વાઈન (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. મુંબઈ ધર્મ--સંસ્કાર માટેના વાઈન નિયમો, ૧૯૫૦ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ ૩માં, રૂા. ૧૦/-" એ અક્ષરો અને આંકડાને બદલે , "રૂા. ૧૫/- એ અક્ષરો અને આંકડા મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪ માં, "રૂા. ૧૦/-" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૧૫/-" એ અક્ષર અને આંકડા મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, ફોર્મ એસ. ડબલ્યુ--૧ માં, પ્રસ્તાવનામાં "રૂા. ૧૦/-- " એ અક્ષરો અને આંકડાને બદલે; "રૂા. ૧૫/--"ઓ અક્ષરો અને આંકડા મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એસ. રાઠોડ,
સરકારના ઉપસચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૧૦મી ઓક્ટોબર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તા. ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકેાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૧૪૩/૯૫-એનપીએલ-૪૫૯૪-૩૦૫૭-એમ -નો ગુજરાતી અનુવાદ. આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Order

Under

THE GUJARAT MUNICIPALITIES ACT, 1963

ગુજરાત નગર પાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ હુકમ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક : કેવી/૧૪૩-૯૫-એનપીએલ-૪૫૯૪-૩૦૫૭-એમ.—ભારતના સંવિધાનની કલમ ૨૪૩ (ન)ના ખંડ (૨) હેઠળ બહાર પાડેલ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી/૧૯૯૫ના ૧૨૨/એનપીએલ-૪૫૯૪-૩૦૫૭-એમ (જેનો આમાં હવે પછી સદરહુ જાહેરનામા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) હેઠળ, સદરહુ જાહેરનામાની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તાર (જેનો આમાં હવે પછી "સદરહુ વિસ્તાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ને નાના શહેરી વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યો છે અને સન ૧૯૯૫ના સપ્ટેમ્બર મહિનાની ૬ઠ્ઠી તારીખ (જેનો આમાં હવે પછી "સદરહુ તારીખ" તરીકે ઉલ્લેખ કર્યો છે ત્યાર)થી માંગરોળ નગરપાલિકાની હદો છે.

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના અધિનિયમ ક્રમાંક : ૩૪)ની કલમ-૨૬૬ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, નીચેનો હુકમ કરે છે :—

માંગરોળ નગરપાલિકાઓ અથવા તેના સંબંધમાં, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) હેઠળ, કરેલ, બહાર પાડેલ નાંખેલ અથવા આપેલ અને સદરહુ તારીખની તરત પહેલાં તેના વિસ્તારમાં અમલમાં હોય તેવી તમામ નિમણૂકો, જાહેરનામાં, નોટિસો, વેરા, હુકમો, યોજનાઓ, લાયસન્સો, પરવાનગીઓ, નિયમો, ઉપ-નિયમો, અથવા નમૂના સદરહુ તારીખની તરત પહેલાં સદરહુ વિસ્તારમાં અમલમાં હોય તેવી તત્સમાન નિમણૂકો, જાહેરનામા, નોટિસો, વેરા, હુકમો, યોજનાઓ, લાઈસન્સો, પરવાનગીઓ, નિયમો, ઉપ-નિયમો અથવા નમૂના રદ કરીને, તે રીતે લાગુ પાડેલ અથવા અમલમાં લાવેલ બાબત ફરીવાર સદરહુ અધિનિયમ હેઠળ રદ કરવામાં ન આવે અથવા તેમાં ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી, સદરહુ વિસ્તારમાં લાગુ પડશે અને તેનો આરંભ થશે.

INDEX

૨. સદરહુ વિસ્તારમાં અને તેના સંબંધમાં કરેલ અથવા પ્રમાણિકૃત કરેલ અને સદરહુ તારીખની તરત પહેલાં તેના અમલમાં હોય તેવા તમામ અંદાજપત્રો, આકારણીઓ, આકારણી યાદીઓ, મૂલ્યાંકનો, માપણીઓ અથવા વિભાજનો, સદરહુ અધિનિયમ હેઠળ રદ કરવામાં ન આવે અથવા તેમાં ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી અમલમાં ચાલુ રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એલ. ટી. જોષી,
સરકારના ઉપ સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર ૧૨મી ઓકટોબર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર/૧૬૪/બીઆરયુ-૧૦૯૪/૧૫૨૫-એમ-(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY RELIEF UNDERTAKINGS, (SPECIAL PROVISIONS) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચ-આર/૧૬૪/બીઆરયુ-૧૦૯૪/૧૫૨૫-એમ (૩).—મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૩થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, જાહેર કરે છે કે, સ્ટાર મશીનરી મેન્યુફેકચરીંગ કં. લી. પ્લોટ નં. ૭૮/૨, જી.આઈ.ડી.સી, મકરપુરા, બરોડા-૩૯૦૦૧૦ને બેકારી રાહતના પગલાં તરીકે ચલાવવામાં આવશે અને તદનુસાર સદરહુ અન્ડરટેકિંગ આ હુકમો બહાર પાડયાની તારીખથી બાર મહિનાની મુદત માટે સદરહુ અધિનિયમના હેતુઓ માટે રાહત અન્ડરટેકિંગ છે એમ ગણાશે અને સદરહુ અધિનિયમની કલમ-૪ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના પેટા ખંડ (૪)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર સદરહુ અન્ડરટેકિંગ એટલે કે સ્ટાર મશીનરી મેન્યુફેકચરીંગ કં. લી. બરોડાના સંબંધમાં આદેશ કરે છે કે સદરહુ અન્ડરટેકિંગ રાહત અન્ડરટેકિંગ જાહેર કરવામાં આવ્યું તે પહેલાં મળેલ અથવા વ્હોરેલ તમામ હકકો વિશેષાધિકારો, ફરજો, જવાબદારીઓ અને તે અંગેની અમલ બજવણી માટે કોઈ ઉપાય મોકૂફ રાખવા અને કોઈ કોર્ટ/ટ્રિબ્યુનલ, અધિકારી/સત્તામંડળ સમક્ષ તે સંબંધી અનિર્ણીત તમામ કાર્યવાહીઓ સદરહુ અધિનિયમની કલમ-૩ હેઠળ સદરહુ અન્ડરટેકિંગ રાહત/અન્ડરટેકિંગ તરીકે જાહેર થાય ત્યારથી, આ હુકમો બહાર પાડયાની તારીખથી શરૂ થતી બાર મહિનાની મુદત માટે સ્થગિત કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
સરકારના નાયબ સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ઓકટોબર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૫ નો ૧૩૩/ડીવીપી-૨૮૯૨-૧૧૭૭-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૫/નો. ૧૩૩/ડીવીપી-૨૮૯૨-૧૧૭૭-એલ.-- સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૪મી જાન્યુઆરી, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/ ૧૯૯૦નો ૨/ડીવીપી-૨૮૮૬-૩૯૨૭--(૮૯)-એલ હેઠળ મંજૂર કરેલી સુરેન્દ્રનગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ સુધારેલી વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ સુધારેલી વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહું અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા--કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૪મી ઓગષ્ટ, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૪ નો ૩૭૮/ડીવીપી-૨૮૯૨--૨૫૫૯- (૯૪)-એલ હેઠળ, તારીખ ૨૪મી ઓગષ્ટ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર ભાગ ૪-બીના પાના નં. ૧૬૧-૩ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારનાં સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો, તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી, બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે, પ્રસિધ્ધ કરી હતી.

અને, ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે ;

અને, સરકારે, સુરેન્દ્રનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ સાથે વિચાર વિનિમય કર્યો છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) ની કલમ ૧૯ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :--

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ સુધારેલી વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર સન ૧૯૯૫ના ઓકટોબર મહિનાની ૧૩મી તારીખથી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૪મી જાન્યુઆરી, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૦નો ૨/ડીવીપી-૨૮૮૬-૩૯૨૭--(૮૯)--એલ થી મંજૂર કરેલી સુરેન્દ્રનગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર

સુરેન્દ્રનગર માટેની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં " કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરેલ અને આ સાથે જોડેલા પ્લાનમાં ABCDEFA, A1 B1 C1 D1 E1 F1 A1, A2 B2 C2 D2 E2 F2 A2, A3 B3 C3 D3— તરીકે નિશાની કરીને દર્શાવેલ સરવે નં. ૧૦/૧, ૧૦/૨, ૧૧/૧, ૧૧/૨, ૧૨/૧, ૧૨/૨, ૧૩ થી ૧૬, ૨૦, ૨૩, ૨૪, ૨૫, ૨૬ પી ૨૭ પૈકી અને સરવે નં. ૩૩થી ૩૬ વાળી જમીનો, સદરહુ ઝોન અને જમીનોમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી. યોગ્ય સત્તામંડળે (સુરેન્દ્રનગર દુધરેજ સંયુકત નગરપાલિકા) ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઈઓ અનુસાર, આ વિસ્તારનો સમાવેશ કરીને એક નગરરચના યોજના તૈયાર કરવી જોઈશે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
અને સંયુકત સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી નવેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૫ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક (જીઓચટી-૯૫-૨૮)-એમ૨ોનઆર-૧૦૯૩-૨૦૪૩-(૩)(ઈ)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કરવો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT ENTERTAINMENTS RULES, 1979.

ગુજરાત મનોરંજન કર નિયમો, ૧૯૭૯ સુધારવા સંબંધી જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ઓકટોબર, ૧૯૯૫.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક : (જીઓચટી-૯૫-૨૮) એમ૨ોનઆર-૧૦૯૩-૨૦૪૩-(૩)-ઈ.—ગુજરાત મનોરંજન કર નિયમો, ૧૯૭૯ વધુ સુધારવા માટેના નિયમોનો આમુક મુસદ્દો, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૯ના ગુજરાતના ૧૬મા)ની કલમ--૩૧ની પેટા-કલમ (૪)થી ઠરાવ્યા પ્રમાણે, માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીઓચટી-૯૫-૯-એમ૨ોનઆર-૧૦૯૩-૨૦૪૩-(૩)-ઈ હેઠળ, તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ ૪--બીના પાના ૧૦૪—૧ પર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી, ગુજરાત સરકારી રાજપત્રમાં સદરહુ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ સુધીમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા.

અને સદરહુ મુસદ્દા અંગે લોકો તરફથી કોઈ વાંધા અને સૂચનો મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૯ના ગુજરાતના ૧૬મા)ની કલમ--૩૧થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર, આથી, ગુજરાત મનોરંજન કર નિયમો, ૧૯૭૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો "ગુજરાત મનોરંજન કર (સુધારા) નિયમો, ૧૯૯૫" કહેવાશે.

૨. ગુજરાત મનોરંજન કર નિયમો, ૧૯૭૯માં, નિયમ ૧૬માં, પેટા-નિયમ (૪)ના પરંતુક પછી, નીચેનો પરંતુક ઉમેરવો:—

"વધુમાં, શોનો સમયગાળો બે કલાક કરતાં ઓછો હોય ત્યારે તે શોના હિસાબ, શોના આરંભથી ૪૫ મિનિટની અંદર પૂરા કરવા જોઈશે."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે

બી. બી. સ્વેઈન,
સરકારના નાયબ સચિવ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

REGISTERED NO. G/GNR/2

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, MARCH 21, 1996/CAITRA 1, 1918 [No. 12

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક ૧૯૯૫નો ૪૧/વીબીએન-૨૯૯૪/૧૬૧૩-ચનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : ૧૯૯૫ના ૪૧/ચીબી/એન-૨૯૯૪/૧૬૧૭-ચ. —ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭૭ થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત ઠાસરા અને જિલ્લા પંચાયત, ખેડા, નડિયાદ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી :—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી ;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલ સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર.	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર.	વિભાજન પછી બનેલાં નવા ગામોના નામ.	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	ઠાસરા	૧. વનોડા	(૧) વનોડા મહેસૂલી ગામ.		(૧) વનોડા	૧. (૧) વનોડા મહેસૂલી ગામ.
			(૨) પરબિયા (પેટા પરા)	(૧) પરબિયા (પેટા પરા)	(૨) પરબિયા	૧. (૧) પરબિયા (પેટા પરા)
			(૩) કરસનદાસ મુવાડા.	(૨) કરસનદાસ મુવાડા.		(૨) કરસનદાસ મુવાડા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ધી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુકત સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૨મી ઓગસ્ટ, ૧૯૯૫ ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એલ/૪૧/એફએલઆર/૧૦૯૫/૪૧૩/એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર્. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

re

AMENDMENT TO THE BOMBAY FOREIGN LIQUOR RULES, 1953

મુંબઈ વિદેશી દારુ નિયમો, ૧૯૫૩ સુધારવા સંબંધી જાહેરનામું.

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ઓગસ્ટ, ૧૯૯૫.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એલ/૪૧/એફએલઆર/૧૦૯૫/૪૫૩/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ ના મુંબઈના ૨૫ મા) ની કલમ ૧૦૭ સાથે વાંચતા, તેની કલમ ૧૪૩ ની પેટા--કલમ (૨) ના ખંડ (ન) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ કલમ ૧૪૩ ની પેટા--કલમ (૩) થી ઠરાવ્યા પ્રમાણે, જેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારું પ્રસિદ્ધ કરવામાં આવે છે અને અહીં નોટિસ આપવામાં આવે છે કે રાજયપત્રમાં આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી ગુજરાત સરકાર સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થતાં પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી, નશાબંધી અને આબકારી નિયામક, ગુજરાત રાજય, એ/૨, ન્યુ મેન્ટલ હોસ્પિટલ બિલ્ડિંગ, અસારવા, અમદાવાદ--૩૮૦૦૧૬--ને, જે કંઈ વાંધા અથવા સૂચનો મળશે તે, સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જીએચ/એલ/૪૧/એફએલઆર/૧૦૯૫/૪૫૩/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ ના મુંબઈના ૨૫મા) ની કલમ ૧૦૭ સાથે વાંચતા, તેની કલમ ૧૪૩ ની પેટા--કલમ(૨) ના ખંડ (ભ) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી મુંબઈ વિદેશી દારુ નિયમો, ૧૯૫૩ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો 'મુંબઈ વિદેશી દારુ (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૫' કહેવાશે.

૨. મુંબઈ વિદેશી દારુ નિયમો, ૧૯૫૩ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ ૫ માં, પેટા નિયમ (૧) માં, "રૂા. ૫૦૦૦/ અને રૂા. ૨૦,૦૦૦/ ની ડિપોઝીટ" એ અક્ષરો, શબ્દો અને આંકડાને બદલે, "રૂા. ૭,૫૦૦/ અને રૂા. ૩૦,૦૦૦/ ની ડિપોઝીટ " એ અક્ષરો અને આંકડા મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૨૧ માં, પેટા નિયમ (૨) માં, "રૂા. ૧૦૦/" એ શબ્દોને બદલે, "રૂા. ૧૫૦/ " એ અક્ષરો અને આંકડા મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૨૫ માં, પેટા નિયમ (૧), માં, "રૂા. ૫૦૦૦/ " એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૭૫૦૦/ " એ અક્ષરો અને આંકડા મૂકવા.

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૪૦ માં, પેટા--નિયમ (૨) માં, "એક સો" એ શબ્દોને બદલે, "રૂા. ૧૫૦/- " એ અક્ષરો અને આંકડા મૂકવા.

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૬૩માં,—

(૧) પેટા--નિયમ (૧) માં, "રૂા. ૧૦/-"એ શબ્દોને બદલે, " રૂા. ૧૫/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

(૨) પેટા--નિયમ (૩) માં, "રૂા. ૨૦૦/-" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૩૦૦/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૬૪ માં,—

(૧) પેટા--નિયમ (૧) માં, "પચીસ રુપિયાની ફીની ચુકવણી થયે અને તેની તબીબી તપાસ માટે દસ રુપિયાની ફી પણ ચુકવવી જોઈશે." એ શબ્દોને બદલે, "ચાલીસ રુપિયાની ફીની ચુકવણી થયે અને તેની તબીબી તપાસ માટે પંદર રુપિયાની ફી પણ ચુકવવી જોઈશે" એ શબ્દો મૂકવા.

INDEX

(૨) પેટા-નિયમ (૪) માં, "રુપિયા બસો પચાસ" એ શબ્દોને બદલે, "રૂા. ૩૦૦/-" એ અક્ષરો અને આંકડા મુકવા.

૮. સદરહુ નિયમોમાં, નિયમ ૬૬ માં, પેટા-નિયમ (૨) માં, "રૂા. ૨૫/-" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૧૦૦/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૯. સદરહુ નિયમોમાં, નિયમ ૬૭ માં,-

(૧) પેટા-નિયમ (૧) માં, "રુપિયા દસ" એ શબ્દોને બદલે, "રૂા. ૧૫/-" એ અક્ષરો અને આંકડા મુકવા.

(૨) પેટા-નિયમ (૨) માં, "રુપિયા એક સો" એ શબ્દોને બદલે, "રૂા. ૧૫૦/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

(૩) પેટા-નિયમ (૩-ક) ના પરંતુકમાં, "રુપિયા એક સો" એ શબ્દોને બદલે, "રૂા. ૧૫૦/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૧૦. સદરહુ નિયમોમાં, નિયમ ૬૯ માં,-

(૧) પેટા-નિયમ (૨) માં, "રુપિયા દસ" એ શબ્દોને બદલે, "રૂા. ૧૫/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

(૨) પેટા-નિયમ (૩) માં, "રુપિયા પચીસ" એ શબ્દોને બદલે, "રૂા. ૪૦/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૧૧. સદરહુ નિયમોમાં, નિયમ ૭૦માં,-

(૧) પેટા-નિયમ (૧) માં, "રુપિયા દસ" એ શબ્દોને બદલે, "રૂા. ૧૫/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

(૨) પેટા-નિયમ (૩)માં, "રુપિયા પચીસ" એ શબ્દોને બદલે, "રૂા. ૪૦/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૧૨. સદરહુ નિયમોમાં, નિયમ ૭૧ માં, "રુપિયા પાંચ" એ શબ્દોને બદલે, "રૂા. ૧૦/-" માં એ અક્ષરો અને આંકડા મૂકવા.

૧૩. સદરહુ નિયમોમાં, નિયમ ૭૨ માં,-

(૧) "રુપિયા પચાસ" એ શબ્દોને બદલે, "રૂા. ૭૦/-" એ અક્ષરો અને આંકડા મૂકવા; અને

(૨) "રુપિયા પચીસ" એ શબ્દોને બદલે, "રૂા. ૪૦/-" એ અક્ષરો અને આંકડા મુકવા.

૧૪. સદરહુ નિયમોમાં, નિયમ ૮૨માં, "રુપિયા દસ" એ શબ્દોને બદલે, "રૂા. ૧૫/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૧૫. સદરહુ નિયમોમાં, નિયમ ૮૩માં, પેટા-નિયમ (૧) માં, "રુપિયા પચાસ" એ શબ્દોને બદલે, "રુપિયા પંચોતેર" એ શબ્દો અને (૨) "રુપિયા એક સો" એ શબ્દોને બદલે, "રુપિયા એક સો પચાસ" એ શબ્દો મૂકવા.

૧૬. સદરહુ નિયમોમાં, નિયમ ૯૩ માં,-

(૧) પેટા-નિયમ (૧) માં, "રુપિયા દસ" એ શબ્દોને બદલે, "રુપિયા પંદર" એ શબ્દો મૂકવા.

(૨) પેટા-નિયમ (૨) માં, "રુપિયા એકસો પચીસ" એ શબ્દોને બદલે, "રુપિયા એક સો નેવું" એ શબ્દો મૂકવા.

૧૭. સદરહુ નિયમોમાં, નમૂના એફ. એલ. ૨ માં, લાઈસન્સનો શરત નંબર ૧ માં, "રુપિયા એક સો" એ શબ્દોને બદલે, "રુપિયા એક સો પચાસ" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એચ. એસ. રાઠોડ,
સરકારના ઉપ-સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/એલ/૪૪/એફએલઆર/૧૦૯૫/૪૫૬૬/એમ,નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE BOMBAY SACREMENTAL WINE MANUFACTURING RULES, 1950.

મુંબઈ ધર્મ-સંસ્કાર માટેના વાઈન બનાવવા બાબતના નિયમો, ૧૯૫૦ સુધારવા સંબંધી જાહેરનામું

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૫.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એલ/૪૪/એફએલઆર/૧૦૯૫/૪૫૬૬/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ--૧૦૭ સાથે વાંચતાં, તેની કલમ--૧૪૩ની પેટા-કલમ (૨)ના ખંડ (ભ) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ કલમ--૧૪૩ની પેટા-કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી ગુજરાત સરકાર સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થતાં પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી, નશાબંધી અને આબકારી નિયામક, ગુજરાત રાજય, ઓ/૨, ન્યુ મેન્ટલ હોસ્પિટલ બિલ્ડિંગ, અસારવા, અમદાવાદ—૩૮૦ ૦૧૬—ને, જે કંઈ વાંધા અથવા સૂચનો મળશે તે, સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જીએચ/એલ/૪૪/એફએલઆર/૧૦૯૫/૪૫૬૬/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ--૧૦૭ સાથે વાંચતાં, તેની કલમ--૧૪૩ની પેટા-કલમ (૨)નાં ખંડ (ભ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ ધર્મ-સંસ્કાર માટેના વાઈન બનાવવા બાબતના નિયમો, ૧૯૫૦ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો 'મુંબઈ ધર્મ-સંસ્કાર માટેના વાઈન બનાવવા બાબતના (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૫' કહેવાશે.

૨. મુંબઈ ધર્મ-સંસ્કાર માટેના વાઈન બનાવવા બાબતના નિયમો, ૧૯૫૦માં, નિયમ--૪માં, "રૂા. ૨૫/—" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૪૦/—" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ--૧૮માં, પેટા-નિયમ (૧)માં, "રૂા. ૧૦/—" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૧૫/—" એ અક્ષરો અને આંકડા મૂકવા.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એસ. રાઠોડ,
સરકારના ઉપસચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૨મી ઓગસ્ટ, ૧૯૯૬ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એલ/૪૨/એફએલઆર/૧૦૯૫/૪૬૬/એમ,નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE BOMBAY FOREIGN LIQUOR AND RECTIFIED SPIRIT (TRANSPORT) FEES RULES, 1954.

મુંબઈ વિદેશી દારૂ અને શુધ્ધ સ્પિરિટ (હેરફેર) ફી નિયમો, ૧૯૫૪ સુધારવા સંબંધી જાહેરનામું

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ઓગસ્ટ, ૧૯૯૬.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એલ/૪૨/એફએલઆર/૧૦૯૫/૪૬૬/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ ૧૦૭ સાથે વાંચતાં, તેની કલમ-૧૪૩ની પેટા-કલમ (૨)ના ખંડ (ભ) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ કલમ ૧૪૩ની પેટા કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે, રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી ગુજરાત સરકાર સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થતાં પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી, નશાબંધી અને આકબારી નિયામક, ગુજરાત રાજય, ઓ/૨, ન્યુ મેન્ટલ હોસ્પિટલ બિલ્ડિંગ, અસારવા, અમદાવાદ—૩૮૦ ૦૧૬—ને, જે કંઈ વાંધા અથવા સૂચનો મળશે તે, સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જીએચ/એલ/૪૨/એફએલઆર/૧૦૯૫/૪૬૬/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ--૧૦૭ સાથે વાંચતા, તેની કલમ--૧૪૩ની પેટા--કલમ (૨)ના ખંડ (ભ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી મુંબઈ વિદેશી દારૂ અને શુધ્ધ સ્પિરિટ (હેરફેર) ફી નિયમો, ૧૯૫૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો, 'મુંબઈ વિદેશી દારૂ અને શુધ્ધ સ્પિરિટ (હેરફેર) ફી (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૬' કહેવાશે.

૨. મુંબઈ વિદેશી દારૂ અને શુધ્ધ સ્પિરિટ (હેરફેર) ફી નિયમો, ૧૯૫૪ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ--૪માં, ખંડ (ક) અને (ખ) ને બદલે નીચેનો મજકૂર મૂકવો:—

(ક) હેરફેર ફી ના દર :—

(૧) સ્પિરિટના લિટર દીઠ ૬૦ પૈસા.

(૨) વાઈનના લિટર દીઠ ૩૦ પૈસા
આથો ચઢાવેલ દારૂના લિટર દીઠ ૧૧૦ પૈસા.

(૩) શુધ્ધ સ્પિરિટના (લાંડન પ્રુફ સ્ટ્રેન્થના લિટર) પ્રુફ લિટર દીઠ ૭૫ પૈસા.

INDEX

(ખ) ખાસ ફીના દર :—

(૧) સ્પિરિટના લિટર દીઠ રૂા. ૧૫/—.

(૨) વાઈનના લિટર દીઠ રૂા. ૫/—.

(૩) આથો ચઢાવેલ દારૂના લિટર દીઠ રૂા. ૨/—.

(૪) શુધ્ધ સ્પિરિટના લિટર દીઠ રૂા. ૨/—.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એસ. રાઠોડ,
સરકારના ઉપસચિવ.

———

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૯૫નો ૧૧૭/ડીવીપી/૨૧૮૯-૧૭૨-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિક્ષાચી,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેર નામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૧૭/ડીવીપી-૨૧૮૯-૧૭૨-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૭૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૭૪નો ૨૬૦/ડીવીપી-૨૧૬૮-૧૬૪૦-ક્યુ હેઠળ, મંજૂર કરેલી પાલનપુર વિસ્તાર વિકાસ સત્તામંડળના વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સને ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની, કલમ--૧૯ની પેટા--કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવે છે.

INDEX

અનુસૂચિ

પંચાયત અને આરોગ્ય વિભાગના તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૭૪નો ૨૬૦/ડીવીપી-૨૧૬૮-૫૬૪૦-કયુથી સરકારે મંજૂર કરેલી પાલનપુરની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

"ખુલ્લી જગા" માટે અનામત કરેલ અને આ સાથે જોડેલા પ્લાનમાં "ABCDA" તરીકે નિશાની કરેલ મહેસૂલી સરવે નં. ૧૪૫/પૈકીવાળી જમીનો, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ--૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૯૫નો ૧૩૨/ટીપીએસ-૧૯૯૪-૨૨૫૭-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત, નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૩૨/ટીપીએસ-૧૯૯૪-૨૨૪૭-એલ.—પંચાયત ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગના તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૮૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૮૦નો ૩૩/ટીપીએસ-૧૯૭૭-૩૬૪-(૮૦)-કયુ-એલ હેઠળ ગુજરાત સરકારે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ—૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, જૂનાગઢ વિસ્તાર વિકાસ સત્તામંડળે તેમને રજૂ કરેલી, નગર રચના યોજના, જૂનાગઢ ક્રમાંક ૧નો મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે), મંજૂર કરી હતી;

INDEX

અને, સદરહુ અધિનિયમની કલમ—૫૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણુંક કરી હતી;

અને, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૮નો ૪૬/ટીપીએસ-૧૯૮૪-૫૧૫૭-(૮૭)-એલ. હેઠળ ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ—૬૫થી મળેલી સત્તાની રૂએ, નગરરચના યોજના, જૂનાગઢ ક્રમાંક-૧—પ્રારંભિક, મંજૂર કરી છે;

અને, નગરરચના અધિકારીએ, ગુજરાત સરકારને, સદરહુ અધિનિયમની કલમ—૫૨ની પેટા-કલમ (૨) અને કલમ—૬૨ની પેટા-કલમ (૨) હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના, જૂનાગઢ ક્રમાંક : ૧—આખરી યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ આખરી યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) રજૂ કરી છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ—૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) "સદરહુ આખરી યોજના" મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે સદરહુ આખરી યોજના, જૂનાગઢ નગરપાલિકા, જૂનાગઢની કચેરીમાં, કચેરીના સમય દરમિયાન, દરરોજ, રવિવાર અને રજાના દિવસો સિવાય, લોકોને જોવા માટે ખુલ્લી રહેશે; અને

(ગ) સદરહુ કલમ—૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની, તારીખ તરીકે, સન ૧૯૯૫ના ઓકટોબર મહિનાની ૧૩મી તારીખ નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ,

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/એલ/૪૫/ડીએનએસ/૧૦૯૧/૬૮૯/(૯૫)/એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT SPIRIT DENATURING RULES, 1964.

ગુજરાત સ્પિરિટ વિકૃત કરવા બાબતના નિયમો, ૧૯૬૪ સુધારવા સંબંધી જાહેરનામું

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૫.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એલ/૪૫/ડીએનએસ/૧૦૯૧/૬૮૯/(૯૫)/એમ.—ગુજરાત સ્પિરિટ વિકૃત કરવા બાબતના નિયમો, ૧૯૬૪ વધુ સુધારવા બાબતના નિયમોનો અમુક મુસદ્દો, મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ—૧૪૩ની પેટા—

INDEX

કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે, સમાજ કલ્યાણ વિભાગના તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એલ/૩/ડીએનએસ/૧૦૯૧/૬૦૯/એમ, હેઠળ તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૫ના ગુજરાત રાજ્યપત્ર, ભાગ-૪-બીના પાના નં. ૨૯ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી, વાંધા અને સૂચનો, સદરહુ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની મુદતમાં મંગાવ્યા હતા.

અને સરકારને સદરહુ જાહેરનામાના મુસદ્દા અંગે કોઈ વાંધા અથવા સૂચનો મળેલ નથી.

તેથી, હવે, મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની પેટા-કલમ (૨)ના ખંડ (ઝ-૨)ની બાબત (૧) સાથે વાંચતાં, તેની કલમ—૧૪૩ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત સ્પિરિટ વિકૃત કરવા બાબતના નિયમો, ૧૯૬૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો 'ગુજરાત સ્પિરિટ વિકૃત કરવા બાબતના (સુધારા) નિયમો, ૧૯૯૫' કહેવાશે.

૨. ગુજરાત સ્પિરિટ વિકૃત કરવા બાબતના નિયમો, ૧૯૬૪માં, નિયમ—૫માં, ખંડ (૧)માં,—

(૧) નોંધ "(૩)" કમી કરવી;

(૨) પ્રથમ પરંતુકમાં, નોંધ "(૩)" કમી કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એસ. રાઠોડ,
સરકારના ઉપસચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૧૫૭/૯૫/એસટીસી/૧૦૯૫/૧૨૯૪/ધ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE ROAD TRANSPORT CORPORATION ACT, 1950.

માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ હેઠળ જાહેરનામું.—

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૫.

માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦.

ક્રમાંક : જી/જી/૧૫૭/૯૫/એસટીસી/૧૦૯૫/૧૨૯૪/ધ.—ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન નિયમો, ૧૯૭૧ના નિયમ—૩ સાથે વાંચતાં, માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના ૬૪મા)ની કલમ—૫ની પેટા-કલમ (૨) અને (૩) અનુસાર અને ગૃહ વિભાગના તારીખ ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક. જી/જી/૨૦/૯૨/એસટીસી/૧૦૮૭/૫૪૧/ધ, તારીખ ૫—૧—૯૪ના ક્રમાંક. જી/જી/૨/૯૪/એસટીસી/૧૦૮૭/૫૪૧/ભાગ-૨/ધ અને તારીખ ૩૧/૫/૯૫ના ક્રમાંક. જી/જી/૧૨૧/૯૫/એસટીસી/૧૦૯૫/૧૨૯૪/ધ. રદ કરીને, ગુજરાત સરકાર, આથી, તારીખ ૧—૯—૯૫થી અમલમાં આવે તે રીતે, ગૃહ વિભાગનું તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૦નું સરકારી જાહેરનામું ક્રમાંક. જી/જી/૮૪/૯૦/એસટીસી/૧૦૮૭/૫૪૧/ધ. (જેનો આમાં હવે પછી "મુખ્ય જાહેરનામા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) સુધારે છે.

મુખ્ય જાહેરનામામાં, પરિચ્છેદ (ખખ)માં અનુક્રમાંક ૨ સામેની નોંધને બદલે નીચેની નોંધ મૂકવી.—

"૨. વાહનવ્યવહાર નિયામક/વાહનવ્યવહાર કમિશનર, ગુજરાત રાજ્ય, અમદાવાદ."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. કે. હાથી,
સેકશન અધિકારી.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/કેપી/૧૯૯૫ના ૧૫૦/આરએચબી/૧૦૯૫/૧૫૮૪/વી,નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT RURAL HOUSING BOARD, ACT, 1972.

ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૭૨ હેઠળ જાહેરનામું.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૭૨.

ક્રમાંક : જીએચ/કેપી/૧૯૯૫ના ૧૫૦/આરએચબી/૧૦૯૫/૧૫૮૪/વી.—ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૭૨ (સન ૧૯૭૨ના ગુજરાતના ૨૨મા)ની કલમ—૮ની પેટા—કલમ (૧) સાથે વાંચતાં, કલમ—૫ની પેટા—કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના અગ્ર સચિવ શ્રી પી. વી. સ્વામીનાથનને બદલે, વધુ હુકમો ન થાય ત્યાં સુધી, શ્રી જેઠાલાલ માધવલાલ સોમૈને ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ—ગાંધીનગર—ના અધ્યક્ષ તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુકત સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જી/જી/૧૬૦/૯૫/એસટીસી/૧૦૯૫/૧૨૯૪/ધનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE ROAD TRANSPORT CORPORATION ACT, 1950.

માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦.

ક્રમાંક : જીજી/૧૬૦/૯૫/એસટીસી/૧૦૯૫/૧૨૯૪/ધ.—ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન નિયમો, ૧૯૭૧ના નિયમ–૩ સાથે વાંચતાં, માર્ગ વાહનવ્યવહાર અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના અધિનિયમ ક્રમાંક ૬૪માં)ની કલમ–૫ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગના તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૮૦ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીજી/૮૪/૯/એસટીસી/૧૦૮૭/૫૪૧/ધ. (જેનો આમાં હવે પછી "મુખ્ય જાહેરનામા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) નીચે પ્રમાણે સુધારો છે :—

મુખ્ય જાહેરનામામાં, પરિચ્છેદ (૫)માં, અનુક્રમાંક ૧ સામેની નોંધને બદલે નીચેની નોંધ મૂકવી:—

'૧. શ્રી બિમલભાઈ જયંતિભાઈ શાહ. બ્રહ્મભટ્ટની ખાંચો, રાયપુર, કર્ણાવતી (અમદાવાદ).	બોર્ડના અધ્યક્ષ."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. એમ. ચૌહાણ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/4.

©



The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, MARCH 28, 1996/CAITRA 8, 1918 [No, 13

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૧મી ઓગસ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/કેપી/૧૯૯૫ નો ૧૪૫/આરએચબી/૧૦૯૫/૧૩૯૯૯/ઘ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT RURAL HOUSING BOARD ACT, 1972

ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૭૨ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૭૨.

ક્રમાંક . જીએચ//કેપી/૧૯૯૫નો ૧૪૫/આરએચબી/૧૦૯૫/૧૩૯૯/વી.—ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૭૨ (સન ૧૯૭૨ના ગુજરાતના ૨૨ મા) ની કલમ--૮ ની પેટા-કલમ (૧) સાથે વાંચતા, કલમ ૫ ની પેટા--કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ અને તારીખ ૨૬મી મે, ૧૯૯૫ નાં સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/કેપી/૧૯૯૫ નો ૯૪/૧૦૯૪-૭૯૮--વી થી ગુજરાત સરકાર, આથી નીચેની વ્યકિતઓને બીજો કહુમ ન થાય ત્યાંસુધી ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડના સભ્યો તરીકે નીમે છે.—

(૧) સંયુકત સચિવ (ગૃહ નિર્માણ), પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) નાણાંકીય સુલાહકાર, પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૩) ગૃહનિર્માણ કમિશનર, ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ, ગાંધીનગર.

(૪) સચિવ, ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ, ગાંધીનગર.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક-: જીંધુ-૯૫/૧૯૫/એફએસી-૧૦૮૯/આઈ-૧૫/(ભાગ-૨)-(૧)-એમ-(૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE DANGEROUS MACHINES (REGULATION) ACT, 1983

જોખમી યંત્ર (નિયમન) અધિનિયમ, ૧૯૮૩ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી નવેમ્બર, ૧૯૯૫.

જોખમી યંત્ર (નિયમન) અધિનિયમ, ૧૯૮૩.

ક્રમાંક : જીધુ-૯૫/૧૯૫/એફએસી/૧૦૮૯/આઈ-૧૫/(ભાગ-૨)-(૧)-એમ-(૩) :— જોખમી યંત્ર (નિયમન) અધિનિયમ, ૧૯૮૩ (સન ૧૯૮૩નો ક્રમાંક ૩૫) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૫--ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમના હેતુઓ માટે, અહીં નીચે જોડેલ અનુસૂચિની કોલમ ૪માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના વિસ્તારો માટે, કોલમ ૨માં દર્શાવેલા અધિકારીઓને, કોલમ ૩માં તેમના નામો સામે જણાવ્યા પ્રમાણે નિયંત્રક, અધિક નિયંત્રક, નાયબ નિયંત્રક અને મદદનીશ નિયંત્રક તરીકે નીમે છે :—

INDEX

અનુસૂચિ

અનુક્રમાંક	અધિકારીનું નામ	હોદ્દો	વિસ્તારો
૧	૨	૩	૪
(૧)	મજૂર કમિશનર	નિયંત્રક	સમગ્ર રાજ્ય
(૨)	ગ્રામીણ મજૂર કમિશનર	અધિક નિયંત્રક	...એજન...
(૩)	કારખાનાના મુખ્ય ઈન્સ્પેકટર	...એજન...	...એજન...
(૪)	અધિક મજૂર કમિશનર.	...એજન...	...એજન...
(૫)	કારખાનાના નાયબ મુખ્ય ઈન્સ્પેકટર	નાયબ નિયંત્રક	પોતાની હકૂમતમાંના વિસ્તારો
(૬)	નાયબ મજૂર કમિશનર	...એજન...	...એજન...
(૭)	,, ,, ,, (ગ્રામીણ)	...એજન...	...એજન...
(૮)	કારખાનાના સિનીયર ઈન્સ્પેકટર	મદદનીશ નિયંત્રક	...એજન...
(૯)	મદદનીશ મજૂર કમિશનર	...એજન...	...એજન...
૩.	આમોદિની	(બંગાળી)	રજત કમળ એવોર્ડ વિજેતા, નિર્માતા : રાષ્ટ્રીય ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન, ડિસ્કવરી ઓફ ઈન્ડિયા, નહેરુ સેન્ટર, ડો. એ. બી. રોડ, વરલી મુંબઈ–૧૮.
૪.	મમ્મો	(હિન્દી)	રજત કમળ એવોર્ડ વિજેતા, નિર્માતા : રાષ્ટ્રીય ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન, મુંબઈ - ૧૮.
૫.	કોટ્ટેયી કનાસુ	(કન્નડ)	રજત કમળ એવોર્ડ વિજેતા. નિર્માતા : શ્રી જી. નંદકુમાર, બેંગલોર - ૧૧.
૬.	સુકૃથમ	(મલયાલમ)	રજત કમળ એવોર્ડ વિજેતા નિર્માતા : શ્રી એમ. એમ. રામચંદ્રન ચંદ્રકાન્તા ફિલ્મ્સ, કોચિન.
૭.	માયોફી ગી માચા	(મણીપુરી)	રજત કમળ એવોર્ડ વિજેતા. નિર્માતા : શ્રી થૌંગ્બા, પી. કે. ફિલ્મ્સ, મણીપુર, ઈમ્ફાલ.

INDEX

૧	૨	૩
૮. નામ્મવર	(તામીલ)	રજત કમળ એવોર્ડ વિજેતા, નિર્માતા : શ્રી બી. વેંકટરામારેડી, મદ્રાસ - ૨૬.
૯. ઈંગ્લીશ ઓગષ્ટ	(અંગ્રેજી)	રજત કમળ એવોર્ડ વિજેતા, નિર્માતા : કુ. અનુરાધા પરીખ, મુંબઈ - ૪૯.
(૩) રાષ્ટ્રીય એકતા ઉપર ઉત્તમ ફિચર ફિલ્મ માટે નરગીસ દત્ત એવોર્ડ :		
૧૦. મુક્તા	(મરાઠી)	રજત કમળ એવોર્ડ વિજેતા, નિર્માતા : શ્રી અશોક બી. મ્હાત્રે, મુંબઈ - ૧.
(૪) બાળકોની ઉત્તમ ફિલ્મ :		
૧૧. કોચનીયમ	(મલયાલમ)	સુવર્ણ કમળ એવોર્ડ વિજેતા, નિર્માતા : શ્રી દુશુરા શાહુદીન, ધ. નં. ૩૪, શ્રુતી, ઉન્નીથન એવન્યુ, એ. કે. જી નગર, પેરુરક્કડા, ત્રિવેન્દ્રમ - ૫.

અનુસૂચિ–૨

શરતો

(૧) કરની રકમ બાદ કર્યા પછીના મનોરંજનમાં પ્રવેશના વિધમાન દરો વધારવા નહીં અને વિધમાન પ્રવેશ દરો આપેલી મુક્તિની રકમથી ઘટાડવા.

(૨) કર ભરવામાંથી આપેલી મુક્તિ, માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના તા. ૧લી નવેમ્બર, ૧૯૮૮ના સરકારી ઠરાવ ક્રમાંક :- ઈપીટી/૧૦૮૩/૧૩૨૪/ઈની જોગવાઈઓ અનુસાર રહેશે.

(૩) કર ભરવામાંથી આપેલી મુક્તિ ફિલ્મની નવ પ્રિન્ટ માટે તેર અઠવાડિયા સુધી મળશે તેથી ૧૩×૯=૧૧૭ અઠવાડિયાની બધી રીતની મુક્તિ ઉપરાંતની મુદત ગણાશે, કુલ ૧૧૭ અઠવાડિયામાંથી સન ૧૯૯૧ની વસતી ગણતરી મુજબ જેની વસતી ૫૦,૦૦૦ કરતા વધુ ન હોય તેવા સ્થાનિક વિસ્તારની હદમાં ૩૯ અઠવાડિયા સુધી મુક્તિ મળશે. બાકીના ૭૮ અઠવાડિયાઓમાં, સન ૧૯૯૧ના વસતી ગણતરી મુજબ જેની વસતી ૫૦,૦૦૦થી વધુ હોય તેવા સ્થાનિક વિસ્તારમાં ફિલ્મ પ્રદર્શિત કરવી.

(૪) કર ભરવામાંથી આપેલી મુક્તિ, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે વર્ષની મુદત સુધી રહેશે.

(૫) મુક્તિની શરતો પૈકીની કોઈપણ શરતનો અથવા અધિનિયમની અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનો ભંગ થાય તે પ્રસંગે, નિયત અધિકારી, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ની કલમ ૩૦ હેઠળ પગલું લે, તો તે કાયદેસર ગણાશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

બી. બી. સ્વૈન,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૬મી ડિસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૧૮૮/૯૫/ટીટીગી/૩૦૯૦/એમએલએ–૧૯–વી નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

re

AMENDMENT TO THE HOME DEPARTMENT NOTIFICATION No. 7753/5, DATED THE 19TH APRIL, 1952.

ગૃહ વિભાગનું તારીખ ૧૯મી એપ્રિલ, ૧૯૫૨ નું જાહેરનામું.

ક્રમાંક ૭૭૮૩/૫ સુધારવા સંબંધી જાહેરનામું.

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૬મી નવેમ્બર, ૧૯૫૨.

જેજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક : જજી/૧૯૮૮/૯૫/ટીટીસી–૩૦૬૦/એમએલએ–૧૯–વી–ગુજરાત રાજ્યને લાગુ પડતા હોય તેટલા ભૂતપૂર્વ જેજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ ના ૨ જા) ની કલમ –૨ ના ખંડ (ક) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખ ૧૯મી એપ્રિલ, ૧૯૫૨ નું જાહેરનામું ક્રમાંક : ૭૭૮૩/૫ નીચે પ્રમાણે સુધારે છે:—

સદરહુ જાહેરનામામાં, (ક) "૭–માંગરોળ તાલુકાના કોસંબા પોલીસ મથક" એ શીર્ષક હેઠળની નોંધોની નીચેની નોંધો કાઢી નાખવી:—

" (૩૪) કારંજ અને (૩૫) વરેઠી"

(ખ) "૧૦–માંડવી તાલુકાના માંડવી પોલીસ મથક," એ શીર્ષક હેઠળ "માંડવી પોલીસ મથકના તાબેદાર આઉટ પોસ્ટ" એ પેટા શીર્ષક માં નીચેની નોંધો ઉમેરવી:—

"(૧૬૩) કારંજ અને (૧૬૪) વરેઠી."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જી. કે. ગઢેચા,
સરકારના ઉપ–સચિવ.

IX–43

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNP/1

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol XXXVII] THURSDAY, APRIL 25, 1996/VAISAKHA 5, 1918 [No. 17

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

૪/૪, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૨૯મી એપ્રિલ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩જી એપ્રિલ, ૧૯૯૧ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (૧) કેપી-૧૯૯૧નો ૬૪/વીબીએન-૩૨૯૪-૨૮૪૧આઈસી-૯૪-ચ (૨) કેપી/૧૯૯૧નો ૬૫/વીબીએન/૩૨૯૪/૨૮૬૫/આઈસી/૬૯/ચ (૩) કેપી/૧૯૯૧નો ૬૬/વીબીએન/૩૧૯૫/૧૦૦/આઈસી/૧૨/ચ (૪) કેપી-૧૯૯૫/નો ૭૩/વીબીએન/૩૨૯૪/૨૧૧૮/આઈસી/૩૬/ચ (૫) કેપી/૧૯૯૫નો ૭૪/વીબીએન/૩૭૯૪/આઈસી/૧૦૯/ચ (૬) કેપી/૧૯૯૧નો ૭૫/વીબીએન/૩૪૯૩/૨૬૭૧/આઈસી/૧૦૩/ચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૩જી એપ્રિલ, ૧૯૯૬.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૫નો૬૪/વીબીએન/૩૨૯૪/૨૮૪૧/આઈસી/૯૪/સ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત દેવગઢ અને જિલ્લા પંચાયત પંચમહાલ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી :—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે, અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી ;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલા નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામોમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧	દેવગઢ--બારીયા	માંડવ	૧ માંડવ મહેસૂલી ગામ ૨ આમલીઝોળ મહેસૂલી ગામ		૧ માંડવ	૧ માંડવ મહેસૂલી ગામ ૨ આમલીઝોળ મહેસૂલી ગામ
			૩ ટિમરવા મહેસૂલી ગામ.	ટિમરવા મહેસૂલી ગામ	૨ ટિમરવા	૩. ટિમરવા મહેસૂલી ગામ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુકત સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી એપ્રિલ, ૧૯૯૬.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૫નો ૬૫-વીબીએન--૩૨૯૪--૨૮૮૫--આઈસી--૬૯--ચ.— ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાત ૧૮ મા)ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત તાલુકા પંચાયત દાહોદ અને જિલ્લા પંચાયત પંચમહાલ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી :—

INDEX

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે. અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ.	વિદ્યમાન ગામનું નામ આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર.	વિદ્યમાન ગામોમાં સ્થાનિક વિસ્તાર.	વિદ્યમાન ગામોમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર.	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	દાહોદ.	નાની લાછેલી	૧ નાની લાછેલી મહેસૂલી ગામ ૨ વાંકિયા મહેસૂલી ગામ–	વાંકિયા મહેસૂલી ગામ	૧ નાનીલાછેલી ૨ વાંકિયા	૧ નાની લાછેલી મહેસૂલી ગામ ૨ વાંકિયા મહેસૂલી ગામ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી એપ્રિલ, ૧૯૯૬.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક કેપી/૧૯૯૫નો ૬૬/વીબીરોન--૩૧૯૫-૧૦૦/આઈસી-૧૨/ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગામ પંચાયત, તાલુકા પંચાયત વિજાપુર અને જિલ્લા પંચાયત મહેસાણા સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી :—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે, અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી ;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

INDEX

આનુસૂચિ

આ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામોમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	વિજાપુર	સમાઉ	૧ સમાઉ મહેસૂલી ગામ		સમાઉ	૧ સમાઉ મહેસૂલી ગામ
			૨ ગોવિંદપુરા પેટાપરા	ગોવિંદપુરા પેટાપરા	ગોવિંદપુરા	૨ ગોવિંદપુરા પેટાપરા

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૩જી એપ્રિલ, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૫ નો ૭૩/વીબીએન--૩૨૯૪-૨૧૧૮--આઈસી--૩૬--ચ:—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત ઝાલોદ અને જિલ્લા પંચાયત પંચમહાલ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી:—

(૧) આનુસૂચિના કોલમ ૩ માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ-૫ માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે: અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી,

(૨) સદરહુ આનુસૂચિના કોલમ ૭ માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

INDEX

આનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામોમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	ઝાલોદ	રળિયાતી ભૂરા	૧. રળિયાતી ભૂરા મહેસૂલી ગામ ૨. રળિયાતીભૂરા ગુર્જર મહેસૂલી ગામ ૩. માલવાસી મહેસુલી ગામ	માલવાસી મહેસુલી ગામ	૧. રળિયાતીભૂરા ૨. માલવાસી	૧.(૧) રળિયાતી ભૂરા મહેસૂલી ગામ (૨) રળિયાતી ગુર્જર મહેસૂલી ગામ. ૨. માલવાસી મહેસુલી ગામ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩જી એપ્રિલ, ૧૯૯૬.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૬ાનો ૭૪/વીબીઓન--૩૭૯૪--આઈસી--૧૦૯-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ ના ગુજરાતના ૧૮ મા) ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ, અને સંબધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત ચીખલી અને જિલ્લા પંચાયત વલસાડ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી.:—

(૧) આનુસુચિના કોલમ ૩ માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત વલસાડ સાથે રાખે છે. અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી,

(૨) સદરહુ આનુસુચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

આનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામોમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	ચીખલી	ગૌરી	૧. ગૌરી મહેસૂલી ગામ ૨. ચીમનપાડા મહેસુલી ગામ	ચીમનપાડા મહેસુલી ગામ	૧. ગૌરી ૧. ચીમનપાડા	૧. ગૌરી મહેસુલી ગામ ૨. ચીમનપાડા મહેસુલી ગામ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી એપ્રિલ, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૫ નો ૭૫/વીબીએન--૩૪૯૩--૨૬૭૧--આઈસી--૧૦૩--ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ ના ગુજરાતના ૧૮ મા) ની કલમ ૭ થી મળેલી સત્તાની રુએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત માલપુર અને જિલ્લા પંચાયત સાબરકાંઠા સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર આથી:—

(૧) અનુસુચિના કોલમ ૩માં દર્શાવિલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવિલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે. અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી ;

(૨) સદરહુ અનુસુચિના કોલમ ૭ માં દર્શાવિલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ--૬ માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે:

અનુસૂચિ

આ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	માલપુર	૧ મહિયાપુર	૧ મહિયાપુર મહેસૂલી ગામ		૧. મહિયાપુર	૧. મહિયાપુર મહેસૂલી ગામ
			૨ ભેમપુર મહેસૂલી ગામ			૨. ભેમપુર મહેસૂલી ગામ
			૩ ત્રિકમપુર મહેસૂલી ગામ			૩. ત્રિકમપુર મહેસૂલી ગામ
			૪ માલજીના પહાડિયા મહેસૂલી ગામ	૧. માલજીના પહાડિયા મહેસૂલી ગામ	૨. માલજીના પહાડિયા	૨. ૧. માલજીના મહેસૂલી ગામ
			૫ સોમપુર મહેસૂલી ગામ	૨ સોમપુર મહેસૂલી ગામ		૨. સોમપુર મહેસૂલી ગામ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુકત સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી ડિસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૮મી નવેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક / જી/જી/૯૫/૧૮૭/એમવીઆર/૧૫૮૯/૪૯૬૬/(૨)--ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re.

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી નવેમ્બર, ૧૯૯૫.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૫/૧૮૭/એમવીઆર/૧૫૮૯/૪૯૬૬/(૨)--ખ.—ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા માટેના નિયમોનો મુસદ્દો, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ ના ૫૯ મા) ની કલમ ૨૧૨ ની પેટા-કલમ-(૧) થી ઠરાવ્યા પ્રમાણે, ગૃહ વિભાગના તારીખ ૨૯મી મે, ૧૯૯૫ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૫/૧૨૦/એમવીઆર/૧૫૮૯/૪૯૬૬(૨)-ખ હેઠળ તારીખ ૨૯મી મે, ૧૯૯૫ ના ગુજરાત સરકારી રાજપત્ર, ભાગ-૪-એ ના પાના ૬૫.૧ થી ૬૫.૫ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી સન ૧૯૯૫ ના જૂન મહિનાની ૨૯ મી તારીખ સુધીમાં વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યા હતા ;

અને સદરહુ મુસદ્દાના સંબંધમાં સરકારને મળેલા વાંધા અને સૂચનો, સરકારે વિચારણામાં લીધા છે.

તેથી, હવે, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ ના ૫૯ મા) ની કલમ--૨૮, ૩૮, ૯૬, ૧૧૧, ૨૦૬ અને ૨૦૭ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો, ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ માં (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમાં), નિયમ ૨ માં,—

(ક) ખંડ (ટ) માં અંતે, નીચેના શબ્દો ઉમેરવા:—

"અને તેમાં રાજ્ય સરકારે નીમેલ મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીનો સમાવેશ થાય છે;".

(ખ) ખંડ (થ) માં અંતે, નીચેના શબ્દો ઉમેરવા:—

"ગુજરાત નર્મદા ઓટો લિમિટેડ, નર્મદા નગર, જિલ્લો ભરૂચ."

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪માં, પેટા--નિયમ (૧) ને બદલે નીચેનો મજકૂર મૂકવો.—

"(૧) મોટર વાહન ખાતાના અને મોટર વાહનના મદદનીશ ઈન્સ્પેકટરથી ઉપરના દરજ્જાના કોઈ અધિકારી, કલમ--૮ ની પેટા--કલમ (૫) હેઠળ પરીક્ષાનું સંચાલન કરનાર સત્તાધિકારી રહેશે અને મોટર વાહનના ઈન્સ્પેકટરનો અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ અધિકારી, કલમ ૯ની પેટા--કલમ (૩) હેઠળ પરીક્ષા લેનાર અધિકારી રહેશે :

પરંતુ, લાઈસન્સ આપનાર અધિકારી અથવા તે અર્થે તેણે નીમેલી કોઈપણ વ્યકિત આવી એક કરતાં વધુ પરીક્ષા લેવા માટે સક્ષમ ગણાશે."

INDEX

૪. સદરહુ નિયમોમાં, નિયમમાં દર્શાવ્યા ખંડ (૩)ને બદલે નીચેનો મજકૂર મૂકવો.—

"(૩) (ક) નિયમ ૧૩ હેઠળ નમૂના ૬ મુજબ, ડ્રાઈવીંગ લાઈસન્સની બીજી પ્રતના સંબંધમાં, વીસ રુપિયા રહેશે;અને

(ખ) નિયમ ૧૩ હેઠળ નમૂના ૭ મુજબ ડ્રાઈવીંગ લાઈસન્સની બીજી પ્રતના સંબંધમાં પિસ્તાળીસ રુપિયા રહેશે."

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૧૮ માં, પેટા-નિયમ (૪) માં, ખંડ (ગ) પછી નીચેનો મજકૂર દાખલ કરવો:—

"(ઘ) હેરફેરના વાહનો સિવાયના વાહનો ચલાવવા માટે તેને અધિકૃત કરતા, ડ્રાઈવીંગ લાઈસન્સ ધરાવનારના કેસમાં, કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ હેઠળ ઠરાવેલા નમૂના ૧૭ માં ડ્રાઈવીંગ પ્રમાણપત્ર."

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૩૦માં, પેટા-નિયમ (૩) ને બદલે નીચેનો મજકૂર મૂકવો:—

"(૩) મોટર વાહન ખાતાના અને મોટર વાહનના મદદનીશ ઈન્સ્પેકટરથી ઉપરના દરજ્જાના કોઈપણ અધિકારી, કંડકટરનું લાઈસન્સ આપવા માટેની પરીક્ષા લેનાર સત્તાધિકારી ગણાશે :

પરંતુ લાઈસન્સ આપનાર અધિકારી અથવા તે અર્થે તેણે નીમેલી કોઈ વ્યકિત આવી એક કરતાં વધુ પરીક્ષા લેવા માટે સક્ષમ ગણાશે."

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૭૧ માં, ખંડ (૪) ને બદલે નીચેનો મજકૂર મૂકવો:—

"(૪) દરેક મોટર વાહન માટેની અન્ય કોઈપણ પરમિટના સંબંધમાં, એકસો પચીસ રૂપિયા".

૮. સદરહુ નિયમોમાં, નિયમ ૭૫ ને બદલે, નીચેનો મજકૂર મુકવો:—

"૭૫ પરમિટ ઉપર રજિસ્ટ્રેશન ચિહ્નની નોધ:—

(૧) પરમિટ, જે વાહનને લગતી હોય તે વાહનનું રજિસ્ટ્રેશન ચિહ્ન અને બીજી વિગતો તેમાં નોંધવામાં ન આવે ત્યાં સુધી, કોઈપણ પરમિટ કાઢી આપવામાં આવશે નહિ.

(૨) વાહન વ્યવહાર સત્તામંડળ, પરમિટ માટેની અરજી કર્યાની એક મહિનાની અંદર અથવા વાહન વ્યવહાર સત્તામંડળ નિર્દિષ્ટ કરે તેવી વધુ લાંબી મુદતની અંદર, અરજદારે, તેના નામે રજિસ્ટર થયેલ વાહનનું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર તે સત્તામંડળ સમક્ષ રજૂ કરવું જોઈશે અને કોઈ અરજદાર ઠરાવેલી મુદતની અંદર રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર રજૂ કરે નહિ તે પ્રસંગે, વાહન વ્યવહાર સત્તામંડળ પરમિટ માટેની અરજીની પોતાની મંજૂરી પાછી ખેંચી લઈ શકશે."

૯. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦૦ માં, પેટા-નિયમ (૨)માં, નીચેનો પરંતુક દાખલ કરવો:—

"પરંતુ લાઈસન્સ આપનાર અધિકારી, કોઈપણ મ્યુનિસિપલ અથવા કેન્ટોનમેન્ટ વિસ્તાર માં સ્થાપવાની સંસ્થા અથવા બ્રાન્ચ ઓફિસના સંબંધમાં સદરહુ જરુરિયાતોમાં ફેરફાર કરી શકશે."

૧૦. સદરહુ નિયમોમાં, નિયમ ૧૧૨માં,—

(૧) પેટા-નિયમ (૨)માં,—

(ક) '૪૦૦' એ આંકડાને બદલે, "૩૮૧" એ આંકડો મૂકવો ;

(ખ) ખંડ (૧) માં "૧૩૭૦" એ આંકડાને બદલે "૧૩૭૨" એ આંકડો મૂકવો:—

(ગ) ખંડ (૨) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

(૨) બેઠકો વાહનની આડી લીટીએ અને તે જ દિશા તરફ ગોઠવવામાં આવી હોય, ત્યારે ગાદીના મથાળેથી આપવામાં આવે ત્યારે આગળની બેઠકની પીઠ અને પાછળની બેઠકની આગળની જગા વચ્ચે ૬૬૦ મીલી મીટરથી ઓછી જગા હોવી જોઈશે નહિ ;";

(ઘ) ખંડ (૩) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો.

"(૩) બેઠકો વાહનની આડી લીટીએ અને એકબીજાની સામે ગોઠવવામાં આવી હોય ત્યારે, ગાદીના મથાળેથી આપવામાં આવે ત્યારે આગળની બેઠકના આગળના ભાગ વચ્ચે, ઓછામાં ઓછી ૧૨૭૧ મીલીમીટરની જગા હોવી જોઈશે."

INDEX

(૨) પેટા-નિયમ (૩) માં "૫૦૦" એ આંકડાને બદલે "૪૦૬" એ આંકડો મૂકવો.

૧૧. સદરહુ નિયમોમાં, નિયમ ૧૫૫ માં, પેટા-નિયમ (૩)માં, ખંડ (ખ) ને બદલે નીચેનો મજકૂર મૂકવો.

"(ખ) ગુજરાત મોટર વાહન સુધારા નિયમો, ૧૯૯૫ ના આરંભની તારીખે અથવા તે પછી વાહન રજિસ્ટર્ડ થયે આવું બારણું ઓછામાં ઓછું ૫૪૦ મી. મી X ૬૬૦ મી. મી. થી ઓછું નહિ તેટલું, પૂરેપૂરું ખુલતું હોવું જોઈશે.

૧૨. સદરહુ નિયમોમાં, નિયમ ૧૬૬ ને બદલે, નીચેનો મજકુર મૂકવો:—

"૧૬૬. સ્થાનિક રીતે બનાવેલા ટ્રેઈલર અને સેમી-ટ્રેઈલરની મંજૂરી બાબત:—

(૧) રાજ્યમા હેરફેરના વાહન તરીકે વાપરવા ધારેલા ટ્રેઈલર અથવા સેમી-ટ્રેઈલરની ડિઝાઈનને મંજૂરી આપવામાં આવી હોય તે સિવાય, આવા સ્થાનિક બનાવેલા ટ્રેઈલર અથવા સેમી-ટ્રેઈલર હેરફેરના વાહન તરીકે નોંધી શકાશે નહિ:

પરંતુ આ નિયમ ભારત બહાર બનાવેલા ટ્રેઈલરો અથવા સેમી-ટ્રેઈલરોને લાગુ પડશે નહિ.

(૨) જેની ડિઝાઈન મંજૂર થઈ હોય તેવા ટ્રેઈલર અથવા સેમી-ટ્રેઈલરમાં, મંજૂર રાખેલ ડિઝાઈન પ્રમાણે ન હોય તેવા કોઈ ફેરફાર કરી શકાશે નહિ.

(૩) ટ્રેઈલર અથવા સેમી-ટ્રેઈલરની ડિઝાઈન મંજુર કરવા માટેની અરજી, ટેસ્ટીંગ ઈન્સ્ટીટ્યુટમાંથી મેળવેલ ટ્રેઈલર અથવા સેમી ટ્રેઈલરનાં સંબંધમાં, ડિઝાઈનની ખરાઈનો રિપોર્ટ અને વધુમાં વધુ ભાર ભરેલ વજન અને ધરીના વજનની ભલામણો સહિત અને બસો રૂપિયાની ફી સાથે યથાપ્રસંગ વાહન વ્યવહાર નિયામક અથવા વાહન વ્યવહાર કમિશનરને કરવી જોઈશે:

(૪) ટ્રેઈલર અથવા સેમી-ટ્રેઈલરના સંબંધમાં ડિઝાઈનની ખરાઈનો રિપોર્ટ અને વધુમાં વધુ ભાર ભરેલ વજન અને ધરીના વજનની ભલામણો મેળવવા માટેની અરજી, ટેસ્ટીંગ ઈન્સ્ટીટ્યુટને ત્રણ નકલમાં કરવી જોઈશે. આવી અરજી સાથે, ચાર્ટર્ડ મિકેનિકલ એન્જીનીયરે અથવા માન્ય યુનિવર્સિટીની મિકેનિકલ એન્જિનિયરીંગમાં ઓછામાં ઓછી સ્નાતકની પદવીની લાયકાત ધરાવતા મિકેનિકલ એન્જીનીયરે યોગ્ય રીતે પ્રમાણિત કરેલ નીચેના દસ્તાવેજો પૈકી દરેક દસ્તાવેજની ત્રણ નકલો જોડવી જોઈશે :—

(૧) પૂરેપૂરું વિશિષ્ટ વર્ણન.

(૨) બધા પરિમાણ અને વિગતો માપતાં, ડ્રોઈંગ અને

(૩) નીચેની બાબતોનો ડિઝાઈન કેલકયુલેશનનો સેટ,—

(ક) ધરીઓ અને તેમના સપોર્ટસ,

(ખ) સ્પ્રિંગો અને તેમના સપોર્ટસ,

(ગ) લોંગ બેરર્સ,

(ઘ) ક્રોસ બેરર્સ,

(ચ) પ્લેટફોર્મ, ટેન્ક અથવા ક્રોસ બેરર્સ પર લઈ જઈ શકાય તેવી કોઈપણ વસ્તુ અને તેમના સપોર્ટસ,

(છ) લો બાર અથવા કીંગ પીન,

(જ) ટર્ન ટેબલ અથવા આગલી ધરીની જોગવાઈ હોય તે બાબતમાં, આગલી ધરી માટે અન્ય કોઈ નજીવી રચના,

(ઝ) બ્રેક અને બ્રેક મારવાની વ્યવસ્થા,

(ટ) શોક એબ્સોરબર્સ, ટીપીંગ ડિવાઈસ વગેરે જેવી બીજી વસ્તુઓ હોય તો તે,

(ઠ) વ્હીલ અને ટાયરો,

(૫) ટેસ્ટીંગ ઈન્સ્ટીટ્યુટે એવી અરજી મળ્યે, ડિઝાઈન અને કેલકયુલેશનની ચકાસણી કરવી પડશે અને ડિઝાઈન સંતોષકારક જણાય તો, ટ્રેઈલર અથવા સેમી-ટ્રેઈલરના સંબંધમાં વધારેમાં વધારે ભાર સાથેનું અને ધરીનું કુલ વજન, જે તેના અભિપ્રાય પ્રમાણે વાજબી સલામતીભર્યું હોવું જોઈએ એમ લાગે તો તેનું પ્રમાણપત્ર આપવું જોઈશે.

(૬) જરૂરી જણાય તો, ટેસ્ટીંગ ઈન્સ્ટીટ્યુટ, અરજદારને વધુ વિગતો આપવા જણાવી શકાશે.

INDEX

(૭) ડિઝાઈન સંતોષકારક ન જણાય તો, ટેસ્ટીંગ ડિઝાઈન નામંજૂર કરી શકશે.

(૮) ડિઝાઈન સંતોષકારક જણાય, ત્યારે ટેસ્ટીંગ ઈન્સ્ટીટયુટ વધારેમાં વધારે કુલ વાહન વજન અને ધરીના વજન બાબત પોતાની ભલામણો સાથે મંજૂર કરેલ ડિઝાઈન વિશિષ્ટ વર્ણન, અને કેલ્કયુલેશનની એક નક્લ વાહન વ્યવહાર કમિશનરને અથવા વાહન વ્યવહાર નિયામકને અને એક નક્લ અરજદારને મોકલવી પડશે.

(૯) અરજદારે ડિઝાઈન મંજૂર થયે, વાહન વ્યવહાર કમિશનરને અથવા વાહન વ્યવહાર નિયામકને મંજૂર થયેલ ડિઝાઈનની નકલો જુદા જુદા નોંધણી સત્તાધિકારીઓને તેમના રેકર્ડ માટે મોકલવા માગતા હોય તેટલી વધારાની નકલો પૂરી પાડવી જોઈશે.

(૧૦) આ નિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, ભારતમાં બનાવેલ ટ્રેઈલર અથવા સેમી-ટ્રેઈલરની ડિઝાઈનને, ભારતના અન્ય કોઈ રાજયના યોગ્ય સત્તાધિકારીએ આપેલ મંજૂરી, આ નિયમો અનુસાર આપેલ મંજૂરી હોવાનું ગણાશે. પરંતુ તે અન્ય રાજયમાં આ નિયમના જેવી જ અથવા મહદ્અંશે તેના જેવી જોગવાઈઓ ધરાવતા જ નિયમો અમલમાં હોવા જોઈશે."

૧૩. સદરહુ નિયમોમાં, નિયમ ૨૩૫ પછી, નીચેનો મજકુર દાખલ કરવો:—

"૨૩૫–ક. કલમ ૨૦૬ (૧) અને (૨) અને કલમ ૨૦૭ હેઠળના સત્તાધિકારી.

સબ ઈન્સ્પેકટર અને તેનાથી ઉપરના દરજજાના પોલીસ ખાતાના કોઈપણ અધિકારી, કલમ–૨૦૬ ની પેટા–કલમ (૧) અને (૨) અને કલમ ૨૦૭ ની પેટા–કલમ (૧) ની જોગવાઈઓ હેઠળ સત્તા વાપરશે."

"૧૪. સદરહુ નિયમોમાં, નિયમ ૨૩૯ માં "૧૫૮ (૧) અને (૪) " એ આંકડા કૌંસ અને શબ્દ પછી "૨૦૨" એ આંકડો દાખલ કરવો.

૧૫. સદરહુ નિયમોમાં, પ્રથમ અનુસૂચિમાં,—

(ક) નમુનો ટી. વી.. એ માં, બાબત ૫ પછી, નીચેનો મજકૂર દાખલ કરવો:—

". ૬. હું આ સાથે કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ હેઠળ ઠરાવેલ નમૂના ૫ માં ડ્રાઈવીંગ પ્રમાણપત્ર જોડું છું."

(ખ) નમૂનો પી. એસટી. એસ. ઓ. માં, બાબત ૨૭ ને બદલે નીચેનો મજકુર મૂકવો,—

" (૨૭) વાહન સંપાદન કરવા માટે કરેલ ગોઠવણીની વિગતો."

(ગ) નમૂનો પી. સી. ઓ. પી. ઓ: માં, બાબત ૯ને બદલે, નીચેનો મજકુર મૂકવો:—

" ૯. વાહનનું સંપાદન કરવા માટે કરેલ ગોઠવણીની વિગતો."

(ઘ) નમૂનો પી. પી. આર. એસ. ઓ. માં,

(૧) "(જુઓ નિયમ ૭૮ (૧) (૪)" એ કૌંસ, અક્ષરો અને આંકડા ને બદલે,
"(જુઓ નિયમ ૭૦ (૧) (૪) " એ કૌંસ, અક્ષરો અને આંકડા મૂકવા ;
(૨) બાબત ૮ને બદલે, નીચેનો" મજકૂર મૂકવો:—

"૮. વાહન સંપાદન કરવા માટે કરેલ ગોઠવણીની વિગતો .." (ચ) નમૂનો પી. પીયુ. સી. ઓ. માં, બાબત ૯ ને બદલે નીચેનો મજકૂર મૂકવો:—

"૯. વાહન સંપાદન કરવા માટે કરેલ ગોઠવણીની વિગતો," (છ) નમૂનો પી. ટી ઈ એમ. એ. માં, "(જુઓ નિયમ(૧) ૭૦ (૬)" "એ કૌંસ અક્ષરો અને આંકડા ને બદલે" (જુઓ નિયમ ૭૦ (૧) (૬)" એ કૌંસ, અક્ષરો અને આંકડા મૂકવા.

(જ) નમૂનો પી. સી ઓ. એસપી. એ. માં, બાબત ૯માં, "મુખ્ય પરમિટ" એ શબ્દોને બદલે, "પ્રાથમિક પરમિટ" એ શબ્દો મૂકવા ;

(ઝ) નમૂનો એ. આર. ટી. માં નમૂનાને અંતે નીચેનો મજકૂર ઉમેરવો:—

"તારીખ..... .....

સ્થળ ..... લાઈસન્સદારની સહી."

INDEX

(૮) નમૂનો એમ વી. આર ઈ પી. એ. માં, "(જુઓ નિયમ ૭૮ (૫)(૧)," એ કૌંસ, અક્ષરો અને આંકડા ને બદલે, "(જુઓ નિયમ ૭૦ (૫) (૧)" એ કૌંસ અક્ષરો અને આંકડા મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા,
સરકારના ઉપ-સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેવી-૧૬૦-૯૫-એનપીએલ-એમ-૪૫૯૦-૩૨૪-એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Order

under

THE GUJARAT MUNICIPALITIES ACT, 1963.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ હુકમ.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી નવેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક કેવી-૧૬૦-૯૫-એનપીએલ-૪૫૯૦-૩૨૪-એમ.—ભારતના સંવિધાનની કલમ ૨૪૩ (ન) ના ખંડ (૨) હેઠળ બહાર પાડેલ શહેરી વિકાસ અને શહેરી, ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૪મી નવેમ્બર, ૧૯૯૪ના સરકારી જાહેરનામા, ક્રમાંક કેવી-૧૯૯૪ના ૫૪૩-એનપીએલ ૪૫૯૦-એમ-૩૨૪-એમ અને તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના જાહેરનામા ક્રમાંક કેવી-૧૨૦-૯૫-એનપીએલ-૪૫૯૦-એમ-૩૨૪-એમ હેઠળ તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના જાહેરનામાની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારો (જેનો આમાં હવે પછી, "સદરહુ વિસ્તાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ને સન ૧૯૯૪ના નવેમ્બર મહિનાની ૧૪મી તારીખ (જેનો આમાં હવે પછી "સદરહુ તારીખ" તરીકે ઉલ્લેખ કર્યો છે ત્યારથી)થી અમલમાં આવે તેમ, જેતપુર નવાગઢ મ્યુનિસિપલ બરોના નામે નાના શહેરી વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યો છે,

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના અધિનિયમ ક્રમાંક ૩૪)ની કલમ ૨૬૬ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રુએ; ગુજરાત સરકાર, આથી નીચેના હુકમ કરે છે :—

જેતપુર નવાગઢ મ્યુનિસિપલ બરોએ, અથવા તેના સંબંધમાં, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) હેઠળ કરેલ, કાઢેલ, નાંખેલ અથવા આપેલ અને સદરહુ તારીખની તરત પહેલાં તેના વિસ્તારમાં અમલમાં હોય તેવી તમામ નિમણૂંકો, જાહેરનામા, નોટિસ, વેરા, હુકમો, યોજનાઓ, લાઈસન્સો, પરવાનગીઓ, નિયમો, ઉપ-નિયમો અથવા નમૂનાઓ, સદરહુ તારીખની તરત પહેલાં, સદરહુ વિસ્તારમાં અમલમાં હોય તેવી તત્સમાન નિમણૂંકો, જાહેરનામા, નોટિસો, વેરા, હુકમો, યોજનાઓ, લાઈસન્સો, પરવાનગીઓ, નિયમો, ઉપ-નિયમો અથવા નમૂનાઓ રદ કરીને સદરહુ વિસ્તારમાં લાગુ પડશે અને તેનો આરંભ થશે સિવાય કે એવી રીતે લાગુ પાડેલ અથવા અમલમાં લાવેલ તે બાબતો ફરીવાર સદરહુ અધિનિયમ હેઠળ રદ કરી હોય અથવા તેમાં ફેરફાર કર્યો હોય.

૨. સદરહુ વિસ્તારમાં અને તેના સંબંધમાં કરેલ અથવા પ્રમાણિકૃત કરેલ અને સદરહુ તારીખની તરત પહેલાં તેના અમલમાં હોય તેવા તમામ અંદાજપત્રો, આકારણીઓ, આકારણી યાદીઓ મૂલ્યાંકનો, માપણીઓ અથવા વિભાજનો સદરહુ અધિનિયમ હેઠળ રદ કરવામાં ન આવે અથવા તેમાં ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી અમલમાં ચાલુ રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. એ. નાગોરી,
સરકારના નાયબ સચિવ.

INDEX

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

તા. ૧–૩–૯૬ થી તા. ૩૧–૩–૯૬ દરમ્યાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી.

અનુક્રમ નંબર.	અસાધારણ રાજપત્રનો નંબર.	જાહેરનામાનો નંબર અને તારીખ	પ્રસિધ્ધિની તારીખ.	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
		ભાગ–૯		
૧	૨૦	ભા.એ.-૧૩૬-જીએચયુ-૮૯-૩૫૭-બીએસઈ-૧૦૮૩-૪૨૫૬-મ-૩. તા. ૭–૧૨–૮૯ ભા.એ.-શુધ્ધિપત્ર-જીએચયુ-૯૦-૨-બીએસઈ -૧૦૮૩-૪૨૫૬-મ-૩. તા. ૧–૧–૯૦	૪–૩–૯૬	વે. અને સં. બા. વિ.
૨	૨૧	સન ૧૯૯૬નો અધિનિયમ ક્રમાંક ૧	૮–૩–૯૬	,,
૩	૨૨	,, ,, ,, ૨	,,	,,
૪	૨૩	,, ,, ,, ૩	,,	,,
૫	૨૪	સન ૧૯૯૬નું ગુજરાત વિધેયક ક્રમાંક ૧૮	૨૧–૩–૯૬	ગુજ. વિધાનસભા
૬	૨૫	,, ,, ,, ,, ૧૯	૨૨–૩–૯૬	વે. અને સં. બા. વિ.
		,, ,, ,, ,, ૧૯		
૭	૨૬	,, ,, ,, ,, ૨૦	૨૫–૩–૯૬	,,
૮	૨૭	,, ,, ,, ,, ૨૧	,,	,,
૯	૨૮	,, ,, ,, ,, ૨૨	,,	,,
૧૦	૨૯	,, ,, ,, ,, ૨૩	,,	,,
૧૧	૩૦	,, ,, ,, ,, ૨૪	,,	ગુજ. વિધાનસભા.
૧૨	૩૧	,, ,, ,, ,, ૨૫	,,	,,
૧૩	૩૨	સન ૧૯૯૬નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૪	૨૬–૩–૯૬	વે. અને સં. બા. વિ.
૧૪	૩૩	સન ૧૯૯૬નું ગુજરાત વિધેયક ક્રમાંક ૨૬	૨૭–૩–૯૬	ગુજ. વિધાનસભા
૧૫	૩૪	,, ,, ,, ,, ૨૭	,,	,,
૧૬	૩૫	,, ,, ,, ,, ૨૮	,,	,,
૧૭	૩૬	સન ૧૯૯૬નું ગુજરાત અધિનિયમ ક્રમાંક– ૫	૩૦–૩–૯૬	વે. અને સં. બા. વિ.
૧૮	૩૭	,, ,, ,, ,, ૬	,,	,,
૧૯	૩૮	,, ,, ,, ,, ૭	,,	,,
૨૦	૩૯	,, ,, ,, ,, ૮	,,	,,
૨૧	૪૦	,, ,, ,, ,, ૯	,,	,,

એમ. આર. પટેલ,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/1



सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol XXXVII] THURSDAY, MAY 16, 1996/VAISAKHA 26, 1918 [No. 20

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેવી-૧૬૮૯-૯૫-એનપીએલ-૪૫૯૪-૪૬૦૯-એમનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

THE GUJARAT MUNICIPALITIES (RESERVATION OF SC, ST BC AND WOMEN FOR THE OFFICE OF THE PRESIDENT) RULES, 1995.

ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૫ સંબંધી જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ-વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક : કેવી-૧૬૮-૯૫-એનપીએલ-૪૫૯૪-૪૬૦૯-એમ.—ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૩૪મા)ની કલમ--૩૩ની પેટા-કલમ (૩) સાથે વાંચતા, કલમ--૨૭૭ની પેટા-કલમ (૧) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ કલમ ૨૭૭-ની પેટા-કલમ (૧) હેઠળ ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારૂ આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયા તારીખથી ઠરાવેલ પંદર દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને સૂચિત જાહેરનામાના મુસદ્દા અંગે કોઈ વાંધો અથવા સૂચન મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૩૪મા)ની કલમ--૩૩ની પેટા-કલમ (૩) સાથે વાંચતા, કલમ--૨૭૭ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:—

૧. ટૂંકી સંજ્ઞા:—આ નિયમો, ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ પછાત વર્ગો અને સ્ત્રીઓની તરફેણમાં હોદ્દા અનામત રાખવા બાબત:—નગરપાલિકાના પ્રમુખનો હોદ્દો, અનુસૂચિમાં દર્શાવિલ રોસ્ટર, અનુસાર, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓની તરફેણમાં અનામત રાખવામાં આવશે.

૩. પ્રસંગોપાત ખાલી પડતી જગાઓ માટે અનામત ચાલુ રાખવા બાબત.—પ્રમુખના હોદ્દામાં પ્રસંગોપાત જગા ખાલી પડે તો તે ભરવા માટે કોઈ ચૂંટણી કરવાની હોય તો (જેની મુદત પૂરી થઈ ન હોય તેવા) અગાઉના પ્રમુખની ચૂંટણી માટે કોઈ અનામત લાગુ પાડી શકાય તો તે આવી ચૂંટણી માટે ચાલુ રહેશે.

૪. નગરપાલિકાની પુન:રચના થાય ત્યારે રોસ્ટર પોઈન્ટ.—અગાઉની નગરપાલિકાની મુદત પૂરી થયા પછી અથવા અગાઉની નગરપાલિકાની મુદત પૂરી થયા પહેલાં તેનું વિસર્જન કરવામાં આવ્યું હોય તે પછી નગરપાલિકાની પુન:રચના કરવામાં આવે ત્યારે, આવી પુન:રચના પછી પ્રમુખની ચૂંટણી માટે છેલ્લે ઉપયોગમાં લીધેલ રોસ્ટર પોઈન્ટની પછીના રોસ્ટર પોઈન્ટનો શરૂઆતના પોઈન્ટ તરીકે ઉપયોગ કરવો જોઈશે.

૫. રોસ્ટરનો સમયગાળો.—આ નિયમો અનુસાર યોજેલ પ્રથમ ચૂંટણીથી શરૂ થતી દસ વર્ષની મુદત માટે આ રોસ્ટરનો અમલ ચાલુ રહેશે.

૬. નવી નગરપાલિકા રચાય ત્યારે રોસ્ટર પોઈન્ટ.—નવા વિસ્તારોના જોડાણથી અથવા અન્યથા કોઈ નવી નગરપાલિકા રચાય ત્યારે રાજ્ય સરકાર, આવી નગરપાલિકા માટે જે સિદ્ધાંતો હેઠળ આ રોસ્ટર નક્કી કરવામાં આવ્યું હોય તે જ સિદ્ધાંતો ઉપર તેનું રોસ્ટર પોઈન્ટ નક્કી કરશે. અને આ કિસ્સામાં બીજી નગરપાલિકાઓના રોસ્ટરને ખલેલ પહોંચાડી શકાશે નહિ.

INDEX

અનુસૂચિ

નગરપંચાયતના પ્રમુખના હોદ્દા માટેનું રોસ્ટર

અનુક્રમાંક	નગરપંચાયતનું નામ	વર્ષવાર રોસ્ટર પોઈન્ટ									
		૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
		કક્ષા ક :— (પવ—૧, સ્ત્રી—૩, સામાન્ય—૬)									
૧.	વસ્રાલ	સા	પવ	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૨.	ચોરવાડ	સા	સ્ત્રી	સા	પવ	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૩.	માણાવદર	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	પવ	સા	સ્ત્રી	સા
૪.	ભાયાવદર	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	પવ	સા
૫.	કુતિયાણા	સા	પવ	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૬.	વંથળી	સા	સ્ત્રી	સા	પવ	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૭.	રાણાવાવ	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	પવ	સા	સ્ત્રી	સા
૮.	સલાયા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	પવ	સા
૯.	તળાજા	સા	પવ	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૧૦.	વીસાવદર	સા	સ્ત્રી	સા	પવ	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૧૧.	ચલાલા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	પવ	સા	સ્ત્રી	સા
૧૨.	હળવદ	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	પવ	સા
૧૩.	ગારિયાધાર	સા	પવ	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૧૪.	જાફરાબાદ	સા	સ્ત્રી	સા	પવ	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૧૫.	ગઢડા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	પવ	સા	સ્ત્રી	સા
૧૬.	જેશીંગપુરા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	પવ	સા
૧૭.	કાલાવડ	સા	પવ	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૧૮.	લાઠી	સા	સ્ત્રી	સા	પવ	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૧૯.	મેમનગર	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	પવ	સા	સ્ત્રી	સા
૨૦.	માણસા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	પવ	સા
૨૧.	બોરિયાવી	સા	પવ	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૨૨.	જામજોધપુર	સા	સ્ત્રી	સા	પવ	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૨૩.	મહુધા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	પવ	સા	સ્ત્રી	સા

INDEX

		૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૨૪.	ખેરાલુ	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	પવ	સા
૨૫.	આંકલાવ	સા	પવ	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૨૬.	પ્રાંતિજ	સા	સ્ત્રી	સા	પવ	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૨૭.	તલોદ	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	પવ	સા	સ્ત્રી	સા
૨૮.	કાલોલ (જિ.પંચમહાલ)	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	પવ	સા
૨૯.	રામોલ	સા	પવ	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૩૦.	વીજાપુર	સા	સ્ત્રી	સા	પવ	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૩૧.	ઓડ	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	પવ	સા	સ્ત્રી	સા
૩૨.	કરમસદ	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	પવ	સા
૩૩.	નવાગામ—ધેડ	સા	પવ	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૩૪.	વી. વી. નગર	સા	સ્ત્રી	સા	પવ	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૩૫.	ડાકોર	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	પવ	સા	સ્ત્રી	સા
૩૬.	ભચાઉ	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	પવ	સા
૩૭.	ખેડબ્રહ્મા	સા	પવ	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
		કક્ષા ખ : અનુસૂચિત આદિજાતિ—૧, પવ—૧, સ્ત્રી—૩, સામાન્ય—૫)									
૩૮.	કરજણ	સા	અઆ	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	પવ	સા	સ્ત્રી
૩૯.	દેવગઢ બારીયા	સ્ત્રી	સા	પવ	સા	સ્ત્રી	સા	અઆ	સા	સ્ત્રી	સા
		કક્ષા ગ : (અઆસા—૧, અસાસ્ત્રી—૧, પવ—૧, સ્ત્રી—૨, સામાન્ય—૫)									
૪૦.	સંતરામપુર	સ્ત્રી	સા	અસા	સા	પવ	સા	સ્ત્રી	સા	અઆ સ્ત્રી	સા
૪૧.	છોટાઉદેપુર	સા	અસા	સા	સ્ત્રી	સા	અઆ સ્ત્રી	સા	પવ	સા	સ્ત્રી
૪૨.	સોનગઢ	અઆ સ્ત્રી	સા	પવ	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	અઆ	સા
		કક્ષા ઘ : (અઆ—૨, અઆસ્ત્રી—૧, પવ—૧, સ્ત્રીઓ—૨, સામાન્ય—૪)									
૪૩.	પારડી	અઆ	સા	સ્ત્રી	સા	અઆસ્ત્રી	સા	પવ	સ્ત્રી	અઆ	સા
		કક્ષા ચ : (અઆ—૨, અઆસ્ત્રી—૨, પવ—૧, સ્ત્રીઓ—૧, સામાન્ય—૪)									
૪૪.	ઝાલોદ	અઆસ્ત્રી	સા	પવ	અઆ	સા	અઆસ્ત્રી	સા	સ્ત્રી	અઆ	સા
		કક્ષા છ : (અઆ—૩, અઆસ્ત્રી—૨, પવ—૧, સ્ત્રીઓ—૧; સામાન્ય——૩)									
૪૫.	ધરમપુર	અઆ	સ્ત્રી	અઆસ્ત્રી	સા	પવ	અઆ	સા	અઆસ્ત્રી	સા	અઆ

INDEX

		૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
		કક્ષા ૯ : (અજા—૧, પવ—૧, સ્ત્રીઓ—૩, સામાન્ય—૫)									
૪૬.	બાંટવા	સ્ત્રી	સા	પવ	સા	સ્ત્રી	સા	અજા	સા	સ્ત્રી	સા
૪૭.	મવડી	સા	અજા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	પવ	સા	સ્ત્રી
૪૮.	ભાણવડ	સ્ત્રી	સા	અજા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	પવ	સા
૪૯.	ચાણસ્મા	સા	અજા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	પવ
૫૦.	નાના—મવા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	અજા	સા	પવ	સા	સ્ત્રી	સા
૫૧.	સરખેજ ઓકફ	સા	સ્ત્રી	સા	અજા	સા	સ્ત્રી	સા	પવ	સા	સ્ત્રી
૫૨.	ધ્રોળ	સ્ત્રી	સા	સ્ત્રી	સા	અજા	સા	સ્ત્રી	સા	પવ	સા
૫૩.	ખેડા	સા	સ્ત્રી	સા	અજા	સા	સ્ત્રી	સા	પવ	સા	સ્ત્રી
૫૪.	રાધનપુર	અજા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	પવ	સા	સ્ત્રી	સા
૫૫.	હારીજ	સા	સ્ત્રી	સા	અજા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	પવ
૫૬.	ઈડર	અજા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	સા	પવ	સા
૫૭.	રાપર	સા	પવ	સા	સ્ત્રી	સા	અજા	સા	સ્ત્રી	સા	સ્ત્રી
૫૮.	ધાનેરા	સ્ત્રી	સા	પવ	સા	સ્ત્રી	સા	અજા	સા	સ્ત્રી	સા
		(કક્ષા ૭ : અજા—૧, અજાસ્ત્રી—૧, પવ—૧, સ્ત્રીઓ—૨, સામાન્ય—૫)									
૫૯.	થાનગઢ	અજાસ્ત્રી	સા	પવ	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	અજા	સા
૬૦.	થરાદ	સ્ત્રી	સા	અજા	સા	પવ	સા	સ્ત્રી	સા	અઆસ્ત્રી	સા

ઉપરની અનુસૂચિમાં વપરાયેલ સંક્ષિપ્ત રૂપો પર નોંધ:—

સા — સામાન્ય પવ — પછાત વર્ગ. સ્ત્રી (ઓ) — સ્ત્રી

અ.જા. — અનુસૂચિત જાતિ અઆ — અનુસૂચિત આદિજાતિ

અ.જા.સ્ત્રી — અનુસૂચિત જાતિ સ્ત્રી અઆસ્ત્રી — અનુસૂચિત આદિજાતિસ્ત્રી

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. એ. નાગોરી,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૩મી ડીસેમ્બર ૧૯૯૫ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીકે/૯૫/૨૫/એમએચકે/૧૯૯૧/૪૫/એફ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

re

THE DEPUTY SECRETARY TO GOVERNMENT ON THE LEGAL SIDE OF THE LEGAL DEPARTMENT LEGISLATIVE AND PARLIAMENTARY AFFAIRS DEPARTMENT RECRUITMENT RULES, 1995.

કાયદા વિભાગ અને વૈદ્યાનિક અને સંસદીય બાબતોના વિભાગમાં કાયદાકીય બાજુના સરકારના નાયબ સચિવની ભરતી કરવા બાબતના નિયમો, ૧૯૯૫ સંબંધી જાહેરનામું.

કાયદા વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ડીસેમ્બર, ૧૯૯૫.

ભારતનું સંવિધાન

ક્રમાંક : જીકે/૯૫/૨૫/એમએચકે/૧૯૯૧/૪૫/એફ.– ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને કાયદા વિભાગ અને વૈદ્યાનિક અને સંસદીય બાબતોના વિભાગમાં કાયદાકીય બાજુએ સરકારના નાયબ સચિવની જગાની ભરતીને લાગે વળગે છે તેટલે સુધી આ અર્થે કરેલા તમામ વિદ્યમાન નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, કાયદા વિભાગ અને વૈદ્યાનિક અને સંસદીય બાબતોના વિભાગની કાયદાકીય બાજુએ, સરકારના નાયબ સચિવની જગા ગુજરાત સચિવાલય સેવા, વર્ગ-૧ ની ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે.–

૧. આ નિયમો, કાયદા વિભાગ અને વૈદ્યાનિક અને સંસદીય બાબતોના વિભાગની કાયદાકીય બાજુએ સરકારના નાયબ સચિવની ભરતી કરવા બાબતના નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. કાયદા વિભાગ અને વૈદ્યાનિક અને સંસદીય બાબતોના વિભાગની કાયદાકીય બાજુએ સરકારના નાયબ સચિવની જગા, ગુજરાત સચિવાલય સેવા, વર્ગ-૧ની જગા ઉપરની નિમણૂંક, જેણે કાયદા વિભાગ અને વૈદ્યાનિક અને સંસદીય બાબતોના વિભાગની કાયદાકીય બાજુએ, ઉપસચિવ તરીકે પાંચ કરતા ઓછા ન હોય તેટલા વર્ષ સુધી કામ કર્યું હોય તેવી વ્યકિતઓમાંથી સિધ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યકિતને બઢતી આપીને કરવામાં આવશે.

પરંતુ નિમણૂંક સત્તાધિકારીને એવી ખાતરી થાય કે ઉપર્યુકત અનુભવ ધરાવતી વ્યકિત બઢતી માટે પ્રાપ્ય નથી અને ઓછો અનુભવ ધરાવતી વ્યકિતને બઢતી આપીને જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો, તે લેખિતમાં કારણોની નોંધ કરીને, ઉપર નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતિયાંશ કરતાં ઓછી ન હોય તેટલી મુદતનો અનુભવ હોય તેવી વ્યકિતને બઢતી આપી શકશે :

વધુમાં કાયદા વિભાગની કાયદાકીય બાજુએ સરકારના નાયબ સચિવની મુદતી જગા ગુજરાત રાજ્ય ન્યાય સેવામાં સહાયક ન્યાયાધીશ તરીકે કામ કરતી વ્યકિતઓમાંથી બદલીથી ભરી શકાશે અને તે, રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવા તેના પગાર ધોરણ ઉપરાંત ખાસ પગાર કોઈ હોય તો તે, મેળવવાની હકદાર રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. ડી. ચિતારા,
સરકારના ઉપસચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી ડીસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૫નો/૧૮૬/ટીપીઓસ/૧૩૯૪/૯૯૪/એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિક્કરી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1996.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર,

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ડીસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૫નો ૧૮૬/ટીપીઓસ/૧૩૯૪/૯૯૪/એલ,—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૨નો ૩૧/ટીપીઓસ/૧૩૮૦/૨૧૨૫/એલ હેઠળ, ગુજરાત સરકારે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનને તેને સાદર કરેલ નગરરચના યોજના રાજકોટ ક્રમાંક ૭નો મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજુર કર્યો હતો;

અને સદરહુ અધિનિયમની કલમ ૫૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે સદરહુ યોજનાના મુસદ્દા માટે, નગરરચના અધિકારીની નિમણુંક કરી હતી;

અને, તેથી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧લી માર્ચ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૮નો ૫૦/ટીપીઓસ/૧૩૮૫/૫૧૪/(૮૭)/એલ હેઠળ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા)ની કલમ ૬૫ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, નગરરચના યોજના રાજકોટ ક્રમાંક ૭ પ્રારંભિક મંજૂર કરી છે.

અને નગરરચના અધિકારીએ, સદરહુ અધિનિયમની કલમ ૫૨-ની પેટા કલમ (૨) અને કલમ ૬૨ની પેટા-કલમ (૨) હેઠળ ફરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના રાજકોટ ક્રમાંક ૭ છેવટની યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ છેવટની યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલ ફેરફારોને આધીન રહીને, "સદરહુ આખરી યોજના" મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે "સદરહુ છેવટની યોજના" રવિવાર અને રજાના દિવસો સિવાય તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન રાજકોટની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

(ગ) સદરહુ કલમ ૬૫ની પેટા-કલમ (૨)નાં ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૬ નક્કી કરે છે.

INDEX

અનુસૂચિ

૧. ફેર વહેંચણી અને મુલ્યાંકન પત્રકમાં, યોજના બુકમાં પાના નં. ૨૩૫ થી ૨૪૧ પર કોલમ નં. ૨૫૨, અનુક્રમાંક ૧ થી ૨૬ પર, "જાહેર હેતુ માટે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનને ફાળવેલ છેવટનો પ્લોટ" એ શબ્દોને બદલે, "સમુચિત સત્તામંડળ-રા જકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન" એ શબ્દો મૂકવા.

૨. છેવટની યોજના દસ્તાવેજોમાં, પાના નં. ૨૪૬ પર, કોલમ નં. ૪ પર કામના ખર્ચના નિવેદનમાં, ...નગરરચના યોજના અમલમાં આવ્યાની તારીખથી પાંચ વર્ષ" એ શબ્દોને બદલે"..... પ્રારંભિક યોજના અમલમાં આવ્યાની તારીખથી પાંચ વર્ષ" એ શબ્દો મૂકવા.

૩. વિકાસ નિયંત્રણ વિનિયમોમાં, યોજના બુકમાં, પાના નં. ૧૩ પર વિનિયમ ક્રમાંક ૬.૨. (ક)(૮)માં કરેલી જોગવાઈ, "પરંતુ જ્યાં જાહેર હેતુ માટે, સદરહુ નગરરચના યોજના હેઠળ નગરરચના યોજના અમલમાં આને અનામત હોય ત્યારે સક્ષમ સત્તાધિકારી, વિનિયમ ક્રમાંક ૧૩.૧.૭ક, અને ૧૩.૧.૭બ અને સહિયારા પ્લોટની જોગવાઈઓને લગતા બીજા કોઈપણ વિનિયમમાંથી નગરરચના યોજના હેઠળ જાહેર હેતુ માટે ઉત્તર જણાવેલી અનામત ધ્યાનમાં લીધા પછી પૂર્ણત: અથવા અંશત: પ્લોટના માલિકને મુકિત આપી શકશે." એ મજકૂર ક્રમી કરવો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી, અને
સંયુકત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૭મી ડિસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૯૫/ડીવીપી/૧૫૯૪/૩૫૮૯/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ડિસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી અધિનિયમ, ૧૯૭૬:

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૯૫/ડીવીપી/૧૫૯૪/૩૫૮૯/એલ : ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે, તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૨૪૦/ડીવીપી/૧૫૮૩/૪૪૨૦ (૮૭) એલ હેઠળ મંજૂર કરેલ અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે :—

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા)ની કલમ ૧૯૧ પેટા કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને;

INDEX

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો કાંથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭ના ૨૪૦/ડીવીપી/૧૧૮૩/૪૪૨૦/(૮૭)/એલથી મંજૂર કરેલી ઔડાની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

ઔડાની મંજુર કરેલી વિકાસ યોજનામાં, આ સાથે જોડેલા પ્લાન ઉપર "A B C D E" નિશાની કરીને દર્શાવેલ સાણંદ ગામના મહેસૂલી સર્વે નં. ૧૬૬, ૧૬૭, ૧૬૯, ૧૭૦, ૧૭૯, ૧૮૦, ૧૮૧, ૧૮૩, ૧૮૪ અને ૧૮૭ માંથી પસાર થતો ૧૮.૦૦ મીટર પહોળો સૂચિત રસ્તો કમી કરવો અને આ રીતે મુકત કરેલી જમીનો, અધિનિયમની કલમ ૧૨ (૨) (ક) હેઠળ સામાન્ય ઔદ્યોગિક ઝોન તરીકે મુકરર કરવી અને આ સાથે જોડેલ ઉપર્યુકત પ્લાનમાં 'A-A' નિશાની કરીને દર્શાવેલ સાણંદ ગામના સર્વે નં. ૧૫૩, ૧૫૭, ૧૫૮, ૧૬૦, ૧૬૫ અને ૧૬૬માંથી પસાર થતો ૧૮.૦૦ મીટર પહોળો નવો રસ્તો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ખ) હેઠળ સૂચિત કરવો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૫નો/૧૮૭/ટીપીઓસ/૨૩૯૩/૩૪૬૪/એલ.—નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોનો જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. એન. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર,

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ડીસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૫નો/૧૮૭/ટીપીઓસ/૨૩૯૩/૩૪૬૪-એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૩/ટીપીઓસ/૨૦૯૦/૩૬૮૪/એલ હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સને ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રુએ, જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ પોતાને સાદર કરેલ નગરરચના યોજના, જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ નં. ૩ (જામનગર-ધ્રુંવાવ)ના મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો;

INDEX

અને સદરહુ અધિનિયમની કલમ ૫૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણૂંક કરી હતી;

અને એવી રીતે નિમાયેલા નગરરચના અધિકારીએ, સદરહુ અધિનિયમની કલમ ૬૩ હેઠળ સદરહુ યોજનાના મુસદ્દાને બે જુદા વિભાગોમાં અલગ કરેલ છે. એટલે કે નગરરચના યોજના જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ નં. ૩ (જામનગર-ધુંવાવ) વિભાગ-ક અને નગરરચના યોજના જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ નં. ૩ (જામનગર-ધુંવાવ) વિભાગ-ખ;

અને નગરરચના અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૫૨ની પેટા-કલમ (૨) અને કલમ ૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના જામનગર વિસ્તારે વિકાસ સત્તામંડળ, નં. ૩ (જામનગર, ધુંવાવ) વિભાગ-ખ, પ્રારંભિક યોજના (જેને આમાં હવે પછી, "સદરહુ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરેલ છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફારોને અધીન રહીને, "સદરહુ પ્રારંભિક યોજના" મંજૂર કરે છે;

(ખ) જણાવે છે, કે, સદરહુ યોજના રવિવાર અને રજાના દિવસો સિવાય તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન, જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ, જામનગરની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે; અને

(ગ) સદરહુ કલમ ૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૬ નક્કી કરે છે.

અનુસૂચિ

૧. પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાં, પાના નં. ૪૫ પર નોંધ નં. ૧૧ બદલે, "યોજનામાં સુચિત વિકાસ કાર્ય પૂરા કરવા માટેની સમય મર્યાદા પ્રારંભિક યોજના અમલમાં આવે તે તારીખથી ૫ વર્ષની રહેશે." એ મજકૂર મૂકવો.

૨. પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં, પુનઃ વહેંચણી પત્રકમાં, અનુક્રમાંક-૨૯ પર પાના નં. ૧૨૩ પર "અનામતો" તરીકે આવતા શબ્દોને બદલે "ફાળવણીઓ" એ શબ્દો મૂકવા.

૩. વિકાસ નિયંત્રણ વિનિયમોને પ્રારંભિક યોજના દસ્તાવેજોમાંથી બાકાત કર્યા હોય તેમ જણાવવું જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુક્ત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૭મી ડિસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીજી/૯૫/૨૦૨/એમટીએ/૧૭૯૧/૫૭૮/કિએચ. અને જીજી/૯૫/૨૦૩/એમટીએ/૧૭૯૧/૫૭૮/ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE BOMBAY MOTOR VEHICLES TAX ACT, 1958.

મુંબઈ મોટર વાહનવેરા અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ડિસેમ્બર, ૧૯૯૫.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીજી/૯૫/૨૦૨/એમટીએ/૧૭૯૧/૫૭૮/કેએચ.—મુંબઈ મોટર વાહનવેરા નિયમો, ૧૯૫૯ના નિયમ—૧૬કના ખંડ (૧) સાથે વાંચતા મુંબઈ મોટર વાહનવેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ—૧૩ની પેટા-કલમ (૨) મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, "રાજયોગ એજ્યુકેશન એન્ડ રીચર્સ ફાઉન્ડેશન" પાંડવ ભવન, માઉન્ટ આબુ (રાજસ્થાન)ની માલિકીના આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૨ અને ૩માં નિર્દિષ્ટ કરેલ મોટર વાહનો જે ધાર્મિક, શૈક્ષણિક અને સખાવતી ઉદ્દેશો માટે ઉપયોગમાં લેવાનું હોય અથવા ઉપયોગ કરવા માટે રાખેલ હોય તે વાહનને, આ જાહેરનામું બહાર પાડયાની તારીખથી, સદરહુ વાહનનો ગુજરાત રાજ્યમાં દાખલ થયાનો સમય અને તારીખ તેમજ સદરહુ ઉદ્દેશો માટે ગુજરાત રાજ્યમાં તેના રોકાણની અને ઉપયોગની મુદત દર્શાવતું રેકર્ડ ફાઉન્ડેશને રાખવું જોઈશે તેવી શરતને અધીન રહીને, ઉપર્યુકત ઉદ્દેશો સાધવા માટે એવી રીતે વાપરવાનું અથવા વાપરવા માટે ચાલુ રાખવામાં આવે ત્યાં સુધી, વેરો ભરવામાંથી સંપૂર્ણતઃ મુકિત આપે છે. સંસ્થાએ દરેક એવા પ્રસંગ પછી, શકય હોય તેટલું જલદી વાહન વ્યવહાર કમિશનર, ગુજરાત રાજ્ય, અમદાવાદને આ વિગતો પૂરી પાડવી જોઈશે.

અનુસૂચિ

અનુક્રમાંક	મોટર વાહનનો વર્ગ	નોંધણી ક્રમાંક	
૧	૨	૩	
૧.	ટ્રક (તાતા—૪૦૭)	RJ—24/G	0244
૨.	ટ્રક (તાતા—૪૦૭)	RJ—24/G	0235
૩.	ટ્રક (તાતા—૧૨૧૦ ડમ્પેલ ટ્રક)	RJ—24/G	0196
૪.	ટ્રક (તાતા ૬૦૯ નવું)	RJ—24/G	0247
૫.	ટ્રક (તાતા—૪૦૭)	RJ—24/G	0265
૬.	ટ્રક (ટીડીવી-નિકાલ ટ્રક)	RJ—24/G	0157
૭.	મીની ટ્રક-પીક અપ ડી/વી મેટાડોર— RA—307)	RJ—24/G	0283
૮.	ટેન્કર (તાતા)	RJ—24/G	0229
૯.	બસ (બેઠક ક્ષમતા ૩૭+૧)	RJ—24/P	0116
૧૦.	બસ (બેઠક ક્ષમતા ૪૫+૨)	RJ—24/P	0242
૧૧.	મીની બસ (તાતા—૪૦૭ બેઠક ક્ષમતા ૨૦+૧)	RJ—24/P	0463
૧૨.	મીની બસ (તાતા LP/609/38 બેઠક ક્ષમતા ૧૮+૧)	RJ—24/P	0427

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. મુ. ગામીત,
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

INDEX

Notification

Under

THE GUJARAT CARRIAGE OF GOODS TAXATION ACT, 1962.

ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

ગુજરાત સરકાર

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ડિસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨.

ક્રમાંક : જીજી/૯૫/૨૦૩/એમટીએ/-૧૭૯૧/૫૭૮/ખ.—ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨ (સન ૧૯૬૨ના ગુજરાતના ૩૨મા)ની કલમ--૩૧ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ--૨ અને ૩માં નિર્દિષ્ટ કરેલાં માલ વાહનોમાં ધાર્મિક, શૈક્ષણિક અને સંખાવતી ઉદ્દેશો સાધવા માટે "રાજયોગ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઈન્ડેશન", પાંડવ ભવન, માઉન્ટ આબુ (રાજસ્થાન) દ્વારા અથવા તેનાં વતી લઈ જવાતા માલને, આ જાહેરનામું બહાર પડયાની તારીખથી ઉપર્યુક્ત ઉદ્દેશો સાધવા માટે માલ લઈ જવામાં આવે ત્યાં સુધી, વેરો ભરવામાંથી એ શરતને આધીન રહીને સંપૂર્ણતઃ માફી આપે છે કે, સદરહુ વાહનો ગુજરાત રાજ્યમાં દાખલ થયાનો સમય અને તારીખ તેમજ સદરહુ ઉદ્દેશો માટે ગુજરાતમાં તેના રોકાણની મુદત અને તેનો ઉપયોગ દર્શાવતું રેકર્ડ તે ફાઉન્ડેશને રાખવું જોઈશે. ફાઉન્ડેશને, એવા દરેક પ્રસંગ પછી, શકય હોય તેટલું જલદી, વાહનવ્યવહાર કમિશનર, ગુજરાત રાજ્ય, અમદાવાદને આ વિગતો પૂરી પાડવી જોઈશે.

અનુસૂચિ

અનુક્રમાંક	મોટર વાહનોનો વર્ગ	નોંધણી ક્રમાંક	
૧	૨	૩	
૧.	ટ્રક (તાતા—૪૦૭)	RJ–24/G	0244
૨.	ટ્રક (તાતા—૪૦૭)	RJ–24/G	0235
૩.	ટ્રક (તાતા—૧૨૧૦ ડમ્પેલ ટ્રક)	RJ–24/G	0796
૪.	ટ્રક (તાતા—૬૦૯ નવું)	RJ–24]G	0247
૫.	ટ્રક (તાતા—૪૦૭)	RJ–24]G	0265
૬.	ટ્રક (ટીડીવી—નિકાલ ટ્રક)	RJ–24/G	0757
૭.	મીની ટ્રક-પીક અપ ડી/વી (મિટાડોર—આરએ—૩૦૭)	RJ–24/G	0283
૮.	ટેન્કર (તાતા)	RJ–24/G	0229

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. યુ. ગામીત,
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨જી જાન્યુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેચી-૧-૯૬-એનપીએલ-૪૫૯૪-૪૬૦૯-એમનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

THE GUJARAT MUNICIPALITIES (RESERVATION OF S.C. S.T. B.C. AND WOMEN FOR THE OFFICE OF THE PRESIDENT) RULES, 1995.

ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા) બાબત નિયમો, ૧૯૯૫ સંબંધી જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક : કેચી-૧-૯૬-એનપીએલ-૪૫૯૪-૪૬૦૯-એમ.—ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ—૩૩ની પેટા-કલમ (૩) સાથે વાંચતા કલમ—૨૭૭થી ઠરાવ્યા પ્રમાણે, ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિ-જાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા) બાબત નિયમો, ૧૯૯૫નો મુસદ્દો, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેચી-૧૬૮-૯૫-એનપીએલ-૪૫૯૪-૧-૪૬૦૯-એમ, હેઠળ, તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ ભાગ ૧ એમાં પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવા સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી સદરહુ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી પંદર દિવસમાં વાંધા અને સૂચનો મંગાવ્યા હતાં;

અને, તેથી, સદરહુ મુસદ્દા પર એ રીતે મળેલ વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૩૩ની પેટા—કલમ—(૩) સાથે વાંચતા કલમ—૨૭૭ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર, આથી નીચેના નિયમો કરે છે:—

૧. ટૂંકી સંજ્ઞા:—આ નિયમો, ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા) બાબત નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓની તરફેણમાં હોદ્દા અનામત રાખવા બાબત:—નગર-પાલિકાના પ્રમુખનો હોદ્દો; અનુસૂચિમાં દર્શાવેલ રોસ્ટર અનુસાર, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓની તરફેણમાં અનામત રાખવામાં આવશે.

૩. પ્રસંગોપાત ખાલી પડતી જગાઓ માટે અનામત ચાલુ રાખવા બાબત.—પ્રમુખના હોદ્દામાં પ્રસંગોપાત જગા ખાલી પડે તો તે ભરવા માટે કોઈ ચૂંટણી કરવાની હોય તો (જેની મુદત પૂરી થઈ ન હોય તેવા) અગાઉના પ્રમુખની ચૂંટણી માટે કોઈ અનામત લાગુ પાડી શકાય તો તે આવી ચૂંટણી માટે ચાલુ રહેશે.

૪. નગરપાલિકાની પુનઃરચના થાય ત્યારે રોસ્ટર પોઈન્ટ:—અગાઉની નગરપાલિકાની મુદત પૂરી થયા પછી અથવા અગાઉની નગર-પાલિકાની મુદત પૂરી થયા પહેલાં તેનું વિસર્જન કરવામાં આવ્યું હોય તે પછી નગરપાલિકાની પુનઃરચના કરવામાં આવે ત્યારે, આવી પુનઃરચના પછી પ્રમુખની ચૂંટણી માટે છેલ્લે ઉપયોગમાં લીધેલ રોસ્ટર પોઈન્ટની પછીના રોસ્ટર પોઈન્ટનો શરૂઆતના પોઈન્ટ તરીકે ઉપયોગ કરવો જોઈશે.

૫. રોસ્ટરનો સમયગાળો:—આ નિયમો અનુસાર યોજેલ પ્રથમ ચૂંટણીથી શરૂ થતી દસ વર્ષની મુદત માટે આ રોસ્ટરનો અમલ ચાલુ રહેશે.

INDEX

૬. નવી નગરપાલિકા રચાય ત્યારે રોસ્ટર પોઈન્ટ:—નવા વિસ્તારોના જોડાણથી અથવા અન્યથા કોઈ નવી નગરપાલિકા રચાય ત્યારે રાજ્ય સરકાર, આવી નગરપાલિકા માટે જે સિદ્ધાંતો હેઠળ આ રોસ્ટર નક્કી કરવામાં આવ્યું હોય તે જ સિદ્ધાંતો ઉપર તેનું રોસ્ટર પોઈન્ટ નક્કી કરશે અને આ કિસ્સામાં બીજી નગરપાલિકાઓના રોસ્ટરને ખલેલ પહોંચાડી શકાશે નહિ.

અનુસૂચિ

નગરપંચાયતના પ્રમુખના હોદ્દા માટેનું રોસ્ટર

અનુક્રમાંક	નગરપંચાયતનું નામ	વર્ષવાર રોસ્ટર પોઈન્ટ									
		૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
		કક્ષા ક :– (પ૨–૧, સ્ત્રી–૩, સામાન્ય–૬)									
૧.	વસ્રાલ	સા	પ૨	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૨.	ચોરવાડ	સા	સ્ત્રી	સા	પ૨	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૩.	માણાવદર	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	પ૨	સા	સા	સા
૪.	ભાયાવદર	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	પ૨	સા
૫.	કુતિયાણા	સા	પ૨	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૬.	વંથળી	સા	સ્ત્રી	સા	પ૨	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૭.	રાણાવાવ	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	પ૨	સા	સ્ત્રી	સા
૮.	સલાયા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	પ૨	સા
૯.	તળાજા	સા	પ૨	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સ્ત્રી	સ્ત્રી	સ્ત્રી	સા
૧૦.	વીસાવદર	સા	સ્ત્રી	સા	પ૨	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૧૧.	ચલાલા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	પ૨	સા	સ્ત્રી	સા
૧૨.	હળવદ	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	પ૨	સા
૧૩.	ગારિયાધાર	સા	પ૨	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૧૪.	જાફરાબાદ	સા	સ્ત્રી	સા	પ૨	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૧૫.	ગઢડા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	પ૨	સા	સ્ત્રી	સા
૧૬.	જોશીપુરા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	પ૨	સા
૧૭.	કાલાવડ	સા	પ૨	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૧૮.	લાઠી	સા	સ્ત્રી	સા	પ૨	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૧૯.	મેમનગર	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	પ૨	સા	સ્ત્રી	સા
૨૦.	માણસા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	પ૨	સા
૨૧.	બોરિયાવી	સા	પ૨	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા

INDEX

		૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૨૨.	જામજોધપુર	સા	સ્ત્રી	સા	પવ	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૨૩.	મહુધા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	પવ	સા	સ્ત્રી	સા
૨૪.	ખેરાલુ	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	પવ	સા
૨૫.	આંકલાવ	સા	પવ	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૨૬.	પ્રાંતિજ	સા	સ્ત્રી	સા	પવ	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૨૭.	તલોદ	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	પવ	સા	સ્ત્રી	સા
૨૮.	કાલોલ (જિ.પંચમહાલ)	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	પવ	સા
૨૯.	રામોલ	સા	પવ	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૩૦.	વીજાપુર	સા	સ્ત્રી	સા	પવ	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૩૧.	ઓડ	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	પવ	સા	સ્ત્રી	સા
૩૨.	કપડવંજ	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	પવ	સા
૩૩.	નવાગામ—ધોળકા	સા	પવ	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૩૪.	વી. વી. નગર	સા	સ્ત્રી	સા	પવ	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા
૩૫.	ડાકોર	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	પવ	સા	સ્ત્રી	સા
૩૬.	ભચાઉ	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	પવ	સા
૩૭.	ખેડબ્રહ્મા	સા	પવ	સા	સ્ત્રી	સા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા

કક્ષા ખ : (અનુસૂચિત આદિજાતિ—૧, પવ—૧, સ્ત્રી—૩, સામાન્ય—૫)

૩૮.	કરજણ	સા	અઆ	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	પવ	સા	સ્ત્રી
૩૯.	દેવગઢ બારીયા	સ્ત્રી	સા	પવ	સા	સ્ત્રી	સા	અઆ	સા	સ્ત્રી	સા

કક્ષા ગ : (અઆ—૧, અસાસ્ત્રી—૧, પવ—૧, સ્ત્રી—૨, સામાન્ય—૫)

૪૦.	સંતરામપુર	સ્ત્રી	સા	અઆ	સા	પવ	સા	સ્ત્રી	સા	અઆસ્ત્રી	સા
૪૧.	છોટાઉદેપુર	સા	અઆ	સા	સ્ત્રી	સા	અઆસ્ત્રી	સા	પવ	સા	સ્ત્રી
૪૨.	સોનગઢ	અઆસ્ત્રી	સા	પવ	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	અઆ	સા

કક્ષા ઘ : (અઆ—૨, અઆસ્ત્રી—૧, પવ—૧, સ્ત્રીઓ—૨, સામાન્ય—૪)

૪૩.	પારડી	અઆ	સા	સ્ત્રી	સા	અઆસ્ત્રી	સા	પવ	સ્ત્રી	અઆ	સા

કક્ષા ચ : (અઆ—૨, અઆસ્ત્રી—૨, પવ—૧, સ્ત્રીઓ—૧, સામાન્ય—૪)

INDEX

		૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૪૪.	ઝાલોદ	અઆઅસ્ત્રી	સા.	પવ	અઆ	સા	અઆઅસ્ત્રી	સા	સ્ત્રી	અઆ	સા

કક્ષા છ : (અઆ—૩, અઆઅસ્ત્રી—૨, પવ—૧, સ્ત્રીઓ—૧; સામાન્ય—૩)

૪૫.	ધરમપુર	અઆ	સ્ત્રી	અઆઅસ્ત્રી	સા	પવ	અઆ	સા	અઆઅસ્ત્રી	સા	અઆ

કક્ષા ૭ : (અજા—૧, પવ—૧, સ્ત્રીઓ—૩, સામાન્ય—૧)

૪૬.	બાંટવા	સ્ત્રી	સા	પવ	સા	સ્ત્રી	સા	અજા	સા	સ્ત્રી	સા
૪૭.	મવડી	સા	અજા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	પવ	સા	સ્ત્રી
૪૮.	ભાણવડ	સ્ત્રી	સા	અજા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	પવ	સા
૪૯.	ચાણસ્મા	સા	અજા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	પવ
૫૦.	નાના—મવા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	અજા	સા	પવ	સા	સ્ત્રી	સા
૫૧.	સરખેજ ઓકફ	સા	સ્ત્રી	સા	અજા	સા	સ્ત્રી	સા	પવ	સા	સ્ત્રી
૫૨.	ધોળ	સ્ત્રી	સા	સ્ત્રી	સા	અજા	સા	સ્ત્રી	સા	પવ	સા
૫૩.	ખેડા	સા	સ્ત્રી	સા	અજા	સા	સ્ત્રી	સા	પવ	સા	સ્ત્રી
૫૪	રાધનપુર	અજા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	પવ	સા	સ્ત્રી	સા
૫૫.	હારીજ	સા	સ્ત્રી	સા	અજા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	પવ
૫૬.	ઈડર	અજા	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	પવ	સા
૫૭.	રાપર	સા	પવ	સા	સ્ત્રી	સા	અજા	સા	સ્ત્રી	સા	સ્ત્રી
૫૮.	ધાનેરા	સ્ત્રી	સા	પવ	સા	સ્ત્રી	સા	અજા	સા	સ્ત્રી	સા

કક્ષા ૬:— (અજા—૧, અજાસ્ત્રી—૧, પવ—૧, સ્ત્રીઓ—૨, સામાન્ય—૧)

૫૯.	થાનગઢ	અજા	સા	પવ	સા	સ્ત્રી	સા	સ્ત્રી	સા	અજા	સા
		સ્ત્રી									
૬૦.	થરાદ	સ્ત્રી	સા	અજા	સા	પવ	સા	સ્ત્રી	સા	અઆઅસ્ત્રી	સા

ઉપરની અનુસૂચિમાં વપરાયેલ સંક્ષિપ્ત રૂપો પર નોંધ:—

સા— —સામાન્ય પવ —પછાતવર્ગ સ્ત્રી ( ) ક-સ્ત્રી

અજા— અનુસૂચિત જાતિ અઆ, અનુસૂચિત આદિજાતિ

અ.જા.સ્ત્રી— અનુસૂચિત જાતિ સ્ત્રી અઆઅસ્ત્રી —અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

એ. એ. નાગોરી,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી માર્ચ, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક :-જીએચ/વી/૧૯૯૬નો ૪૫/ડીવીપી/૧૫૯૫/૨૬૨૪/એલ ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યા છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT.,1976

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ.

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧લી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક :- જીએચ/વી/૧૯૯૬નો ૪૫/ડીવીપી/૧૫૯૫/૨૬૨૪/એલ :- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭ ના ૨૪૦-ડીવીપી-૧૫૮૩--૪૪૨૦-(૮૭)--એલ હેઠળ મંજૂર કરેલી અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળની શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને;

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે ;

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ વ/૧૯૮૭નો ૨૪૦/ડીવીપી/૧૫૮૩/૪૪૨૦-(૮૭)-એલ થી મંજૂર કરેલી ઔડાની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

અનુસૂચિ

ઔડાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "ઔડાની જમીન વિકાસ અને નગરવસાહત યોજના" માટે મુકરર કરેલી, આ સાથે જોડેલા પ્લાનમાં A B C D E F G H I J K L M N O P Q R S નિશાની કરીને દર્શાવેલી સાણંદ, મહેસૂલી સરવે નં. ૨૯૧/ભાગ, ૩૪૯/ભાગ, ૩૫૦, ૩૫૧, ૩૫૨, ૩૭૬, ૩૭૭, ૩૭૪, ૩૭૯, ૩૮૦/ભાગ, ૩૮૧, ૩૮૨ ૩૮૩/ભાગ, ૩૮૪, ૩૮૫, ૩૮૬, ૩૮૭, ૩૮૮ અને ૩૮૯ (વિસ્તાર ૫.૯૫ હેકટર) વાળી જમીનોનો બ્લોક સદરહુ અનામતમાંથી કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ડ) હેઠળ "એ.પી.એમ.સી. સાણંદ" માટે અનામત રાખવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, MAY 23, 1996/JYAISTHA 2, 1918 [No. 21

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી એપ્રિલ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી માર્ચ, ૧૯૯૬ના ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીપી/૮/ડીએનટી/૨૨૭૯/૧૩૧૭(૨)(૯૬)વી નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ માટે પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Rs

THE PROFESSOR IN GENERAL PHYSIOLOGY IN GENERAL STATE SERVICES CLASS-I RECRUITMENT, RULES, 1996.

સામાન્ય રાજ્ય સેવા, વર્ગ-૧માં, સામાન્ય શરીર વિજ્ઞાનમાં પ્રોફેસરની ભરતી નિયમો, ૧૯૯૬ સંબંધી જાહેરનામું

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી માર્ચ, ૧૯૯૬.

ભારતનું સંવિધાન

ક્રમાંક : જીપી/૮/ડીએનટી/૨૨૭૯/૧૩૧૭(૨)(૯૬)વી.— ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, સરકારી ડેન્ટલ કોલેજો અને હોસ્પિટલોમાં સામાન્ય રાજ્ય સેવા, વર્ગ-૧માં, સામાન્ય શરીર વિજ્ઞાનમાં પ્રોફેસરની જગા ઉપરની ભરતીનું નિયમન કરવા માટે નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો સામાન્ય રાજ્ય સેવા, વર્ગ-૧માં, સામાન્ય શરીર વિજ્ઞાનમાં પ્રોફેસરની ભરતી નિયમો, ૧૯૯૬ કહેવાશે.

૨. સરકારી ડેન્ટલ કોલેજો અને હોસ્પિટલોમાં, સામાન્ય શરીર વિજ્ઞાનમાં પ્રોફેસરની જગા ઉપરની નિમણૂક—

(ક) સરકારી ડેન્ટલ કોલેજોમાં, સામાન્ય શરીર વિજ્ઞાનમાં મદદનીશ પ્રોફેસર તરીકે કામ કરતી અને સીધી પસંદગીથી નિમણૂક માટે નિયમ ૩માં ઠરાવેલી શૈક્ષણિક લાયકાતો અને શિક્ષણ કાર્યનો અનુભવ ધરાવતી વ્યકિતઓમાંથી સિધ્ધ ગુણવત્તા અને કાર્ય-દક્ષતાવાળી વ્યકિતને બઢતી આપીને, અથવા

(ખ) સીધી પસંદગીથી ;

કરવામાં આવશે.

પરંતુ, બઢતી દ્વારા જગા ભરવા માટે યોગ્ય ઉમેદવારો પ્રાપ્ય ન હોય ત્યારે જ સીધી પસંદગીથી નિમણૂક કરવામાં આવશે.

૩. નિયમ ૨માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,—

(ક) ૪૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈએ નહિ ;

(ખ) (૧) ગુજરાતમાંની વૈદ્યાનિક યુનિવર્સિટીની બી.ડી.એસ. ની પદવી અથવા ભારતની ડેન્ટલ કાઉન્સિલ દ્વારા માન્ય કરાયેલ અન્ય કોઈપણ સમકક્ષ લાયકાતો,— અથવા ગુજરાતમાંની વૈદ્યાનિક યુનિવર્સિટીની એમ.બી.બી.એસ. ની પદવી અથવા ભારત મેડીકલ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૫૬ની પહેલી અથવા બીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી અન્ય કોઈપણ લાયકાતો ધરાવતો હોવો જોઈએ ;

(૨) શરીર વિજ્ઞાનમાં અનુસ્નાતકની પદવી અથવા ભારત મેડીકલ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૫૬ની પહેલી અથવા બીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી સમકક્ષ લાયકાતો ધરાવતો હોવો જોઈએ ;

(૩) ઉપરના ખંડ (ખ)(૨)માં નિર્દિષ્ટ કરેલ અનુસ્નાતકની લાયકાત મેળવ્યા પછી, મેડીકલ અથવા ડેન્ટલ કોલેજોમાં, શરીર વિજ્ઞાનમાં મદદનીશ પ્રોફેસર તરીકે આશરે નવ વર્ષનો શિક્ષણ કાર્યનો અનુભવ ધરાવતો હોવો જોઈએ :

પરંતુ અસાધારણ સારી લાયકાતો અથવા અનુભવ અથવા તે બંને ધરાવતા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે :

વધુમાં, ગુજરાત - રાજ્ય સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર, ગુજરાત સરકારની નોકરીમાં અગાઉથી હોય તેવી વ્યકિતઓના કિસ્સામાં પણ ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે :

વળી, પાયાની ડેન્ટલ લાયકાતવાળા ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે :

વળી, જે વિષયના સંશોધન કાર્યમાં અગાઉથી તાલીમ અને અનુભવ ધરાવતા, અને તે વિષય ઉપર મૌલિક સંશોધન કાર્ય, માન્ય કરેલ સામાયિકોમાં પ્રસિધ્ધ કરેલ હોય તેવા ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

INDEX

૪. સીધી પસંદગીથી નિમાયેલ ઉમેદવારને, બે વર્ષની મુદત સુધી પ્રોબેશન ઉપર રાખવામાં આવશે.

૫. પસંદ થયેલ ઉમેદવારે, તે અર્થે સરકારે કરેલા નિયમો અનુસાર ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંનેની પરીક્ષા પાસ કરવી પડશે.

૬. દંત ચિકિત્સક અધિનિયમ, ૧૯૪૮ અથવા ગુજરાત મેડીકલ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૬૩ અથવા તે સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈપણ તત્સમાન કાયદા હેઠળ જો પસંદ થયેલ ઉમેદવારનું નામ રજિસ્ટર થયેલ ન હોય તો તેમણે ફરજ ઉપર જોડાતાં પહેલાં, પોતાનું નામ એવી રીતે રજિસ્ટર કરાવવું જોઈશે.

૭. જગા ઉપર નિમાયેલ ઉમેદવારને તાલીમમાં ગાળેલી કોઈપણ મુદત હોય તો, તે સહિત ચાર વર્ષથી ઓછી નહિ એટલી મુદત માટે, કોઈપણ સંરક્ષણ સેવામાં અથવા ભારતના સંરક્ષણ સાથે સંકળાયેલી કોઈ જગા ઉપર સેવા બજાવવાનું ફરમાવવામાં આવે તો, તે તેમ કરવાને જવાબદાર રહેશે :

પરંતુ આવા ઉમેદવારને—

(ક) નિમણૂકની તારીખથી દસ વર્ષ પૂરા થયા પછી, ઉપર્યુકત પ્રમાણે સેવા બજાવવાનું ફરમાવી શકાશે નહિ, અને

(ખ) સામાન્યતઃ ૪૫ વર્ષની ઉમરે પહોંચ્યા પછી, ઉપર્યુકત પ્રમાણે સેવા બજાવવાનું ફરમાવી શકાશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એમ. ક્રિશ્ચિયન,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૨મી જાન્યુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૧/ટીપીએસ/૧૪૯૫/૭૫૯/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

નિ. રા. પરીખ,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું—

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૧/ટીપીએસ/૧૪૯૫/૭૫૯/એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૮મી નવેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : ટીપીએસ/૪૨૭૭/૬૮૪૮/કયુ હેઠળ, ગુજરાત સરકારે, નગરરચના અધિકારીએ સાદર કરેલી અને ૧૫મી જાન્યુઆરી, ૧૯૭૮થી અમલમાં છે તે નગરરચના યોજના સુરત નં. ૫ (અઠવા-ઉમરા) (છેવટની) (જેનો આમાં હવે પછી, "સદરહુ છેવટની યોજના" તરીકે ઉલ્લેખ થયો છે તે) મંજૂર કરી હતી;

અને, રાજ્ય સરકારે, આ યોજનાને ભૂલના કારણે ખામીયુકત ગણી છે;

અને, ગુજરાત સરકારને ખાતરી થઈ છે કે જરૂરી ફેરફાર મહત્ત્વનો નથી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૭૦ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, ઉપર્યુકત નગરરચના યોજના સુરત નં. ૫ (અઠવા-ઉમરા) (છેવટની)માંના ફેરફારનો મુસદ્દો પ્રસિદ્ધ કરે છે;

૨. સૂચિત ફેરફારથી અસર થઈ હોય તે વ્યકિતને, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી એક મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર—ને, કલેકટર, સુરત, જિલ્લા—સુરત દ્વારા તેમના વાંધા લેખિતમાં મોકલવા અને તેની એક નકલ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન સુરત—ને મોકલવા ફરમાવે છે; અને

૩. જણાવે છે કે ફેરફારનો મુસદ્દો, સદરહુ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન, સુરતની કચેરીમાં, કચેરીના સમય દરમિયાન લોકોને જોવા માટે એક મહિનાની ઉપર્યુકત મુદત માટે ખુલ્લો રહેશે.

અનુસૂચિ

તારીખ ૧૮મી નવેમ્બર, ૧૯૭૭નું સરકારી જાહેરનામું ક્રમાંક : ટીપીએસ/૪૨૭૭/૬૮૪૮/ક્યુથી મંજૂર કરેલી નગરરચના યોજના સુરત નં. ૫ (અઠવા-ઉમરા) (છેવટની)માં ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ--૭૦(૧) હેઠળ નીચેના સુધારા કરવા જોઈશે:—

(૧) સદરહુ છેવનીટ યોજનાના ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં, પાના નં. ૫૬ પર કેસ નં. ૨૪૩ના કોલમ નં. ૯(ક) થી ૧૫માં નીચેના સુધારા કરવા જોઈશે:—

કેસ નંબર	છેવટનો પ્લોટ						ફાળો (+) વળતર (—) (કલમ—૬૭) કોલમ ૯(ખ) બાદ કોલમ ૬(ખ)	વધારો (કલમ—૬૫) કોલમ ૧૦(ક) બાદ કોલમ ૯(ક)	ફાળો (કલમ—૬૬) કોલમ—૧૨ના ૫૦ ટકા.	બીજી કલમો હેઠળ ફાળામાં કરેલો ઉમેરો (+) અથવા ઘટાડો (—)	કોલમ ૧૧, ૧૩, ૧૪ના ઉમેરા તરીકે, માલીકે (+)માંથી અથવા (—) દ્વારા કરેલ ચોખ્ખી માંગણી.
	નંબર	ચોરસ મિટરમાં વિસ્તાર.	મૂલ્ય રૂપિયામાં								
			અવિકસિત		વિકસિત						
			બાંધકામના મૂલ્યનો ઉલ્લેખ સિવાય.		બાંધકામ સહિત						
			રૂા. પૈસા.		રૂા. પૈસા.						
૧	૭	૮	૯(ક)		૯(ખ)		૧૦(ક)		૧૦(ખ)		૧૧	૧૨	૧૩	૧૪	૧૫
૨૪૩ને બદલે	૨૪૩	૨૩૮—૪૦.૦૦	૩૫૭૬		૩૫૭૬		૫૨૪૫		૫૨૪૫		—૩૫૪૬	૧૬૬૯	૬૩૪.૫૦	—	—૨૭૧૩.૫૦
૨૪૩ પ્રમાણે વાંચવું	૨૪૩	૩૩૮—૪૦.૦૦	૫૦૭૬		૫૦૭૬		૭૪૪૫		૭૪૪૫		—૨૦૪૬	૨૩૬૯	૧૧૬૪.૫૦	—	— ૬૬૩.૫૦

INDEX

૨. સદરહુ નગરરચના યોજનાના નાણામાં છેવટની યોજનાનો નમૂનો "બ"માં નીચેના સુધારા કરવા જોઈશે.

	રૂા. ને બદલે	રૂા. વાંચવું
ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં દર્શાવેલ ખર્ચ. (એટલે કે નમૂના 'બી'ના કોલમ ૧૧નો સરવાળો)	૪૦,૬૭,૫૯૭--૦૦	૪૦,૬૬,૦૯૭--૦૦
કુલ સરવાળો	૯૦,૪૪,૬૪૧--૦૦	૯૦,૪૩,૧૪૧--૦૦
વધારાનો સરવાળો (નમૂના 'બી'ના કોલમ ૧૨ની રકમ)	૯૦,૨૩,૪૦૪--૦૦	૯૦,૨૩,૧૦૪--૦૦
કલમ—૬૬ હેઠળનો કુલ ફાળો	૪૨,૮૪,૯૯૨--૯૯	૪૨,૮૫,૨૪૨--૯૯
સ્થાનિક સત્તામંડળને લગતી યોજનાનું ચોખ્ખું ખર્ચ (ક)—(ખ)	૪૭,૫૯,૭૪૮--૧૧	૪૭,૫૭,૯૯૮--૧૧
એટલે કે	૪૭,૬૦,૦૦૦--૦૦	૪૭,૫૮,૦૦૦--૦૦

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુક્ત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

IX—53

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. GG/NR/1

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, MAY 30, 1996/ JYAISTHA 9, 1918 [No. 22

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

તા. ૧–૪–૯૬ થી તા. ૩૦–૪–૯૬ દરમ્યાન પ્રસિદ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી.

અનુક્રમ નંબર.	અસાધારણ રાજપત્રનો નંબર.	જાહેરનામાનો નંબર અને તારીખ	પ્રસિદ્ધિની તારીખ.	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
		ભાગ ૯		
૧	૪૧	ભા.એ.-૨૦૩-જીએચએન-૪-જીએસટી-૧૦૯૬-એસ-૪૯-૬	૯–૪–૯૬	વે. અને સં. ભા. વિ.
		,, ૫- ,, ,, ,,		
૨	૪૨	ભા. એ.-૨૦૪-જીએન-૬-સીએસટી-૧૦૯૬-એસ-૮-(૫)-૧૦૦-૬.	,,	,,

એમ. આર. પટેલ,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/3

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, JUNE 27, 1996/ASADHA 6, 1918 [No. 26

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

તા. ૧-૫-૯૬ થી તા. ૩૧-૫-૯૬ દરમ્યાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની માદી.

અનુક્રમ નંબર	અસાધારણ રાજપત્રનો નંબર.	જાહેરનામાનો નંબર અને તારીખ	પ્રસિધ્ધિની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
		ભાગ—૯		
૧	૪૩	ભા. એ. ૨૫૫/૨૧ ૫--૯૬	૨૩--૫--૯૬	વે. અને સં. ક્ષ. પ્રિ.
		(જીએચઓન--૮) જીએસટી-૧૦૯૫-(એસ-૨૩)-ક ૧૫--૫--૯૬		
		(જીએચઓન--૯) જીએસટી-૧૦૯૫-(એસ--૨)(૨૧)-ક ૧૫--૫--૯૬		

જે. કે. દવે,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

IX-55

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/4

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol XXXVII] THURSDAY, JULY 18, 1996/ASADHA 27, 1918 [No. 29

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ-આર/૪/બીઆરયુ-૧૦૯૫/૯૬૨-એમ-(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકોરી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE BOMBAY RELIEF UNDERTAKINGS (SPL. PROVISIONS) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૬.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચ-આર/૪/બીઆરયુ-૧૦૯૫/૯૬૨/એમ-(૩).—મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૩થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી જાહેર કરે છે કે સૌરાષ્ટ્ર કો-ઓપરેટીવ સ્પીનીંગ મિલ્સ લિમિટેડ, લીંમડી (જિલ્લો : સુરેન્દ્રનગર)-૩૬૩૪૨૧ (જેનો આમાં હવે પછી, "સદરહુ અન્ડરટેકિંગ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ને બેકારી નિવારણના પગલાં તરીકે ઉપયોગી થવા માટે ચલાવવામાં આવશે અને તદનુસાર સદરહુ અન્ડરટેકિંગ, આ જાહેરનામું બહાર પાડયાની તારીખથી એક વર્ષની મુદત માટે સદરહુ અધિનિયમના હેતુ માટે રાહત અન્ડરટેકિંગ છે એમ ગણાશે અને સદરહુ અધિનિયમની કલમ-૪ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના પેટા ખંડ (૪)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર સદરહુ અન્ડરટેકિંગના સંબંધમાં જાહેર કરે છે કે સદરહુ અન્ડરટેકિંગ રાહત અન્ડરટેકિંગ જાહેર કરવામાં આવ્યું તે પહેલાં મળેલ અથવા વ્હોરેલ તમામ હકો વિશેષાધિકારો, ફરજો, જવાબદારીઓ, અને તે અંગેની અમલ બજવણી માટે કોઈ ઉપાય મોકૂફ રાખવો અને કોઈ કોર્ટ/ ટ્રિબ્યુનલ/અધિકારી/સત્તામંડળ સમક્ષ તે સંબંધી અનિર્ણિત તમામ કાર્યવાહીઓ સદરહુ અધિનિયમની કલમ-૩ હેઠળ સદરહુ અન્ડરટેકિંગ રાહત અન્ડરટેકિંગ તરીકે જાહેર થાય ત્યારથી આ જાહેરનામું બહાર પાડયાની તારીખથી શરુ થતી એક વર્ષની મુદત માટે સ્થગિત કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
સરકારના નાયબ સચિવ

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૫ના ૧૮૮/ટીપીએસ/૧૨૯૪/૨૭૯૫/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. ત્રિવેદી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ડીસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૫નો ૧૮૮/ટીપીએસ/૧૨૯૪/૨૭૯૫/એલ.—ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૪૧ હેઠળ, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરાએ, નગરરચના યોજના વડોદરા નં. ૧ (પ્રથમ ફેરફાર કરેલ) (અઠોટા) કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો;

INDEX

અને સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા-કલમ (૧) હેઠળ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને (જેને આમાં હવે પછી "સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશન" કહ્યું છે તેણે) નગરરચના યોજના વડોદરા નંબર ૧ (પ્રથમ ફેરફાર કરેલ) (અકોટા)માં સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં યોજનાનો મુસદ્દો (જેને આમાં હવે પછી, "સદરહુ યોજના" કહી છે તે) ઠરાવેલી રીતે તૈયાર કરીને, જાહેર રીતે પ્રસિધ્ધ કર્યો હતો;

અને, પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશને સદરહુ અધિનિયમની કલમ ૪૮માં જોગવાઈ કરેલી રીતે, તે હેઠળ મંજૂરી માટે, રાજ્ય સરકારને, સદરહુ યોજના રજૂ કરેલી;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :-

(ક)આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા ફેરફારોને અધીન રહીને, સદરહુ પ્રથમ ફેરફાર કરેલ યોજના મંજૂર કરે છે, અને

(ખ) જણાવે છે કે સદરહુ પ્રથમ ફેરફાર કરેલ યોજના, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન વડોદરાની કચેરીમાં, તમામ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે;

અનુસૂચિ

(૧) (ક) પ્રથમ ફેરફાર કરેલ યોજનાના મુસદ્દાના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં, કોલમ નં. ૩(ક)માં વર્ણવેલ વિગતો કમી કરવી.

(૧) (ખ) સમુચિત સત્તામંડળે—વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને નગરરચના અધિકારીને, ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકના કોલમ નં. ૪ થી ૧૬માં, પ્રથમ ફેરફાર કરેલ યોજનાના મુસદ્દાની યોજના નં. ૩ અને યોજનાના વેચાણના દાખલા અને તેના આજુબાજુના વિસ્તાર અનુસાર માહિતી પૂરી પાડવી જોઈશે.

(૧) (ગ) પ્રથમ ફેરફાર કરેલ યોજનાના મુસદ્દાના દસ્તાવેજોમાં ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં પાના નં. ૧૫ ઉપર કોલમ નંબર-૨માં જાહેર હેતુઓ માટે ફાળવેલ છેવટના પ્લોટો માટે "સમુચિત સત્તામંડળ—વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન" તરીકે માલિકનું નામ દર્શાવવું જોઈશે.

(૨) સમુચિત સત્તામંડળે છેવટના પ્લોટ નં. ૨૮૩, ૫૪૯/૧ અને ૫૪૮/૨ના સંબંધમાં, આ ફેરફાર કરેલ યોજનાનો મુસદ્દો કરવાના ઈરાદાની જાહેરાતની તારીખે વિદ્યમાન બજાર કિંમતો ઉપર આધારીત જમીનની કિંમત અને નાણાંકીય વિગતો/ગણતરીઓ વેચાણના દાખલા અને વેચાણની યોજના સહિત નમૂના (છ) અને (જ)માં નગરરચના અધિકારીને તેની વિચારણા માટે પૂરા પાડવા જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તથાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુક્ત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૬ વા ૧૪/ડીવીપી/૧૪૯૩/૩૯૨૧/ એચ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ ના ૧૪/ડીવીપી/૧૪૯૩/૩૯૨૧/એલ.-ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૧મી ઓગષ્ટ, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૯ના ૧૪૦/ડીવીપી/૩૨૮૮/૨૪૪૨ (૬૯) એલ. હેઠળ મંજૂર કરેલ બારડોલી નગર માટેની છેવટની સુધારેલી યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૩૭મા)ની કલમ ૧૬ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,-

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુક્ત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઈપણ વ્યક્તિને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધિ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર—ને લેખિતમાં રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૧મી ઓગષ્ટ, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૯ ના ૧૪૦/ડીવીપી/૩૨૮૮/ ૨૪૪૨/૮૯/એલ. થી મંજૂર કરેલ બારડોલીની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં સૂચિત ફેરફાર.

બારડોલીની સુધારેલી વિકાસ યોજનામાં "કૃષિવિષયક ઝોન" માટે મુકરર કરેલ બ.સ.નં. ૩૫૪/એ, ૩૫૪/બી, ૩૬૩/૧, ૩૬૩/૨, ૪૫૦/પી (દક્ષિણ ભાગ), ૪૪૮, ૪૪૭/ભાગ (દક્ષિણ ભાગ), ૪૪૬/૨, ૪૪૬/૩, ૪૪૬/૧ ભાગ (દક્ષિણ ભાગ), ૪૪૬/૪, ૪૪૫/૧, ૪૪૫/૨, ૪૪૫/૩ ભાગ, ૪૪૫/૫ ભાગ, ૪૪૪/૩ ભાગ, ૪૪૪/૪ ભાગ, ૪૪૩, ૪૪૨/૩, ૪૪૨/૨, ૪૨૯/૧, ૪૨૯/૨, ૪૨૯/૩, ૪૨૮, ૪૨૭, ૪૪૫/૫, ૪૨૬/એ, ૪૨૬/બી ૪૩૦/પી+૪૩૧, ૪૪૧/૩, ૪૪૧/૨, ૪૪૧/૧ વાળી જમીનો, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી, અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાનમાં (ABCDEFGHIJKA, LMNOPQL, abcdefgh, ijklmnoa, pqrstuvwp, તરીકે નિશાની કર્યા પ્રમાણે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,

ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૦મી જાન્યુઆરી ૧૯૯૬ના ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/૨/એસીડી/૧૦૯૦--૩૦૨૩/ (૧૩૦)/ એન--૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યા છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT PUBLIC PREMISES (EVICTION OF UNAUTHORISED OCCUPANTS) ACT, 1972.

ગુજરાત જાહેર જગાઓ (અનધિકૃત ભોગવટો કરનારાઓ પાસે ખાલી કરાવવા) બાબત અધિનિયમ, ૧૯૭૨ હેઠળ જાહેરનામું

માર્ગ અને મકાન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત જાહેર જગાઓ (અનધિકૃત ભોગવટો કરનારાઓ પાસે ખાલી કરાવવા) બાબત અધિનિયમ, ૧૯૭૨.

ક્રમાંક : જીએચ/૨/એસીડી/૧૦૯૦/૩૦૨૩/(૧૩૮)/એન--૧.-- ગુજરાત જાહેર જગાઓ (અનધિકૃત ભોગવટો કરનારાઓ પાસે ખાલી કરાવવા) બાબત અધિનિયમ, ૧૯૭૨ (સન ૧૯૭૩ના ગુજરાતના ૧૨મા) ની કલમ ૩ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૭૫નું માર્ગ અને મકાન વિભાગનું સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચ/જી/૧૫/૭૫/એવીસી/૧૧૭૩/ એ (૧) નીચે પ્રમાણે સુધારે છે.--

સદરહુ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાં, કોલમ ૨માં અનુક્રમાંક ૫ની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી.

"ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશનના નીચેના અધિકારીઓ,

(૧) વર્કસ મેનેજર, સેન્ટ્રલ વર્કશોપ, અમદાવાદ.
(૨) ડિવીઝનલ કન્ટ્રોલર".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મહેન્દ્ર પટેલ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૬નો ૨૫/ડીવીપી/૨૭૯૩/એમ-૧૦૪/એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૨૫/ડીવીપી/૨૭૯૩/એમ-૧૦૪/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૬—૮—૧૯૮૧નાં સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-પી-૧૯૮૧નો ૯૮-ડીવીપી-૨૩૭૮-૧૮૯૬-૮૧-એલ હેઠળ મંજૂર કરેલ કડી વિસ્તાર વિકાસ સત્તામંડળના વિકાસ વિસ્તાર માટે છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૨૬—૮—૧૯૮૧નાં જાહેરનામા ક્રમાંક : જીએચ/પી-૧૯૮૧નો ૯૮/ડીવીપી-૨૩૭૮-૧૮૯૬-૮૧-એલ થી મંજૂર કરેલી કડીની સુધારેલી વિકાસ યોજનામાં સૂચિત ફેરફાર.

કડીની મંજૂર કરેલ સુધારેલી વિકાસ યોજનામાં "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલ, આ સાથે જોડેલ પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, "ABCDEFGHIJA, KLMNOPQRSTUK, VWXYZV" તરીકે નિશાની કરેલ બ્લોક કડીના મહેસૂલી સર્વે નં. ૧૪૫૪, ૧૪૫૫, ૧૪૫૬, ૧૪૫૭/૧, ૧૪૫૭/૨, ૧૪૫૯/૧, ૧૪૬૦/૧, ૧૪૬૦/૨, ૧૪૯૮/૧, ૧૪૯૮/૨, ૧૪૯૯/૧, ૧૪૯૯/૨, ૧૫૦૦, ૧૫૦૬, ૧૫૦૭, ૧૫૦૮, ૧૫૦૯/૧, ૨, ૩, ૧૫૧૦, ૧૫૧૧/૧ અને ૧૫૧૧/૨ વાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭ માર્ચ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૯મી ફેબ્રુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૬/૮/એમવીએ-૧૮૯૩-૧૯૯૨/ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE MOTOR VEHICLES ACT, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૬/૮/એમવીએ-૧૮૯૩-૧૯૯૨/ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના અધિનિયમ ક્રમાંક ૫૯મા)ની કલમ–૬૭ની પેટા-કલમ (૧)ના ખંડ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ પેટા-કલમ (૧)ના ખંડો (ક)થી (ધ)ની જોગવાઈઓ લક્ષમાં લઈને, ગુજરાત સરકારી રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેવી રીતે, આ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના વિસ્તારોમાં ચલાવાતા ગાંધીધામ સેવા ટ્રસ્ટ, આદિપુર (કચ્છ) દ્વારા સંચાલિત સ્ટેજ કેરેજો માટે ભાડા નક્કી કરવા સંબંધી રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળ અને પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ, કચ્છ પ્રદેશને આદેશો આપે છે.

આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ–૧ અને ૨માં અનુક્રમે નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં અને રૂટો પર ચલાવાતા સ્ટેજ કેરેજો માટે તત્સમયે અમલમાં હોય તેવા મુંબઈ મોટર વાહન (ઉતારુવેરા) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૭મા) હેઠળ લીધેલ અથવા લેવાપાત્ર (ઉતારુવેરા હોય તો તેની રકમ સહિત) ભાડું, સદરહુ અનુસૂચિના કોલમ–૩માં તેમની સામે નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના આવાં વધુમાં વધુ ભાડાને આધીન રહેશે.

પરંતુ, વિદ્યાર્થીએ કરેલી કોઈ મુસાફરીની બાબતમાં, ઉપર્યુક્ત પ્રમાણે કોઈ વેરો લેવામાં આવ્યો ન હોય તો, આવી મુસાફરી માટેનું ભાડું એવી રીતે નક્કી કરવું જોઈએ કે જેથી તેમાંથી એવા વેરાની રકમ બાદ કરી શકાય.

અનુસૂચિ

વિસ્તાર	રૂટ	ઉતારુવેરા સહિત મહત્તમ ભાડું
૧	૨	૩
ગાંધીધામ સેવા ટ્રસ્ટ, આદિપુર (કચ્છ) દ્વારા જ્યાં સ્ટેજ કેરેજો (શહેરી ઉતારુ બસ સેવા) ચલાવાતા હોય તેવા માન્ય રુટો ધરાવતા મ્યુનિસિપલ અથવા કેન્ટોનમેન્ટ વિસ્તાર અથવા તેની નજીકના બીજા વિસ્તાર.	તમામ રૂટો.	(૧) પ્રથમ બે કિલોમીટર અથવા તેના ભાગ માટે ઉતારુ દીઠ સો પૈસા, અને (૨) પ્રથમ બે કિલોમીટર પછીના અંતર માટે દર ત્રણ કિલોમીટર અથવા તેના ભાગ માટે ઉતારુ દીઠ વધુ પચાસ પૈસા. (૩) પરંતુ ઓછામાં ઓછું ભાડુ સો પૈસા રહેશે.

નોંધ:—આ જાહેરનામામાં, "ઉતારુ" એ શબ્દનો અર્થ, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ–૨ના ખંડ (ઝ) અને નિયમ–૧૧૯ના પેટા-નિયમ (૧)માં તેનો જે અર્થ આપ્યો છે તે જ થશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨જી માર્ચ, ૧૯૯૬ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર-૯૬-૬૯-બીઆરયુ-૧૦૯૧-યુ. ઓ. (૨)-એમ (૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

નિ. રા. પરીખ
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE BOMBAY RELIEF UNDERTAKINGS (SPECIAL PROVISIONS) ACT, 1958.

મુંબઈ રાહત અંડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૨જી માર્ચ, ૧૯૯૬.

મુંબઈ રાહત અંડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચઆર-૯૬-૬૯-બીઆરયુ-૧૦૯૧-યુ. ઓ. (૨)-એમ (૩).—મુંબઈ રાહત અંડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૩થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી જાહેર કરે છે કે મેસર્સ વીસનગર કો-ઓપરેટીવ સ્પીનીંગ મિલ્સ, લિમિટેડ, વીસનગર (જેનો આમાં હવે પછી "સદરહુ અંડરટેકિંગ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે), જેને (તારીખ ૫/૧૨/૯૪ના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર/૯૩-૨૭૮-બીઆરયુ-૧૦૯૧-યુ. ઓ. ૫ (૧) પ્રમાણે) તારીખ ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૫ સુધી રાહત અંડરટેકિંગ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. તેને બેકારી રાહતના પગલાં તરીકે ઉપયોગી થવા માટે ચલાવવામાં આવશે અને તદનુસાર સદરહુ અંડરટેકિંગ, સદરહુ અધિનિયમના હેતુ માટે, તારીખ, ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૫થી બાર મહિનાની વધુ મુદત માટે રાહત અંડરટેકિંગ હોવાનું ગણાશે અને સદરહુ અધિનિયમની કલમ-૪ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના પેટા ખંડ (૪)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અંડરટેકિંગના સંબંધમાં એવો પણ આદેશ કરે છે કે સદરહુ અંડરટેકિંગને ઉપર્યુકત જાહેરનામા હેઠળ રાહત અંડરટેકિંગ હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. તે પહેલા મળેલ અથવા વ્હોરેલ તમામ હકો, વિશેષાધિકારો, ફરજો, (સરકારની જવાબદારીઓ સિવાયની) જવાબદારીઓ અને તે અંગેની અમલ બજવણી માટે કોઈ ઉપાય મોકૂફ રાખવા અને કોઈ કોર્ટ/ટ્રિબ્યુનલ/અધિકારી/સત્તામંડળ સમક્ષ તે સંબંધી અનિર્ણિત તમામ કાર્યવાહીઓ તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૫થી બાર મહિનાની વધુ મુદત માટે સ્થગિત કરવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/1



सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, JULY 25, 1996/SRAVANA 3, 1918 [No. 30

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૭મી ડિસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એલ/૫૧/ઈએસટી/૧૦૮૬/સી-૧૪૫-(૯૫)-એમ,નો. ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE SUPERINTENDENT PROHIBITION AND EXCISE, CLASS-II RECRUITMENT RULES, 1991.

નશાબંધી અને આબકારી સુપ્રિન્ટેન્ડેન્ટ વર્ગ--૨, ભરતી નિયમો, ૧૯૯૧ સુધારવા સંબંધી જાહેરનામું

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ડિસેમ્બર, ૧૯૯૫.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જીએચ/એલ/૧૧/ઈએસટી/૧૦૮૬/સી-૧૪૫/(૯૫)-એમ.- ભારતના સંવિધાનની કલમ-૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ ગુજરાતના રાજ્યપાલ, આથી, નશાબંધી અને આબકારી સુપ્રિન્ટેન્ડેન્ટ વર્ગ-૨ ભરતી નિયમો, ૧૯૯૧ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો નશાબંધી અને આબકારી સુપ્રિન્ટેન્ડેન્ટ, વર્ગ-૨ ભરતી (સુધારા), નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. નશાબંધી અને આબકારી સુપ્રિન્ટેન્ડન્ટ વર્ગ-૨ ભરતી નિયમો, ૧૯૯૧માં, નિયમ-૫માં નીચેનાં પરંતુકો દાખલ કરવા.—

"પરંતુ નિમણૂંક કરનાર સત્તાધિકારી, કોઈપણ કિસ્સામાં પોતાને યોગ્ય લાગે તો, બે વર્ષથી વધુ નહીં તેટલી વધુ મુદત માટે પ્રોબેશનની મુદત લંબાવી શકશે.

વધુમાં કોઈપણ કિસ્સામાં પ્રોબેશનની મુદત પૂરી કરવા માટેની પૂર્વ શરત તરીકે આવી પ્રોબેશનની મુદત દરમિયાન કોઈ ખાતાકીય પરીક્ષા પાસ કરવાનું નક્કી કર્યું હોય અને પ્રોબેશનર તેના કાબુ બહારના કારણોને લીધે, નિયમો હેઠળ તેને મળવાપાત્ર ઠરાવેલી તકોની અંદર તે પરીક્ષા પાસ કરી શકે નહિ ત્યારે, પ્રોબેશનની મુદતને ઉપરની મર્યાદા લાગુ પડશે નહિ."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એસ. રાઠોડ,
સરકારના ઉપ--સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૯૧/ટીપીએસ-૧૮૯૩-૩૨૬૪/એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫ના-૧૯૧/ટીપીએસ/૧૮૯૩/૩૨૬૪/એલ.—ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૪૧ હેઠળ ઉમરેઠ નગરપાલિકાએ (ઉમરેઠ વિસ્તાર વિકાસ સત્તામંડળ) નગરરચના યોજના ઉમરેઠ નં. ૨ કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો;

અને, સદરહુ અધિનિયમની કલમ-૪૨ની પેટા-કલમ (૧) હેઠળ, ઉમરેઠ નગરપાલિકાએ/ઉમરેઠ વિસ્તાર વિકાસ સત્તામંડળે (જેને આમાં હવે પછી, "સદરહુ નગરપાલિકા" કહી છે તેણે) નગરરચના યોજના, ઉમરેઠ નં. ૨માં સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં યોજનાનો મુસદ્દો (જેને આમાં હવે પછી, "સદરહુ યોજનાનો મુસદ્દો" કહયો છે તે) ઠરાવેલી રીતે તૈયાર કરીને, યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો;

અને, પોતાને મળેલ વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ નગરપાલિકાએ સદરહુ અધિનિયમની કલમ ૪૮માં જોગવાઈ કરેલી રીતે, તે હેઠળ મંજૂરી માટે, રાજ્ય સરકારને, સદરહુ યોજના રજૂ કરેલી;

તેથી, હવે સદરહુ અધિનિયમની કલમ-૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા ફેરફારોને આધીન રહીને સદરહુ યોજના મંજૂર કરે છે; અને

(ખ) જણાવે છે કે સદરહુ યોજના ઉમરેઠ નગરપાલિકા/ઉમરેઠ વિસ્તાર વિકાસ સત્તામંડળની કચેરીમાં તમામ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

અનુસૂચિ

(૧) યોજનાના મુસદ્દાને આખરી સ્વરુપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, અધિકૃત બાંધકામની વિચારણા કર્યા પછી, મંજૂર થયેલા સુધારેલા વિકાસ પ્લાનના ૧૮.૨૪ મી.નો સૂચિત રસ્તો કરવાનો નિર્ણય કરવો જોઈશે, જેથી છેવટના પ્લોટ નં. ૧૩૧, ૧૩૬, ૧૩૩ અને ૧૩૪ ઉપરોકત સદરહુ રસ્તોમાંથી પ્રવેશ કરી શકાય.

(૨) યોજનાના મુસદ્દાને આખરી સ્વરુપ આપતી વખતે, નગરરચના અધિકારીએ ઉમરેઠના મંજૂર થયેલા સુધારેલા વિકાસ પ્લાનમાં "પોલિસ સ્ટાફ ક્વાર્ટર" માટે જમીનનો મૂળ પ્લોટ નં. ૩૦/૨ અનામત હેઠળ છે. તેમાંથી મૂળ પ્લોટ અલગ દર્શાવવા જોઈશે અને યોજના વિસ્તારમાં સમાન સરેરાશ કપાતની ટકાવારીની વિચારણા કરીને બાકીના વિસ્તારને યોગ્ય છેવટના પ્લોટ ફાળવવા જોઈશે.

(૩) નગરરચના યોજનાનો મુસદ્દો ઉમરેઠ નં. ૨ના છેવટના પ્લોટ નં. ૩, ૧૨, ૧૩૯, ૧૪૧ અને ૧૪૨ આ નગરરચના યોજના વિસ્તારના રસ્તાને જોડતા નથી. આ સંબંધમાં નગરરચના અધિકારીએ આ પ્લોટોને આ નગરરચના યોજનાના રસ્તાને જોડવા માટે યોગ્ય ચકાસણી પછી યોગ્ય નિર્ણય લેવો જોઈશે.

(૪) નગરરચના અધિકારીએ મૂળ પ્લોટ નં. ૪, ૫, ૬૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧ અને ૨૬માંથી રસ્તા માટે જે જમીન સંપાદન કરવામાં આવી હોય તે જમીનને અલગ મૂળ પ્લોટો તરીકે દર્શાવવા જોઈશે. ઉપરાંત નગરરચના અધિકારીએ, યોજના વિસ્તારમાં સમાન સરેરાશ કપાતની ટકાવારીની વિચારણા કરીને ઉપરોકત મૂળ પ્લોટના બિન સંપાદન કરેલા વિસ્તારને યોગ્ય છેવટના પ્લોટ ફાળવવાનો નિર્ણય કરવો જોઈશે.

(૫) ઉમરેઠ ગામના મહેસૂલી સરવે નં. ૧૯૧૧, ૧૯૧૨, ૧૯૧૬ વગેરેની ઉત્તર હદનો વિદ્યમાન રસ્તો નગરરચના યોજનાના મુસદ્દામાં દર્શાવેલ નથી. નગરરચના અધિકારીએ, યોગ્ય ચકાસણી પછી, નેટવર્ક રસ્તામાં આ વિદ્યમાન રસ્તાનો સમાવેશ કરવા નિર્ણય લેવો જોઈશે.

INDEX

(૬) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, સરકારની માલિકીના મૂળ પ્લોટ માટે બાંધવા યોગ્ય વિસ્તાર આકારની વિચારણા કર્યા પછી યોજના વિસ્તારમાં સમાન સરેરાશ કપાતની ટકાવારીની વિચારણા કરીને યોગ્ય છેવટના પ્લોટ ફાળવવાનો નિર્ણય કરવો જોઈશે. ઉપરાંત નગરરચના અધિકારીએ એ જોવું જોઈશે કે કોઈપણ કિસ્સામાં છેવટના પ્લોટનો વિસ્તાર મૂળ પ્લોટના વિસ્તાર કરતાં વધુ ન હોય.

(૭) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, એ જોવું જોઈશે કે મૂળ પ્લોટ નં. ૧, ૨, ૬, ૭, ૯, ૧૪, ૨૧, ૪૧/ ૧+૨ ૪૬, ૪૭, ૫૧, ૫૨, ૬૧, ૬૨, ૧૨૪, ૧૩૯, ૧૪૦, ૧૪૧ અને ૧૪૨ પૈકી દરેક પ્લોટના વિસ્તારમાં કપાતની ટકાવારી, યોજના વિસ્તારમાં સરેરાશ કપાતની ટકાવારીની સરખામણી મુજબ સમાન રહે.

(૮) યોજનાના મુસદ્દામાં ૩૨૨૪ ચો. મી. વિસ્તાર ધરાવતો છેવટનો પ્લોટ નં. ૫૦ ઉમરેઠ નગરપાલિકાની માલિકીના ૧૭૨૦ ચો. મી. વિસ્તાર ધરાવતા મૂળ પ્લોટ નં. ૫૦ને ફાળવવામાં આવ્યો છે. નગરરચના અધિકારીએ, એ જોવું જોઈશે કે કોઈપણ કિસ્સામાં ફાળવવામાં આવેલા છેવટના પ્લોટનો વિસ્તાર ઉમરેઠ નગરપાલિકાની માલિકીના મૂળ પ્લોટના વિસ્તાર કરતા વધુ ન હોય, ઉપરાંત નગરરચના અધિકારીએ વિસ્તાર વિકાસ સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને, ઉમરેઠ નગરપાલિકાની જમીનોનો સૂચિત વિશિષ્ટ જાહેર હેતુના ઉપયોગ માટે કરવાનો નિર્ણય લેવો જોઈશે.

(૯) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, એ જોવું જોઈશે કે મૂળ પ્લોટ નં. ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૮, ૩૦/૧, ૩૨, ૩૪, ૩૫, ૩૬, ૩૯, ૪૦/૧+૨ ૪૫, ૪૮, ૫૩, ૫૮, ૫૯, ૬૦, ૭૨, ૭૫, ૮૦, ૮૩, ૮૪ અને ૧૧૮ પૈકી દરેક પ્લોટના વિસ્તારમાં કપાતની ટકાવારી, યોજના વિસ્તારમાં સરેરાશ કપાતની ટકાવારીની સરખામણી મુજબ સમાન રહે.

(૧૦) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, મૂળ પ્લોટ નં. ૩૬માં લે આઉટ રસ્તાના સમાવેશની નગરરચના યોજના રસ્તા તરીકેની દરખાસ્તની પુનઃ વિચારણા કરવી જોઈશે અને એ જોવું જોઈશે કે મૂળ પ્લોટ નં. ૩૬ના વિસ્તારમાં કપાતની ટકાવારી યોજના વિસ્તારમાં સરેરાશ કપાતની ટકાવારીની સરખામણી મુજબ સમાન રહે.

(૧૧) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગોના લોકોના ગૃહનિર્માણ માટે ફાળવણી કરવા માટેની જોગવાઈઓ, યોજના વિસ્તારના ૩ ટકા સુધી વધારવા માટે સમુચિત સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને નિર્ણય લેવો જોઈશે. નગરરચના અધિકારીએ, યોજના વિસ્તારમાં અન્ય જાહેર હેતુઓ માટે ફાળવેલ છેવટના પ્લોટોના વિસ્તારમાં યોગ્ય ફેરફાર કરીને અને યોજના વિસ્તારમાં સરેરાશ કપાતની ટકાવારીને વધાર્યા સિવાય આમ કરવું જોઈશે.

(૧૨) યોજનાના મુસદ્દા દસ્તાવેજોમા નમૂના 'જ' માં વિકસિત કામોના ખર્ચ માટે "રૂા. ૧૪૫.૦૦ લાખ" એ આંકડા અને શબ્દોને બદલે, "રૂા. ૧૫૮.૦૦ લાખ" એ આંકડા અને શબ્દો મૂકવા.

(૧૩) યોજનાના મુસદ્દા દસ્તાવેજોમાં નમૂના 'જ' માં યોજનાને આનુક્રમે કુલ ખર્ચ અને ચોખ્ખો ખર્ચ "રૂા. ૧૭૩.૮૪ લાખ" અને "રૂા. ૧.૭૩ લાખ" એ આંકડા અને શબ્દોને બદલે, આનુક્રમે "રૂા. ૧૮૬.૮૪ લાખ" અને "રૂા. ૧૪.૭૪ લાખ" એ આકડા અને શબ્દો મૂકવા.

(૧૪) યોજનામાં સમાવેશ કરેલા વિકાસ નિયંત્રણ વિનિયમોને બદલે ઉમરેઠના મંજૂર થયેલા સુધારેલા વિકાસ પ્લાનનાં વિકાસ નિયંત્રણ વિનિયમો મૂકવા.

(૧૫) વિકાસ નિયંત્રણ વિનિયમોમાં "સ્થાનિક સત્તામંડળ" એ શબ્દના જ્યાં જ્યાં ઉપયોગ કરવામાં આવ્યો છે ત્યાં ત્યાં તેને બદલે "સમુચિત સત્તામંડળ" એ શબ્દો મૂકવા.

(૧૬) યોજનાના મુસદ્દામાં મૂળ પ્લોટ નં. ૩૪, ૩૬ ૩૮, ૪૫, ૪૭ અને ૮૬માં લે-આઉટ રસ્તા નગરરચના યોજના તરીકે સૂચિત કરવામાં આવ્યા છે. નગરરચના અધિકારીએ ઉપરના સદરહુ રસ્તા માટે ટોકન દરે વળતરનો નિર્ણય કરવો જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુક્ત સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૯મી ડિસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫ના ૧૯૮/ટીપીએસ/૨૪૯૩/૧૩૧/એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ડિસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫ના ૧૯૮/ટીપીએસ/૨૪૯૩/૧૩૧/એલ.—ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ-૪૧ હેઠળ ધોરાજી વિસ્તાર વિકાસ સત્તામંડળે નગરરચના યોજના ધોરાજી નં. ૨ કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો;

અને, સદરહુ અધિનિયમની કલમ--૪૨ની પેટા-કલમ (૧) હેઠળ, ધોરાજી વિસ્તાર વિકાસ સત્તામંડળ (જેને આમાં હવે પછી, "સદરહુ સત્તામંડળ" કહ્યું છે તેણે) નગરરચના યોજના ધોરાજી નં. ૨માં સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં યોજનાનો મુસદ્દો (જેને આમાં હવે પછી, "સદરહુ યોજના" કહી છે તે) ફરાવેલી રીતે તૈયાર કરીને, યોગ્ય રીતે પ્રસિદ્ધ કર્યો હતો;

અને, પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ સત્તામંડળે સદરહુ અધિનિયમની કલમ--૪૮માં જોગવાઈ કરેલી રીતે, તે હેઠળ મંજૂરી માટે, રાજ્ય સરકારને, સદરહુ યોજના સાદર કરેલી;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ--૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફારોને અધીન રહીને, સદરહુ યોજના મંજૂર કરે છે; અને

(ખ) જાહેરાત કરે છે કે, સદરહુ યોજના, ધોરાજી વિસ્તાર વિકાસ સત્તામંડળ (ધોરાજી નગરપાલિકા)ની કચેરીમાં, તમામ કામકાજના દિવસોએ, કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

અનુસૂચિ

૧. યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ લેઆઉટ માર્ગને નગરરચના યોજના માર્ગ તરીકે જાહેર કરતી દરખાસ્ત અને ખુલ્લા પ્લોટ નં. ૧/૧, ૬/૧, ૧૧/૨, ૨૨/૧, ૩૨, ૩૩ અને ૩૪ની પુનઃ રચના દરખાસ્તની ફેરવિચારણા કરવી જોઈશે જેથી આ દરેક ખુલ્લા પ્લોટો માટેના વિસ્તારમાં ઘટાડાની ટકાવારી, યોજના વિસ્તારમાં સમાન સરેરાશ ઘટાડાની ટકાવારી સાથે ઓકસરખી રહે.

૨. યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, જોવું જોઈશે કે મૂળ પ્લોટ નં. ૨૯, ૧૧/૧, ૧૯ અને ૩૮માં ઘટાડાની ટકાવારી શક્ય, હોય તેટલે સુધી, યોજના વિસ્તારમાં સમાન સરેરાશ ઘટાડાની ટકાવારી સાથે ઓકસરખી રહે.

૩. યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, ખુલ્લા પ્લોટ નં. ૪, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૨૧ અને ૨૨માંથી પસાર થતા ૪૫ મીટર ઉપમાર્ગ હેઠળ જમીનના માટે મૂળ પ્લોટો નિયત કરવા જોઈશે અને છેવટના પ્લોટોને, બાકી રહેલ મૂળ પ્લોટોને ફાળવવા જોઈશે જેથી ઘટાડાની ટકાવારી, યોજના વિસ્તારમાં સમાન સરેરાશ ઘટાડાની ટકાવારી સાથે ઓકસરખી રહે.

INDEX

૪. નગરરચના અધિકારીએ અલગ અલગ મૂળ પ્લોટનું સીમાંકન કરવું જોઈશે અને તે અનુસાર યોજનાનો 'છ' નમૂનો અને નકશા વર્ણવવા જોઈશે.

૫. ચોરાજી વિસ્તાર વિકાસ સત્તામંડળના મંજૂર કરેલ વિકાસ પ્લાનના ઔદ્યોગિક ઝોનમાં "સમાજના સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગ માટે ગૃહનિર્માણ" માટે સમુચિત સત્તામંડળને ફાળવેલ છેવટના પ્લોટ નં. ૧૬/૨, ૧૭/૨ અને ૧૮/૩, "ઔદ્યોગિક કામદારોના સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગ માટે ગૃહ નિર્માણ" માટે સમુચિત સત્તામંડળને ફાળવેલ છે એમ ગણવા જોઈશે.

૬. યોજનાના મુસદ્દાનું આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, સમુચિત સત્તામંડળ સાથે વિચાર-વિનિમય કરીને, જાહેર હેતુ માટે સમુચિત સત્તામંડળને ફાળવેલ છેવટના પ્લોટોની એવી રીતે પુનઃ રચના કરવી જોઈશે કે જેથી દરેક છેવટના પ્લોટનો વિસ્તાર, યોજનાના સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો અનુસાર રહે.

૭. રાષ્ટ્રિય ધોરીમાર્ગ પર આવેલ મૂળ પ્લોટોને ફાળવેલ છેવટના પ્લોટોનાં કિસ્સામાં, નગરરચના અધિકારીએ, બીજા સરખાવી શકાય તેવા છેવટના પ્લોટોનાં વધારાના ફાળાની સરખામણીમાં આ છેવટના પ્લોટો માટે, યોગ્ય વધારાના ફાળા સંબંધી નિર્ણયો લેવા જોઈશે. તેણે સમુચિત સત્તામંડળ સાથે વિચાર-વિનિમય કરીને તેમ કરવું જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુક્ત સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૬ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ નો ૨૧/ટીપીએસ--૧૨૯૪--૧૯૯૬--એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિદ્ધિ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ નો ૨૧/ટીપીએસ--૧૨૯૪--૧૯૯૬--એલ.--શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૦મી જૂન, ૧૯૮૧ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/પી/૧૯૮૧ નો. ૯૩/ટીપીએસ/૧૨૩૯/૧૮૨૯/૮૧/એલ હેઠળ, ગુજરાત સરકાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭ મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૪૮ ની પેટા--કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને પોતાને સાદર કરેલી નગરરચના યોજના નં. ૧૩, વડોદરાનો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો;

INDEX

અને, સદરહુ અધિનિયમની કલમ-૫૦ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણૂંક કરી હતી ;

અને, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૯નાં સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૯ના ૯/ટીપીએસ/૧૨૮૭/૯૫/(૮૯) એલ, હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ન રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મોની કલમ ૬૫ થી મળેલી સત્તાની રૂએ, નગરરચના યોજના વડોદરા નં. ૧૩ પ્રારંભિક યોજના મંજૂર કરી હતી;

અને, નગરરચના અધિકારીએ, સદરહુ અધિનિયમની કલમ ૫૨ની પેટા-કલમ (૨) અને કલમ ૬૨ ની પેટા-કલમ (૨) હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના વડોદરા નં. ૧૩ છેવટની યોજના (જેનો આમાં હવે પછી,' "સદરહુ છેવટની યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી હતી ; અને

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૬૫ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, —

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા સુધારાને આધીન રહીને, "સદરહુ છેવટની યોજના" મંજૂર કરે છે ;

(ખ) જણાવે છે કે , "સદરહુ છેવટની યોજના" વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરી, વડોદરામાં રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ લોકોને જોવા માટે ખુલ્લી રહેશે ; અને,

(ગ) સદરહુ કલમ ૬૫ ની પેટા-કલમ (૨) ના ખંડ (ખ) ના હેતુ માટેની તરીકે સન ૧૯૯૬ ના માર્ચ મહિનાની ૪ થી તારીખ નક્કી કરે છે.

અનુસૂચિ

(૧) છેવટની યોજનાના દસ્તાવેજોમાં નમૂના "છ" માં, પાના નં. ૨૦૧ ઉપર અનુક્રમાંક ૧૪૪ ઉપર "સમુચિત સત્તામંડળ" એ શબ્દોને બદલે, "સમુચિત સત્તામંડળ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુક્ત સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર-૨૭-બીઆરયુ-૧૦૯૫/૨૫૫૬-એમ (૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE BOMBAY RELIEF UNDER TAKING (SPECIAL PROVISIONS) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ ૧૯૫૮. (સન ૧૯૫૮ના મુંબઈના ૯૬ મા)

ક્રમાંક : જીએચઆર-૨૭-બીઆરયુ-૧૦૯૫/૨૫૫૬-એમ . (૩).— મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૩ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર

INDEX

આથી, જાહેર કરે છે કે ડાઈનેમેટિક ફોજીંગ ઈન્ડિયા લિમિટેડ, રાજકોટ (જેનો આમાં હવે પછી, "સદરહુ અન્ડરટેકિંગ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ને બેકારી રાહતના પગલાં તરીકે ઉપયોગી થવા માટે ચલાવવામાં આવશે અને તદનુસાર સદરહુ અન્ડરટેકિંગ, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી આરંભ કરીને એક વર્ષની મુદત માટે સદરહુ અધિનિયમના હેતુઓ માટે રાહત અન્ડરટેકિંગ છે એમ ગણાશે અને સદરહુ અધિનિયમની કલમ ૪ ની પેટા-કલમ (૧) ના ખંડ (ક)ના પેટા-ખંડ (૪) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અન્ડરટેકિંગના સંબંધમાં એવો આદેશ કરે છે કે સદરહુ અન્ડરટેકિંગ રાહત અન્ડરટેકિંગ જાહેર કરવામાં આવ્યું તે પહેલાં મળેલ અથવા વ્હોરેલ કોઈ હક્ક, વિશેષાધિકાર, ફરજ, જવાબદારી અને તે અંગેની અમલ બજવણી માટે કોઈ ઉપાય મોકૂફ રાખવા અને કોઈ કોર્ટ/ટ્રિબ્યુનલ/અધિકારી/ સત્તામંડળ સમક્ષ તે સંબંધી અનિર્ણિત તમામ કાર્યવાહીઓ આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એટલે કે સદરહુ અધિનિયમની કલમ ૩ હેઠળ સદરહુ અન્ડરટેકિંગને રાહત અન્ડરટેકિંગ તરીકે જાહેર કરવામાં આવ્યું હોય તે તારીખથી આરંભ કરીને એક વર્ષની મુદત માટે સ્થગિત કરવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી, ફેબ્રુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૨૬/ડીવીપી-૨૧૯૫-૧૯૨૮-એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી, ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૨૬/ડીવીપી-૨૧૯૫-૧૯૨૮-એલ.-ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે તારીખ ૧૧મી ડીસેમ્બર, ૧૯૭૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૭૪ નો ૨૬૦ /ડીવીપી -૨૧૬૮ -૫૬૪૦-- કયુ. હેઠળ મંજૂર કરેલ પાલનપુર વિસ્તાર વિકાસ સત્તામંડળના વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા)ની કલમ ૧૯ ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી.--

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને લેખિતમાં રજૂ કરવા ફરમાવે છે.

INDEX

અનુસૂચિ

પંચાયત અને આરોગ્ય વિભાગના તારીખ: ૧૧મી ડીસેમ્બર, ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૭૪નો ૨૬૦/ડીવીપી/૨૧૬૮ ૫૬૪૦-ક્યુ. થી. સરકારે મંજૂર કરેલ પાલનપુરની વિકાસ યોજનામાં સૂચિત ફેરફાર.

૧. પાલનપુરની મંજૂર કરેલ વિકાસ યોજનામાં "કૃષિવિષયક ઝોન" માટે મુકરર કરેલ આ સાથે જોડેલ પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે અને ("BCDEFGHIJB") તરીકે નિશાની કરેલ પાલનપુરની મ. સ. નં. ૧૩૦૦, ૧૩૦૧/ભાગ, ૧૩૦૬/ભાગ, ૧૩૦૭ (સી. એસ. નં. ૬૦૬૪), ૧૩૦૮ (સી. એસ. નં. ૬૧૯૫), ૧૩૦૯/ભાગવાળી જમીનો, સદરહુ ઝોનમાંથી મુકત કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

૨. પાલનપુરની મંજૂર કરેલ વિકાસ યોજનામાં, "કૃષિવિષયક ઝોન" માટે મુકરર કરેલ આ સાથે જોડેલ પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે અને ("ABJIA") તરીકે નિશાની કરેલ પાલનપુરની મ.સ. નં. ૧૩૦૧/ભાગ વાળી જમીનો, સદરહુ ઝોનમાંથી મુકત કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ઙ) હેઠળ "મ્યુનિસિપલ બોર અને રમતના મેદાન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૬નો-૨/વીબીએન/૩૧૬૫/૧૦૮૨/ચ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૬

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી-૧૯૯૬નો ૨/વીબીએન--૩૧૬૫--૧૦૮૨--ચ.— ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ, સંબંધિત ગ્રામ પંચાયત તાલુકા પંચાયત વિજાપુર અને જિલ્લા પંચાયત મહેસાણા સાથે વિચાર-વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી :—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી, કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારો બાકાત કર્યા પછી ;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા, કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

INDEX

અનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત રાખેલ સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવાગામો-ના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	વિજાપુર	ગલથારા	૧ ગલથારા મહેસૂલી ગામ. ૨ પ્રતાપનગર (પેટાપરા)	૧ પ્રતાપનગર (પેટાપરા)	૧ ગલથારા ૨ પ્રતાપનગર	૧ ગલથારા મહેસૂલી ગામ. ૨ પ્રતાપનગર. (પેટાપરા)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ;
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર., ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/ વી/૧૯૯૬નો .૧૮/ટીપીએસ--૧૧૯૫--૪૯--એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચવી/૧૯૯૬નો/૧૮/ટીપીએસ/૧૧૯૫--૪૯--એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૭૪/ટીપીએસ/૧૧૮૬/૭૧૯/(૮૭)-એલ હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને તેને સાદર કરેલ નગરરચના યોજના અમદાવાદ નં. ૨૮ (નવા વાડજ)(પ્રથમ ફેરફાર કરેલી) નો મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો.

અને, સદરહુ અધિનિયમની કલમ ૫૦ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે, નગરરચના અધિકારી-ની નિમણૂક કરી હતી

INDEX

અને નગરરચના અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૫૨ની પેટા-કલમ (૨) અને કલમ ૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગર-રચના યોજના, અમદાવાદ નં. ૨૮ (નવા વાડજ) (પ્રથમ ફેરફાર કરેલી) પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી છે;

તેથી, હવે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા)ની કલમ ૬૫ થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર આથી ;—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલ ફેરફારોને અધીન રહીને, "સદરહુ પ્રારંભિક યોજના" મંજુર કરે છે.

(૨) જણાવે છે કે સદરહુ યોજના રવિવાર અને રજાના દિવસ સિવાય, તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીનાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

(૩) સદરહુ કલમ-૬૫ની પેટા--કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૬ નક્કી કરે છે.

અનુસૂચિ

પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી પત્રકમાં, કોલમ નં. ૪ માં મહેસૂલી સરવે નંબર વિષે દર્શાવેલી વિગતો કમી કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગન સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર/૧૩-(૯૬)- /બીએસઈ/૧૦૯૫/૩૮૨/એમ(૩),નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE BOMBAY SHOPS AND ESTABLISHMENTS ACT, 1948.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૬.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : જીએચઆર/૧૩-(૯૬)/બીએસઈ/૧૦૯૫/૩૮૨/એમ(૩).—ગુજરાત દુકાન અને સંસ્થા નિયમો, ૧૯૬૨ના નિયમ--૪ સાથે વાંચવામાં આવતી, મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના મુંબઈના ૩૯મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ--૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, રમઝાન અને રમઝાન ઈદના તહેવારોને કારણે નીચેની અનુસૂચિના કોલમ (૧)માં નિર્દિષ્ટ કરેલ વર્ગોની સંસ્થાઓના સંબંધમાં, સદરહુ અનુસૂચિના કોલમ (૩)માં, અનુક્રમે નિર્દિષ્ટ કરેલી શરતોને અધીન રહીને, તારીખ ૨૧મી ફેબ્રુઆરીથી ૨૨મી માર્ચ, ૧૯૯૬ (બન્ને દિવસો સહિત)ની મુદત માટે, ગુજરાત રાજ્યના તમામ વિસ્તારોમાં, અનુસૂચિના કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલી, સદરહુ અધિનિયમની જોગવાઈઓનો અમલ મોકૂફ રાખે છે.

INDEX

અનુસૂચિ

સંસ્થાઓ	સદરહુ અધિનિયમની જોગવાઈઓ.	શરતો
૧	૨	૩
૧. મીઠાઈની દુકાનો.	કલમ ૧૪.	સદરહુ અધિનિયમની કલમ ૧૪માં નિર્દિષ્ટ કરેલા કામના કલાકોની મર્યાદા કરતાં વધુ કામ કોઈ નોકરને કરવું પડે, તો તે, ઓવરટાઈમ કામ કે જે ઠરાવેલ રજિસ્ટરમાં નોંધવું જોઈશે. તેના સંબંધમાં સદરહુ અધિનિયમની કલમ ૬૩(૧)માં ઠરાવેલ દરે વેતન મેળવવા હકદાર થશે.
	કલમ ૧૮	દરેક નોકરને, ઠરાવેલી આઠવાડિક રજાઓ ન લીધી હોવાને કારણે (૧) તારીખ ૨૨મી માર્ચ, ૧૯૯૬ પછી એવી રજાના બદલે, તેટલી જ રજાઓ અથવા (૨) તેવી રજાઓના દિવસોએ કરેલા કામ માટે, સદરહુ અધિનિયમની કલમ ૬૩ (૧) માં ઓવરટાઈમ કામ માટે ઠરાવેલા વેતનના દરે વેતન આપવામાં આવશે.
૨. તમામ રેસ્ટોરાં અને ભોજન ગૃહો.	કલમ ૨૪	(૧) કોઈ રેસ્ટોરા અથવા ભોજનગૃહના દરેક નોકરને, ઠરાવેલી આઠવાડિક રજાઓ ન લીધી હોવાને કારણે (૧) તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૬ પછી એવી રજાના બદલે, તેટલી જ રજાઓ અથવા (૨) તેવી રજાઓના દિવસોએ કરેલા કામ માટે, સદરહુ અધિનિયમની કલમ ૬૩(૨)માં ઓવરટાઈમ કામ માટે ઠરાવેલાં વેતનના દરે વેતન આપવામાં આવશે.
૩. ટોપીઓ અને પગરખાં વેચતી દુકાનો.	કલમ ૧૧	કોઈપણ દુકાન, કોઈપણ દિવસે, રાતના ૧૧—૦૦ વાગ્યા કરતાં મોડી બંધ કરવી નહિ.
	કલમ ૧૪	સદરહુ અધિનિયમની કલમ ૧૪માં કરેલા નિર્દિષ્ટ કામના કલાકોની મર્યાદા કરતાં વધુ કામ કોઈ નોકરને કરવું પડે, તો તે ઓવરટાઈમ કામને (કે જે ઠરાવેલ રજિસ્ટરમાં નોંધવું જોઈશે) તેના સંબંધમાં સદરહુ અધિનિયમની કલમ ૬૩(૧)માં ઠરાવેલા દરે વેતન મેળવવા હકદાર થશે.
	કલમ ૧૬	કામના ઓકંદર સમય, કોઈપણ દિવસે પંદર કલાક કરતાં વધુ હોવો જોઈએ નહિ.
	કલમ ૧૮	દરેક નોકરને ઠરાવેલી આઠવાડિક રજાઓ ન લીધી હોવાને કારણે (૧) તારીખ ૨૨મી માર્ચ ૧૯૯૬ પછી એવી રજાના બદલે, તેટલી જ રજાઓ અથવા (૨) તેવી રજાઓના દિવસોએ કરેલા કામ માટે, સદરહુ અધિનિયમની કલમ ૬૩(૧)માં ઓવર ટાઈમ કામ માટે ઠરાવેલ વેતનના દરે વેતન આપવામાં આવશે
૪. કાપડ અથવા તૈયાર કપડાં વેચતી દુકાનો.	કલમ ૧૪	"ટોપી અને પગરખાં વેચત દુકાનો"ની નોંધમાં, કલમ ૧૪, ૧૬ અને ૧૮ના સંબંધમાં ઉપર નિર્દિષ્ટ કરી છે તે શરતો.
૫. સુગંધિત દ્રવ્યા વેચતી દુકાનો.	કલમ ૧૧	કોઈપણ દુકાન કોઈપણ દિવસે ૧૧—૦૦ વાગ્યા કરતાં મોડી બંધ કરવી નહિ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ઓમ. એ. વ્યાસ,
સેક્શન અધિકારી.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૩૬/ટીપી બેસ/૧૨૯૪/૨૬૬૭/બેલ,નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

નિ. રા. પરીખ.
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ના ૩૬/ટીપીએસ/૧૨૯૪/૨૬૬૭/બેલ.—ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૧ હેઠળ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને, નગરરચના યોજના ક્રમાંક ૬૬ (યવતેશ્વર ભીમનાથ) વડોદરા, કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો.

અને સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા-કલમ (૧) વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરાએ (જેનો આમાં હવે પછી "સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશન" કહ્યું છે તેણે) નગરરચના યોજના ક્રમાંક-૬૬ યવતેશ્વર ભીમનાથ) વડોદરામાં સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં યોજનાનો મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહુ યોજનાનો મુસદ્દો" કહ્યો છે તે) ઠરાવેલી રીતે તૈયાર કરીને, યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો;

અને પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશન સદરહુ અધિનિયમની કલમ-૪૮માં જોગવાઈ કરેલી રીતે તે હેઠળ મંજૂરી માટે રાજ્ય સરકારને સદરહુ યોજના સાદર કરેલી;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા ફેરફારોને અધીન રહીને, સદરહુ યોજના મંજૂર કરે છે; અને

(ખ) જણાવે છે કે, સદરહુ યોજના વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીમાં તમામ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે;

અનુસૂચિ

(૧) યોજનાના મુસદ્દાના દસ્તાવેજોમાં, યોજનાના નકશાઓ પરના વિકાસ યોજનાના ઝોનીંગને લગતી અને નમૂના છ'માંની વિગતોને રદ થયેલી ગણવી.

(૨) યોજનાના મુસદ્દાને આખરી સ્વરુપઆપતી વખતે, નગરરચના અધિકારીએ નગરરચના યોજના રસ્તાથી છેવટના પ્લોટ નં. ૨૯ સુધી યોગ્ય આવવા-જવાના રસ્તાની જોગવાઈ કરવા માટેનો નિર્ણય લેવો જોઈશે.

(૩) યોજનાના મુસદ્દાને આખરી સ્વરુપ આપતી વખતે નગરરચના અધિકારીએ જોવું જોઈશે કે ખુલ્લા પ્લોટ નંબર ૮ માટેના વિસ્તારમાં ઘટાડાની ટકાવારી સમાન ઘટાડાની ટકાવારી સાથે સરખાવી શકાય અને મંજૂર કરેલ વિકાસ યોજનાના હેતુ/ઝોન અનુસાર જાહેર હેતુ માટે ઘટાડેલી જમીન ફાળવવી જોઈશે.

INDEX

(૪) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, જોવું જોઈશે કે ખુલ્લા પ્લોટ નંબર ૨૦/૧માંની ઘટાડાની ટકાવારી યોજના વિસ્તારમાં સમાન સરેરાશ ઘટાડાની ટકાવારી સાથે સરખાવી શકાય.

(૫) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ જોવું જોઈશે કે ખુલ્લા પ્લોટ નંબર ૧ થી ૬ અને ૯ બાકી દરેક માટેના વિસ્તારમાં ઘટાડાની ટકાવારી, યોજના વિસ્તારમાં સમાન સરેરાશ ઘટાડાની ટકાવારી સાથે સરખાવી શકાય અને સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગના લોકો માટેના ગૃહનિર્માણના હેતુ માટે સમુચિત સત્તામંડળને ઘટાડેલી જમીનનો હિસ્સો ફાળવવા માટે નિર્ણય લેવો જોઈશે.

(૬) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નોંધમાં નગરરચના અધિકારીએ યોજના વિસ્તાર સંબંધી નોંધ, શહેરી જમીન ટોચ-મર્યાદા અધિનિયમ, ૧૯૭૬ને જવાબદાર રહે તેમ દાખલ કરવી જોઈશે અને શહેરી જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૭૬ હેઠળના નિર્ણયો, યોજનાના વિસ્તારને બંધનકર્તા રહેશે.

(૭) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, શહેરી જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૭૬ હેઠળ ફાજલ પ્લોટો તરીકે જાહેર કરાયેલ જમીનના મૂળ પ્લોટોને બદલે અલગ યોગ્ય છેવટના પ્લોટોની ફાળવણી કરવા નિર્ણય લેવો જોઈશે આમ કરતી વખતે, તેણે યોજનાના ફેર વહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં યોગ્ય ફેરફાર કરવા જોઈશે.

(૮) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ સમુચિત સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને જાહેર હેતુ માટે ફાળવેલ છેવટના પ્લોટ નં. ૪૨ માટે "SEBCH" તરીકે વિશિષ્ટ હેતુ માટે નિર્ણય લેવો જોઈશે.

(૯) યોજનાના મુસદ્દામાં, ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં અને નકશા ઉપર "આર્થિક રીતે નબળા વર્ગ માટે ગૃહનિર્માણ" એ શબ્દોને બદલે "સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગના લોકો માટે ગૃહનિર્માણ" એ શબ્દો મૂકવા.

(૧૦) યોજનાના મુસદ્દામાં, ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં પાના નં. ૮૫ ઉપર સમુચિત સત્તામંડળને ફાળવણી કરેલ છેવટના પ્લોટોના અનુક્રમાંક અને તેની માલિકી દર્શાવેલ ન હોય, તેને અનુક્રમે '૨૮' અને "સમુચિત સત્તામંડળ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન-વડોદરા" તરીકે દર્શાવવું જોઈશે.

(૧૧) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, સમુચિત સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને "S. E. B. C. H. અને પાર્કિંગ સ્પેસ" માટે સમુચિત સત્તામંડળને ફાળવેલા પ્લોટો યોજનાના વિસ્તારમાંના માલિકો અથવા રહેણાંકને પૂર્ણત: અથવા અંશત: લાભદાયી છે તેમ ફરી નક્કી કરવું જોઈશે.

(૧૨) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, ખુલ્લા પ્લોટ નં. ૨૭ અને છેવટના પ્લોટ નં. ૩૮ સંબંધી મૂલ્યાંકન ઉમેરવું જોઈશે.

(૧૩) યોજનાના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં, અનુક્રમાંક ૧૬, પર ખુલ્લા પ્લોટ નં. ૧૯/૧, ૨૦/૧ અને ૨૫/૪ માટે "આમોદ પ્રમોદના ઉપયોગ" તરીકે દર્શાવતી નોંધ અને નકશા પર ખુલ્લી જગા (નદી કાંઠાની વિકાસ યોજના (River front Development Scheme) દર્શાવતી નોંધ ખોટી છે. યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે નગર રચના અધિકારીએ, વિકાસ યોજનાના ઝોનીંગ અનુસાર નોંધ સુધારવી જોઈશે.

(૧૪) એવું ધ્યાનમાં આવ્યું છે કે યોજનાના નમૂના 'છ'માં મહેસૂલી સરવે નં. ૪૦૫, ૪૦૬ અને ૪૦૭વાળી જમીનોને ખુલ્લા પ્લોટ નં. ૯ અને મહેસૂલી સરવે નં. ૪૦૫, ૪૦૬ અને ૪૦૭ વાળી જમીનો માટે ખુલ્લા પ્લોટ નં. ૧૦ આપેલ છે. જ્યારે યોજનાના પ્લાનમાં મહેસૂલી સરવે નંબર ૪૦૫ અને ૪૦૬ વાળી જમીનોને ખુલ્લા પ્લોટ નં. ૯ આપેલ છે, જ્યારે મહેસૂલી સરવે નં. ૪૦૭ વાળી જમીનને માત્ર ખુલ્લા પ્લોટ નંબર ૧૦ આપેલ છે. તેથી નગરરચના અધિકારીએ વિસંગતતા દૂર કરવા માટે હકીકતોની ફરી તપાસ કરવી જોઈશે અને ખુલ્લા પ્લોટ નં. ૯ અને ૧૦ની હદો નક્કી કરવી જોઈશે. અને યોજનાના રેકોર્ડમાં તે દાખલ કરવી જોઈશે.

(૧૫) નગરરચના અધિકારીએ વિસંગતતા દૂર કરવા માટે, ખુલ્લા પ્લોટ નંબર ૧૨ અને ૧૩ અને ૬ અને ૬/૧ માટે હકીકતોની ફરીથી તપાસ કરવી જોઈશે અને યોજનાના રેકોર્ડમાં સુધારો દાખલ કરવો જોઈશે.

(૧૬) નગરરચના અધિકારીએ, યોજનાના વિસ્તારની અંદર અને યોજના વિસ્તારની બહારની બાજુએ આવેલી જમીનોના વેચાણની ફરી વસૂલાત કરવી જોઈશે. અને યોજનાના વિસ્તારના જુદા જુદા હેતુઓ માટે જમીનની કિંમતની ગણતરી કરવી જોઈશે.

(૧૭) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ સમુચિત સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને, વિકાસ ક્રમો પૂરા કરવાની સમય-મર્યાદા પ્રારંભિક યોજના અમલમાં આવે તે તારીખથી પાંચ વર્ષની હોવી જોઈશે તે નક્કી કરવું જોઈશે.

(૧૮) વિકાસ નિયંત્રણ વિનિયમો વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના તે વખતના મંજૂર થયેલા વિકાસ યોજનાના વિકાસ નિયંત્રણ વિનિયમો અનુસાર યોજનાના વિસ્તારને લાગુ પડવા જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુક્ત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

તા. ૧–૬–૯૬ થી તા. ૩૦–૬–૯૬ દરમ્યાન પ્રસિદ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી.

અનુક્રમ નંબર.	અસાધારણ રાજપત્રનો નંબર.	જાહેરનામાનો નંબર અને તારીખ	પ્રસિદ્ધિની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
		ભાગ–૯		
૧	૪૪	સન ૧૯૯૬નો ગુજરાત વટહુકમ ક્રમાંક ૧	૧૮–૬–૯૬	વે. અને સં. બા. વિ.
૨	૪૫	,, ,, ,, ,, ૨	૨૬–૬–૯૬	,,
૩	૪૬	,, ,, ,, ,, ૩	,,	,,
૪	૪૭	ભા.એ.૨૯૮/જીએચએન-૧૦-જીએસટી-૧૦૯૬-એસ-૪૯-૨૯૩-ઠ	૨૭–૬–૯૬	,,
૫	૪૮	ભા.એ./૨૯૯-જીએચએન-૧૨-એમએલએ-૧૦૯૧-એસ-૩૫-(૪૩)-ઠ	,,	,,

જે. કે. દવે,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/4

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol XXXVII] THURSDAY, AUGUST 1, 1996/SRAVANA 10, 1918 [No. 31

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૯મી જાન્યુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી/૧૯૯૬ના ૧-વીબીએન-૨૪૯૪-૧૬૫૫-આઈસી૨૫-ચનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૬નો ૧-વીબીએન-૨૪૯૪-૧૬૫૫-આઈસી-૨૫-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ--૭થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત મહુવા અને જિલ્લા પંચાયત ભાવનગર સાથે વિચાર-વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી:—

(૧) અનુસૂચિમાં કોલમ--૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ--૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારો બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ--૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ--૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ.	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર.	વિદ્યમાન ગામમાંથી બાકાત કરેલ સ્થાનિક વિસ્તાર.	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ.	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	મહુવા	કુંભારીયા	૧. કુંભારીયા મહેસૂલી ગામ.		૧. કુંભારીયા ૨. સમઢિયાળા (પટ્ટી)	૧. (૧) કુંભારીયા મહેસૂલી ગામ.
			૨. સમઢિયાળા પ્લોટ પટ્ટી (પેટા પરા)	સમઢિયાળા પ્લોટ પટ્ટી (પેટા પરા)		૨. (૧) સમઢિયાળા પ્લોટ પટ્ટી (પેટા પરા)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/૦૨/૧૯૯૬/એનટીઆર/૧૦૯૫/૩૬/ક નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

NOTARIES RULES, 1956.

નોટરી નિયમો, ૧૯૫૬ સંબંધી જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૬.

નોટરી નિયમો, ૧૯૫૬ : ક્રમાંક : જીકે/૦૨/૧૯૯૬/એનટીઆર/૧૦૯૫/૩૬/ફ . નોટરી નિયમો, ૧૯૫૬ના નિયમ ૪થી મળેલી સત્તાની રૂએ અને કાયદા વિભાગના તા. ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/૦૫/૧૦૯૫/એનટીઆર/૩૬-ફ ૨૬ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત સરકારના કાયદા વિભાગના ઉપસચિવશ્રી આર. એમ. પરમારને, સદરહુ નિયમોના હેતુ માટે સક્ષમ સત્તાધિકારી તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. જે. દાળકીયા,
સરકારના સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/૨૬/૯૫/એઆરબી/૧૦૯૨/૩૪૦/ટી નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

GUJARAT PUBLIC WORKS CONTRACTS DISPUTES ARBITRATION TRIBUNAL ACT, 1992.

ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૯૨ હેઠળ જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૯૨.

ક્રમાંક : જીકે/૨૬/૯૫/એઆરબી/૧૦૯૨/૩૪૦/ટી— ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ અધિનિયમ (સન ૧૯૯૨ના ગુજરાતના ૪થા) ની કલમ ૩ના પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી નિવૃત જિલ્લા ન્યાયાધીશ શ્રી એમ. પી. ભટ્ટને, તેઓ પોતાના હોદ્દાનો ચાર્જ સંભાળે તે તારીખથી અમલમાં આવે તેમ, ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલના સભ્ય તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

અરૂણ રાવલ,
સરકારના ઉપસચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૧૬મી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તા. ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૩૩/ટીપીએસ/૧૫૯૪/૩૮૯૬-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

નિ. રા. પરીખ
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૩૩/ટીપીએસ/૧૫૯૪/૩૮૯૬-એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૨-૧-૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૧/ટીપીએસ/૧૫૮૬/૫૧૧૦/એલ. હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬નાં રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રુએ, અમદાવાદ શહેરી વિકાસ અને સત્તામંડળ અમદાવાદ-એ પોતાને સાદર કરેલી નગરરચના યોજના, નિકોલ-રખિયાલ નંબર ૧ નો મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો તે) મંજૂર કર્યો હતો.

અને સદરહુ અધિનિયમની કલમ-૫૦થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણુંક કરી હતી.

અને, નીમેલા નગરરચના અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૫૨ની પેટા-કલમ (૨) અને કલમ-૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના નિકોલ-રખિયાલ નંબર ૧ પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરેલ છે.

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૬૫ થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી. :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલાં ફેરફારોને આધીન રહીને, "સદરહુ પ્રારંભિક યોજના" મંજુર કરે છે;

(ખ) જણાવે છે કે "સદરહુ પ્રારંભિક યોજના" અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદની કચેરીમાં રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ લોકોને જોવા માટે ખુલ્લી રહેશે, અને

(ગ) સદરહુ કલમ ૬૫ની પેટા કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે ૧૬-૩-૧૯૯૬ નક્કી કરે છે.

અનુસૂચિ

૧. પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં, ફેર વહેંચણી પત્રકમાં, અનુક્રમાંક ૧૩૬ના કોલમ ૨માં, પાના નંબર ૫ ઉપર, માલિકનું નામ "સમુચિત સત્તા મંડળ—અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન" ઉમેરવું જોઈશે.

૨. પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં, "સદરહુ પ્રારંભિક યોજનાની મંજૂરીથી ચાર વર્ષ" તરીકે દર્શાવેલ સૂચિત વિકાસ કામોને પુરા કરવા માટેની સમયમર્યાદા એ મજકુરને બદલે, "સદરહુ પ્રારંભિક યોજના અમલમાં આવે તે તારીખથી ચાર વર્ષ" એ મજકૂર મૂકવો.

૩. વિકાસ નિયંત્રણ વિનિયમોને, સદરહુ પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાંથી બાકાત કર્યા હોય તેમ ગણવું.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૬ નો ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૨૯/ડીવીપી--૨૭૯૪--૨૩૪૬/એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

નિ. રા. પરાંખ,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૨૯/ડીવીપી-૨૭૯૪--૨૩૪૬/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી મે, ૧૯૮૭ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચવી-૧૯૮૭નો ૧૨૮/ડીવીપી-૨૭૮૨-૧૯૦૫ (૮૭) ઓલ હેઠળ મંજૂર કરેલ પાટણ વિસ્તાર વિકાસ સત્તામંડળની વિકાસ વિસ્તાર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૧૯ નો પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને;

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈપણ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજુ કરવા ફરમાવે છે,

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨--૫--૧૯૮૭ ના જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૭નો ૧૨૮/ડીવીપી-૨૭૮૨--૧૯૦૫-- (૮૭)-ઓલ થી મંજૂર કરેલ પાટણની સુધારેલી વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

પાટણની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે 'ABCDEFGHIA' તરકે નિશાનીથી કરેલ 'ખેત વિષયક ઝોન' માટે મુકરર કરેલ પાટણની સરવે નંબર ૧૦૧૬, ૧૦૧૭, ૧૦૧૮, ૧૦૧૯, ૧૦૨૦, ૧૦૨૧, ૧૦૨૨, ૧૦૨૩, ૧૦૨૪/૧+૨, ૧૦૨૫, ૧૦૨૬, ૧૦૩૦, ૧૦૩૧ અને ૧૦૩૨ વાળી તમામ જમીન સદરહુ મુકરર કરેલી જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,

ગુજરાત સરકારના ખાસ ફરજ પરનાં અધિકારી અને સંયુકત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામો ક્રમાંક જીએચ/વી/૧૯૯૬નો-૨૭/ડીવીપી-૧૫૯૩/૨૭૫૯-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

નિ. રા. પરીખ,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ, જાહેરનામું

ગુજરાત સરકાર,

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૬નો ૨૭/ડીવીપી-૧૫૯૩-૨૭૫૯-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી-૧૯૮૭નો ૨૪૦/ડીવીપી-૧૫૮૩-૪૪૨૦-(૮૭)-એલ હેઠળ મંજૂર કરેલ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

અને, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯૦ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો, તે આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની, તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવે છે;

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૭નો ૨૪૦/ડીવીપી-૧૫૮૩-૪૪૨૦-(૮૭)-એલથી મંજૂર કરેલી ઔડાની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ વિકાસ યોજનામાં "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલ આ સાથે જોડેલી પ્લાન પર દર્શાવ્યા પ્રમાણે 'A B C D A' નિશાની કરેલ, દહેગામના મહેસૂલી સરવે નંબર ૧૬૮૩/ભાગ, ૧૬૮૫/ભાગ, ૧૬૮૬, ૧૬૮૭/ભાગ, ૧૬૮૮, ૧૬૮૯, ૧૬૯૦,/ભા ૧૬૯૧/ભાગ, ૧૬૯૨/ભાગ, ૧૬૯૩, ૧૬૯૪, ૧૬૯૫/ભાગ, ૧૬૯૬,/ભાગ, ૧૭૬૮/ભાગ, ૧૭૭૧/ભાગ અને ૧૭૭૨/ભાગવાળી જમીનો, સદરહુ મુકરર કરેલી જમીનોમાંથી કાઢી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ 'રહેણાંકના ઝોન' માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી માર્ચ, ૧૯૯૬ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીકે-૧૩/૯૬/સીઓઆઈ/૧૯૯૯/૬૬૫/વોલ્યુમ-૧-આઈ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

નિ. રા. પરીખ,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE COMMISSIONERS OF INQUIRIES ACT, 1952.

તપાસ કમિશન અધિનિયમ, ૧૯૫૨ હેઠળ જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી માર્ચ, ૧૯૯૬

તપાસ કમિશન અધિનિયમ, ૧૯૫૨.

ક્રમાંક જીકે/૧૩/૯૬/સીઓઆઈ/૧૯૯૯/૬૬૫/વોલ્યુમ-૧/આઈ.—કાયદા વિભાગના તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૯ના સરકારી જાહેરનામા ક્રમાંક જીકે/૯૯/૩૯/૧૯૯૯/૬૬૫/ડી (જેનો આમાં હવે પછી, "સદરહુ જાહેરનામા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની રુએ, ગુજરાત સરકારે, કોન્ટ્રાક્ટર જયપ્રકાશ એસોસિયેટસ પ્રાઈવેટ લિમિટેડને નર્મદા વિકાસ વિભાગ અને જળસંપત્તિ વિભાગના સરકારી કામનો કરાર સોંપવાને લગતી બાબતોમાં અને તેના ટેન્ડરો સ્વીકારીને, ટેન્ડરની કબૂલાતની જોગવાઈઓનું પાલન નહિ કરતાં ટેન્ડરમાં દર્શાવેલા જથ્થા કરતાં વધારે જથ્થાની ચૂકવણી કરીને અને ટેન્ડરમાં દર્શાવ્યા કરતાં વધારે પ્રમાણમાં કામ કરીને સદરહુ કોન્ટ્રાક્ટરને આપેલી કહેવાતી અનધિકૃત નાણાકીય સહાય આપીને, સદરહુ કોન્ટ્રાક્ટરની તરફેણ કરવામાં આવી છે એમ કહેવાય છે અને જળસંપત્તિ વિભાગ હેઠળના અમુક પ્રોજેકટો માટે, બાંધકામમાં વિલંબ, ટેન્ડરમાં કરેલી જોગવાઈ કરતાં વધારે પ્રમાણમાં બાંધકામ કરવા અને અન્ય સિંચાઈ પ્રોજેકટો સંબંધી વધારાની ચૂકવણી અંગે જુદી જુદી ફરિયાદો થઈ હતી અને તે બાબતની તપાસ કરવા માટે ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદના નિવૃત્ત ન્યાયાધીશ શ્રી આઈ. સી. ભટ્ટનું બનેલું તપાસ કમિશન નીમેલુ હતું;

અને તારીખ ૨૭મી ડિસેમ્બર, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીકે/૫૦/૯૩/સીઓઆઈ/૧૯૯૯/૬૬૫/આઈ થી શ્રી આઈ. સી. ભટ્ટને સ્થાને, ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ શ્રી જે. પી. દેસાઈને તપાસ કમિશનમાં નીમેલ છે;

અને કમિશને તપાસ પૂરી કરીને તેનો રિપોર્ટ સદરહુ જાહેરનામાની તારીખથી છ મહિનાની અંદર રજૂ કરવાનો હતો;

અને કમિશનની મુદત વખતોવખત લંબાવવામાં આવી હતી. અને છેલ્લે, કાયદા વિભાગના તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૫ના જાહેરનામા ક્રમાંક જીકે/૧/૯૫/સીઓઆઈ/૧૯૯૯/૬૫૫/વોલ્યુમ-૧/આઈથી તે મુદત તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૫ સુધી લંબાવવામાં આવી હતી;

અને, ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે કમિશને, તપાસ પૂરી કરવી અને ૩૧મી માર્ચ, ૧૯૯૬ સુધીમાં રાજય સરકારને પોતાનો રિપોર્ટ રજૂ કરવો;

તેથી, હવે, તપાસ કમિશન અધિનિયમ, ૧૯૫૨ (સન ૧૯૫૨ના ૬૦મા)ની કલમ ૩થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ જાહેરનામું નીચે પ્રમાણે સુધારે છે :—

સદરહુ જાહેરનામામાં, ઉજા પરિચ્છેદમાં, "સન ૧૯૯૫ના સપ્ટેમ્બર મહિનાની ૩૦મી તારીખે અથવા તે પહેલાં." એ શબ્દો અને આંકડાને બદલે, "સન ૧૯૯૬ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં" એ શબ્દો અને આંકડા મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઓસ. એન. દોશી,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૬નો ૨૦/ડીવીપી/૨૫૯૪ ૩૦૨૫/એલ નો ગુજરાતી અનુવાદ આથીસર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

નિ. રા. પરીખ,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૨૦/ડીવીપી/૨૫૯૪/૩૦૨૫/એલ.— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૬મી જૂન ૧૯૮૪ ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૪નો ૭૦/ડીવીપી/૨૫૮૦/૧૬૩૦(૮૪) એલ હેઠળ મંજૂર કરેલ વલસાડ નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી.—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામુ સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૬મી જુન ૧૯૮૪ ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૪નો ૭૦/ડીવીપી/૨૫૮૦/૧૬૩૦/(૮૪)-ઓલ થી મંજૂર કરેલ વલસાડની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

૧. વલસાડની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં 'ધોબી ઘાટ' માટે અનામત રાખેલી, આ સાથે જોડેલા પ્લાન પર A B C D E A તરીકે નિશાની કરીને દર્શાવેલી વલસાડની મહેસુલી સરવે નંબર ૪૧ પૈકી (સીટી સરવે નંબર ૨૯૫૫/વાળી જમીન, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(૨)(ક) વલસાડની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં, "ખુલ્લી જગા" અને પોલીસ ચોકી" માટે અનામત રાખેલી, આ સાથે જોડેલા પ્લાન પર 'X Y Z X' તરીકે નિશાની કરીને દર્શાવેલી, વલસાડની સીટી સરવે નંબર ૪૪૮૮ પૈકી અને ૫૪૫ પૈકી વાળી જમીનો, સદરહુ અનામતનાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(ખ) વલસાડની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં કૃષિ વિષયક ઝોન માટે મુકરર કરેલી આ સાથે જોડેલા પ્લાનપર "O P Q R S T U V W O" તરીકે નિશાની કરીને દર્શાવેલી વલસાડની સીટી સરવે નંબર ૪૪૮૮ પૈકી વાળી જમીન, સદરહુ મુકરર કરેલી જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન"માટે મુકરર કરવી.

INDEX

(ગ) વલસાડની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં અને આ સાથે જોડેલા પ્લાન પર "A-B" તરીકે નિશાની કરીને દર્શાવેલી, સીટી સરવે નંબર ૪૪૮૮ અને ૫૪૫૫માંથી પસાર થતો ૪૦' સૂચિત રસ્તો કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક)હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(ઘ) આ સાથે જોડેલા પ્લાન પર વલસાડની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં 'C--D" તરીકે નિશાની કરીને દર્શાવેલી, સીટી સરવે નંબર ૪૪૮૮ માંથી પસાર થતો ૬૦' પહોળો સૂચિત રસ્તો, ૩૦' પહોળા રસ્તાની લાઈનદોરી સુધી ઘટાડવો અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ઘ) અને ૧૨(૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(૩)(ક) આ સાથે જોડેલા પ્લાન પર 'G-H' તરીકે નિશાની કરીને દર્શાવેલી, સીટી સરવે નંબર ૨૩૦૦ની દક્ષિણ હદ પરનો ૩૦' સૂચિત રસ્તો કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ રહેણાંકના 'ઝોન' માટે મુકરર કરવી.

(ખ) આ સાથે જોડેલા પ્લાન પર વલસાડની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં 'A--B" તરીકે નિશાની કરીને, દર્શાવેલી, સીટીએસ નંબર ૨૩૮૦ ની પૂર્વ હદ પરનો ૪૦' પહોળો સૂચિત રસ્તો, ૩૦' પહોળા રસ્તાની લાઈનદોરી સુધી ઘટાડવો અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ઘ) અને ૧૨(૨) (ક) હેઠળ રહેણાંકના ઝોન' માટે મુકરર કરવી

(ગ) વલસાડની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં 'બગીચા' માટે માટે આનામત રાખેલી, આ સાથે જોડેલા પ્લાન પર "C D E F C" તરીકે નિશાની કરીને દર્શાવેલી સીટી સરવે નંબર ૨૩૮૦ પૈકી વાળી જમીન, સદરહુ આનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ 'રહેણાંકના ઝોન' માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ,
વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી માર્ચ,-૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૭મી માર્ચ, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીજી/૯૬/૧૫/એમટીઓ/૧૭૯૬/૭૩૮/ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

નિ. રા. પરીખ,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY MOTOR VEHICLES TAX ACT, 1958.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી માર્ચ, ૧૯૯૬.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીજી/૯૬/૧૫/એમટી ઓ/૧૭૯૬/૭૩૮/ખ.—મુંબઈ મોટર વાહનવેરા નિયમો, ૧૯૫૯ના નિયમ--૧૬કના ખંડ (૧)સાથે વાંચતા, મુંબઈ મોટર વાહનવેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈ ૧૪ કામા) ની કલમ--૧૩ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આ સાથે જોડલી અનુસૂચિ ની કોલમ--૨માં દિર્શ કરેલા, "માતા અમૃતાનંદમયી મઠ, અમૃતાપુરી", કોલ્લમ જિલ્લો, કેરાલમ—૬૯૦૫૨૫ની માલિકીનાં જે વર્ગ ના વાહનોમે સમાવતી તેને ધાર્મિક ઉદ્દેશ સાધવા માટે ઉપયોગમાં લેવાતા હોય અથવા ઉપયોગ કરવા માટે રાખેલ હોય તે મોટર વાહનોને આ જાહેરનામું બહાર પાડયાની તારીખથી સન ૧૯૯૬ના માર્ચ મહિનાની ૨૬મી તારીખ સુધી વેરો ભરવામાંથી સંપૂર્ણત: મુકિત આપે છે.

INDEX

આનુસૂચિ

અનુક્રમાંક ૧	મોટર વાહનનો વર્ગ ૨			નોંધણી ચિહ્ન ૩
૧.	ઉતારુ બસ	—	બેઠક ક્ષમતા ૪૬	KL–2C ૧૨૪૨
૨.	ઉતારુ બસ		,, ૫૦	KL–2A ૫૮૫૯
૩.	ઉતારુ બસ		,, ૩૦	KL–2A ૯૯૦૦
૪.	ઉતારુ બસ		,, ૩૨	KL–2B ૪૩૯૨

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન એસ પાટડિયા,
સરકારના ઉપ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,-

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૨મી માર્ચ, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૬નો/૪૯/યુડીએ-૧૦૯૬-૧૨૩-કે નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૨મી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૬નો ૪૯-યુડીએ-૧૦૯૬-૧૨૩-કે.—રાજ્ય સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલ ગાંધીનગર શહેર અને ગામોની અંદરના વિસ્તારોના યોગ્ય વિકાસ અથવા પુન: વિકાસનો ઉદ્દેશ, તેનો વિકાસ અથવા પુન: વિકાસનું કાર્ય, વિસ્તાર વિકાસ સત્તામંડળને બદલે ખાસ સત્તામંડળને સોંપવાથી સારી રીતે થઈ શકશે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૨૨ની પેટા-કલમો (૧), (૨) અને (૪)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી,—

(૧) ગાંધીનગર શહેરની અંદરના વિસ્તારો અને સદરહુ અનુસૂચિની કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલ ગામોની હદની અંદરના વિસ્તારોને, શહેરી વિકાસ વિસ્તાર તરીકે જાહેર કરે છે;

(૨) ગાંધીનગર શહેરની અંદરના વિસ્તારો અને સદરહુ અનુસૂચિની કોલમ ૪ની નિર્દિષ્ટ કરેલ ગામોની હદની અંદરના વિસ્તારો, સદરહુ શહેરી વિકાસ વિસ્તારની હદો નક્કી કરે છે;

(૩) સદરહુ શહેરી વિકાસ વિસ્તાર માટેનું રચાયેલું સત્તામંડળ, ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળના નામે ઓળખાશે જે નીચેના સભ્યોનું બનશે;

INDEX

૧.	અધિક મુખ્ય સચિવ/સચિવ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.	અધ્યક્ષ
૨.	અધિક મુખ્ય સચિવ/સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ અથવા નાયબ-સચિવ કરતાં નીચલા દરજ્જાની ન હોય તેવી તેમની નામ નિર્દિષ્ટ કરેલી વ્યકિત.	હોદ્દાની રુએ સભ્ય.
૩.	સચિવ, માર્ગ અને મકાન વિભાગ અથવા નાયબ સચિવ (ટેકનીકલ) કરતાં નીચલા દરજ્જાની ન હોય તેવી તેમની નામ નિર્દિષ્ટ કરેલી વ્યકિત.	હોદ્દાની રુએ સભ્ય.
૪.	પ્રમુખ, ગાંધીનગર જિલ્લા પંચાયત, ગાંધીનગર.	હોદ્દાની રુએ, સભ્ય.
૫.	મુખ્ય નગર આયોજક અથવા સીનીયર નગર આયોજક કરતાં નીચલા દરજ્જાના ન હોય તેવા તેમના પ્રતિનિધિ.	હોદ્દાની રુએ સભ્ય.
૬.	કલેકટર, ગાંધીનગર.	સભ્ય સચિવ અને મુખ્ય કારોબારી અધિકારી.

અનુસૂચિ

અનુક્રમ નંબર	જિલ્લાનું નામ	તાલુકાનું નામ	ગામનું નામ
૧	૨	૩	૪
૧.	ગાંધીનગર	ગાંધીનગર	અડાલજ
૨.			આદરજ મોટી
૩.			આલમપુર
૪.			અંબાપુર
૫.			બાસણ
૬.			ભુન્ડીયા
૭.			ચીલોડા (ડભોડા)
૮.			ડભોડા
૯.			દશેલા
૧૦.			દોલારાણા (વાસણા)
૧૧.			ધોળાકુવા
૧૨.			કોબા
૧૩.			કોલવડા
૧૪.			કુડાસણ
૧૫.			લવારપુર
૧૬.			લેકાવાડા
૧૭.			પાલજ

INDEX

૧	૨	૩	૪
૧૮.			પેથાપુર (ફતેપુરા પરુ સહિત)
૧૯.			પીપલજ
૨૦.			પીરોજપુર
૨૧.			પોર
૨૨.			પ્રાંતીયા
૨૩.			પુન્દ્રાસણ
૨૪.			રાંદેસણ
૨૫.			રાંધેજા
૨૬.			રતનપુર
૨૭.			રાયસણ
૨૮.			રૂપાલ
૨૯.			સરઢવ
૩૦.			સરગાસણ
૩૧.			શાહપુર
૩૨.			શેરથા
૩૩.			સીહોલી મોટી
૩૪.			સોનીપુર
૩૫.			તારાપુર (અડાલજ)
૩૬.			ઉવારસદ
૩૭.			વલાદ
૩૮.			વાસણા-હડમતિયા
૩૯.			વાવોલ

ગુજરાતના રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમનાં નામે,

પી. કે. ઘોષ,
સરકારના અધિક મુખ્ય સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. GAZ/SPL/1.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol XXXVII] THURSDAY, AUGUST 8, 1996/SRAVANA 17, 1918 [No. 32

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી ડિસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૯૫/૨૦૮/એમવીએ-૧૮૯૫/૬૮૧/ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોનાં જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE MOTOR VEHICLES ACT, 1988

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯ ડિસેમ્બર, ૧૯૯૫.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જીજી/૯૫/૨૦૮/એમવીએ-૧૯૯૫/૬૮૧/ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (૧૯૮૮ના ૫૯ મો)ની કલમ–૬૭ની પેટા-કલમ (૧)ના ખંડ (૧)થી મળેલી સત્તાનો ઉપયોગ કરીને, ગુજરાત સરકાર, સદરહુ પેટા-કલમ (૧)ના ખંડો (ક) થી (ઘ)ના જોગવાઈઓને લક્ષમાં લઈને આથી, રાજ્ય વાહન વ્યવહાર સત્તામંડળ અને જૂનાગઢ પ્રદેશના પ્રાદેશિક વાહન વ્યવહાર સત્તામંડળને આ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના વિસ્તારોમાં ચલાવાતા, કોર્ડીનાર નગર પંચાયત દ્વારા ચલાવવામાં આવતા સ્ટેજ કેરેજો માટે ભાડા નક્કી કરવા સંબંધી સન ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાના ૧લા તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ આદેશો કાઢે છે.

મુંબઈ મોટર વાહન (ઉતારુ વેરા) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૩ મો) હેઠળ લાગેલ અથવા લેવાપાત્ર (ઉતારુ વેરાની રકમ સહિત) કોઈ હોય તો તે, ભાડા, આ સાથે જોડેલા અનુસૂચિના કોલમ–૧ અને ૨ માં તેની સામે અનુક્રમે નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં અને રૂટો પર ચલાવાતા સ્ટેજ કેરેજો માટે, તે સમયે અમલમાં હોય તેટલા પૂરતું સદરહુ અનુસૂચિના કોલમ–૩માં તે સામે નિર્દિષ્ટ કર્યા પ્રમાણે આવા અધિકતમ ભાડાને અધીન રહેશે.

પરંતુ વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલી કોઈ મુસાફરીના કેસમાં, આવો કોઈ વેરો લેવાપાત્ર ન હોય તો, આવી મુસાફરી માટેનું ભાડું, તેવા વેરાની રકમમાંથી બાકાત રાખીને, તેવી રીતે સરભર કરવું જોઈશે.

અનુસૂચિ

વિસ્તાર	રૂટ	ઉતારુ વેરા સહિત અધિકતમ ભાડું
૧	૨	૩
મંજૂરી આપેલ રૂટોવાળા મ્યુનિસિપલ અથવા કેન્ટોનમેન્ટ વિસ્તારો કે જ્યાં કોડીનાર નગર પંચાયત, કોડીનાર દ્વારા સ્ટેજ કેરેજ (શહેરી ઉતારુ બસ સેવા) ચલાવવામાં આવતી હોય.	તમામ રૂટો	૧. બે (૨) કિલોમીટરના પ્રથમ સ્ટેજ અથવા તેના ભાગ માટે ઉતારુ દીઠ એક રૂપિયો, અને ૨. પ્રથમ સ્ટેજ પછીના દરેક બે કિલોમીટર અથવા તેના ભાગના અંતર માટે ઉતારુ દીઠ પચ્ચીસ પૈસા. ૩. પરંતુ લઘુત્તમ ભાડું ૧–૦૦ રૂપિયો હોવું જોઈશે. ૪. સ્ટેજ=૨ કિલોમીટર.

સ્પષ્ટીકરણ:—
આ જાહેરનામામાં "સ્ટેજ પોઈન્ટ" અથવા "સબ-સ્ટેજ પોઈન્ટ" એ શબ્દપ્રયોગ એટલે રૂટ ઉપર ભાડાની ગણતરી કરવાના અથવા ભાડું લેવાના હેતુ માટે, પ્રાદેશિક વાહન વ્યવહાર સત્તામંડળે એવી રીતે મંજૂર કરેલ કોઈપણ બસ સ્ટોપ.

વહુમાં ચઢવાનું સ્થળ સ્ટેજ પોઈન્ટ ન હોય, ત્યારે પ્રવાસ કરેલા અંતરની ગણતરી તરત જ અગાઉના સ્ટેજ પોઈન્ટ, અથવા સબ-સ્ટેજ પોઈન્ટથી કરવી જોઈશે અને ઉતરવાનું સ્થળ સ્ટેજ પોઈન્ટ અથવા સબ-સ્ટેજ પોઈન્ટ ન હોય ત્યારે પ્રવાસ કરેલા અંતરની ગણતરી, ત્યારપછી તરત જ આવતા સ્ટેજ પોઈન્ટ અથવા સબ-સ્ટેજ પોઈન્ટ સુધી કરવી જોઈશે.

INDEX

નોંધ:—આ જાહેરનામામાં, "ઉતારૂ" એ શબ્દનો અર્થ, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ--૨ના ખંડ (ઝ) અને નિયમ ૧૧૯ના પેટા-નિયમ (૧)માં તેનો જે અર્થ કર્યો છે તે જ થશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. યુ. ગમિત,
સેક્શન અધિકારી.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૬/ડીવીપી/૧૫૯૪--૨૦૩૬--એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

નિ. રા. પરીખ,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નં ૧૬/ડીવીપી/૧૫૯૪--૨૦૩૬--એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૮૮૭ નો ૨૪૭/ડીવી પી/૧૫૮૩--૪૪૨૦--(૮૭)--એલ. હેઠળ મંજૂર કરેલ, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને, સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૫૪૫/ડીવીપી/૧૫૯૪--૩૪૩૭--(૯૪)પ્ર-એલ; હેઠળ તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણના ભાગ--૪-બીના પાના નંબર ૨૨૨/૧ અને ૨૨૨/૨ પર પ્રસિધ્ધ કર્યા હતા અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે સદરહું જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરતા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિધ્ધ કરી હતી ;

અને, ગુજરાત સરકારને, આ સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અને વાંધા મળ્યા નથી ;

INDEX

તેથી, હવે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં ફેરવાના સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાના ફેરફાર, આ જાહેરનામાની તારીખથી એટલે કે ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૬થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૮૭ના --૨૪૦--ડી.વી.પી.--૧૫૮૩--૪૪૨૦--(૮૭)--એલ, થી મંજૂર કરેલ ઔડાના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંના ફેરફાર.

૧. "ઔડાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "સામાન્ય ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે "A B C D E F G H A" તરીકે નિશાની કરેલ વિઓલના મહેસૂલી સરવે નં. ૫૬૪/૧/ભાગની આશરે ૪૬૫૪ ચોરસ મીટરની માપવાળી જમીન, સદરહુ મુકરર કરેલ જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં, અનુક્રમાંક: ૧ પર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "શહેરી ગરીબ માટેના રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(૨) ઔડાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "ખુલ્લી જગા" માટે મુકરર કરેલી, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે "JKLMNOJ" નિશાની કરેલ વિઓલના મહેસૂલી સરવે નંબર ૫૬૫/૧ ભાગની આશરે ૬૪૭૫ ચોરસ મીટરની માપવાળી જમીન, સદરહું મુકરર કરેલી જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૨ પર દર્શાવ્યા મુજબ ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) "હેઠળ" શહેરી ગરીબ માટેના રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(૩) ઔડાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "સામાન્ય ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલી આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે અનુક્રમે a1 d1 c1 d1 a1 e1 f1 g1 h1 e1 અને 'PQRSTUVWP' નિશાની કરેલ ચેનપુરના મહેસૂલી સરવે નંબર ૪૨/ભાગની આશરે ૭૭૦૪ ચોરસ મીટર માપવાળી અને મહેસૂલી સરવે નંબર ૩૫+૪૦ ભાગની આશરે ૧૩૩૦૩ ચોરસ મીટર માપવાળી જમીન સદરહુ મુકરર કરેલી જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૩ પર દર્શાવ્યા મુજબ ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "શહેરી ગરીબ માટેના રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(૪) ઔડાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "સામાન્ય ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે "JKLMNOPQJ" તરીકે નિશાની કરેલ રાણીપના મહેસૂલી સરવે નંબર ૨૨૨/એ/૨ની આશરે ૩૭૦૬ ચોરસ મીટર માપવાળી જમીન, સદરહુ મુકરર કરેલી જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલ જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં, અનુક્રમાંક ૪ પર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ (૧૨) (૨) (ક) હેઠળ "શહેરી ગરીબ માટે રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
અને સંયુક્ત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી એપ્રિલ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તા. ૧૯મી માર્ચ, ૧૯૯૬ના ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીપી-૯-ડીએનટી-૨૨૭૯-૧૩૧૭-(૩)-(૯૬)વી, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

THE PROFESSOR IN GENERAL ANATOMY IN GENERAL STATE SERVICES, CLASS-I, RECRUITMENT RULES, 1996.

સામાન્ય રાજ્ય સેવા, વર્ગ-૧માં, સામાન્ય શરીર રચના વિજ્ઞાનમાં, પ્રોફેસરની ભરતીના નિયમો, ૧૯૯૬ સંબંધી જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૯મી માર્ચ, ૧૯૯૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જીપી-૯-ડીએનટી-૨૨૯૯-૧૩૧૭-(૩)-(૯૬)-વી.—ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રુએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, સરકારી ડેન્ટલ કોલેજો અને હોસ્પિટલોમાં સામાન્ય રાજ્ય સેવા, વર્ગ-૧માં સામાન્ય શરીર રચના વિજ્ઞાનમાં પ્રોફેસરની જગ્યા ઉપરની ભરતીનું નિયમન કરવા માટે નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો સામાન્ય રાજ્ય સેવા, વર્ગ-૧માં, સામાન્ય શરીર રચના વિજ્ઞાનમાં પ્રોફેસરની ભરતીના નિયમો, ૧૯૯૬ કહેવાશે.

૨. સામાન્ય રાજ્ય સેવા, વર્ગ-૧માં, સરકારી ડેન્ટલ કોલેજો અને હોસ્પિટલોમાં, સામાન્ય શરીર રચના વિજ્ઞાનમાં પ્રોફેસરની જગ્યા ઉપર નિમણૂંક,—

(ક) સરકારી ડેન્ટલ કોલેજોમાં, સામાન્ય શરીર રચના વિજ્ઞાનમાં મદદનીશ પ્રોફેસર તરીકે કામ કરતી અને સીધી પસંદગીથી નિમણૂંક માટે નિયમ-૩માં ઠરાવેલી શૈક્ષણિક લાયકાત અને શિક્ષણ કાર્યનો અનુભવ ધરાવતી વ્યકિતઓમાંથી સિધ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યકિતને બઢતી આપીને; અથવા

(ખ) સીધી પસંદગીથી;

કરવામાં આવશે :

પરંતુ, બઢતી દ્વારા જગ્યા ભરવા માટે યોગ્ય ઉમેદવારો પ્રાપ્ય ન હોય ત્યારે જ સીધી પસંદગીથી નિમણૂંક કરવામાં આવશે.

૩. નિયમ-૨માં જણાવેલી જગ્યા ઉપર સીધી પસંદગીથી નિમણૂંકને પાત્ર થવા માટે ઉમેદવાર.—

(ક) ૪૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ;

(ખ) (૧) ગુજરાતમાંની વૈધાનિક યુનિવર્સિટીની બી. ડી. એસ.ની પદવી અથવા ભારતની ડેન્ટલ કાઉન્સિલ દ્વારા માન્ય કરાયેલ અન્ય કોઈપણ સમકક્ષ લાયકાત, અથવા ગુજરાતમાંની વૈધાનિક યુનિવર્સિટીની એમ. બી. બી. એસ. ની પદવી અથવા ભારત મેડીકલ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૫૬ની પહેલી અથવા બીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી અન્ય કોઈપણ લાયકાત ધરાવતો હોવો જોઈએ;

(૨) શરીર રચના વિજ્ઞાનમાં અનુસ્નાતકની પદવી અથવા ભારત મેડીકલ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૫૬ની પહેલી અથવા બીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈએ;

(૩) ઉપરના ખંડ (ખ) (૨)માં નિર્દિષ્ટ કરેલ અનુસ્નાતકની લાયકાત મેળવ્યા પછી, મેડીકલ અથવા ડેન્ટલ કોલેજમાં, સામાન્ય શરીર રચના વિજ્ઞાનમાં મદદનીશ પ્રોફેસર તરીકે આશરે નવ વર્ષનો શિક્ષણ કાર્યનો અનુભવ ધરાવતો હોવો જોઈએ;

પરંતુ, આસાધારણ સારી લાયકાત અથવા અનુભવ અથવા તે બન્ને ધરાવતા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

વધુમાં, ગુજરાત રાજ્ય સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર, ગુજરાત સરકારની નોકરીમાં અગાઉથી હોય તેવા ઉમેદવારના કિસ્સામાં પણ ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

વળી, પાયાની ડેન્ટલ લાયકાતવાળા ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

વળી, તે વિષયના સંશોધન કાર્યમાં અગાઉથી તાલીમ અને અનુભવ ધરાવતા હોય અને જે માન્ય કરેલ સામાયિકોમાં સંશોધન કાર્ય પ્રસિધ્ધ કરવાની પ્રતિષ્ઠા ધરાવતા હોય તેવા ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

INDEX

૪. સીધી પસંદગીથી નિમાયેલ ઉમેદવારને, બે વર્ષની મુદત સુધી પ્રોબેશન ઉપર રાખવામાં આવશે.

૫. પસંદ થયેલ ઉમેદવારે, વખતો વખત તે અર્થે સરકારે કરેલા નિયમો અનુસાર ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેની પરીક્ષા પાસ કરવી પડશે.

૬. દંત ચિકિત્સક અધિનિયમ, ૧૯૪૮ અથવા ગુજરાત મેડીકલ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૬૭ અથવા તે સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈપણ તત્સમાન કાયદા હેઠળ જો પસંદ થયેલ ઉમેદવારનું નામ રજિસ્ટર થયેલ ન હોય તો તેમણે ફરજ ઉપર જોડાતાં પહેલા, પોતાનું નામ એવી રીતે રજિસ્ટર કરાવવું જોઈશે.

૭. જગા ઉપર નિમાયેલ ઉમેદવારને તાલીમમાં ગાળેલી કોઈપણ મુદત હોય તો, તે સહિત ચાર વર્ષથી ઓછી નહિ તેટલી મુદત માટે, કોઈપણ સંરક્ષણ સેવામાં અથવા ભારતના સંરક્ષણ સાથે સંકળાયેલી કોઈ જગા ઉપર સેવા બજાવવાનું ફરમાવવામાં આવે તો, તે તેમ કરવાને જવાબદાર રહેશે :

પરંતુ આવા ઉમેદવારને :

(ક) નિમણુંકની તારીખથી દસ વર્ષ પૂરા થયા પછી, ઉપર્યુકત પ્રમાણે સેવા બજાવવાનું ફરમાવી શકાશે નહિ; અને

(ખ) સામાન્યતઃ ૪૫ વર્ષની ઉમરે પહોંચ્યા પછી, ઉપર્યુકત પ્રમાણે સેવા બજાવવાનું ફરમાવી શકાશે નહિ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એમ. ક્રિશ્ચિયન,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/53

©



सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, AUGUST 29, 1996/BHADRA 7, 1918 [No. 35

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts

તા. ૧–૭–૯૬ થી ૩૧–૭–૯૬ દરમિયાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી

અનુક્રમ નંબર	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ	પ્રસિધ્ધિની તારીખ	વિભાગનું નામ
		ભાગ–૯		
૧	૪૯	ભા. એ. ૩૪૦/૯–૭–૯૬ (જીએચએન–૧૭) જીએસઆર–૧૦૯૬–(૮૨)–૬ ૪–૭–૯૬	૧૧–૭–૯૬	વે. અને સં. બા. વિ.
૨	૫૦	ભા. એ. ૩૪૧/૯–૭–૯૬ (જીએચએન–૧૮) જીએસઆર–૧૦૯૬–(૮૩)૬ ૪–૭–૯૬	»	»
૩	૫૧	ભા. એ. ૩૫૯/૨૦–૭–૯૬ (જીએચએન–૧૯) જીએસટી–૧૦૯૬–(એસ–૪૯)/૨૯૪)–૬ ૩–૭–૯૬	૨૨–૭–૯૬	»

જે. કે. દવે,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/G.

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol XXXVII] THURSDAY, SEPTEBER 5, 1996/BHADRA 14, 1918 [No. 36

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨જી જાન્યુઆરી ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૩/ડીવીપી/૨૭૯૪/૧૦૮૩/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૩ /ડીવીપી/૨૭૯૪/૧૦૮૩/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૬-૭-૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૩ના ૧૩૩/ડીવીપી-૨૭૯૨-૨૧૮૯-(૯૩) એલ હેઠળ મંજૂર કરેલ, મહેસાણા વિસ્તાર વિકાસ સત્તામંડળની જિલ્લા વિસ્તાર બહારની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું.

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફારો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૯૯/ડીવીપી-૨૭૯૪-૧૦૮૩-એલ. હેઠળ, તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪બીના પાના નંબર ૧૧૧૧-૧ અને ૧૧૧૨ ઉપર પ્રસિધ્ધ કર્યા હતા અને કોઈપણ વ્યકિતને સુચિત ફેરફારના સંબંધમાં સૂચના અથવા વાંધા હોય તો તે, સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને, ગુજરાત સરકારને આ સૂચિત ફેરફારના સંબંધમાં કોઈ સૂચનો અને વાંધા મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાના સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાના ફેરફાર, આ જાહેરનામાની તારીખ એટલે કે ૨-૧-૧૯૯૬થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૬-૭-૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૩નો ૧૩૩/ડીવીપી /૨૭૯૨-૨૧૦૯-(૯૩)એલ થી મંજૂર કરેલ મહેસાણાની વિકાસ યોજનામાંનો ફેરફાર.

મહેસાણાની મંજૂર કરેલ વિકાસ યોજનામાં, "ઔદ્યોગિક ઝોન" તરીકે મુકરર કરેલ મહેસાણાની મહેસૂલી સર્વે નં. ૧૯૯૦/૧૨(૩૨૫.૨૭ ચો.મી. વિસ્તાર) અને મહેસૂલી સર્વે નં. ૧૯૯૦/૧૩(૪૫૧૯ ચો. મી. વિસ્તાર) વાળી જમીન, સદરહુ મુકરર કરેલ જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "વાણિજ્યિક ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી ડિસેમ્બર, ૧૯૯૫ના, ગુજરાત સરકારના શહેરી વિકા ર ન ર ન નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૫નો ૧૭૯-ડીવીપી/૩૧૯૪/૨૪૩૭/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી ડીસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૫નો ૧૭૯/ડીવીપી/૩૧૯૪/૨૪૩૭/એલ.- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૭નો ૧૦/ડીવીપી-૧૭૮૪/૪૫૩૮(૮૬)-એલ, હેઠળ મંજૂર કરેલ, જંબુસરની સુધારેલી છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફારો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૧મી નવેમ્બર, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૪નો ૫૪૨/ડીવીપી/૩૧૯૪/૨૪૩૭/એલ હેઠળ, તારીખ ૧૧મી નવેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪-બીના પાના નંબર ૨૨૦-૧, પર પ્રસિધ્ધ કર્યા હતા અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચના અથવા વાંધા હોય તો તે, સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને, ગુજરાત સરકારને, કોઈ સૂચનો અને વાંધા મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬(સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :-

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાના સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાના ફેરફાર, તારીખ ૧૮મી ડિસેમ્બર, ૧૯૯૫થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૭નો૧૦/ડીવીપી/૧૭૮૪/૪૫૩૮/(૮૬)-એલથી મંજૂર કરેલ જંબુસરની સુધારેલી છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

જંબુસરની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરેલી આ સાથે જોડેલા પ્લાનમાં 'ABCDEFGA, અને 'HIJKH' નિશાની કરીને દર્શાવેલ મહેસુલી સરવે નંબર ૩૩૦૨/ભાગ, ૩૩૦૩/ભાગ, ૩૩૦૫/ભાગ, ૩૩૦૬/ભાગ અને ૩૩૦૭/ભાગવાળી ૧૨૨૪૧ ચોરસ મીટરના માપવાળી જમીનો, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "વાણિજ્યક ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના 'ખાસ ફરજ પરના અધિકારી, એને
સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૨મી જાન્યુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/સન ૧૯૯૬નો ૧૦/ટીપીએસ/૧૨૯૪/૨૪૦૨/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/સન ૧૯૯૬નો ૧૦/ટીપીએસ/૧૨૯૪/૨૪૦૨/એલ.—ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સને ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૭૧ સાથે વાંચતા, કલમ ૪૧ હેઠળ, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરાએ (જેનો આમાં હવે પછી "સદરહુ સત્તામંડળ" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) નગર રચના યોજના, પાદરા ક્રમાંક ૧ (પ્રથમ ફેરફાર કરેલ) કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો છે;

અને સદરહુ સત્તામંડળ, સદરહુ અધિનિયમ અનુસાર અને ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ના નિયમ-૧૬ હેઠળ ઠરાવ્યા પ્રમાણે સદરહુ યોજના કરવાના ઈરાદાને જાહેર કરવા માટેની કાર્યરીતિને અનુસર્યુ ન હતું.

અને સદરહુ સત્તામંડળે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ના નિયમ-૧૭ હેઠળ ઠરાવ્યા પ્રમાણે યોજનાના મુસદ્દા (જેનો આમાં હવે પછી, "સદરહુ યોજના" કહ્યો છે તે)ની દરખાસ્તો ધ્યાને લેવા સંબંધી માલિકોની બેઠક બોલાવવી જરૂરી હતી; અને સદરહુ યોજના, સદરહુ અધિનિયમની કલમ ૪૨ હેઠળ જણાવ્યા પ્રમાણે અને ગુજરાત નગર રચના શહેરી શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ના નિયમ ૧૮ હેઠળ ઠરાવ્યા પ્રમાણે પ્રસિધ્ધ કરવી જરૂરી હતી.

અને સદરહુ સત્તામંડળે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ના નિયમ ૧૭ હેઠળ, ઠરાવ્યા પ્રમાણે, સદરહુ યોજનાની દરખાસ્તો ધ્યાને લેવા સંબંધી માલિકોની બેઠક બોલાવી ન હતી. અને તેથી, સદરહુ અધિનિયમની કલમ ૪૨ હેઠળ જણાવ્યા પ્રમાણે અને ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ના નિયમ ૧૮ હેઠળ ઠરાવ્યા પ્રમાણે સદરહુ યોજના પ્રસિધ્ધ કરી ન હતી;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ-૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી :—

"સદરહુ યોજના ના મંજુર કરે છે."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૫ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫ નો ૧૮૪/ટીપીએસ–૨૫૯૪//૪૦૧૨–એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને ગૃહનિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ડીસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૮૪/ટીપીએસ–૨૫૯૪/૪૦૧૨/એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૧મી માર્ચ ૧૯૯૧ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૭૪/ટીપીએસ/૨૫૯૦/૧૦૦૩/૯૧ હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગર-રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૪૮ ની પેટા–કલમ (૨) થી મળેલી સત્તાની રુએ વલસાડ નગરપાલિકાએ પોતાને સાદર કરેલી નગરરચના યોજના વલસાડ નંબર ૨ (તિથલ) રોડ–ધરમપુર) (પ્રથમ ફેરફાર કરેલી) સદરહુ યોજનાનો મુસદ્દા તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો;

અને, સદરહુ અધિનિયમની કલમ ૫૦ થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકારે પ્રથમ ફેરફાર કરેલી સદરહુ યોજનાના મુસદ્દા માટે નગર રચના અધિકારીની નિમણુક કરી હતી.

અને, તેથી શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણના તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૯૩ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૩નો ૧૬૮/ટીપીએસ/૨૫૯૩/૬૯૫ એલ હેઠળ ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૬૫થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકારે, નગરરચના યોજના વલસાડ નંબર–૨ (તિથલ રોડ, ધરમપુર) (પ્રથમ ફેરફાર કરેલ) પ્રારંભિક યોજના મંજૂર કરી છે.

અને નગરરચના અધિકારીએ, સદરહુ અધિનિયમની કલમ ૫૨ની પેટા–કલમ (૨) અને કલમ ૬૨ ની પેટા–કલમ (૨) હેઠળ હરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના વલસાડ નંબર–૨ (તિથલ રોડ–ધરમપુર) પ્રથમ ફેરફાર કરેલી છેવટની યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ પ્રથમ ફેરફાર કરેલા છેવટની યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી છે ;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૬૫થી મળેલી સત્તાની રુએ ગુજરાત સરકાર, આથી—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં બતાવેલ ફેરફારોને આધીન રહીને, સદરહુ પ્રથમ ફેરફાર કરેલી છેવટની યોજના" મંજૂર કરે છે :

(ખ) ઠરાવે છે કે "સદરહુ પ્રથમ ફેરફાર કરેલી છેવટની યોજના" રવિવાર અને રજાના દિવસો સિવાય, કામકાજના તમામ દિવસોએ કચેરીના સમય દરમિયાન વલસાડ નગરપાલિકા, વલસાડની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

(ગ) સદરહુ કલમ ૬૫ના પેટા–કલમ (૨) ના ખંડ (ખ) ના હેતુ માટેની તારીખ તરીકે ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૬ નક્કી કરે છે.

INDEX

અનુસૂચિ

૧. પ્રથમ સુધારેલી છેવટની યોજનાના ફેરવહેંચણી પત્રકનાં, પાનાનં. ૧૧ પર કોલમ ૧૬માં, છેવટના પ્લોટનં. ૪૨૧/૨ સામેની નોંધ "આમજનતા માટે ૧૦૦ ટકા" ને બદલે" આમ જનતાને ૭૫ ટકા અને યોજના વિસ્તાર માટે ૨૫ ટકા લાભદાયી" એ નોંધ મૂકવી.

૨. પ્રથમ સુધારેલી છેવટની યોજનાના 'નમૂના (G)માં, ફેર વહેંચણી પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે ખર્ચ માટે રૂા. ૩,૬૬૩૪૮" એ આંકડાને બદલે "રૂા. ૩,૪૦,૯૯૮" આંકડો મૂકવો. યોજનાની કુલ કિંમત માટે "રૂા. ૧૮,૮૨,૨૩૫" ને બદલે" રૂા. ૧૮-૫૬,૮૮૫" એ આંકડો મૂકવો અને યોજનાના ચોખ્ખી કિંમત માટે રૂા. ૩,૭૨,૬૮૬..૫૦ એટલે કે રૂા. ૩૭૨,૬૮૭" ને બદલે "રૂા. ૩,૪૭,૩૩૬.૫૦ એટલે કે રૂા. ૩,૪૭, ૩૩૭" એ આંકડો મૂકવો.

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુક્ત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૬ના [illegible] સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચ આર ૧૦-ઈએસઆઈ-૧૦૯૫-૭૪-એમ(૩) નો [illegible] પ્રસિધ્ધ કર્યો છે.

[illegible]

Notification

Under

THE EMPLOYMENTS STATE INSURANCE ACT, 1948.

કામદાર રાજય વીમા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૬.

ક્રમાંક : કેએચ આર-૧૦-ઈએસઆઈ-૧૦૯૫-૭૪-એમ-(૩).— કામદાર રાજય વીમા યોજના અધિનિયમ, ૧૯૪૮ (૧૯૪૮ના ૩૪મ) ની કલમ ૮૦ થી મળેલી સત્તા ની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત રાજય માર્ગ વાહન [illegible], અમદાવાદને તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૫ થી ૩૧મી માર્ચ, ૧૯૯૬ સુધીની એક વર્ષની વધુ મુદત માટે સદરહુ અધિનિયમના અમલમાંથી મુકિત આપે છે.

૨. ઉપર્યુકત મુકિત નીચેની શરતોને અધીન રહેશે:—

(૧) ઉપર જણાવેલ સંસ્થા/કારખાના કે જેમાં કાયદારોને કામે રાખેલ હોય તે સંસ્થા / કારખાનાએ મુકિત આપેલ કામદારોના નામો અને હોદ્દા દર્શાવતું રજિસ્ટર રાખવું જોઈશે.

(૨) આ મુકિત આપવાનાં આવી હોય તે છતાં, કામદારો, આ જાહેરનામા દ્વારા જે તારીખથી અપાયેલ મુકિત અમલમાં આવે તે તારીખ પહેલાં ચૂકવેલા ફાળાના બદલામાં, સદરહુ અધિનિયમ હેઠળ જે લાભો મેળવવાને હકદાર બન્યા હોત તે લાભો તેઓને મળવાનું ચાલુ રહેશે.

(૩) મુકિત અપાયેલ મુદત માટેના ફાળા ચૂકવાઈ ગયા હોય, તો તે પાછા આપી શકાશે નહિ.

INDEX

(૪) સદરહુ સંસ્થા/કારખાનાના માલિકે જે મુદત દરમિયાન તે કારખાનું સદરહુ અધિનિયમના અમલને આધીન હતું તે મુદત (જેને આમાં હવે, પછી, સદરહુ મુદત તરીકે ઉલ્લેખ કર્યા છે તે) ના સંબંધમાં, કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦ હેઠળ તેણે ભરવાના બાકી હોય તે પત્રકો તે નમૂનામાં અને તે વિગતો સાથે સદરહુ મુદતના સંબંધમાં રજૂ કરવા જોઈએ.

૩. સદરહુ અધિનિયમની કલમ ૪૫ની ચોટા--કલમ (૧) હેઠળ કોર્પોરેશને બીજા કોઈ ઈન્સ્પેક્ટરને અથવા આ અર્થે અધિકૃત કરેલા કોર્પોરેશનના અન્ય અધિકારીને,—

(૧) કલમ-૪૪ની ચોટા-કલમ (૧) હેઠળ સદરહુ મુદત માટે રજૂ કરેલ કોઈ પત્રકોમાંની વિગતોની ખરાઈ કરવાના હેતુ માટે, અથવા

(૨) સદરહુ મુદત માટે કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦ થી ઠરાવ્યા મુજબ, રજિસ્ટરો અને રેકર્ડ રાખવામાં આવ્યા હતાં કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે; અથવા

(૩) જે લાભોના બદલામાં આ જાહેરનામા હેઠળ મુકિત આપવામાં આવી હોય તે લાભો તરીકે રોકડનાં અને જણસરૂપે માલિકે આપેલા લાભો મેળવવાને કામદારો હકદાર હોતા ચાલુ રહે છે કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે ; અથવા

(૪) અધિનિયમની જોગવાઈઓ પૈકીની કોઈ જોગવાઈ સદરહુ કારખાનાના સંબંધમાં અમલમાં હતી, ત્યારે તે મુદત દરમિયાન આવી કોઈ પણ જોગવાઈનું પાલન કરવામાં આવ્યું છે કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે:—

(ક) પોતાને જે જરૂરી લાગે તેવી માહિતી પોતાને પૂરી પાડવા મુખ્ય અથવા પ્રત્યક્ષ માલિકને ફરમાવવાની સત્તા રહેશે; અથવા

(ખ) આવા મુખ્ય અથવા પ્રત્યક્ષ માલિકનો કબજામાં હોય તેવા કોઈ કારખાના, સંસ્થા, કચેરી, અથવા અન્ય જગામાં કોઈ વાજબી સમયે દાખલ થવાની અને તેના હવાલે ધરાવતી હોવાનું જણાવેલ કોઈપણ વ્યકિતને, વ્યકિતઓના રોજગાર અને વેતનની ચૂકવણીને લગતા પોતે જરૂરી જણાય તેવા દસ્તાવેજો, ચોપડા અને અન્ય દસ્તાવેજો આવા ઈન્સ્પેકટર અથવા અન્ય અધિકારી સમક્ષ રજૂ કરવા અને તેને તે તપાસવા દેવા અથવા પોતાને જરૂર લાગે તેવી માહિતી તેને પૂરી પાડવા ફરમાવવાની સત્તા રહેશે; અથવા

(ગ) આવા કારખાના, સંસ્થા, કચેરી અથવા અન્ય જગામાં જણાયેલ મુખ્ય અથવા પ્રત્યક્ષ માલિકને, સદરહુ તેના એજન્ટ અથવા નોકરને અથવા કોઈ વ્યકિતને અથવા સદરહુ ઈન્સ્પેકટરને અથવા અન્ય અધિકારીને જે કોઈ વ્યકિત કામદાર હોવાનું માનવાને વાજબી કારણ હોય તેવી કોઈ વ્યકિતને તપાસવાની સત્તા રહેશે; અથવા

(ઘ) આવા કારખાના, સંસ્થા, કચેરી, અથવા અન્ય જગામાં રાખવામાં આવતા કોઈ રજિસ્ટર, હિસાબના ચોપડા અથવા અન્ય દસ્તાવેજની નકલ કરવાની અથવા તેમાંથી ઉતારા કરવાની સત્તા રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઓમ. એ. વ્યાસ,
શેકશન અધિકારી,

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫ના ૧૯૨/ટીપીએસ-૧૪૯૪/૧૪૦૧--એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકો ની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ડીસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૯૨/ટીપીએસ/૧૪૯૪/૧૪૦૧/એલ.- ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સ ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મો) (જેને આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૪ હેઠળ, સુરત શહેરી વિકાસ સત્તામંડળે નગરરચના યોજના નં. ૬ વેસુ (સુડા) સુરત કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો ;

INDEX

અને સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા-કલમ (૧) હેઠળ, સુરત શહેરી વિકાસ સત્તામંડળ (જેને આમાં હવે પછી, "સદરહુ સત્તામંડળ કહ્યું છે તેણે) નગરરચના યોજના નંબર-૬ (વિસુ) (સુડા) સુરતમાં સમાવિષ્ટ કરેલ વરતારમાં સંબંધમાં યોજનાનો મુસદ્દો (જેને આમાં હવે પછી, "સદરહુ યોજના" કહી છે તે) ઠરાવેલી રીતે તૈયાર કરીને, યોગ્ય રીતે પ્રસિદ્ધ કર્યો હતા ;

અને, પોતાને મળેલાં વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ સત્તામંડળે સદરહુ અધિનિયમની કલમ ૪૮માં જોગવાઈ કરેલી રીતે, તે હેઠળ મંજૂરી માટે, રાજ્ય સરકારને સદરહુ યોજના રજૂ કરેલી ;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા ફેરફારોને અધીન રહીને સદરહુ યોજના મંજૂર કરે છે, અને

(ખ) જણાવે છે કે, સદરહુ યોજના સુરત શહેરી વિકાસ સત્તામંડળની કચેરીમાં તમામ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

અનુસૂચિ

(૧) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, છેવટનો એક પ્લોટ નં. ૪૬ ફાળવવાને બદલે છેવટનો અલગ પ્લોટ ફાળવવાનું નક્કી કરવું જોઈશે અને નકશા નં. ૩ માં દર્શાવ્યા પ્રમાણે અલગ રીતે તેના વિસ્તારની ગણતરી કરવી જોઈશે.

(૨) નગરરચના યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે નગરરચના અધિકારીએ સમુચિત સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને છેવટનો પ્લોટ નં. ૫૨, ૫૭, ૫૮, અને ૬૧માં નિર્દિષ્ટ જાહેર હેતુઓ માટે નક્કી કરવા જોઈશે.

(૩) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે નગર રચના અધિકારીએ મૂળ પ્લોટ નં. ૪૭, ૫૦, ૫૨, ૫૩, ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૬૧ માટે સમુચિત સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને, સમુચિત સત્તામંડળને જાહેર હેતુ અથવા હેતુઓ માટે ફાળવેલ વિસ્તારો (પ્લોટો) યોજનાના વિસ્તારો અંદર માલિક અથવા રહેવાસીઓને પૂર્ણત: અથવા અંશત: લાભદાયી છે કે કેમ તે નક્કી કરવું જોઈશે.

(૪) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, ફેર વહેંચણી અને મૂલ્યાંકન પત્રક નમૂના –'છ' માં પાના નં. ૪૭ ઉપર કોલમ નં. ૨માં, નગરરચના અધિકારીએ સમુચિત સત્તામંડળ સુરત શહેરી વિકાસ સત્તામંડળ સુડા તરીકે જાહેર હેતુઓ માટે સમુચિત સત્તામંડળને ફાળવેલ છેવટના પ્લોટોની માલિકી નક્કી કરવી જોઈશે.

(૫) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે નગરરચના અધિકારીએ મહેસૂલી રેકોર્ડ અનુસાર નમૂના 'છ'માં ભોગવટા સંબંધી નિર્ણય લેવો જોઈશે.

(૬) યોજનાના વિસ્તાર હેઠળ આવરી લીધેલ જમીનો, શહેરી જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૭૬ અને સદરહુ અધિનિયમના અનુસારના નિર્ણયોને અધીન રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુક્ત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૦મી ડિસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૮૨/ટીપીએસ/૨૪૯૩/૧૩૨/અલનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ડિસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૮૨/ટીપીએસ/૨૪૯૩/૧૩૨/એલ.—ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન (૧૯૭૬નાં રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૪૧ વિકાસ વિસ્તાર સત્તા મંડળ નગરરચના, યોજના, ધોરાજી ક્રમાંક ૧ કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો;

અને સદરહુ અધિનિયમની કલમ-૪૨ની પેટા-કલમ (૧) હેઠળ, ધોરાજી વિસ્તાર વિકાસ સત્તામંડળે (જેને આમાં હવે પછી "સદરહુ સત્તામંડળ" કહેલ છે તેણે) નગર રચના યોજના, ધોરાજી ક્રમાંક ૧માં સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં યોજનાનો મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહુ યોજના" કહી છે તે) ઠરાવેલી રીતે તૈયાર કરીને, યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો;

અને પોતાને મળેલા વાંધા વિચારણા લીધા પછી સદરહુ સત્તામંડળે, સદરહુ અધિનિયમની કલમ ૪૮માં જોગવાઈ કરેલા રીતે, તે હેઠળ મંજૂરી માટે, રાજ્ય સરકારને સદરહુ યોજના રજૂ કરેલી;

તેથી, હવે સદરહુ અધિનિયમની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફારોને આધીન રહીને, સદરહુ યોજના મંજૂર કરે છે; અને

(ખ) જણાવે છે કે સદરહુ યોજના ધોરાજી વિસ્તાર વિકાસ સત્તા મંડળ (ધોરાજી નગરપાલિકા)ની કચેરીમાં તમામ કામકાજના દિવસે સોએ, કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

અનુસૂચિ

૧. યોજનાના મુસદ્દાને આખરી સ્વરુપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, એ જોવું જોઈશે કે, મૂળ પ્લોટ નં. ૩માં કપાતની ટકાવારી, શકય હોય તેટલે સુધી, યોજના વિસ્તારમાંની સરેરાશ કપાતની ટકાવારીની સરખામણીએ સરખી રહે.

૨. યોજનાના મુસદ્દાને આખરી સ્વરુપ આપતી વખતે, નગરરચના અધિકારીએ મૂળ પ્લોટ નં. ૧૧, ૧૫, ૧૫/૩, ૧૬/૧, ૧૬, ૧૮ અને ૩૩માંથી પસાર થતા રાષ્ટ્રીય ધોરી માર્ગ હેઠળની જમીનો માટે મૂળ પ્લોટો નિયત કરવા જોઈશે અને છેવટના પ્લોટોને બાકીના મૂળ પ્લોટોના વિસ્તારની ફાળવણી એવી રીતે કરવી જોઈશે કે જેથી કપાતની ટકાવારી યોજના વિસ્તારમાંની સરેરાશ કપાતની ટકાવારીની સરખામણીમાં સરખી રહે.

૩. નગરરચના યોજનાના મુસદ્દાને આખરી સ્વરુપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, એ જોવું જોઈશે કે મૂળ પ્લોટ નં. ૧૭માં સરેરાશ કપાતની ટકાવારી, યોજના વિસ્તારમાંની સરેરાશ કપાતની ટકાવારીની સરખામણીએ સરખી રહે.

૪. યોજનાના મુસદ્દાને આખરી સ્વરુપ આપતી વખતે, નગરરચના અધિકારીએ લે-આઉટ રસ્તાને નગરરચના યોજના રસ્તા તરીકે જાહેર કરવાની દરખાસ્તની અને મૂળ પ્લોટ નં. ૪, ૧૨, ૧૩, ૧૪, ૨૩, ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૨, ૩૩ની પુનઃ રચનાની દરખાસ્તની પુનઃ વિચારણા એવી રીતે કરવી જોઈશે કે જેથી આ મૂળ પ્લોટો પૈકી દરેક પ્લોટ માટે વિસ્તારમાંની કપાતની ટકાવારી, યોજના વિસ્તારની સરેરાશ કપાતની ટકાવારીની સરખામણીએ સરખી રહે.

૫. યોજનાના મુસદ્દાને આખરી સ્વરુપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, સમુચિત સત્તા મંડળ સાથે વિચાર વિનિમય કરીને જાહેર હેતુ માટે સમુચિત સત્તા મંડળને ફાળવવામાં આવેલ છેવટના પ્લોટોની પુનઃ રચના એવી રીતે કરવી જોઈશે કે જેથી દરેક છેવટના પ્લોટનો વિસ્તાર યોજનાના સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો અનુસાર રહે.

૬. યોજનાના મુસદ્દાને આખરી સ્વરુપ આપતી વખતે, નગરરચના અધિકારીએ છેવટના પ્લોટ નં. ૩૪/૩, ૩૪/૨.....૨૮/૭ની ઉત્તર હદે ચોક્કસ પહોળાઈ અને નિયમિત આકારનો રસ્તો સૂચિત કરવાનો નિર્ણય કરવો જોઈશે.

INDEX

૭. યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, છેવટના પ્લોટ નં. ૩૨/૧૨ અને ૩૨/૧૩ની ઉત્તર હદે ૧૫.૨૪ મીટર પહોળા રસ્તાની દરખ.સ્ત માટે નગરરચનાના અધિકારીએ, યોજનાના નેટવર્ક રસ્તા અનુસાર રસ્તાને નગરરચનાના યોજના માર્ગ તરીકે ચાલુ રાખવો કે બીજા કોઈ અને/અથવા સૂચિત માર્ગ હેઠળની જમીનનો નજીકની જાહેર હેતુની જમીનમાં ફાળવવી અને સમાવેશ કરવો કે કેમ તેનો નિર્ણય કરવો જોઈશે.

૮. નગરરચનાના અધિકારીએ, વ્યકિતગત મૂળ પ્લોટની હદ મુકરર કરવી જોઈશે અને તે અનુચાર યોજનાના નકશામાં અને નમૂના 'છ'માં વર્ણવ્યું જોઈશે.

૯. યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચનાના અધિકારીએ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઈઓ અનુસાર કોઈપણ કપાત સિવાય ગુજરાત ગૃહનિર્માણ બોર્ડની માલિકીના સરવે નં. ૫૪૭/૨ થી ૫૪૭/૫ પૈકીના મૂળ પ્લોટને બદલે, છેવટના પ્લોટ ફાળવવાનો નિર્ણય કરવો જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૭મી ડિસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૫નો ૧૯૭/ટીપીએસ/૧૩૯૩/૩૫૯૧/એલનોગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ડિસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૯૭/ટીપીએસ/૧૩૯૩/૩૫૯૧/એલ.—ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મો) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૪૧ હેઠળ, રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળે નગરરચના યોજના નં. ૮ (મવડી-રાજકોટ) કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો;

અને, સદરહુ અધિનિયમની કલમ-૪૨ની પેટા-કલમ (૧) હેઠળ, રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળે (જેને આમાં હવે પછી, "સદરહુ સત્તામંડળ" કહ્યું છે તેણે) નગરરચના યોજના નંબર ૮ (મવડી-રાજકોટ)માં સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં યોજનાનો મુસદ્દો (જેને આમાં હવે પછી, "સદરહુ યોજના" કહી છે તે) ઠરાવેલી રીતે તૈયાર કરીને, યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો;

અને, પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ સત્તામંડળે, સદરહુ અધિનિયમની કલમ-૪૮માં જોગવાઈ કરેલી રીતે, તે હેઠળ મંજૂરી માટે, રાજ્ય સરકારને, સદરહુ યોજના રજૂ કરેલી;

INDEX

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ-૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) સદરહુ યોજના મંજૂર કરે છે, અને

(ખ) જણાવે છે કે, સદરહુ યોજનાઓ, રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળનીકચેરીમાં, તમામ કામકાજના દિવસોએ, કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

અનુસૂચિ

(૧) યોજનાનાં મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ એ જોવું જોઈશે કે મૂળ પ્લોટો નં. ૫, ૧૦,૨૧ અને ૨૩ના દરેક વિસ્તારમાં કપાતની ટકાવારી, યોજના વિસ્તારમાંની સરેરાશ કપાતની ટકાવારીની સરખામણીએ સરખી રહે.

(૨) યોજનાના મુસદ્દામાં મૂળ પ્લોટ નં. ૭માં પેટા-વિભાગીય લે-આઉટને કારણે, છેવટનો પ્લોટ, મૂળ પ્લોટ નં. ૭માંનાખાનગી માલીકી ધરાવતા, મૂળ પ્લોટ નં. ૭ને ફાળવવો જોઈશે. યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચનાઅધિકારીએ, પેટા-વિભાગીય લે-આઉટના ખરાપણાની ચકાસણી કર્યા પછી મૂળ પ્લોટ નં. ૭ને યોગ્ય છેવટનોપ્લોટ ફાળવવાના નિર્ણય કરવો જોઈશે.

(૩) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, વિદ્યમાન મવડી રસ્તા પરના મૂળ પ્લોટની સ્થિતિની વિચારણા કરીને વિદ્યમાન મવડી રસ્તા પર ફાળવ્યા હોય તે છેવટના પ્લાટોની કિંમત વધારવાનો નિર્ણય કરવો જોઈશ.

(૪) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, મૂળ પ્લોટોમાં સંયુકત માલિકી હક ધરાવતા હોય તેવા છેવટના પ્લોટો ફાળવ્યા હોય તેના માલીકીહકો સંબંધી નોંધનો સમાવેશ કરવો જોઈશે.

(૫) યોજનાના મુસદ્દામાં નગરરચના અધિકારીએ, સમુચિત સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને, સમુચિત સત્તામંડળને જાહેર હેતુ માટે જાળવેલા છેવટના પ્લોટ નં. ૧૭/અના નિર્દિષ્ટ જાહેર હેતુનો નિર્ણય કરવો જોઈશે.

(૬) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, "ગૃહનિર્માણ" ને બદલે "રહેણાંકના ઉપયોગ માટે વેચાણપાત્ર" તરીકે સમુચિત સત્તામંડળને ફાળવેલા છેવટના પ્લોટ નં. ૫/બી, ૧૮/એ અને ૨૦/એના જાહેર હેતુનો નિર્ણય કરવો જોઈશે.

(૭) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, "રુડા માટે વાણિજ્યિક" ને બદલે "વાણિજ્યિક ઉપયોગ માટે વેચાણપાત્ર" તરીકે સમુચિત સત્તામંડળને ફાળવેલા છેવટના પ્લોટ નં. ૫/એ, ૮/એ, ૧૧/એ અને ૨૪/એના જાહેર હેતુનો નિર્ણય કરવો જોઈશે.

(૮) યોજનાનો મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, "ઈડબલ્યુએસ" ના બદલે, "સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગના લોકો માટેના ગૃહનિર્માણ" તરીકે સમુચિત સત્તામંડળને ફાળવેલા છેવટના પ્લોટ નં. ૧/એ, ૧/બી, ૭/એ, ૭/બી અને ૭/સીના જાહેર હેતુનો નિર્ણય કરવો જોઈશે.

(૯) ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં, અનુક્રમાંક ૩૭ પરનું શિર્ષક "રુડા માટે અનામત રાખેલા પ્લોટોની વિગતો" એ મજકૂરને બદલે "જાહેર હેતુ માટે રુડાને ફાળવેલા છેવટના પ્લોટોની વિગતો" એ મજકૂર મૂકવો.

(૧૦) ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં, અનુક્રમાંક ૩૧ પરની યોજનામાં, કોલમ નં. ૨માં, નગરરચના અધિકારીએ, "સમુચિત સત્તામંડળ, રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ, રાજકોટ" તરીકે સમુચિત સત્તામંડળને ફાળવેલા છેવટના પ્લોટોની માલિકીનો નિર્દેશ કરવો જોઈશે.

(૧૧) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, સમુચિત સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને યોજના હેઠળ કરવા ધારેલા વિકાસ કાર્યને પૂરા કરવા માટેની સમયમર્યાદા નક્કી કરવી જોઈશે.

(૧૨) યોજનાના મુસદ્દામાં, લેઆઉટ પ્લાનના અંદરના રસ્તાઓની લંબાઈની વિચારણા કરીને પાણી પુરવઠાની કિંમત અંદાજવામાં આવે છે. યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, યોજના હેઠળ કરવા ધારેલા રસ્તાઓની માત્ર લંબાઈની વિચારણા કરીને પાણી પુરવઠાની કિંમતના અંદાજનો નિર્ણય કરવો જોઈશે.

(૧૩) વિકાસ નિયંત્રણ વિનિયમોમાં, પાના નં. ૧૩ પર વિનિયમ નં. ૬ (ક)(૧) હેઠળ કરેલી નીચેની જોગવાઈ કમી કરવી.

"પરંતુ જાહેર હેતુ માટે, સદરહુ નગરરચના યોજના હેઠળ, નગરરચના યોજના અમલમાં અને અનામત હોય ત્યારે સક્ષમ સત્તાધિકારી, વિનિમય ક્રમાંક ૧૩, ૧.૭.ક અને ૧૩.૧.૭.ખ અને સહિયારા પ્લોટની જોગવાઈઓને લગતા બીજા કોઈપણ વિનિયમમોંથી નગર-રચના યોજના હેઠળ જાહેર હેતુ માટે કરેલી ઉપર જણાવેલી અનામત ધ્યાનમાં લીધા પછી પૂર્ણત: અથવા અંશત પ્લોટના માલિકને મુકિત આપી શકશે.".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારનાં ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૧૬મી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૪૦/ટીપીએસ/૩૧૯૪/૨૭૪૧/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

નિ. ર. પરીખ,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૩૦/ટીપીએસ/૩૧૯૪/૨૭૪૧/એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૧૯મી માર્ચ ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/સન ૧૯૯૧નો ૬૯/ટીપીએસ/૩૧૯૦/૯૬૩/૯૧/એલ હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬) રાષ્ટ્રપતિના સન ૧૯૭૬ના અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી 'સદરહુ અધિનિયમ' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રુએ, ભરુચ નગરપાલિકા ભરુચે તેને સાદર કરેલ નગરરચના યોજના ભરુચ ક્રમાંક : ૧, (દ્વિતીય ફેરફાર કરેલ)નો મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહુ દ્વિતીય ફેરફાર કરેલ યોજના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો;

અને સદરહુ અધિનિયમની કલમ ૫૦ થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકારે, સદરહુ દ્વિતીય ફેરફાર કરેલ યોજનાના મુસદ્દા માટે, નગરરચના અધિકારીની નિમણૂંક કરી હતી;

અને, શહેરી વિકાસ અને શહેરી ગૃનિર્માણ વિભાગના તારીખ ૪થી ઓગસ્ટ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૦૬/ટીપીએસ/૩૧૯૩/૧૧૨૪/એલ હેઠળ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (રાષ્ટ્રપતિ ના સન ૧૯૭૬ના અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૬૫થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકારે, નગરરચના યોજના ભરુચ ક્રમાંક ૧ (દ્વિતીય ફેરફાર કરેલ) પ્રારંભિક યોજના મંજૂર કરી છે.

અને નગર રચના અધિકારીએ, સદરહુ અધિનિયમની કલમ-૫૨ ની પેટા-કલમ (૨) અને કલમ-૬૨ની પેટા-કલમ (૨) હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના, ભરુચ ક્રમાંક ૧ (દ્વિતીય ફેરફાર કરેલ) છેવટની યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ દ્વિતીય ફેરફાર કરેલ છેવટની યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૬૫થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડલી અનુસુચિમાં જણાવેલ ફેરફારને આધીન રહીને, "સદરહુ દ્વિતીય ફેરફાર કરેલ છેવટની યોજના" મંજૂર કરે છે.

(ખ) જણાવે છે કે "સદરહુ દ્વિતીય ફેરફાર કરેલ છેવટની યોજના" રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન ભરુચ નગરપાલિકા, ભરુચની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

(ગ) સદરહુ કલમ-૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૬ નક્કી કરે છે.

INDEX

અનુસૂચિ

(૧) છેવટની યોજના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં નમૂના 'છ' માં, પાના નં. ૨૩ પર, કોલમ નં. ૧૬ ઉપર, છેવટના પ્લોટ નં. ૭/ક માટે, "જાહેર જનતા માટે ૨૦ ટકા લાભદાયી" એ નોંધને બદલે, "યોજના વિસ્તાર માટે ૨૦ ટકા લાભદાયી અને જાહેર જનતા માટે ૮૦ ટકા લાભદાયી" એ નોંધ મૂકવી.

તદનુસાર, છેવટના પ્લોટના સંબંધમાં નગર રચના અધિકારીના નિર્ણયમાં છેવટના પ્લોટ નં. ૭/ક માટે પાના નં. ૨૭ પર, કોલમ નં. ૪માં, "પ્લોટના બાગની દરખાસ્તોમાં (વિસ્તારના ઘટાડા સિવાય) કોઈ ફેરફાર કથી તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી" એમ દર્શાવેલ શબ્દોને બદલે, "યોજના વિસ્તાર માટે ૨૦ ટકા લાભદાયી અને જાહેર જનતા માટે ૮૦ ટકા લાભદાયી" એ શબ્દો મૂકવા.

(૨) છેવટની યોજના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં નમૂના 'છ'માં પાના નં. ૨૩ ઉપર, મૂળ છેવટના પ્લોટ દર્શાવતા પ્લાન પર, પાના નં. ૨૭ ઉપર, ના છેવટના પ્લોટ સંબંધમાં નગરરચના અધિનિયમના નિર્ણયમાં પ્લાન નં. ૩ પર, પાના નં. ૩૭ પર છેવટના પ્લોટના પ્લાન પર પ્લાન નં. ૪ પર, પાના નં. ૩૯ ઉપર "આર્થિક રીતે પછાત લોકોના કવાર્ટર માટે અનામત" એ દર્શાવેલ શબ્દોને બદલે, "સામાજિક અને આર્થિક રીતે પછાતવર્ગના લોકોના ગૃહનિર્માણ માટે ફાળવેલ"એ શબ્દો મૂકવા.

(૩)-(ક) છેવટની યોજના દસ્તાવેજોમાં ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં પાના નં. ૨૩મા, કોલમ નંબર ૧૩માં '૧૮૯૪૬.૪૦' '૪૫૮૦', ૧૫૪૪૬.૪૦ એ આંકડા અને કોલમ નં. ૧૫માં" (--) ૧૩૦૧૩.૬૦' (+) ૪૦૫૮૦.૦૦' (+) ૨૬૪૪૬.૪૦' એ આંકડાને બદલે કોલમનં. ૧૩માં અનુક્રમે '૪૬૮૬.૦૦' '૧૮૯૪.૦૦', '૬૧.૦૦.૦૦' અને કોલમ નં. ૧૫માં અનુક્રમે '(--) ૧૯૩૯૪' (+) ૩૭૮૯૪', (+) ૧૮૫૦૦'એ આંકડા મૂકવા.

(ખ) છેવટની યોજના દસ્તાવેજોમાં નમૂના 'જ'માં, પાના નં. ૨૯ પર,—

(૧) યોજનાના કુલ ખર્ચ માટે '૩૦૫૦૦.૦૦' એ આંકડાને બદલે '૬૫૦૦.૦૦'એ આંકડા મૂકવા.

(૨) દરેક પ્લોટ ધરાવનારે ભરવાના વધારાના ફાળાના પ્રમાણ માટે ૧૦ ટકા અને '૧૫૪૪૬.૪૦'એ આંકડાને બદલે, અનુક્રમે '૨૧.૦૪ ટકા અને '૬૫૦૦.૦૦' એ આંકડા મૂકવા.

(૩) (B-૩) કુલ માટે '૧૫૪૪૬.૪૦' એ આંકડાને બદલે '૬૫૦૦.૦૦' એ આંકડા મૂકવા, અને

(૪) સંયુક્ત સત્તામંડળની યોજનાના શોખ્ખા ખર્ચ માટે '૧૫૦૫૩.૬૦એ આંકડાને બદલે '૦'એ આંકડો મૂકવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને વતી,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના આસ ફરજ પરના અધિકારી અને સંયુક્ત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી ફેબ્રુ આરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૩૯/ટીવીપી-૨૬૯૩-૩૪૫૧/ઓલ: નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

નિ. ર. પરીખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર,

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ નો ૩૮/ડીવીપી-૨૬૯૩-૩૪૫૧/એલ:—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૦મી ઓગસ્ટ, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧ નો ૨૦૭/ડીવીપી-૨૬૯૯-૨૬૧૭-(૯૧)-એલ હેઠળ મંજૂર કરેલી અમરેલી નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ સુધારેલી વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું ;

અને સદરહુ સુધારેલી વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૯મી ઓગષ્ટ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫ નો ૧૧૧/ડીવીપી/૨૬૯૩-૭૩૧-(૯૫)-એલ હેઠળ, તારીખ ૧૯મી ઓગષ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારી રાજપત્ર, ભાગ ૪-બીના પાના નં. ૧૩૦-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી ;

અને ગુજરાત સરકારને કોઈ સૂચનો અથવા વાંધા મળ્યા નથી ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા) ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ સુધારેલી વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે જણાવેલો ફેરફાર તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૬થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૨૦૭/ડીવીપી-૨૬૯૯-૨૬૧૭-(૯૧)-એલ. થી મંજૂર કરેલી અમરેલીનો છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર.

અમરેલીની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં "કૃષિવિષયક ઝોન" માટે મુકરર કરેલ આ સાથે જોડેલ પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે "ABCD" નિશાની કરેલ અમરેલીની મહેસૂલી સરવે નં. ૮૯૧/પી (૧-એ-૨૭જી) અને મહેસૂલી સરવે નં. ૮૯૨/પી (૧એ-૩૮જી)વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૬ના ૧૯/ડીવીપી-૨૭૯૩-૩૨૪૨-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ન. રા. પરીખ,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ના ૧૯/ડીવીપી/૨૭૯૩-૩૨૪૨-એલ.–વિસનગર વિસ્તાર વિકાસ સત્તામંડળે (વિસનગર નગરપાલિકાએ), ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની જોગવાઈઓ હેઠળ, તેની હદોની અંદર સમાવિષ્ટ કરેલી જમીનોના સંબંધમાં સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો, સદરહુ અધિ-નિયમની કલમ-૧૩(૧) હેઠળ તૈયાર કર્યો હતો અને પ્રસિદ્ધ કર્યો હતો અને સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો પ્રસિદ્ધ કરવા સંબંધી અને સૂચિત સુધારેલી વિકાસ યોજના અંગે વાંધા અને સૂચનો મંગાવતી જાહેર ખબર તારીખ ૧૫–૪–૧૯૯૩ના ગુજરાત સરકારી રાજપત્ર, ભાગ–૨, પ્રકીર્ણ અને જાહેરાત વિભાગના પાના નં. ૨૪૫–૨૪૬ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવી હતી;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ--૧૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૨)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી,–

(૧) આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ઉપર્યુક્ત સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફાર કરવા ધારે છે; અને

(૨) કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારો સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

નીચે જણાવેલા ફેરફારો દર્શાવતો પ્લાન વિસનગર નગરપાલિકાની કચેરીમાં બે મહિનાની મુદત દરમિયાન તમામ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લો રહેશે.

અનુસૂચિ

વિસનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાંના સૂચિત ફેરફારો.

(૧) વિસનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં રહેણાંકના ઝોન માટે મુકરર કરેલી વિસનગરની સરવે નં. ૧૫૭/ભાગ, ૧૬૦/ભાગ અને ૧૬૨/ભાગ વાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક--૧માં દર્શાવ્યા પ્રમાણે સદરહુ અધિનિયમની કલમ--૧૨(૨)(ક) હેઠળ "વાણિજ્યક ઝોન" માટે મુકરર કરવી.

(૨) વિસનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, "રહેણાંકના ઝોન" માટે મુકરર કરેલ વિસનગરની મહેસૂલી સરવે નં. ૨૭૨ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી, જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક--૨માં દર્શાવ્યા પ્રમાણે સદરહુ અધિનિયમની કલમ--૧૨(૨)(ક) હેઠળ "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરવી.

INDEX

(૩) વિસનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "જાહેર હેતુ" માટે મુકરર કરેલી વિસનગરની મહેસૂલી સરવે નં. ૨૮૫૪, ૨૮૫૩/૧/ભાગ, ૨૮૫૫/ભાગ, ૨૮૫૨/ભાગ, ૨૮૫૯/ભાગ વાળી જમીનો, સદરહુ હેતુમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક—૩માં દર્શાવ્યા પ્રમાણે સદરહુ અધિનિયમની કલમ--૧૨(૨)(ક) હેઠળ "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરવી.

(૪) વિસનગરની સુધારેલી વિકાસ યોજનના મુસદ્દામાં "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલી વિસનગરની સરવે નં. ૨૭૭૯/ભાગ, ૨૭૮૦/ભાગ, ૨૭૮૧, ૨૭૮૨/ભાગ, ૨૭૮૪/ભાગ, ૨૭૮૩/ભાગ વાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક—૪માં દર્શાવ્યા પ્રમાણે સદરહુ અધિનિયમની કલમ--૧૨(૨)ક) હેઠળ "વાણિજ્યક ઝોન" માટે મુકરર કરવી.

(૫) વિસનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરેલી વિસનગરની મહેસૂલી સરવે નં. ૨૨૫૮ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક—૫માં દર્શાવ્યા પ્રમાણે, સદરહુ અધિનિયમની કલમ--૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(૬) વિસનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "રહેણાંકના ઝોન અને ઔદ્યોગિક ઝોન" તરીકે મુકરર કરેલી વિસનગરની મહેસૂલી સરવે નં. ૨૪૯, ૨૨૪ અને ૫૮૬, ૫૯૨ વગેરે અને મહેસૂલી સરવે નં. ૩૧૩, ૩૧૪ અને ૩૧૫ની દક્ષિણ હદની વચ્ચેની જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડલા પ્લાનમાં અનુક્રમાંક—૬માં દર્શાવ્યા પ્રમાણે સદરહુ અધિનિયમની કલમ--૧૨(૨)(ધ) હેઠળ "વોટર બોડી" તરીકે દર્શાવવી.

(૭) વિસનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "રહેણાંકના ઝોન" તરીકે મુકરર કરેલી વિસનગરની સરવે નંબર ૩૯/૧ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડલા પ્લાનમાં અનુક્રમાંક—૭માં દર્શાવ્યા પ્રમાણે, સદરહુ અધિનિયમની કલમ--૧૨(૨)(ક) હેઠળ "વાણિજ્યક ઝોન" માટે મુકરર કરવી.

(૮) વિસનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "ઔદ્યોગિક ઝોન" તરીકે મુકરર કરેલી વિસનગરની મહેસૂલી સરવે નંબર ૬૪/ભાગ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડલા પ્લાનમાં અનુક્રમાંક—૮માં દર્શાવ્યા પ્રમાણે, સદરહુ અધિનિયમની કલમ--૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(૯) વિસનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "રહેણાંકના ઝોન" તરીકે મુકરર કરેલી વિસનગરની સરવે નંબર ૪૫૩૦ — ૪૫૧/ભાગ, ૪૫૦/૧ ભાગ, ૩૦૮, ૩૦૯/૧, ૩૧૦, ૩૧૧ વાળી અને "કૃષિવિષયક ઝોન" તરીકે મુકરર કરેલી વિસનગરની મહેસૂલી સરવે નંબર ૪૫૩/ભાગ વાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડલા પ્લાનમાં અનુક્રમાંક—૯માં દર્શાવ્યા પ્રમાણે, સદરહુ અધિનિયમની કલમ--૧૨(૨)(ઘ) હેઠળ "સ્મશાનભૂમિ/કબ્રસ્તાન" માટે મુકરર કરવી.

(૧૦) વિસનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "કબ્રસ્તાન/સ્મશાન" તરીકે દર્શાવેલી વિસનગરની મહેસૂલી સરવે નંબર ૩૯૦ વાળી જમીન, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડલા પ્લાનમાં અનુક્રમાંક—૧૦માં દર્શાવ્યા પ્રમાણે, સદરહુ અધિનિયમની કલમ--૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(૧૧) વિસનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં મહેસૂલી સરવે નંબર ૨૭૮૦/ભાગ, ૨૭૮૩/ભાગ, ૨૭૭૬/ભાગ વગેરેમાંથી પસાર થતો સૂચિત ૧૨.૦ મીટર પહોળો રસ્તો કમી કરવો અને લાઈન દોરી, સદરહુ અધિનિયમની કલમ--૧૨(૨)(ઘ) હેઠળ, આ સાથે જોડલા પ્લાનમાં અનુક્રમાંક—૧૧ (ક) તરીકે દર્શાવેલા મહેસૂલી સરવે નંબર ૨૭૮૩ અને ૨૭૬૯ વચ્ચેના વિદ્યમાન નેળીયા પાસે અસેડવી. આ રીતે કમી કરેલ સૂચિત રસ્તા હેઠળની જમીનો, આ સાથે જોડલા પ્લાનમાં અનુક્રમાંક—૧૧(ખ) ઉપર દર્શાવ્યા પ્રમાણે, સદરહુ અધિનિયમની કલમ--૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર તા. ૧૮મી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલ તારીખ ૪થી માર્ચ, ૧૯૯૬ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક (જીએચટી. ૯૬-૮)-એમએનઆર-૧૦૯૨-૧૯૯૮-ઈ-૩ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

નિ. રા. પરીખ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

FURTHER TO AMEND THE GUJARAT ENTERTAIN MENTS TAX (EXHIBITION BY MEANS OF CABLE TELEVISION AND ANTENNA) RULES, 1913.

ગુજરાત મનેરંજન કર (કેબલ ટેલિવિઝન અને એન્ટેના દ્વારા પ્રદર્શન) નિયમો, ૧૯૯૩ વધુ સુધારવા સંબંધી જાહેરનામું,

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ,

સચિવાલય, ગાંધીનગર તારીખ ૪થી માર્ચ, ૧૯૯૬

ક્રમાંક : (જીએચટી. ૯૬-૮) એમ મેનરંજ-૧૦૯૨-૧૯૯૮-ઈ-૩.– ગુજરાત સરકારને એવી ખાત્રી થઈ છે કે ગુજરાત મનોરંજન કર (કેબલ ટેલિવિઝન અને એન્ટેના દ્વારા પ્રદર્શન) નિયમો, ૧૯૯૩ સુધારવા તાત્કાલિક પગલાં લેવાનું અને ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (ગુજરાતના સન ૧૯૭૭ના ૧૬મા) ની કલમ ૩૧ની પેટા-કલમ (૪)ના પરંતુક હેઠળ તેની પૂર્વપ્રસિધ્ધિ વિના ચલાવી લેવાનું જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે ;

તેથી, હવે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (ગુજરાતના ૧૯૭૭ના ૧૬મા)ની કલમ ૩૧થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મનોરંજન કર (કેબલ ટેલિવિઝન અને એન્ટેના દ્વારા પ્રદર્શન) નિયમો, ૧૯૯૩ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો, 'ગુજરાત મનોરંજન કર (કેબલ ટેલિવિઝન અને એન્ટેના દ્વારા પ્રદર્શન) (સુધારા) નિયમો, ૧૯૯૬' કહેવાશે.

૨. ગુજરાત મનોરંજન (કેબલ ટેલિવિઝન અને એન્ટેના દ્વારા પ્રદર્શન)નિયમો, ૧૯૯૩ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ થયો છે તે)માં, નિયમ ૨ માં,—

(ક) ખંડ (ચ)માં, નીચેનો પરંતુક દાખલ કરવો :—

"પરંતુ કલમ ૬-ગ અને ૬-ઘના હેતુ માટે માત્ર તાલુકા મામલતદાર નિયત અધિકારી હોવા જોઈશે.";

(ખ) ખંડ (છ)માં, "સંબંધિત જિલ્લાના મનોરંજન કલેક્ટર" એ શબ્દોને બદલે, "કલમ ૬-ગ અને ૬-ઘના હેતુ માટેના નિયત અધિકારી" એ શબ્દો મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪, ૫, ૬ અને ૯માં, "કલેક્ટર" એ શબ્દો જ્યાં જ્યાં આવે ત્યાં તેને બદલે, "રજિસ્ટ્રેશન સત્તાધિકારી" એ શબ્દ મૂકવો.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૧૩માં, "ભારતનો ટેલિગ્રાફ અધિનિયમ, ૧૯૮૫ (સન ૧૯૮૫નો અધિનિયમ ક્રમાંક ૧૩)" અને એ શબ્દો અને આંકડા પછી, "કેબલ ટેલિવિઝન નેટવર્ક (નિયમન) અધિનિયમ, ૧૯૯૫" એ શબ્દો અને આંકડા દાખલ કરવા.

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૧૫ને બદલે નીચેનો મજકૂર મૂકવો :—

"૧૫. હિસાબો રાખવા બાબત:-દરેક માલિકે, દરેક જોડાણ ધરાવનારે તેણે કરેલ ચૂકવણી માટે હિસાબો રાખવા જોઈશે. માલિકે, જોડાણ ધરાવનારને, તેના જોડાણ નંબર ધરાવતી દરેક ચુકવણીની પહોંચ આપવી જોઈશે.

૬. સદરહુ નિયમોમાં, નિયમો ૧૬, ૧૭ અને ૧૮ કમી કરવા.

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૨૮માં, "કલેક્ટર" એ શબ્દ જ્યાં જ્યાં આવે છે ત્યાં તેને બદલે, "રજિસ્ટ્રેશન સત્તાધિકારી" એ શબ્દો મૂકવા.

૮. સદરહુ નિયમોમાં, નિયમો ૨૯ અને ૩૦ કમી કરવા.

૯. સદરહુ નિયમોમાં, નમૂનો-૩, નમૂનો-૫ અને નમૂનો ૬ કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બી. બી. સ્વેઈન,
સરકારના નાયબ સચિવ.

IX-72

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/1

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII THURSDAY SEPTEMBER 12, 1985 BHADRA 21, 1978 [No. 37

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીઓચટી-૯૬-૧) એમઓન-૧૨-૧૦૯૪-જીઓઆઈ-૪૪-(કલમ-૧૧)ઈ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

CABLE TELEVISION NETWORKS (REGULATION) ACT, 1995.

કેબલ ટેલિવીઝન નેટવર્ક (નિયમન) અધિનિયમ, ૧૯૯૫ હેઠળ જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી જાન્યુઆરી, ૧૯૯૬.

કેબલ ટેલિવીઝન નેટવર્ક (નિયમન) અધિનિયમ, ૧૯૯૫.

ક્રમાંક : (જીએચટી-૧૯૬-૧) એમ.એન.આર-૧૦૯૪-જીનોઆઈ-૪૪ (ક્લમ-૧૧)ઈ.—કેબલ ટેલિવીઝન નેટવર્ક (નિયમન) અધિનિયમ, ૧૯૯૫ (સન ૧૯૯૫ના ૭મા)ની કલમ-૧૧ની જોગવાઈઓ અનુસાર, ગુજરાત સરકાર, આથી સદરહુ કલમના હેતુઓ માટે નીચેના અધિકારીઓને અધિકૃત કરે છે :—

(૧) મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૭ હેઠળ નિમાયેલ પોલીસ કમિશનરોને પોતપોતાની હકૂમત હેઠળના વિસ્તારો માટે, અને

(૨) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૦ હેઠળ નિમાયેલ જિલ્લા મેજિસ્ટ્રેટોને પોતપોતાના જિલ્લાના વિસ્તારો માટે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

બી. બી. સ્વૈન,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમા પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/ટી/૧૯૯૫ નો ૧૯૪/ટીપીએસ-૧૨૯૪/૨૪૦૩/એચ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ડીસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/ટી/૧૯૯૫ નો ૧૯૪/ટીપીએસ/૧૨૯૪/૨૪૦૩/એચ.—ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૪૧ હેઠળ વડોદરા શહેરી વિકાસ સત્તામંડળે, નગરરચના, યોજના નંબર-૧ (ગુડા) કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો.

INDEX

અને સદરહુ અધિનિયમની કલમ ૪૨ ની પેટા–કલમ (૧) હેઠળ, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળે (જેને આમાં હવે પછી, "સદરહુ સત્તામંડળ" કહ્યું છે તેણે) નગરરચના યોજના નંબર વેમલી નં–૧, (વુડા) માં સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં યોજનાનો મુસદ્દો (જેને આમાં હવે પછી, "સદરહુ યોજના" કહ્યો છે તે, ઠરાવેલી રીતે તૈયાર કરીને, યોગ્ય રીતે પ્રસિદ્ધ કર્યો હતો ;

અને, પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ સત્તા મંડળે સદરહુ અધિનિયમની કલમ ૪૮ માં જોગવાઈ કરેલી રીતે તે હેઠળ મંજૂરી માટે, રાજ્ય સરકારને, સદરહુ યોજના રજૂ કરેલી ;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ ની પેટા–કલમ (૨) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી:–

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફારોને આધીન રહીને સદરહુ યોજના મંજૂર કરે છે, અને

(ખ) જણાવે છે કે, સદરહુ યોજનાઓ, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વડોદરાની કચેરીમાં, તમામ કામકાજના દિવસોએ, કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

અનુસૂચિ

(૧) યોજનાના મુસદ્દાને આખરી સ્વરુપ આપતી વખતે, મૂળ પ્લોટ નં. ૪૭ના કિસ્સામાં કાયદા અનુસાર વ્યકિતગત છેવટના પ્લોટો ફાળવવાની જરુર જણાય તો, નગરરચના અધિકારીએ વ્યકિતગત મૂળ પ્લોટોની હદ મુકરર કરવી જોઈશે અને યોગ્ય સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને, પ્રવેશ માટેની યોગ્ય પહોળાઈ ધરાવતા નગરરચના યોજના રસ્તાની જોગવાઈ સાથે સંબંધિત મૂળ પ્લોટોને છેવટના પ્લોટોમાં ફાળવણી કરશે.

(૨) યોજનાના મુસદ્દાને આખરી સ્વરુપ આપતી વખતે, નગરરચના અધિકારી એ જોવું જોઈશે કે મૂળ પ્લોટો નંબર ૩, ૨૦ના વિસ્તારમાં કપાતની ટકાવારી, યોજના વિસ્તારમાંની સરેરાશ કપાતની ટકાવારીની સરખામણીએ સરખી રહે.

(૩) યોજનાના મુસદ્દા દસ્તાવેજોમાં, નકશા નં ૩ માં, મૂળ પ્લોટ અને છેવટના પ્લોટના પ્લાનમાં વ્યકિતગત છેવટના પ્લોટોને, મૂળ પ્લોટો નં. ૨૦, ૪૦, ૪૭, ૫૧ અને ૭૬ ની અંશત: જમીનને ફાળવવા યોજનાના મુસદ્દાને આખરી સ્વરુપ આપતી વખતે, નગર રચના અધિકારીઓ ઉપર્યુકત સદરહુ મૂળ પ્લોટોની દરેક અંશત: જમીન માટે કપાતની ટકાવારી ચકાસવી જોઈશે ને નક્કી કરવુ જોઈશે કે, મૂળ પ્લોટોના દરેક ભાગ માટેના વિસ્તારમાં કપાતની ટકાવારી, ઉપરના મૂળ પ્લોટોના દરેક ભાગ, છેવટના પ્લોટોને યોગ્ય રીતે એવી રીતે ફાળવવા કે જેથી યોજના વિસ્તારમાંની સરેરાશ કપાતની ટકાવારીની સરખામણીએ સરખી રહે.

(૪) યોજનાના મુસદ્દાને આખરી સ્વરુપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, નર્મદા કેનાલ લાઈનદોરી હેઠળ હોય તે દરેક મૂળ પ્લોટો નં. ૧/૨, ૨/૨, ૩/૨, ૮/૨. ૧૩/૨, ૧૨/૨, ૧૧/૨, ૧૬/૨, ૧૮/૨, ૧૪, ૧૫ અને ૧૭ ને બદલે મૂળ પ્લોટોની જેમ છેવટના પ્લોટો ફાળવવાનો નિર્ણય કરવો જોઈશે, વળી, નગરરચના અધિકારીએ નમૂના "છ"માં ઉપર્યુકત ફેરફાર અનુસાર સુધારા કરવા જોઈશે.

(૫) યોજનાના મુસદ્દાને આખરી સ્વરુપ આપતી વખતે, નગરરચના અધિકારી, મૂળ પ્લોટ નં. ૪, ૨૨, ૨૬, ૨૮ અને શહેરી જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૭૬ હેઠળ ફાજલ તરીકે જાહેર થયા હોય એવા, જમીનના બીજા પ્લોટોને બદલે અલગ યોગ્ય છેવટના પ્લોટોની ફાળવણી કરવાનો નિર્ણય કરશે. એવી રીતે કરતી વખતે, યોજનાના ફેરબદલ ચૂણી અને મૂલ્યાંકન પત્રકમાં તેણે યોગ્ય ફેરફારો કરવા જોઈશે.

(૬) યોજનાના નમૂના "છ" માં આપેલી મૂળ પ્લોટો નં. ૨૦, ૪૦, ૪૭, ૫૧ અને ૭૬ની હકીકતો અને આંકડાઓ અને યોજના પ્લાન પર દર્શાવેલી તે જ બાબતની એકબીજાથી જુદી પડતી હોય તો નગરરચના અધિકારી એ પુન: વિચારણા કરવી જોઈશે અને તેને આખરી સ્વરુપ આપવું જોઈશે.

(૭) નગરરચના અધિકારીએ, કાળજીપૂર્વકની વિચારણા કર્યા પછી, તેના બદલે ફાળવેલા મૂળ પ્લોટ નં.૪, અને છેવટના પ્લોટના કિસ્સામાં, જુદા જુદા માલિકોને ફાળવેલા મૂળ પ્લોટોની હદ, માલિકી અને વિસ્તાર નક્કી કરવો જોઈશે.

(૮) યોજનાના મુસદ્દા દસ્તાવેજોમાં, ફેર વહેંચણી અને મૂલ્યાંકન પત્રકના નમૂના "છ"માં પાના નં. ૬૩ પર "જાહેર હેતુ માટે વડોદરા શહેરી વિભાગને અનામત" એ શબ્દોને બદલે, "જાહેર હેતુઓ માટે સમુચિત સત્તામંડળ, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળને ફાળવણી" એ શબ્દો મુકવા.

(૯) યોજનાના મુસદ્દા દસ્તાવેજોમાં, ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં, નમૂના "છ" પર પાના નં. ૬૩ પર, કોલમ નં.–૨ માં, નગરરચના અધિકારી "સમુચિત સત્તામંડળ–વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ" તરીકે સમુચિત સત્તામંડળને જાહેર હેતુઓ માટે ફાળવેલા છેવટના પ્લોટો પરની માલિકી નક્કી કરવી જોઈશે.

(૧૦) નગરરચના યોજનાના મુસદ્દાને આખરી સ્વરુપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, સમુચિત સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને છેવટના પ્લોટ નં. ૧૦૩ માટે નિર્દિષ્ટ જાહેર હેતુનો નિર્ણય કરવો જોઈશે.

INDEX

(૧૧) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારી, સમુચિત સત્તામંડળ સાથે વિચાર-વિનિમય કરીને યોજના વિસ્તારના ૩૨ક્કા સુધી સામાજિક રાતે અને આર્થિક રાતે પછાત વર્ગોના લોકો માટેના ગૃહનિર્માણ માટેની ફાળવણી અંગે જોગવાઈ વધારવાનો નિર્ણય કરશે. નગરરચના અધિકારી, યોજના વિસ્તારમાં અન્ય જાહેર હેતુઓ માટે ફાળવેલા છેાટના પ્લોટોના વિસ્તારમાં ફેરફારો કરીને અને યોજના વિસ્તારમાં સરેરાશ ટકાવારીને કપાતને વધાર્યા સિવાય આ બધું કરશે.

(૧૨) યોજનાના મુસદ્દાને, આખરી સ્વરૂપ આપતા વખતે, નગરરચના અધિકારીઓ, સમુચિત સત્તામંડળ સાથે વિચારવિનિમય કરીને, જાહેર હેતુઓ માટે અથવા સમુચિત સત્તામંડળના હેતુઓ માટે ફાળવેલા વિસ્તારો (પ્લોટો) યોજનાના વિસ્તારની અંદરના બાકિકો અથવા રહેશોને પૂર્ણત : અથવા અંશત : લાભદાયી છે કે કેમ તે નક્કી કરવું જોઈશે.

(૧૩) નગરરચના યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીઓ, સમુચિત સત્તામંડળ સાથે વિચાર-વિનિમય કરીને, યોજના હેઠળ કરવા ધારેલા વિકાસ કાર્યોને પૂરા કરવા માટેના સમય મર્યાદા નક્કી કરવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૯૫નો ૧૩૧/ટીપીઓસ/ ૧૧૯૩--૧૩૦૨-એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ડીસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૩૧/ટીપીઓસ/૧૧૯૩-૧૩૦૨-એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૬નો ૪૯/ટીપીઓસ-૧૧૮૬-૪૫૯-(૮૭)-એલ હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સને ૧૯૭૬ના ૨ જુલાઈ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કલમ-૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રુએ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદ-૨ પોતાને સાદર કરેલી નગરરચના યોજના, અમદાવાદ નં. ૨૯ (નારણપુરા પ્રથમ ફેરફાર)નો મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહુ યોજના ફેરફારના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે) તે મંજૂર કર્યો હતો.

અને, સદરહુ અધિનિયમની કલમ-૫૦થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકારે, સદરહુ યોજના ફેરફારના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણુંક કરી હતી.

INDEX

અને નીમેલા નગરરચના અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા)ની કલમ-૫૨ની પેટા-કલમ (૨) અને કલમ-૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના, અમદાવાદ નં. ૨૯ (નારણપુરા પ્રથમ ફેરફાર) પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરેલ છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી આનુસૂચિમાં જણાવેલા ફેરફારોને આધીન રહીને "સદરહુ પ્રારંભિક યોજના" મંજૂર કરે છે.

(ખ) જણાવે છે કે, સદરહુ યોજના અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીમાં રવિવાર અને રજાના દિવસો સિવાય તમામ કામકાજના દિવસોએ લોકોને જોવા માટે ખુલ્લી રહેશે; અને

(ગ) સદરહુ કલમ ૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે સને ૧૯૯૬ના જાન્યુઆરી મહિનાની ૧૫મી તારીખ નક્કી કરે છે.

આનુસૂચિ

(૧) "વિકાસ નિયંત્રણ વિનિયમો"ને પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાંથી બાકાત કર્યા હોય તેમ ગણવું.

(૨) પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં, પાના નં. ૨૩ ઉપર નગરરચના યોજના, અમદાવાદ નં. ૨૯ (નારણપુરા પ્રથમ ફેરફાર) પ્રારંભિક યોજનાના પુનઃ વહેંચણી પત્રકમાં અનુક્રમાંક ૪ એ/૩ ઉપર કોલમ નં. ૨ ઉપર, સમુચિત સત્તામંડળ એટલે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ફાળવવામાં આવેલ છેવટના પ્લોટ નં. ૩૬૦ માટે હેતુ તરીકે દર્શાવેલ "ગૃહનિર્માણ"ને મજકૂર રદ કરવો.

અને આ ફેરફારને પરિણામે, સમુચિત સત્તા મંડળ એટલે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ફાળવવામાં આવેલા છેવટના પ્લોટ નં.-૩૬૦નો હેતુ મંજૂર કરેલ નગરરચના યોજનાના મુસદ્દા નં. ૨૯ (પ્રથમ ફેરફાર) પ્રમાણે "દુકાનો અને કચેરી માટે અનામત" રહેશે.

વધુમાં, આ ફેરફારને પરિણામે મૂળ પ્લોટ, છેવટના પ્લોટના પ્લાન અને છેવટના પ્લોટના પ્લાનમાં સાથે જોડેલા પ્લાન નં. ૩ અને ૪માં દર્શાવ્યા પ્રમાણે અંશતઃ ફેરફાર કરવો અને પુનઃ વહેંચણી પત્રક, આ સાથે જોડેલા પત્રકમાં દર્શાવ્યા મુજબનું રહેશે.

(૩) પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં પાના નં. ૨૩--૨૫ ઉપર, નગરરચના યોજના અમદાવાદ નં. ૨૯ (નારણપુરા) (પ્રથમ ફેરફાર) પ્રારંભિક યોજનાના પુનઃ વહેંચણી પત્રકમાં, અનુક્રમાંક નં. ૪ એ/૪/૧ ૪/૨, ૪/૩ના કોલમ નં. ૬ થી ૮ ઉપર, સમુચિત સત્તા મંડળ એટલે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને "આરોગ્ય કેન્દ્ર" માટે ફાળવવામાં આવેલ મૂળ પ્લોટ નં. ૩૬૧ (વિસ્તાર ૧૦,૧૫૦ ચો. મી.)ની પુનઃ રચનામાં, સમુચિત સત્તામંડળ એટલે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને "મિની પેટ્રોલ પંપ" માટે, છેવટના પ્લોટ નં. ૩૬૧/૧ (વિસ્તાર ૧૦૦૦ ચો. મી.) તરીકેની ફાળવણી, સમુચિત સત્તામંડળ એટલે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને "ગૃહનિર્માણ" માટે, છેવટના પ્લોટ નં. ૩૬૧/૨ (વિસ્તાર ૩૧૦૦ ચો. મી.) તરીકેની ફાળવણી અને સમુચિત સત્તામંડળ એટલે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને "આરોગ્ય કેન્દ્ર કચેરી અને દુકાનો" માટે છેવટના પ્લોટ નં. ૩૬૧/૩ (વિસ્તાર ૬૦૫૦ ચો. મી.) તરીકેની ફાળવણી રદ કરવી.

અને આ ફેરફારને પરિણામે, સમુચિત સત્તામંડળ એટલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ફાળવવામાં આવેલા છેવટનાં પ્લોટ નં.૩૬૧ (વિસ્તાર ૧૦,૧૫૦ ચો. મી.) મંજૂર કરેલ મુખ્ય યોજના પ્રમાણે "આરોગ્ય કેન્દ્ર માટે અનામત જગ્યા" માટે ફાળવવામાં આવેલ રહેશે.

વધુમાં, આ ફેરફારને પરિણામે, મૂળ પ્લોટ, મૂળ પ્લોટ અને છેવટના પ્લોટના પ્લાન અને છેવટના પ્લોટના પ્લાનમાં, સાથે જોડેલા પ્લાન નં. ૩ અને ૪માં દર્શાવ્યા પ્રમાણે અંશતઃ ફેરફાર કરવો અને પુનઃ વહેંચણી પત્રક આ સાથે જોડેલા પત્રકોમાં દર્શાવ્યા પ્રમાણેનું રહેશે.

(૪) પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં પાના નં. ૨૫ ઉપર, નગરરચના યોજના અમદાવાદ નં. ૨૯ (નારણપુરા પ્રથમ ફેરફાર) પ્રારંભિક યોજનાના પુનઃ વહેંચણી પત્રકમાં અનુક્રમાંક નં. ૪/એ-૫ના કોલમ નં. ૨ ઉપર, સમુચિત સત્તામંડળ એટલે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પો-રેશનને ફાળવવામાં આવેલ છેવટના પ્લોટ નં. ૩૫૩ માટે "ગૃહનિર્માણ" તરીકે દર્શાવવામાં આવેલ હેતુ રદ કરવો.

અને આ ફેરફારને પરિણામે, સમુચિત સત્તામંડળ એટલે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ફાળવવામાં આવેલા છેવટના પ્લોટ નં. ૩૫૩નો હેતુ મંજૂર કરેલ નગરરચના યોજનાના મુસદ્દા નં. ૨૯(પ્રથમ ફેરફાર) મુજબ "કચેરી અને સ્ટાફ ક્વાર્ટર માટે અનામત" રહેશે. વધુમાં આ ફેરફારને પરિણામે, મૂળ પ્લોટ, છેવટના પ્લોટના પ્લાન અને છેવટના પ્લોટના પ્લાનમાં સાથે જોડેલા પ્લાન નં. ૩ અને ૪માં દર્શાવ્યા પ્રમાણે અંશતઃ ફેરફાર કરવો અને પુનઃ વહેંચણી પત્રક સાથે જોડેલા પત્રકમાં દર્શાવ્યા પ્રમાણેનું રહેશે.

INDEX

(૫) પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં પાના નં. ૨૫ ઉપર, નગરરચના યોજના, અમદાવાદ નં. ૨૯ (નારણપુરા) પ્રથમ ફેરફાર પ્રારંભિક યોજનાના પુનઃ વહેંચણી પત્રકમાં અનુક્રમાંક નં.૪/એ/૬/૧ અને ૪/એ-૬/૨ના કોલમ નં. ૨ થી ૮ ઉપર, સમુચિત સત્તામંડળ એટલે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને "શાળા અને રમતનો મેદાન માટે અનામત જગા" માટે ફાળવવામાં આવેલ મૂળ પ્લોટ નં. ૪૨ (વિસ્તાર ૫૨૯૦ ચો. મી.)ની પુનઃ રચનામાં, સમુચિત સત્તા મંડળ એટલે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને, "મિની પેટ્રોલ પંપ માટે અનામત" માટે, છેવટના પ્લોટ નં. ૪૨/૧ (વિસ્તાર ૧૩૪૦ ચો. મી.) તરીકેની ફાળવણી સમુચિત સત્તામંડળ એટલે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને "શાળા અને રમતના મેદાન માટે અનામત જગા" માટે, છેવટના પ્લોટ નં. ૪૨/૨ (વિસ્તાર ૩૯૫૦ ચો. મી.) તરીકેની ફાળવણી રદ કરવી.

અને, આ ફેરફારને પરિણામે, સમુચિત સત્તામંડળ એટલે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ફાળવવામાં આવેલા છેવટના પ્લોટ નં. ૪૨ (વિસ્તાર ૫૨૯૦ ચો. મી.) મંજૂર કરેલ મુખ્ય યોજના મુજબ "શાળા અને રમતના મેદાન માટે અનામત જગા" માટે ફાળવવામાં આવેલ રહેશે.

વધુમાં, આ ફેરફારને પરિણામે, મૂળ પ્લોટ પ્લાન, મૂળ પ્લોટ છેવટના પ્લોટના પ્લાન અને છેવટના પ્લોટના પ્લાનમાં સાથે જોડેલા પ્લાન નં. ૩ અને ૪માં દર્શાવ્યા પ્રમાણે અંશતઃ ફેરફાર કરવો અને પુનઃ વહેંચણી પત્રક આ સાથે જોડેલા પ્રપત્રકોમાં દર્શાવ્યા પ્રમાણેનું રહેશે.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

નગરરચના યોજના, અમદાવાદ નં. ૨૯ (નારણપુરા) (પ્રથમ ફેરફાર) પ્રારંભિક યોજના.

પુનઃ વહેંચણી પત્રક

અનુક્રમાંક નંબર	માલિકનું નામ	ભોગવટા હક	મહેસૂલી સર્વે નંબર	મૂળ પ્લોટ		છેવટના પ્લોટ		વિશેષ નોંધ
				નંબર	ચો.મી.માં વિસ્તાર	નંબર	ચો.મી.માં વિસ્તાર	
૧	૨	૩	૩/એ	૪	૫	૬	૭	૮
૪.	નગરરચનાના અધિકારીએ સાદર કરેલી પ્રારંભિક યોજના મુજબ.							
૪/એ	સમુચિત સત્તામંડળ (અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન.)							
૧.	ગૃહનિર્માણ	...	...	૩૬૦	૩૬૯૨	૩૬૦	૩૬૯૨	મુખ્ય યોજના પ્રમાણે "બજાર માટે અનામત" માંથી ફેરફાર કર્યા પછી "ગૃહનિર્માણ" માટે અનામત
૨.	૪/૧ મિની પેટ્રોલ પંપ	...	...	૩૬૧	૧૦૧૫૦	૩૬૧/૧	૧૦૦૦	મુખ્ય યોજના પ્રમાણે "આરોગ્ય કેન્દ્ર માટે અનામત" માંથી ભાગ અને ફેરફાર કર્યા પછી "પેટ્રોલ પંપ" માટે અનામત.
૩.	૪/૨ ગૃહનિર્માણ	...	...	...	...	૩૬૧/૨	૩૧૦૦	મુખ્ય યોજના પ્રમાણે "આરોગ્ય કેન્દ્ર માટે અનામત" માંથી ભાગ અને ફેરફાર કર્યા પછી "ગૃહ નિર્માણ" માટે અનામત.
૪.	૪/૩ આરોગ્ય કેન્દ્ર કચેરી અને દુકાનો	...	...	...	...	૩૬૨/૩	૬૦૫૦	મુખ્ય યોજના પ્રમાણે "આરોગ્ય કેન્દ્ર માટે અનામત" માંથી ભાગ અને ફેરફાર કર્યા પછી "આરોગ્ય કેન્દ્ર કચેરી અને દુકાનો" માટે અનામત.

INDEX

૧	૨	૩	૩/એ	૪	૫	૬	૭	૮
૫.	ગૃહનિર્માણ	...	...	૩૫૩/૧ ૩૫૩/૨	૨૩૮૩૦ ૨૫૪૦	૩૫૩	૨૩૮૩૦	મુખ્ય યોજના પ્રમાણે 'બગીચા અને રમતના મેદાન માટે અનામત" માંથી ફેરફાર કર્યા પછી 'ગૃહનિર્માણ' માટે અનામત.
				કુલ	૨૬૩૭૦			
૬.	૬/૧ મિની પેટ્રોલ પંપ	...	...	૪૨	૫૨૯૦	૪૨/૧	૧૩૪૦	મુખ્ય યોજના પ્રમાણે 'શાળા અને રમતના મેદાન માટે અનામત' મૂળ પ્લોટમાંથી "મિની પેટ્રોલ પંપ" માટે અનામત.
૭.	૬/૨ શાળા અને રમતનું મેદાન	...	...	...	...	૪૨/૨	૩૯૫૦	મુખ્ય યોજના પ્રમાણે, 'મિની પેટ્રોલ પંપ' માટે ફાળવણી કર્યા પછી બાકીનો પ્લોટ "શાળા અને રમતના મેદાન" માટે અનામત.
	ફેરફારો પ્રમાણે							
૪/એ.	સમુચિત સત્તામંડળ (અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન)	...	...	૩૬૦	૩૬૯૨	૩૬૦	૩૬૯૨	મંજૂર કરેલ નગરરચના યોજનાના મુસદ્દા અમદાવાદ નં. ૨૯ પ્રમાણે "દુકાનો અને કચેરી" માટે પ્લોટ નં. ૩૬૧ (વિસ્તાર ૧૦,૧૫૦ ચો. મી.)મંજૂર કરેલ મુખ્ય યોજના પ્રમાણે "આરોગ્ય કેન્દ્ર માટે અનામત" માટે સમુચિત સત્તામંડળ એટલે કે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનને ફાળવેલા રહેશે.
૩.	દુકાનો અને કચેરી							
	...	...	...	...	...	...	...	
૫.	કચેરી અને સ્ટાફ ક્વાર્ટર	...	...	૩૫૩/૧ ૩૫૩/૨	૨૩૮૩૦ ૨૫૪૦	૩૫૩	૨૩૮૩૦	મંજૂર કરેલ નગરરચના યોજનાના મુસદ્દા, અમદાવાદ નં. ૨૯ (પ્રથમ ફેરફાર) પ્રમાણે "કચેરી અને સ્ટાફ ક્વાર્ટર માટે અનામત" માટે.
				કુલ.	૨૬૩૭૦			
૪.	...	...	...	...	...	...	...	પ્લોટ નં. ૪૨ (વિસ્તાર-૫૨૯૦ ચો. મી.) મંજૂર કરેલ મુખ્ય યોજના પ્રમાણે "શાળા અને રમતના મેદાન માટે અનામત" માટે, સમુચિત સત્તા મંડળ એટલે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ફાળવેલ રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૪મી ડીસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/સન ૧૯૯૫ નો ૧૭૨/ડીવીપી/૧૮૯૪/૩૩૦૯/એલ.– નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ડીસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/સન ૧૯૯૫નો ૧૭૨/ડીવીપી/૧૮૯૪/૩૩૦૯/એલ.– નડિયાદ નગરપાલિકા (જિલ્લો-ખેડા) એ પોતાની નગરપાલિકાની હદોની અંદર સમાવિષ્ટ જમીનોના સંબંધમાં, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (જેનો આમાં હવે પછી, "સદરહું અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની જોગવાઈઓ હેઠળ, દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કર્યો છે. અને સદરહું દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા સંબંધી અને સૂચિત સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દા અંગે વાંધા અને સૂચનો મંગાવતી જાહેરખબર, તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૨ના ગુજરાત સરકારી રાજપત્ર, ભાગ-૨ના પાના નંબર ૪૫૩ ઉપર પ્રસિધ્ધ કરી હતી ;

અને નડિયાદ વિસ્તાર વિકાસ સત્તામંડળ (નડિયાદ નગરપાલિકા) એ સદરહું દ્વિતીય સુધારેલી વિકાસ યોજના રાજ્ય સરકારને મંજૂર માટે રજૂ કરી હતી તેના મુસદ્દામાં ફેરફાર કરવાનું સરકારને જરૂરી જણાયું હતું ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૩ના ખંડ (ક) ના પેટા-ખંડ (૨)ના પરંતુક અને પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી.–

(૧) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, ઉપર્યુકત દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફાર કરવા ધારે છે; અને

(૨) કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફારો સંબંધી સૂચનો અથવા વાંધા કોઈ હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવે છે.

નીચે જણાવેલા ફેરફારો દર્શાવતો પ્લાન નડિયાદ નગરપાલિકાની કચેરીમાં ઉપર્યુકત બે મહિનાની મુદત દરમિયાન તમામ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લો રહેશે.

અનુસૂચિ

નડિયાદ (જિલ્લો ખેડા) ની દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાંનો સૂચિત ફેરફાર.

(૧) દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, " ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલી, નડિયાદની મહેસૂલી સરવે નંબર ૭૭૧ વાળી જમીન, સદરહું ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૧ ઉપર દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

INDEX

(૨) દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરેલી, મહેસૂલી સરવે નંબર ૧૨૪૦, ૧૨૪૧, ૧૨૭૫ અને ૧૩૪૮/ભાગ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૨ ઉપર દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(૩) દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, "રહેણાંકના ઝોન" માટે મુકરર કરેલી, મહેસૂલી સરવે નંબર ૨૪૨૯ થી ૨૪૩૮, ૨૪૪૬, ૨૪૪૮ થી ૨૪૫૨ અને ૨૪૨૭ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૩ ઉપર દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરવી.

(૪) દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "વાણિજ્યિક ઝોન" માટે મુકરર કરેલી મહેસૂલી સરવે નંબર ૨૪૦૦ થી ૨૪૦૩, ૨૪૧૧ થી ૨૪૨૨ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૪ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(૫) દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલી મહેસૂલી સરવે નંબર ૨૬૬૪ અને ૨૬૬૫ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૫ ઉપર દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(૬) દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલી મહેસૂલી સરવે નંબર ૨૬૭૦, ૨૬૭૨, ૨૬૭૩, અને ૨૬૭૪ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૬ ઉપર દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(૭) દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "રહેણાંકના ઝોન" માટે મુકરર કરેલી મહેસૂલી સરવે નંબર ૨૬૪૬, ૨૬૭૯, ૨૬૮૭, ૨૭૧૮, ૩૦૩૬, ૩૦૩૪, ૩૦૧૬, ૩૦૯૩, ૩૧૧૦, ૩૦૭૯, ૩૦૬૮, ૩૦૬૬, ૩૦૬૭, ૨૭૦૧, ૨૭૯૭, ૨૬૯૬, ૨૬૦૦, ૨૬૮૯ વગેરે (મહેસૂલી સરવે નંબર ૩૦૧૫, ૩૦૧૩, ૩૦૮૭, ૩૦૮૮ અને ૩૦૮૯ ને બાકાત રાખીને) વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૭ ઉપર દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "કૃષિવિષયક ઝોન" માટે મુકરર કરવી.

(૮) દ્વિતીય સુધારેલી વિકાસ યોજનામાં "રહેણાંકના ઝોન" માટે મુકરર કરેલી મહેસૂલી સરવે નંબર ૧૨૩૧, ૧૨૫૩, ૧૨૫૫, ૧૨૫૬, ૧૨૫૭, ૧૧૪૮, ૧૧૫૬ અને ૧૧૫૫ વાળી જમીન, સદરહુ ઝોનમ થી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૮ ઉપર દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ, "વાણિજ્યિક ઝોન" માટે મુકરર કરવી.

(૯) દ્વિતીય સુધારેલી વિકાસ યોજનામાં, "કૃષિવિષયક ઝોન" માટે મુકરર કરેલી મહેસૂલી સરવે નંબર ૧૨૭૬, ૧૨૭૭, ૧૨૭૮, ૧૨૭૯, ૧૨૮૦, ૧૨૮૧, ૧૨૮૨, ૧૨૮૩, ૧૨૮૪, ૧૨૮૫, ૧૨૮૬, ૧૨૮૭, ૧૨૮૮, અને ૧૨૮૯ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૯ ઉપર દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬નં કલમ ૧૨ (૨) (ક) હેઠળ, "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(૧૦) દ્વિતીય સુધારેલી વિકાસ યોજનામાં, મહેસૂલી સરવે નંબર ૨૫૩૮, ૨૫૩૯, ૨૫૪૦, ૨૫૪૪, ૨૫૧૫, ૨૫૧૪, ૨૫૧૨, ૨૬૧૯, ૨૬૧૬, ૨૬૧૫, ૨૬૨૧, ૨૬૨૨, ૨૬૩૫, ૨૬૫૧, ૨૬૫૨ અને ૨૬૫૯ વચ્ચેથી પસાર થતો ૧૮.૦૦ મીટર પહોળો સૂચિત રસ્તો કમી કરવો અને રસ્તો, આ સાથે જોડેલ પ્લાનમાં અનુક્રમાંક ૧૦ ઉપર દર્શાવ્યા પ્રમાણે વિદ્યમાન લાઈન દોરી પ્રમાણે રહેશે એવી રીતે કમી કરેલ વિદ્યમાન રસ્તાની સૂચિત પહોળાઈ હેઠળની જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૧૦ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ, "રહેણાંકના ઉપયોગ, ઔદ્યોગિક ઉપયોગ અને વાણિજ્યિક ઉપયોગ". માટે મુકરર કરવી.

(૧૧) વિકાસ નિયંત્રણ વિનિયમોમાં, પાનાં નંબર ૧૭ ઉપર, અનુક્રમાંક ૧૨ પર, કોષ્ટક નીચે આવતાં "ગામતળ સિવાય" એ શબ્દો કમી કરવા.

(૧૨) વિકાસ નિયંત્રણ વિનિયમ નંબર ૨૨ ઉપર, વિનિયમ નંબર ૧૩.૧૦ નીચે પ્રમાણે બદલવો જોઈશે. વધુમાં વિનિયમ નંબર ૧૨.૧૮ મુજબ ૧૬ નીચે પ્રમાણે નવો વિનિયમ નંબર ૧૩-૧૦ક ઉમેરવો જોઈશે.

INDEX

૧૩. ૧૦ સહિયારો પ્લોટ.

રહેણાંકના વિકાસ અને ઔદ્યોગિક અને વાણિજ્યિક વિકાસ સિવાયના બીજા ઉપયોગ માટે સહિયારો પ્લોટ.

(ક) ટેનામેન્ટ ટાઈપ લેઆઉટનાં કિસ્સામાં, ૨૦૦૦ અથવા વધુ ચો. મીટર વિસ્તાર ધરાવતા મકાન એકમમાં સહિયારો પ્લોટ પૂરો પાડવો જોઈશે.

પરંતુ, ૨૦૦૦ ચો. મીટર કરતાં ઓછો વિસ્તાર ધરાવતા મકાન એકમના કિસ્સામાં, સહિયારો પ્લોટ જરૂરી નથી. પરંતુ ભોંયતળિયે ૪ (ચાર) એકમ અથવા ૪ (ચાર) એકમોથી વધુ સંખ્યામાં હોય તો તે (સહિયારો પ્લોટ) પૂરો પાડવો જોઈશે.

(ખ) એક અથવા વધુ રહેઠાણના એકમો ધરાવતા માલિકી ફ્લેટ પ્રકારના વિકાસના કિસ્સામાં, સહિયારો પ્લોટ પૂરો પાડવો જોઈશે.

સ્ટીલ ટાઈપ ફ્લેટ ટાઈપ વિકાસના કિસ્સામાં, સહિયારો પ્લોટ ભોંયતળિયે મંજૂર કરવો જોઈશે અને તેનો પાર્કિંગના [illegible] માટે ઉપયોગ કરવો જોઈશે.

(ગ) જમીનની પેટા-ફાળવણી ટાઈપ વિકાસના કિસ્સામાં, ૨૦૦૦ અથવા વધુ ચો. મીટરના વિસ્તારના મકાન એકમમાં સહિયારો પ્લોટ પૂરો પાડવો જોઈશે.

પરંતુ, ૨૦૦૦ ચો.મીટર કરતાં ઓછા વિસ્તાર ધરાવતા મકાન એકમના કિસ્સામાં સહિયારો પ્લોટ જરૂરી રહેશે નહિ. પરંતુ ભોંયતળિયે પેટા-પ્લોટ ૪ (ચાર) અથવા ૪ (ચાર) એકમથી વધુ સંખ્યામાં હોય તો તે પૂરો પાડવો જોઈશે.

(ઘ) સહિયારા પ્લોટનું ઓછામાં ઓછું ક્ષેત્રફળ મકાન એકમના ૧૦ ટકા રહેશે પરંતુ ૩૩૩ ચો. મીટર કરતાં ઓછું હોવું જોઈશે નહિ. આવો સહિયારો પ્લોટ કોઈ એક સ્થળે હોઈ શકશે અથવા જુદા જુદા સ્થળોએ યોગ્ય રીતે તે વહેંચી શકાશે. વહેંચણી કરેલ સહિયારા પ્લોટની બાબતમાં, સહિયારા પ્લોટનું ક્ષેત્રફળ ૩૩૩ ચો.મીટર કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(ચ) સહિયારા પ્લોટના ૧૫ ટકા વિસ્તારનો જરૂરી માર્જિન સહિત ભોંયતળિયે અને પ્રથમ માળે ધાર્મિક સ્થાન, ક્લબ, ઓપન એર થીએટર, પેવેલીયન, શાળા, સાર્વજનિક સભાખંડ, હોસ્પિટલ, વાડી વગેરેના બાંધકામ માટે ઉપયોગ કરી શકાશે અને બાકીના સહિયારા પ્લોટ ખુલ્લા રહેશે.

એવા કિસ્સામાં લઘુત્તમ આગળનું માર્જિન ૫.૦૦ મીટર અને લઘુતમ પાછળનું અને બાજુનું માર્જિન ૩.૦૦ મીટર હોવું જોઈશે.

(છ) સહિયારા પ્લોટની કોઈપણ એક બાજુ ૧૨ મીટરથી ઓછી હોવી જોઈશે નહિ.

(જ) સહિયારા પ્લોટનો વિસ્તાર માર્ગો, માર્જિન અને પ્રવેશ-માર્ગ સિવાયનો રહેશે.

(ઝ) સહિયારા પ્લોટનો વિસ્તાર, એફ. એસ. આઈ અને ચણેલ વિસ્તારની ગણતરી કરવા માટે ધ્યાનમાં લેવો જોઈશે નહિ.

(ટ) સહિયારો પ્લોટ રાષ્ટ્રિય અથવા રાજ્ય ધોરીમાર્ગ અથવા બીજા કોઈપણ વર્ગીકૃત માર્ગ અથવા રેલ્વેથી માર્જિન રાખીને મંજૂર કરવો જોઈશે. એવા સહિયારા પ્લોટનો વિસ્તાર, સહિયારા પ્લોટના જરૂરી વિસ્તારના ૫૦ ટકાથી વધવો જોઈશે નહિ.

૧૩.૧૦.ક વાણિજ્યિક વિકાસ માટે સહિયારો પ્લોટ.

(ક) ૬૬૫ ચોરસ મીટર અથવા વધુ ક્ષેત્રફળવાળા જે મકાન એકમનો ઉપયોગ, ઔદ્યોગિક અને રહેણાંકના વિકાસ સિવાયના કોઈપણ હેતુ માટે કરવાનો હોય તે મકાન એકમ માટે, મકાન એકમના વિસ્તારના ઓછામાં ઓછા ૩૦ ટકા જેટલા એકત્રિત ખુલ્લા પ્લોટની જોગવાઈ કરવી જોઈશે, પરંતુ આવા મકાન એકમના મિશ્ર એકમના મિશ્ર વિકાસની બાબતમાં, પણ ઉપર પ્રમાણે એકત્રિત ખુલ્લા પ્લોટની જોગવાઈ કરવી જોઈશે.

(ખ) જ્યાં સુધી માર્જિનો લગોલગ આવેલા હોય અને પ્રવેશ-માર્ગો એકત્રિત ખુલ્લા પ્લોટમાંથી પસાર થતાં હોય ત્યાં સુધી, સદરહુ એકત્રિત ખુલ્લા પ્લોટમાં; આવા મકાન એકમમાં જોગવાઈ કરવાના માર્જિનો અને પ્રવેશ-માર્ગોનો સમાવેશ થઈ શકશે. મકાન એકમના ફ્લોર સ્પેસ ઈન્ડેક્સની ગણના માટે, આ ખુલ્લા પ્લોટનું ક્ષેત્રફળ બાદ કરવામાં આવશે નહિ.

(ગ) સદરહુ પ્લોટ કાયમ માટે ખુલ્લો રાખવામાં આવશે, એકત્રિત ખુલ્લા પ્લોટમાં ૦.૬૦ મીટરના વાછંટિયા ૧.૨ મીટરની ગેલેરી અને પગથિયાં કરતાં વધુ કોઈપણ બહાર નીકળતા બાંધકામની પરવાનગી આપવામાં આવશે નહિ.

(ઘ) સિનેમા થિયેટરો અને વાણિજ્યિક મકાનોની બાબતમાં એકત્રિત ખુલ્લા પ્લોટમાં, મકાન એકમનો આગળનો ભાગ સંપૂર્ણ આવરી લેવાય તેવી જોગવાઈ કરવી જોઈશે. એક કરતાં વધુ આગળના ભાગવાળા પ્લોટની બાબતમાં, સત્તામંડળે, આગળના ભાગના સંબંધમાં એકત્રિત ખુલ્લા પ્લોટનું સ્થાન નક્કી કરવું જોઈશે. :

INDEX

પરંતુ એકત્રિત ખુલ્લો પ્લોટ એવી રીતે તૈયાર કરવામાં આવે કે તેમાં, મકાન એકમના આગળના ભાગના અમુક ભાગનો સમાવેશ થાય, તો મકાન એકમનો બાંધકામ વિસ્તાર, રસ્તાની બાજુએથી ઓછામાં ઓછો ૯.૦૦ મીટર દૂર રાખવો જોઈશે.

(ચ) સિનેમા અથવા થિએટરની બાબતમાં હોય તે સિવાય, કુલ એકત્રિત ખુલ્લા પ્લોટના ૫૦ ટકા જેટલા એકત્રિત ખુલ્લા પ્લોટ ઉપર, વાહન હંકારવાના માર્ગો અને સર્કલ માર્ગો સહિત પાર્કીંગ જગ્યા તરીકે ઉપયોગ કરવાની છૂટ આપી શકાશે.

(છ) એકત્રિત ખુલ્લા પ્લોટનું પેટા-વિભાજન કરવાની પરવાનગી આપી શકાશે, પરંતુ એ રીતે રચાયેલ પ્લોટનું ઓછામાં ઓછું ક્ષેત્રફળ ૫૦૦ ચોરસ મીટર હોવું જોઈશે. વધુમાં આવા પેટા-વિભાજનનું ઓછામાં ઓછું માપ ૧૫ મીટર × ૧૫ મીટર હોવું જોઈશે. એકત્રિત ખુલ્લા પ્લોટના ચતુષ્કોણ આકારમાં અથવા આ વિનિયમોની અથવા નગર રચના યોજનાના વિનિયમોની જોગવાઈઓ હેઠળ કરી શકાય તેવા તેના પેટા-વિભાજનમાં ફેરફાર કરવાની પરવાનગી આપી શકાશે, જેથી, જે મકાન એકમો ઉપર બાંધકામ કરવા ધાર્યું હોય તે મકાન એકમોના આકારને તે અનુરૂપ રહે.

૧૩. વિકાસ નિયંત્રણ વિનિયમમાં, પાના નં. ૨૯ પર, વિનિયમ ક્રમાંક ૧૪.૭ માં, '૮૦૦.૦૦ ચો. મીટર' અને '૨૫૦.૦૦ ચો.મીટર' એ આંકડા અને શબ્દોને બદલે અનુક્રમે '૧૦૦૦ ચો.મીટર' અને '૩૫૦-૦૦ ચો.મીટર' એ આંકડા અને શબ્દો મૂકવા જોઈશે.

૧૪. વિકાસ નિયંત્રણ વિનિયમમાં, પાના નં. ૨૯ પર, વિનિયમ ક્રમાંક ૧૪.૭ પછી, નવો વિનિયમ ક્રમાંક ૧૪.૮ નીચે પ્રમાણે ઉમેરવો જોઈશે.

૧૪.૮ વિસ્તારને લક્ષમાં લીધા વિના, ભોંયતળિયા સહિત કોઈપણ માળ ઉપર ૨૦ થી વધુ રહેણાંકના એકમથી મકાન એકમનો વિકાસ કરવો, સહિયારા પ્લોટની પરવાનગી આપવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુક્ત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીટીએચ/૯૫/૮૬/એડીવી/૧૧૮૧/૩૯૨૨/ખાસ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE PREVENTION OF BLACKMARKETING AND MAINTENANCE OF SUPPLIES OF ESSENTIAL COMMODITIES ACT, 1980.

આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતા અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબત અધિનિયમ, ૧૯૮૦ હેઠળ જાહેરનામું.

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ

૧૪, સરદાર ભવન, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૫.

આવશ્યક ચીજવસ્તુઓનાં કાળાબજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબત અધિનિયમ, ૧૯૮૦.

ક્રમાંક : જીટીએચ/૯૫/૮૬/એડીવી/૧૧૮૧/૩૯૨૨/ખાસ. — આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતા અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબત અધિનિયમ, ૧૯૮૦ (સન ૧૯૮૦ના ક્રમાંક ૭૫) ની કલમ ૯ થી મળેલી સત્તાની રૂએ, રાજ્ય સરકારે, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના જાહેરનામા ક્રમાંક : જીટીએચ/૯૫/૧૪/એડીવી/૧૧૮૧/૩૯૨૨/ખાસ અને ક્રમાંક : જીટીએચ/૯૫/૪૬/એડીવી/૧૧૮૧/૩૯૨૨/ખાસ થી નીચેનું સલાહકાર બોર્ડ ડિસેમ્બર, ૧૯૯૫ સુધી રચ્યું હતું.

INDEX

(૧) શ્રી જે. પી. દેસાઈ, ગુજરાત હાઈકોર્ટના નિવૃત ન્યાયાધીશ ... ... અધ્યક્ષ.

(૨) શ્રી પી. એમ. ચૌહાણ, ગુજરાત હાઈકોર્ટનાં નિવૃત ન્યાયાધીશ ... ... સભ્ય.

(૩) શ્રી જે. યુ. મહેતા, ગુજરાત હાઈકોર્ટનાં નિવૃત ન્યાયાધીશ ... ... સભ્ય.

હવે, સદરહુ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ બોર્ડની મુદત, ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ થી ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૬ સુધી લંબાવે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સંજય નંદન,
સરકારના નાયબસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/૯/૯૬/એપીટી/૩૩૯૬/૨૦૨/એચનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિદ્ધ કર્યો છે.

નિ. રા. પરીખ,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE TERRORIST AND DISRAPTIVE ACTIVITIES (PREVENTION) ACT, 1987.

આતંકવાદી અને વિનાશક પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, ૧૯૮૭ હેઠળ જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

આતંકવાદી અને વિનાશક પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, ૧૯૮૭.

ક્રમાંક : જીકે/૯/૯૬/એપીટી/૩૩૯૬/૨૦૨/એચ.—આતંકવાદી અને વિનાશક પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, ૧૯૮૭ સન ૧૯૮૭ના ૨૮મા)ની કલમ—૧૩ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ—૨માં નિર્દિષ્ટ કરેલ વ્યકિતઓને, સદરહુ અનુસૂચિના કોલમ—૩માં અનુક્રમે તેમની સામે નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, સદરહુ અધિનિયમની કલમ-૯ની પેટા-કલમ (૧) હેઠળ રચાયેલ નિર્દિષ્ટ કોર્ટો માટેના અધિક પબ્લિક પ્રોસિકયુટર તરીકે નીમે છે:—

અનુક્રમ નંબર	વ્યકિતનું નામ	નિર્દિષ્ટ કોર્ટનું નામ
૧.	શ્રી ડી. પી. પાઠક, અધિક પબ્લિક પ્રોસિકયુટર, ગોધરા, પંચમહાલ.	નિર્દિષ્ટ કોર્ટ, ગોધરા, પંચમહાલ.
૨.	શ્રી જી. જી. બારિઆ, અધિક પબ્લિક પ્રોસિકયુટર, ગોધરા, પંચમહાલ.	નિર્દિષ્ટ કોર્ટ, ગોધરા, પંચમહાલ.
૩.	શ્રી એમ. પી. ધાનેકર, અધિક પબ્લિક પ્રોસિકયુટર, ગોધરા, પંચમહાલ.	નિર્દિષ્ટ કોર્ટ, ગોધરા, પંચમહાલ.
૪.	શ્રીમતી યુ. સી. ગાંધી, અધિક પબ્લિક પ્રોસિકયુટર, ગોધરા, પંચમહાલ.	નિર્દિષ્ટ કોર્ટ, ગોધરા, પંચમહાલ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એચ. શાહ,
સરકારના નાયબ સચિવ.
કાયદા વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી મે, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ ના ૧૫૧/ટીપીએસ-૧૮૯૫/૬૩૨/એલ,નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ના ૧૫૧/ટીપીએસ/૧૮૯૫/૬૩૨/એલ.— ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેના આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૪૧ હેઠળ, નડિયાદ નગરપાલિકા (નડિયાદ વિસ્તાર વિકાસ સત્તામંડળ) એ નગરરચના યોજના, નડિયાદ નં. ૬ કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો ;

અને સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા-કલમ (૧) હેઠળ, નડિયાદ નગરપાલિકા/નડિયાદ વિસ્તાર વિકાસ સત્તામંડળે (જેનો આમાં હવે પછી, "સદરહુ નગરપાલિકા" કહી છે તેણે) નગરરચના યોજના, નડિયાદ નં. ૬માં સમાવિષ્ટ વિસ્તારના સંબંધમાં યોજનાનો મુસદ્દો (જેને આમાં હવે પછી "સદરહુ યોજનાનો મુસદ્દો" કહ્યો છે તે) ઠરાવેલી રીતે તૈયાર કરીને, યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો;

અને પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ નગરપાલિકાએ, સદરહુ અધિનિયમની કલમ ૪૮ હેઠળ તેમાં જોગવાઈ કરેલી રીતે, મંજૂરી માટે રાજ્ય સરકારને સદરહુ યોજના રજૂ કરેલી;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા ફેરફારોને આધીન રહીને, સદરહુ યોજના મંજૂર કરે છે; અને

(ખ) જણાવે છે કે સદરહુ યોજના, નડિયાદ નગરપાલિકા/નડિયાદ વિસ્તાર વિકાસ સત્તામંડળ, નડિયાદની કચેરીમાં, તમામ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

અનુસૂચિ

(૧) મુસદ્દા યોજનાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીઓ, એ જોવું જોઈશે કે દરેક મૂળ પ્લોટના વિસ્તારમાંની કપાતની ટકાવારી, યોજના વિસ્તારમાંની સરેરાશ કપાતની ટકાવારીની સરખામણીએ સરખી રહે. નગરરચના અધિકારીએ, સમુચિત સત્તામંડળને, "સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગના લોકો માટે ગૃહનિર્માણ" ના હેતુ માટે, કપાત કરેલી જમીન ફાળવવાનો પણ નિર્ણય કરવો જોઈશે.

(૨) છેવટના પ્લોટ નં. ૧૨૮ તેના મૂળ પ્લોટની જમીનને ફાળવવો જોઈશે.

INDEX

(૩) "નડિયાદ નગરપાલિકા" ને ફાળવેલ પ્લોટ પ્રમાણે, નમૂના 'છ' માં આપેલા શીર્ષકને બદલે, "સમુચિત સત્તામંડળ–નડિયાદ નગરપાલિકા" એ મજકૂર મૂકવો.

(૪) સમુચિત સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને, નગરરચના અધિકારીએ, જુદા જુદા જાહેર હેતુઓ માટે સમુચિત સત્તા-મંડળને ફાળવેલ છેવટનો પ્લોટોની લાભદાયી ટકાવારી નક્કી કરવી જોઈશે.

(૫) બગીચાના જાહેર હેતુ માટે ફાળવેલ છેવટના પ્લોટ નં. ૧૩૩નો વિસ્તાર અપૂરતો છે, તેથી, સમુચિત સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને, નગરરચના અધિકારીએ, બગીચા માટેના વિસ્તારની જરૂરીયાત પૂરી થઈ શકે તેટલો વિસ્તાર વધારવાનો નિર્ણય કરવો જોઈશે.

(૬) વાણિજ્યિક ઉપયોગના હેતુ માટે ફાળવેલ છેવટના પ્લોટ નં. ૧૩૬ થી ૧૩૯, ૧૪૪ અને ૧૪૮નો વિસ્તાર અપૂરતો હોવાનું જણાય તો વાણિજ્યિક વિકાસના અર્થપૂર્ણ ઉપયોગ સિધ્ધ કરવા માટે, સમુચિત સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને, મૂળ પ્લોટ/મૂળ પ્લોટોનો વિસ્તાર વધારવો જોઈશે.

(૭) યોજનાના મુસદ્દાના દસ્તાવેજોમાં, નમૂના–છમાં અને નકશાઓ ઉપર, મૂળ પ્લોટ નં. ૧૪૨ અને ૧૪૫ ના હેતુ તરીકે દર્શાવેલ "આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે" એ મજકૂરને બદલે, "સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગના ગૃહનિર્માણ માટે" એ મજકૂર મૂકવો.

(૮) "રહેણાંકના હેતુ" માટે સમુચિત સત્તામંડળને ફાળવેલા છેવટના પ્લોટ નં. ૧૩૫, ૧૪૩ અને ૧૪૬ "સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગના ગૃહનિર્માણ" માટે ફાળવ્યા હોય તે પ્રમાણે રહેશે.

(૯) મુસદ્દા યોજનાનું આખરી સ્વરૂપ આપતી વખતે નગરરચના અધિકારીએ યોજનાની હદની બહારની અને અંદરની બાજુની જમીનોના પ્રવર્તમાન વેચાણોને ધ્યાનમાં લઈને યોજના વિસ્તારના મૂળ પ્લોટોનું મૂલ્ય ફરી નક્કી કરવું જોઈશે અને ફેરફાર અનુસાર નમૂના 'છ' અને 'સ' માં ફેરફારો કરવા જોઈશે.

(૧૦) યોજનાના મુસદ્દાના દસ્તાવેજોમાં, નકશા ૪–ક ઉપર પાણી પુરવઠા માટે વિકાસ કાર્ય દર્શાવેલું છે, પણ ખર્ચ માટેના અંદાજોમાં તેનો સમાવેશ થયો ન હતો. યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે નગરરચના અધિકારીએ, પાણી પુરવઠા સહિતના સૂચિત વિકાસ કાર્ય માટે ખર્ચનો અંદાજ કાઢવો જોઈશે.

(૧૧) યોજના તૈયાર કરવા માટેની જાહેરાતની તારીખે ઉદ્દેશો અને કારણોમાં આપાયેલ કાર્યોના ઠરાવ અને અધિનિયમની જુદી જુદી કલમોમાં આપેલી બીજી સંબંધિત બાબતોને ધ્યાનમાં લઈને યોજનાનું અર્થ નક્કી થશે.

(૧૨) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે નગરરચના અધિકારીએ સૂચિત વિકાસ કાર્યો પૂરા થવાની સંભવ મર્યાદા ધ્યાનમાં લઈને વિકાસ ખર્ચની ફેર વિચારણા કરવી જોઈશે.

(૧૩) નડિયાદના સુધારેલા વિકાસ પ્લાનમાં સૂચિત સુધારેલા વિકાસ નિયંત્રણ વિનિયમો યોજના વિસ્તારને પણ લાગુ પડશે.

(૧૪) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે નગરરચના અધિકારીએ, સમુચિત સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને સામાજીક અને આર્થિક રીતે પછાત વર્ગના લોકો માટે ગૃહનિર્માણ માટેની ફાળવણી માટેની જોગવાઈ, યોજના વિસ્તારના ૧ (એક) ટકા સુધી વધારવાનો નિર્ણય લેવો જોઈશે. નગરરચના અધિકારી, યોજના વિસ્તારમાં અન્ય જાહેર હેતુઓ માટે ફાળવેલ છેવટના પ્લોટોના વિસ્તારમાં યોગ્ય ફેરફારો કરીને અને યોજના વિસ્તારમાં સરેરાશ ટકાવારી કપાત વધાર્યા સિવાય આ બધું કરશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુક્ત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી-ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૧૪મી મે, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી એપ્રિલ, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીજીજી/૯૬/એમટીપી-૩૩૮૧-૬૫૦૭-ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE BOMBAY MOTOR VEHICLES (TAXATION OF PASSENGERS) ACT, 1958.

મુંબઈ મોટર વાહન (ઉતારૂવેરા) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી એપ્રિલ, ૧૯૯૬.

મુંબઈ મોટર વાહન (ઉતારૂવેરા) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જી/જી/૯૬/૬૦/એમટીએ-૩૩૮૧-૬૫૦૭-ખ.– મુંબઈ મોટર વાહન (ઉતારૂ વેરા) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૭મા) ની કલમ ૨ ના ખંડ (૯) થી મળેલી સત્તાની રૂએ, અને આ અર્થે તેને અખત્યાર આપતી અન્ય તમામ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, તારીખ ૧૫મી ડીસેમ્બર, ૧૯૯૪નું સરકારી જાહેરનામું ક્રમાંક : જી/જી/૧૬૧/૯૪/એમટીએ-૩૩૮૧-૬૫૦૭– ખ. નીચે પ્રમાણે સુધારે છે.–

સદરહુ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક ૧૩, ૨૩ અને ૨૭ની નોંધો પછી, નીચેની અનુક્રમે ક્રમાંક ૧૩ક, ૨૩ક અને ૨૭ક ની નવી નોંધો દાખલ કરવી.

અધિકારીનો હોદ્દો	વિસ્તારો
"૧૩ ક મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, પાલનપુર.	બનાસકાંઠા જિલ્લો
૨૩ ક મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, વલસાડ	વલસાડ અને ડાંગ જિલ્લો
૨૭ ક મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, જામનગર	જામનગર જિલ્લો."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. એચ. પાટડીયા,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી મે, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી એપ્રિલ, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૯૬/૬૧/એમટીએ-૩૩૮૧-૬૫૦૭/ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION NO. G/G/162/94/MTA-3381/6507-KH, dated the 15th DECEMBER, 1994.

તારીખ ૧૫મી ડીસેમ્બર, ૧૯૯૪નું સરકારી જાહેરનામું ક્રમાંક જી/જી/૧૬૨/૯૪/એમટીએ- ૩૩૮૧/૬૫૦૭/ખ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી એપ્રિલ, ૧૯૯૬.

ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨.

ક્રમાંક : જી/જી/૯૬/૬૧ એમટીએ-૩૩૮૧-૬૫૦૭/ખ.– ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨ (સન ૧૯૬૨ના ગુજરાતના ૩૩મા) ની કલમ ૨ના ખંડ (૬) થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે તેને અખત્યાર આપતી તમામ સત્તાની રૂએ, ગુજરાત

INDEX

સરકાર, આથી તારીખ ૧૧મી ડીસેમ્બર, ૧૯૯૪નું સરકારી જાહેરનામું ક્રમાંક જી/જી/૧૬૨/૯૪/એમટીએ-૩૩૮૧/૬૫૦૭/ખ નીચે પ્રમાણે સુધારે છે :—

સદરહુ જાહેરનામાની જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક ૧૩, ૨૩ અને ૨૭ની નોંધો પછી, નીચેની અનુક્રમે અનુક્રમાંક ૧૩ક, ૨૩ક અને ૨૭ક ની નવી નોંધો દાખલ કરવી.

	અધિકારીઓના હોદ્દો	વિસ્તારો
૧૩ ક.	મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, પાલનપુર	બનાસકાંઠા જિલ્લો
૨૩ ક.	મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, વલસાડ	વલસાડ અને ડાંગ જિલ્લો
૨૭ ક.	મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, જામનગર	જામનગર જિલ્લો

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૧૪મી મે, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી એપ્રિલ, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગનો સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૯૬/૧૯૯/એમટીએ-૩૩૮૧-૬૫૦૭/ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ,

Notification

Under

THE BOMBAY MOTOR VEHICLES TAX ACT, 1958.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું
ગૃહ વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૨૬મી એપ્રિલ, ૧૯૯૬.

મુંબઈ મોટર વાહનવેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક જી/જી/૯૬/૧૯૯/એમટીએ-૩૩૮૧-૬૫૦૭/ખ.— મુંબઈ મોટર વાહનવેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા) ની કલમ ૨ના ખંડ (૭) થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે તેને અખત્યાર આપતી અન્ય તમામ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, તારીખ ૧૧મી ડીસેમ્બર, ૧૯૯૪નું સરકારી જાહેરનામું ક્રમાંક જી/જી/૧૬૦/૯૪/એમટીએ-૩૩૮૧-૬૫૦૭-ખ નીચે પ્રમાણે સુધારે છે.—

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક ૧૩, ૨૩ અને ૨૭ ની નોંધો પછી, નીચેની અનુક્રમે ક્રમાંક ૧૩ક, ૨૩ક અને ૨૭કની નવી નોંધો દાખલ કરવી.—

	અધિકારીઓના હોદ્દો	વિસ્તારો
"૧૩ ક	મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, પાલનપુર	બનાસકાંઠા જિલ્લો
૨૩ ક	મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, વલસાડ	વલસાડ અને ડાંગ જિલ્લો
૨૭ ક	મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, જામનગર	જામનગર જિલ્લો"

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા,
સરકારના ઉપસચિવ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૧૮મી મે, ૧૯૯૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૩મી એપ્રિલ, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૬/૫૪/એમવીએ-૧૮૯૪-૪૩૮૫-ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણસારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE MOTOR VEHICLES ACT, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૩મી એપ્રિલ, ૧૯૯૬.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૬/૫૪/એમવીએ/૧૮૯૪/૪૩૮૫-ખ.- મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ-૬૩ની પેટા કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ અને માલ વાહનો માટે નૂર નક્કી કરવા જેટલે સુધી લાગેવળગે છે તેટલે સુધી, આ અર્થે કાઢેલા તમામ જાહેરનામાઓ રદ કરીને, ગુજરાત સરકાર, સદરહુ પેટા-કલમ (૧)ના ખંડ (ક)ની જોગવાઈઓને લક્ષમાં લઈને, આથી, ગુજરાત રાજ્યમાં માલ વાહનો ચલાવવા માટે નૂર નક્કી કરવા સંબંધી રાજ્ય વાહનવ્યવહાર સત્તા મંડળને નીચેના આદેશો આપે છે :-

ગુજરાત રાજ્યના રુટો પૈકી કોઈપણ રુટ ઉપર આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ-૧માં નિર્દિષ્ટ કરેલા માલ વાહનો ચલાવવા માટે નૂર, સદરહુ અનુસૂચિના અનુક્રમે કોલમો ૨ અને ૩માં તેમની સામે નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના અધિકતમ નૂરને અધીન રહેશે.

અનુસૂચિ

માલ વાહનો ૧	નૂરનો દર ૨	ખાસ વર્ગો માટે નૂરનો દર ૩
	માલ વાહનો માટે	
	(ક) લોરી કિલોમીટરના દરો.	
(૧) ૬ મેટ્રિક ટન સુધીની વહન ક્ષમતા	કિલોમીટર દીઠ રૂા. ૨.૯૦	સંબંધિત વાહન વ્યવહાર સત્તા મંડળ આવા સરચાર્જને સંમતિ આપે તો તે ઉપરાંત કોલમ-૨ હેઠળ મૂળભૂત દરોના ૨૫ ટકાથી ૩૩/૧-૩ ટકા સુધીનો ફેરફાર થતો સરચાર્જ.
(૨) ૬ મેટ્રિક ટન ઉપરની પરંતુ ૯ મેટ્રિક ટન સુધીની વહન ક્ષમતા.	કિલોમીટર દીઠ રૂા. ૩.૬૦	
(૩) ૯ મેટ્રિક ટન ઉપરની પરંતુ ૧૨ મેટ્રિક ટન સુધીની વહન ક્ષમતા.	કિલોમીટર દીઠ રૂા. ૫.૦૦	
(૪) ૧૨ મેટ્રિક ટન ઉપરની વહન ક્ષમતા.	કિલોમીટર દીઠ રૂા. ૬.૫૦.	
	(ખ) ટન કિલોમીટર દરો	
તમામ માલ વાહનો માટે	કિલોમીટર દીઠ મેટ્રિક ટન દીઠ ૦૦.૪૮ પૈસા.	

INDEX

(૧)	(૨)	(૩)
	(૧) વાહન થોભાવવાનો ચાર્જ	
	જે માલ વાહનોની —	
(૧)	વહન ક્ષમતા ૬ મેટ્રિક ટન સુધીની હોય.	કલાક દીઠ રૂા. ૯.૦૦
(૨)	વહન ક્ષમતા ૬ મેટ્રિક ટન ઉપરની પરંતુ ૯ મેટ્રિક ટન સુધીની હોય.	કલાક દીઠ રૂા. ૧૨.૦૦
(૩)	વહન ક્ષમતા ૯ મેટ્રિક ટન ઉપરની પરંતુ ૧૨ મેટ્રિક ટન સુધીની હોય.	કલાક દીઠ રૂા. ૧૫.૦૦
(૪)	વહન ક્ષમતા ૧૨ મેટ્રિક ટન ઉપરની પરંતુ ૧૫ મેટ્રિક ટન સુધીની હોય.	કલાક દીઠ રૂા. ૧૮.૦૦

સ્પષ્ટીકરણ :— (૧) માલ ઉપરના વેરાને લગતા તત્સમાન અમલમાં હોય તેવા કોઈપણ કાયદા હેઠળ નૂરમાં માલ રવાના કરનારને માલ વાહનોના ઓપરેટરોને ચૂકવવાપાત્ર વેરાનો સમાવેશ થશે.

(૨) લોરી કિલોમીટર માટેના દર એટલે કામના સમય દરમિયાન ભાર સાથે અથવા ભાર વિના ખરેખર કાપેલ કિલોમીટર માટેનો દર.

(૩) મેટ્રિક ટન દીઠ કિલોમીટર દર એટલે દરેક કિલોમીટર માટે મેટ્રિક ટનમાં લઈ જવાતો ખરેખર ભાર માટેનો દર અને તેમાં ખાલી વળતા ફેરાના દરનો સમાવેશ થતો નથી.

(૪) "વાહન થોભાવવાનો ચાર્જ" એટલે ભાડે અથવા બદલા (રિવોર્ડ) ઉપર રોકેલ વાહનના સમય દરમિયાન વાહનના થોભાવવા માટે ચુકવવાપાત્ર નાણાંકીય વળતર (માલને ચડાવવામાં અથવા ઉતારવામાં અથવા બંનેમાં લેવાયેલ સમય સહિત).

પરંતુ આવા રોકાણનાસમય દરમિયાન પ્રથમ અડધા કલાક માટે આવો કોઈ ચાર્જ લેવાપાત્ર થશે નહિ.

આવો થોભાવવાનો ચાર્જ (ક) અથવા (ખ) અથવા બંને ઉપર ઉલ્લેખેલા દરો ઉપરાંત લેવાપાત્ર થશે.

નોંધ :— કોલમ ૨ અથવા ૩ અથવા બંનેની કોઈપણ જોગવાઈઓ હેઠળ નૂરની ફલસ્વરૂપ રકમ ૫ પૈસાના ચોક્કસ ગુણાંકમાં ન હોય ત્યારે તે નજીકના ૫ પૈસાના ગુણાંક સુધી ગણવો પરંતુ ૨-૧/૨ પૈસાના તફાવતને ૫ પૈસા તરીકે ગણવો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડિયા
સરકારના ઉપ-સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, તારીખ. ૨૦મી મે, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટ અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૦મી એપ્રિલ, ૧૯૯૬ ના ગુજરાત સરકારના ગૃહ (સ્પેશ્યલ) વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૪૧/૯૬/એસબીઆઈ/પીઓએ/૧૭૮૮/૧૩૬૦ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

INDIAN OFFICIAL SECRETS ACT, 1923.

ભારત સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર,

ગૃહ વિભાગ (સ્પેશિયલ)

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી એપ્રિલ, ૧૯૯૬.

ભારત સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક : જીજી/૪૧/૯૬/એસબીઆઈ/સીઓએ/૧૭૮૮/૧૩૬૦.—ગુજરાત સરકારના અભિપ્રાય મુજબ, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ સ્થળ સંબંધી અથવા તેનો નાશ કરવા અથવા તેમાં અવરોધ કરવો અથવા દખલ કરવા સંબંધીની માહિતી કોઈ દુશ્મનનને ઉપયોગી થાય તેમ છે ;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ ૪થી મે, ૧૯૬૩ ના જાહેરનામા ક્રમાંક ૨-૨૦/૬૨/પોલ (૧) સાથે વાંચતા, ભારત સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૩૨ ના ૧૯મા) ની કલમ ૨ ના ખંડ (૮) પેટા-ખંડ (ધ) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી સદરહુ અધિનિયમના હેતુઓ માટે, આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખે અને તે તારીખથી, સદરહુ સ્થળને "પ્રતિબંધિત સ્થળ" તરીકે જાહેર કરે છે અને કે આ જાહેરબાળાની અંગ્રેજી અને ગુજરાતી નકલો સદરહુ સ્થળે ચોંટાડવી.

આ જાહેરનામાનો કોઈપણ મજકૂર નીચેનાને લાગુ પડશે નહિ.

૧. આ રાજ્યના પોલીસદળના સભ્યોને ;

૨. સંઘના નૌકા, લશ્કરી અથવા હવાઈદળના સભ્યોને ;

૩. ઉપર્યુક્ત સ્થળોમાં નોકરીએ રાખેલી વ્યકિતઓને ; અને

૪. પગારદાર મેજિસ્ટ્રેટોને.

અનુસૂચિ

અનુ. ક્રમાંક	સ્થળનું નામ	સ્થળ	સરવે નંબર, વિસ્તાર અને હદો.
૧	૨	૩	૪
૧.	જી. એસ. એફ. સી. સિક્કા ડીએપી પ્લાન્ટ, મોટી ખાવડી. જિ. જામનગર	ગામ મોટીખાવડી, જિ. જામનગર.	ગામ મોટી ખાવડીના સરવે નં. ૫ ગામ નાની ખાવડીના સરવે નંબર ૧૧૬ અને ૧૧૭. હદો : ઉત્તર : સલાયા-મથુરા પાઈપ લાઈન અને ખુલ્લી જમીન. દક્ષિણ : દ્વારકા-જામનગર રાજ્ય ધોરી માર્ગ. પૂર્વ : કાનાલુસ-સિક્કા રેલવે લાઈન અને મોટી ખાવડી ગામ. પશ્ચિમ : ગગ્વા ગામ અને પાણીના નાળાનો રસ્તો.

INDEX

૧	૨	૩	૪
૨.	જી. એસ. એફ. સી. ટેન્ક ફાર્મ/આર. ઓ. પ્લાન્ટ સિક્કા	ગામ સિક્કા, જિ. જામનગર	સરવે નંબર : ૧૭૬/૧ વિસ્તાર : ૨૦ હેકટર, 0A0 ચો. મી. હદો : પૂર્વ : સૌ રાષ્ટ્ર કેમીકલ્સ સોલ્ટ પ્લાન્ટ. પશ્ચિમ : સિક્કા ગામ અને સમાસણ ટીંબડું. ઉત્તર : અરબી સમુદ્ર. દક્ષિણ : સિક્કા ગામની રેલવે લાઈન.
૩.	જેટી લિક્વીડ કાર્ગો બર્થ.	સિક્કા ગામ પાસે, જિ. જામનગર.	સરવે નબર : વિસ્તાર : અરબી સમુદ્રની અંદર ૪ કિ. મી. હદો : પૂર્વ, પશ્ચિમ ઉત્તર દક્ષિણ:—અરબી સમુદ્ર. દક્ષિણ : જી. એસ. એફ. સી નો. ટેન્ક ફાર્મ વિસ્તાર.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

અરવિદ શુકલ,
સરકારના નાયબ સચિવ.
ગૃહ વિભાગ (સ્પેશ્યલ).

GOVERNMENT CENTRAL PRESS- GANDHINAGAR

INDEX

REGISTERED NO. G/GNR/4

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol XXXVII] THURSDAY, SEPTEMBER 19, 1996/BHADRA 28, 1918 [No. 38

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૭૫/ડીવીપી-૨૧૮૯-૧૭૨.—એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ડીસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૭૫/ડીવીપી-૨૧૮૯-૧૭૨-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે, શહેરી વિકાસ અને શહેર ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૭૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૭૪નો ૨૬૦-ડીવીપી-૨૧૬૮-૫૬૪૦-ક્યુ હેઠળ મંજૂર કરેલ, પાલનપુર વિસ્તાર વિકાસ સત્તામંડળ માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફારો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-વી-૧૯૯૫નો ૧૧૭/ડીવીપી-૨૧૮૯-૧૭૨-એલ હેઠળ, તારીખ ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪-બીના પાના નંબર ૧૩૯-૧ અને ૧૩૯-૨ પર પ્રસિધ્ધ કર્યા હતા. અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિધ્ધ કરી હતી.

અને ગુજરાત સરકારને આ સૂચિત ફેરફારના સંબંધમાં કોઈ વાંધા અથવા સૂચનો મળ્યા નથી.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાના સદરહુ ફેરફારો મંજુર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાના ફેરફાર, તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૯૫થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૭૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૭૪નો ૨૬૦/ડીવીપી-૨૧૬૮-૫૬૪૦-ક્યુથી મંજુર કરેલ પાલનપુરની વિકાસ યોજનામાંનો ફેરફાર.

"ખુલ્લી જગા" માટે અનામત રાખેલ અને આ સાથે જોડેલા પ્લાનમાં "A B C D A" તરીકે નિશાની કરેલ મહેસૂલી સરવે નંબર ૧૪૫/પૈકી વાળી જમીનો, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨ (૨) (ક) હેઠળ રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી ડિસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૮૦/ડીવીપી-૧૪૯૧/એમ-૪૧૮-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૧૮મી ડીસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૮૦/ડીવીપી-૧૪૯૧/એમ-૪૧૮/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૬નો ૪૬/ડીવીપી-૧૪૮૧-૩૮૪-(૮૬)-એલ હેઠળ મંજુર કરેલી સુરત શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ૧૦ વી/૧૯૯૫નો ૧૦૧/ડીવીપી-૧૪૯૧-એમ-૪૧૮-એલ હેઠળ તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારના અસાધારણ રાજપત્ર ભા.૭-૪-બીના પાના નં. ૧૧૨-૧ થી ૧૧૨--૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો. અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજુ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને, ગુજરાત સરકારને કોઈ વાંધા અને સૂચનો મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા)ની કલમ-૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર ૧૮ ડિસેમ્બર ૧૯૯૫થી અમલમાં આવશે.

INDEX

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી-૧૯૮૬નો ૪૬/ડીવીપી--૧૪૮૧--૩૮૪--(૮૬)-એલ થી મંજૂર કરેલી સુરત શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર.

સુરત શહેરી વિકાસ વિસ્તારની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "ટ્રાન્સપોર્ટ (જી. એસ. આર. ટી. સી.) ટી/૧૯" માટે અનામત રાખેલી આ સાથે જોડેલા પ્લાનમાં "એ, બી. સી. ડી, ઈ, એફ. જી, એચ. આઈ" નિશાનીથી દર્શાવેલ નવાગામ ગામની કામરેજ તાલુકાની ૨૩૮૪૦ ચો. મી, માપની બ્લોક ૧૦૧/ભાગ, ૧૦૨, ૧૦૩/ભાગ વાળી જમીન, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨ (૨) (ક) હેઠળ ઉપર્યુકત આસાથે જોડેલ પ્લાન ઉપર દર્શાવ્યા પ્રમાણે "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા
સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૮૯/ટીપીએ/૧૪૯૫/૪૫/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૮૯/ટીપીએ/૧૪૯૫/૪૫/એલ.—ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭માં) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૪૧ હેઠળ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને નગરરચના યોજના સુરત નં.-૫, (અઠવા--ઉમરા) પ્રથમ ફેરફાર કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો છે;

અને સદરહુ અધિનિયમની કલમ-૪૨ની પેટા-કલમ (૧) હેઠળ, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને (જેનો આમાં હવે પછી "સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશન કહી છે તેણે) નગરરચના યોજના સુરત નં. ૫ (અઠવા--ઉમરા) પ્રથમ ફેરફારમાં સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં ફેરફાર કરેલો યોજનાનો મુસદ્દો (જેને આમાં હવે પછી, "સદરહુ પ્રથમ ફેરફાર કરેલો યોજનાનો મુસદ્દો" કહ્યો છે તે) ઠરાવેલી રીતે તૈયાર કરીને યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો છે;

અને, પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશને સદરહુ અધિનિયમની કલમ-૪૮ હેઠળ તેમાં જોગવાઈ કરેલી રીતે, મંજૂરી માટે, રાજય સરકારને સદરહુ ફેરફાર કરેલ યોજના રજૂ કરી છે. તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ-૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સૂત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા ફેરફારોને આધીન રહીને, સદરહુ પ્રથમ ફેરફાર કરેલ યોજનાનો મુસદ્દો મંજૂર કરે છે, અને

INDEX

(ખ) જણાવે છે કે, સદરહુ પ્રથમ ફેરફાર કરેલ યોજનાનો મુસદ્દો સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીમાં, તમામ કામકાજના દિવસોરો કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

અનુસૂચિ

(૧) પ્રથમ ફેરફાર કરેલ યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ પ્રથમ ફેરફાર કરેલ યોજના માટે મૂળ પ્લોટ તરીકે મંજૂર કરેલ મુખ્ય યોજનાના અનુક્રમે આખરી પ્લોટ નંબરોને ધ્યાનમાં લઈને, મૂળ પ્લોટ યોજના તૈયાર કરવી જોઈશે.

(૨) પ્રથમ ફેરફાર કરેલ યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, ઉપર ફેરફાર નં. ૧માં જણાવ્યા પ્રમાણે, મૂળ પ્લોટ પ્લાન તૈયાર કર્યા પછી પ્લાન નં. ૩ એટલે કે મૂળ અને છેવટનો પ્લોટ પ્લાન અને પ્લાન નં. ૪ એટલે કે છેવટનો પ્લોટ પ્લાન તૈયાર કરવો જોઈશે.

(૩) સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને, સુરતે છેવટના પ્લોટ નં. ૫૬૯/એ, ૫૬૪ અને ૫૭૩/ડી ના વિસ્તાર અનુસાર, સુધારેલ "છ" અને "જ" નમૂનો તૈયાર કરવો જોઈશે અને નગરરચના અધિકારીને પૂરો પાડવો જોઈશે.

(૪) મુખ્ય નગરરચના યોજના, સુરત નં. ૫ના વિકાસ નિયંત્રણ વિનિયમો, પ્રથમ ફેરફાર કરેલ યોજનાને લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમનો નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તા. ૨જી જાન્યુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી શુદ્ધિપત્ર ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૪/ટીપીએસ/૧૩૯૪/૯૯૪/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Corrigendum

Re

GOVERNMENT NOTIFICATION, URBAN DEVELOPMENT AND URBAN HOUSING DEPARTMENT No. GH/V/186 OF 1995/TPS-1394-894-L DATED THE 21ST DECEMBER, 1995.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનું તારીખ ૨૧મી ડીસેમ્બર, ૧૯૯૫નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો-૧૮૬/ટીપીએસ/૧૩૯૪/૯૯૪/એલ સંબંધી શુધ્ધિપત્ર.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૨જી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૪/ટીપીએસ/૧૩૯૪/૯૯૪/એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૮૬/ટીપીએસ/૧૩૯૪/૯૯૪/એલમાં, અનુસૂચિમાં, ફેરફાર નં. ૩ની શરૂઆતમાં નીચેના વાકયો ઉમેરવા :—

"રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની મંજૂર કરેલી વિકાસ યોજનાના, વિકાસ નિયંત્રણ વિનિયમો, સદરહુ આખરી યોજનાને લાગુ પડશે."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. ડી. પટેલ,
સેકશન અધિકારી

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી ડિસેમ્બર, ૧૯૯૫ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૫નો ૧૭૮/ડીવીપી--૩૧૯૨/૨૩૭૩/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિદ્ધ કર્યો છે.

આઇ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી ડીસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫ નો ૧૭૮/ડીવીપી/૩૧૯૨/૨૩૭૩/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૭મી જૂન, ૧૯૮૮ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૮ નો ૧૩૧/ડીવીપી--૩૧૮૬/૨૦૬૭--(૮૮)--એલ હેઠળ મંજૂર કરેલ, ભરૂચ નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ સુધારેલી વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું ;

અને સદરહુ સુધારેલી વિકાસ યોજના કરવામાં ધારેલો ફેરફાર ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ "તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ ની પેટા--કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિમાણ વિભાગના તારીખ ૩જી મે, ૧૯૯૪ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪ નો ૨૭૪/ડીવીપી/૩૧૯૨/૨૩૭૩/એલ હેઠળ, તારીખ ૩જી મે, ૧૯૯૪ ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ, ભાગ--૪બી ના પાના નંબર ૭૧--૧ થી ૭૫--૨ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહુ ફેરફાર પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય ગાંધીનગરને લેખિત રજૂ કરવ ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિદ્ધ કરી હતી

અને, ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે ;

જેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા.) ની કલમ ૧૯ થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ સુધારેલી વિકાસ યોજનામાં કરવાના સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને.

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાના ફેરફાર, તારીખ ૧૮મી ડિસેમ્બર, ૧૯૯૫ થી અમલમાં આવશે.

INDEX

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૭મી જુન, ૧૯૮૮ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૮નો ૧૩૧/ડીવીપી/૩૧૮૬/૨૬૦૭/(૮૮)/-એલ. થી મંજૂર કરેલ ભરૂચની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર.

ભરૂચની મંજુર થયેલી સુધારેલી વિકાસ યોજનામાં, "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલી, આ સાથે જોડેલ પ્લાનમાં 'ABCD" નિશાની કર્યા પ્રમાણે વેજલપુર પટ્ટીની મહેસુલી સરવે નં.-૪૩/પૈકી, ૪૫/પૈકી, ૪૬/પૈકી, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧/પૈકી, ૫૪/પૈકી, ૫૫/પૈકી વાળી જમીન, સદરહું ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, નગરરચના ગુજરાત અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ (૧૨)(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચટી-૯૬-૨) એમએનઆર-૧૦૯૪-જીઓઆઈ-૪૪ -(કલમ-૧૯) ઈ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

Notification

under

CABLE TELEVISION NET WORKS (REGULATION) ACT, 1995.

કેબલ ટેલિવીઝન નેટવર્ક (નિયમન) અધિનિયમ, ૧૯૯૫ હેઠળ જાહેરનામું

માહિતી અને પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૧લી જાન્યુઆરી, ૧૯૯૬.

કેબલ ટેલિવીઝન નેટવર્ક (નિયમન) અધિનિયમ, ૧૯૯૫.

ક્રમાંક : (જીએચટી-૯૬-૨) એમએનઆર-૧૦૯૪-જીઓઆઈ-૪૪-(કલમ-૧૯)-ઈ.—કેબલ ટેલિવીઝન નેટવર્ક (નિયમન) અધિનિયમ, ૧૯૯૫ (સન ૧૯૯૫ના ૭મા)ની કલમ ૧૯નીજોગવાઈઓ અનુસાર ગુજરાત સરકાર આથી, સદરહુ કલમના હેતુઓ માટે નીચેના અધિકારીઓને અધિકૃત કરે છે;

(૧) મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૭ હેઠળ નિમાયેલ પોલીસ કમિશ્નરને પોતપોતાની હકુમત હેઠળના વિસ્તારો માટે; અને

(૨) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૦ હેઠળ નિમાયેલ જિલ્લા મેજિસ્ટ્રેટોને પોતપોતાના જિલ્લાના વિસ્તારો માટે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

બી. બી. સ્વેન
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી ડિસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૯૯/ડીવીપી/૨૮૯૪/૧૩૨૮/એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬, હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ડિસેમ્બર, ૧૯૯૫,

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૯૯/ડીવીપી/૨૮૯૪/૧૩૨૮/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૨નો ૨૪૩/ડીવીપી-૨૮૯૧-૧૮૮૩/(૯૨) એલ હેઠળ મંજૂર કરેલ, લીંબડીનગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ સુધારેલી વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે) તેમાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું અને સદરહુ સુધારેલી વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭)નો (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ", તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૩જી ઓગષ્ટ ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૫નો ૧૦૪/ડીવીપી/૨૮૯૪-૧૩૨૮-એલ હેઠળ તારીખ ૩જી ઓગષ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪બીના પાના નંબર ૧૨૩/૧-૨ ઉપર પ્રસિધ્ધ કર્યા હતા અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદ્દતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને, ગુજરાત સરકારને કોઈ સૂચનો અને વાંધા મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મો)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર આથી—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ સુધારેલી વિકાસ યોજનામાં કરવાના સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાના ફેરફાર, તારીખ ૨૯મી ડિસેમ્બર, ૧૯૯૫થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૨ના સરકારી જાહેરનામાં ક્રમાંક: જીએચ/વી/૧૯૯૨નો ૨૪૩/ડીવીપી -૨૮૯૧-૧૮૮૩ (૯૨) એલથી મંજૂર કરેલ લીંબડી નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર

લીંબડીની મંજૂર કરેલ સુધારેલી વિકાસ યોજનામાં, "મનોરંજનના ઉપયોગ" માટે મુકરર કરેલ, આ સાથે જોડેલા પ્લાનમાં ૪૭૪૦-૪૫ ચો. મીટરના માપની "A–B–C–D–A" તરીકે નિશાની કરેલી, લીંબડીની સીટીસર્વે નં. ૩૨૪૪ પૈકી વાળી જમીન સદરહુ મુકરર કરેલ જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ઇ) હેઠળ "પ્રાથમિક શાળા" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૭મી ડીસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૯૬/ટીપીએસ/૧૧૯૨/૧૪૮૭/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર,

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ડિસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૯૬/ટીપીએસ/૧૧૯૨/૧૪૮૭/એલ :—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૬-૩-૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૭૨/ટીપીએસ-૧૧૮૬ ૭૨૦ (૮૭)-એલ. હેઠળ ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૪૮ ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ એ પોતાને સાદર કરેલી નગરરચના યોજના, અમદાવાદ નંબર ૭ (ખોખરા—મહેમદાવાદ) (તૃતીય ફેરફાર કરેલ) નો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુ તૃતીય ફેરફાર કરેલ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો;

અને સદરહુ અધિનિયમની કલમ-૫૦ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ તૃતીય ફેરફાર કરેલ યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણૂંક કરી હતી ;

અને, નીમેલા નગરરચના અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૫૨ ની પેટા-કલમ (૨) અને કલમ-૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે નગરરચના યોજના અમદાવાદ નંબર૭ (ખોખરા—મહેમદાવાદ) (તૃતીય ફેરફાર કરેલ) પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ તૃતીય ફેરફાર કરેલ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરેલ છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ-૬૫ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા સુધારાને અધીન રહીને, "સદરહુ તૃતીય ફેરફાર કરેલ પ્રારંભિક યોજના" મંજૂર કરે છે.

(ખ) જણાવે છે કે, સદરહુ યોજના અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદની કચેરીમાં રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ લોકોને જોવા માટે ખુલ્લી રહેશે; અને

(ગ) સદરહુ કલમ-૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ) ના હેતુ માટેની તારીખ તરીકે તારીખ : ૨૯-૧-૧૯૯૬ નક્કી કરે છે.

INDEX

અનુસૂચિ

૧. "વિકાસ નિયંત્રણ વિનિયમો" ને, પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાંથી બાકાત કર્યા હોય તેમ ગણવું.

૨. પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી પત્રકમાં યોજનાના નકશા નં. ૩ અને ૪ અને પાના નં. ૫૫ ઉપર, "ગંદા વસવાટ ઉન્નતિ માટે અનામત" એ શબ્દોને બદલે, "ગંદા વસવાટ ઉન્નતિ માટે" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુક્ત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચટી-૯૬.૩-એમકેએમ-૧૦૯૫-સીએમઆર-૨૪-ઈ૧ ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ જાણ સારુ પ્રસિધ્ધ કર્યા છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT ENTERTAINMENT TAX ACT, 1977.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ જાહેરનામું.

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧લી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક : જીએચટી-૯૬.૩-એમકેએમ-૧૦૯૫-સીએમઆર-૨૪-ઈ:—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે;

તેથી, હવે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૨૯ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મેજર અશોક કોલે, ઈશાન ફિલ્મ, મુંબઈ-એ નિર્માણ કરેલી હિન્દી ફિલ્મ "પરમવીર ચક્ર" પ્રદર્શિત કરવાને, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી શરતોને અધીન રહીને, સદરહુ અધિનિયમની કલમ-૩ હેઠળ લેવાપાત્ર કરના ૭૦ ટકા જેટલો મનોરંજન કર ભરવામાંથી મુકિત આપે છે.

અનુસૂચિ

(૧) કરની રકમ બાદ કર્યા પછી મનોરંજનમાં વિદ્યમાન પ્રવેશ દરો વધારવા નહિ અને વિદ્યમાન પ્રવેશ દરો લેવાપાત્ર કરના ૭૦ ટકા જેટલા ઘટાડવા અને ૩૦ ટકા કર વસૂલ કરવો અને તે સરકારને ભરવો.

(૨) કર ભરવામાંથી આપેલી મુકિતનો લાભ, દરેક પ્રિન્ટ દીઠ છ અઠવાડિયાની મુદત સુધી રહેશે અને ગુજરાત રાજ્યમાં પ્રદર્શિત કરવાની નવ પ્રિન્ટો પૂરતી મર્યાદિત રહેશે. જેમાંથી કોઈથી વધુ ન હોય તેટલા અઠવાડિયા સુધી, ફિલ્મ ૧૯૯૧ની વસતી ગણતરી મુજબ જેની વસતી ૫૦,૦૦૦ થી વધુ ન હોય તેવા સ્થાનિક વિસ્તારની હદની અંદર પ્રદર્શિત કરવી.

INDEX

(૩) કર ભરવામાંથી આપેલ મુકિતનો લાભ, આ જાહેરનામું બહાર પાડયાની તારીખથી ચોક વર્ષની મુદતની અંદર મળી શકશે.

(૪) મુકિતની શરતો પૈકીની કોઈ શરતો અથવા અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનો ભંગ થાય તે પ્રસંગે, ઠરાવેલા અધિકારી, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ની કલમ ૩૦ હેઠળ પગલું લે, તો તે કાયદેસર ગણાશે.

ગુજરાતના રાજ્યપાલકીના હુકમથી અને તેમના નામે,

બી. બી. સ્વેઈન,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૭મી ડિસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચએમ-૯૫-૯૦-એમ-એસટીપી-૧૦૮૯-૩૬૨૫-એચ-૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ

Order

under

THE BOMBAY STAMP ACT, 1958.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ હુકમ.

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૨૭મી ડીસેમ્બર, ૧૯૯૫.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચએમ-૯૫-૯૦-એમ-એસટીપી-૧૦૮૯-૩૬૨૫-એચ. ૧, :—મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા)નો કલમ ૯ના ખંડ (ક)થી મળેલી સત્તાનો રૂએ, ગુજરાત સરકાર, આથી, પ્રાદેશિક ગ્રામીણ બેંકોને બાકાત રાખીને, તમામ ભારતીય શિડયુલ્ડ વાણિજ્યિક બેંકો પૈકી કોઈ બેન્કની તરફેણમાં, તે બેંકોએ મંજૂર કરેલી લોનની પરત ચૂકવણી સુરક્ષિત કરવા માટે, ઉદ્યોગ અને ખાણ વિભાગના, તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૪ના સરકારી ઠરાવ ક્રમાંક : એસઈઈ-૧૨૯૩-૨૯૬૦-કેએચ હેઠળ અમલમાં આવેલી વડાપ્રધાનની રોજગાર યોજનાના હિતાધિકારોથી બજાવાયેલ સાનગીરી કરારના ખતો ઉપરની લેવાપાત્ર સ્ટેમ્પ ડયુટી માફ કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. જી. ભટ્ટ
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૯૩/ટીપીએસ/૧૨૯૪/૧૩૧૦/એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કરીએ છીએ.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૯૩/ટીપીએસ/૧૨૯૪/૧૩૧૦/એલ:—ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેના આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૪૧ હેઠળ, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળે, નગરરચના યોજના હરણી ક્રમાંક ૨ કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો;

અને, નગરરચના યોજના, હરણી ક્રમાંક ૨માં સમાવેશ કરેલા વિસ્તારના સંબંધમાં, સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા-કલમ (૧) હેઠળ, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (જેના આમાં હવે પછી, "સદરહુ સત્તામંડળ" કહ્યું છે તેણે) યોજનાનો મુસદ્દો (જેને આમાં હવે પછી "સદરહુ યોજના" કહી છે તે) ઠરાવેલી રીતે તૈયાર કરીને યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો;

અને પોતાને મળેલ વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ સત્તામંડળે સદરહુ અધિનિયમની કલમ ૪૮માં જોગવાઈ કરેલી રીતે તે હેઠળ મંજુરી માટે, રાજ્ય સરકારને સદરહુ યોજના રજૂ કરેલી;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ-૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રુએ; ગુજરાત સરકાર આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા ફેરફારોને આધીન રહીને, સદરહુ યોજના મંજૂર કરે છે. અને

(ખ) જણાવે છે કે સદરહુ યોજના વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળની કચેરીમાં તમામ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન, લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

અનુસૂચિ

(૧) યોજનાના મુસદ્દાને આખરી સ્વરુપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, છેવટના પ્લોટોને મૂળ પ્લોટો નં. ૧/૧, ૨/૧, ૧૪/૧, ૧૭/૧, ૧૬/૧, ૩૮/૧, ૩૯/૧, ૪૦/૧, ૪૧/૧, ૪૨/૧, ૪૩/૧, ૪૪/૧, ૪૫, ૪૬/૧, ૫૪/૧, ૫૫/૧, ૫૭/૧, ૫૮/૧, ૫૯/૧, ૭૯/૧, ૮૨/૧, ૮૩/૧ને એવી રીતે ફાળવવાનો નિર્ણય કરવો જોઈશે કે છેવટના પ્લોટોની હદ અને વિસ્તાર, નર્મદા કેનાલ એક્વીઝીશન હેઠળ જે ઉપરના સદરહુ મૂળ પ્લોટોના હદ અને વિસ્તાર હોય તેવા જ રહે.

(૨) યોજનાના મુસદ્દાના દસ્તાવેજોમાં, પુનઃ વહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં, પાના નં. ૨૨મા, કોલમ નં. ૨માં, "સમુચિત સત્તામંડળ-વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં" એ શબ્દો દાખલ કરવા, ઉપરાંત "વડોદરા શહેરી વિકાસ ખાતાના જાહેર હેતુઓ માટે અનામત" એ શબ્દોને બદલે "જાહેર હેતુ માટે સમુચિત સત્તામંડળને ફાળવણી" એ શબ્દો મૂકવા.

INDEX

(૩) યોજનાના મુસદ્દાને આખરી સ્વરુપ આપતી વખતે નગરરચના અધિકારીએ, શહેરી જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૭૬ હેઠળ ફાજલ જાહેર કરાયેલ મૂળ પ્લોટ નં. ૩૯/૧-૨, ૪૩/૧-૨, ૪૭, ૭૧, ૮૭ અને બીજા એવા ફાજલ પ્લોટો તરીકે જાહેર થયેલા હોય તેવા પ્લોટોને બદલે યોગ્ય છેવટના પ્લોટ અલગ ફાળવવા માટેના નિર્ણય લેવો જોઈશે. આમ કરતી વખતે, તેણે યોજનાના પુનઃ વહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં યોગ્ય ફેરફારો કરવા જોઈશે.

(૪) નગરરચના યોજનના મુસદ્દાને આખરી સ્વરુપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, છેવટના પ્લોટ નં. ૯૦, ૯૭, ૧૦૦ અને ૧૦૩ માટે જાહેર હેતુ તરીકે "વાણિજ્યિક હેતુઓ અંગે વેચાણ માટે" ને બદલે "વુડાના વાણિજ્યિક હેતુ" નક્કી કરવો જોઈશે.

(૫) નગરરચના યોજના'ના મુસદ્દાને આખરી સ્વરુપ આપતી વખતે, નગરરચના અધિકારીએ છેવટના પ્લોટ નં. ૯૫, ૯૬, ૯૮ માટે જાહેર હેતુ તરીકે "રહેણાંકના હેતુના વેચાણ માટે"ને બદલે "વુડા માટે રહેણાંક" અને "રહેણાંક માટે વેચાણ પાત્ર" નક્કી કરવો જોઈશે.

(૬) નગરરચનાં યોજનાના મુસદ્દાને આખરી સ્વરુપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, સમુચિત સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને છેવટના પ્લોટ નં. ૯૧, ૯૨, ૧૦૧ અને ૧૦૪ માટે વિશિષ્ટ જાહેર હેતુઓ નક્કી કરવા જોઈશે.

(૭) યોજનાનાં પુનઃ વહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં છેવટના પ્લોટ નં. ૯૬ અને ૧૦૨ના હેતુ તરીકે "ઈ. ડબ્લ્યુ. એસ." દર્શાવેલ છે તેને બદલે "સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગના લોકો માટે ગૃહનિર્માણ"એ મજકૂર મૂકવા.

(૮) યોજનાના મુસદ્દાને આખરી સ્વરુપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગોના લોકોના ગૃહનિર્માણ અંગે ફાળવણી [illegible] જોઈશે. યોજના [illegible] માટે સમુચિત સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને નિર્ણય લેવો જોઈશે. નગરરચના અધિકારીએ, યોજના નિષ્પાદન [illegible] હેતુઓ માટે ફાળવેલ કે ફાળવવા પ્લોટોના વિસ્તારમાં યોગ્ય ફેરફાર કરીને તથા યોજના વિસ્તારમાં સમાવેશ કરવામાં આવેલા વિસ્તારો બાબત ફેરફાર કરવો જોઈશે.

(૯) યોજનાના મુસદ્દાને આખરી સ્વરુપ આપતી વખતે, નગરરચના અધિકારીએ સમુચિત સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને, જાહેર હેતુઓ માટે ફાળવવામાં આવેલા વિસ્તારો (પ્લોટો) અથવા સમુચિત સત્તામંડળના હેતુઓ યોજનાના વિસ્તારની અંદરના માલિકો અથવા રહેવાસીઓ માટે પૂર્ણતઃ અથવા અંશતઃ રીતે લાભદાયી છે કે કેમ તે નક્કી કરવું જોઈશે.

(૧૦) યોજનાના મુસદ્દાને આખરી સ્વરુપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, યોજનાનો મુસદ્દા હેઠળ કરવા ધારેલ વિકાસ કામો પૂરા કરવાની સમયમર્યાદા નક્કી કરવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના આસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR

INDEX

REGISTERED NO. G/GNR/

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, SEPTEMBER 26, 1996/ASVINA 4, 1918 [No. 39

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોની વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ, ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૫ ના ગુજરાત સરકારના વૈદ્યાનિક અને સંસદીય બાબતોના વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/ગોલ્ડનજ્યુબીલી/૪/૯૯/૯૫/કો/૨૯૬/ નો, ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE SPEAKER AND THE DEPUTY SPEAKER TRAVELLING AND DAILY ALLOWANCES RULES, 1960.

અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ મુસાફરી અને દૈનિક ભથ્થાં નિયમો, ૧૯૬૦
સુધારવા સંબંધી જાહેરનામું.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત વિધાનસભાના (અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ) પગાર તથા ભથ્થા અધિનિયમ, ૧૯૬૦.

ક્રમાંક : જીએચ/એલએન્ડપીએ-૪/૭૯/૯૫/બે/૨૯૬.—ગુજરાત વિધાનસભાના (અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ) પગાર અને ભથ્થાં અધિનિયમ, ૧૯૬૦ (સને ૧૯૬૦ ના ગુજરાતના ૩ જા) ની કલમ ૧૩ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ મુસાફરી અને દૈનિક ભથ્થાં નિયમો, ૧૯૬૦ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:—

૧. (૧) આ નિયમો 'અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ મુસાફરી અને દૈનિક ભથ્થાં (સુધારા) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

(૨) નિયમ ૨ ના ખંડ (ગ), નિયમ ૩ ના ખંડ (ક) અને નિયમ ૪ ના ખંડો (ખ) અને (ગ) સન ૧૯૯૦ ના ડિસેમ્બર મહિનાની ૨૪મી તારીખે અમલમાં આવ્યા છે એમ ગણાશે અને આ નિયમોની બાકીની જોગવાઈઓ સન ૧૯૯૨ ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે અમલમાં આવી છે એમ ગણાશે.

૨. અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ મુસાફરી અને દૈનિક ભથ્થા નિયમો, ૧૯૬૦ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩ માં,—

(ક) પેટા-નિયમ (૩) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

"(૩) અધ્યક્ષ, પેટા-નિયમ (૨) અનુસાર, પોતે આરક્ષિત રાખે તે ડબ્બા માટે, કોઈપણ સરચાર્જ હોય તો તે સહિત ખરેખર ભાડા માટે હકદાર રહેશે.";

(ખ) પેટા-નિયમ (૪)માં—

(૧) ખંડ (૧) માં, "પ્રથમ વર્ગનો ડબ્બો" એ શબ્દો પછી, "ચાર બર્થ (સૂવાની જગ્યા) ધરાવતો" એ શબ્દો દાખલ કરવા.

(૨) ખંડ (૨) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

"(૨) તે, ખંડ (૧) અનુસાર આરક્ષિત રાખે તે ડબ્બા માટે, કોઈપણ સરચાર્જ હોય તો તે સહિત, ખરેખર ભાડા માટે હકદાર થશે.";

(ગ) પેટા-નિયમ (૭) માં, પ્રથમ અને દ્વિતીય પરંતુકમાં, "અધ્યક્ષ" એ શબ્દ પછી, "અથવા યથાપ્રસંગ, ઉપાધ્યક્ષ" એ શબ્દો દાખલ કરવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪માં,—

(ક) પેટા-નિયમ (૨) માં, ખંડ (ખ) માં, "અધ્યક્ષ" એ શબ્દ પછી, "અથવા યથાપ્રસંગ, ઉપાધ્યક્ષ" એ શબ્દો દાખલ કરવા;

(ખ) પેટા-નિયમ (૩) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

" (૩) હોટેલ અથવા લોજ સિવાયના સ્થળોએ રોકાણ માટે દૈનિક ભથ્થાનો દર નીચે પ્રમાણે રહેશે:—

રોકાણનું સ્થળ ૧.	દૈનિક ભથ્થાનો દર. ૨.
ક—વર્ગ શહેરો અમદાવાદ, બેંગલોર, કલકત્તા, દિલ્હી, બૃહદ મુંબઈ, હૈદરાબાદ, કાનપુર, મદ્રાસ અને પુના.	રૂ. ૧૦૬
ખ—૧ વર્ગ શહેરો. કોઈમ્બતુર, ઈન્દોર, જયપુર, લખનૌ, મદુરાઈ, નાગપુર, પટણા અને સુરત.	રૂ. ૮૫
ક અને ખ—૧ વર્ગ શહેરો સિવાયના તમામ સ્થળો.	રૂ. ૭૮";

(ગ) પેટા-નિયમ (૪) માં, ખંડ (ક) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

"(ક) હોટેલમાં અથવા લોજમાં જમવા તથા રહેવા માટે પ્રબંધ કરતી એવી અન્ય સંસ્થામાં રોકાણ માટે, નીચેના કોષ્ટકના કોલમ-૧ માં જણાવેલ શહેરો માટે તેની સામે તેના કોલમ ૨ માં જણાવેલ દરોએ દૈનિક ભથ્થું મળવા પાત્ર થશે.

કોષ્ટક

શહેરનું નામ	દૈનિક ભથ્થાનો દર
૧	૨
(ક) ક—વર્ગ શહેરો	દિવસ દીઠ રૂા. ૨૬૫/-
(ખ) ખ—૧ વર્ગ શહેરો	દિવસ દીઠ રૂા. ૨૨૫/-
(ગ) ક— અને ખ-૧ વર્ગ શહેરો સિવાયના સ્થળો	દિવસ દીઠ રૂા. ૨૦૫/-""

૪. સદરહું નિયમોમાં, નિયમ ૫ માં,—

(ક)નીચેનો મજકૂર, તે નિયમોના શીર્ષક તરીકે દાખલ કરવો:— "નિયંત્રક સત્તાધિકારી";

(ખ) પેટા-નિયમ (૨) માં, જે બે જગાએ "અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ" શબ્દો આવે છે તેને બદલે, "અધ્યક્ષ અથવા યથાપ્રસંગ, ઉપાધ્યક્ષ" એ શબ્દો મૂકવા.

(ગ) પેટા-નિયમ (૩) માં, "અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ" એ શબ્દોને બદલે, "અધ્યક્ષ અથવા યથાપ્રસંગ, ઉપાધ્યક્ષ" એ શબ્દો મુકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. એસ. દવે,
સરકારના નાયબ સચિવ.

આ નિયમો તારીખ ૨૩મી માર્ચ, ૧૯૯૨ ના ગુજરાત સરકારના રાજ્યપત્ર, અસાધારણ, ભાગ-૪-બી ના પાના-૫૭-૧ થી ૫૭-૨ ઉપર પ્રસિધ્ધ થયેલા કાયદા વિભાગના તારીખ ૧૩મી માર્ચ, ૧૯૯૨ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચકે/એલડી/૧૧/૬૩/૪૨/૯૨/પી-થી, છેલ્લે સુધાર્યા હતા.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૯૫ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૯૫ નો ૧૭૩/ટીપીએસ/૧૫૯૫/૨૭૨/એલ નો, ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૪મી ડીસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫ નો ૧૭૩/ટીપીએસ/૧૫૯૫/૨૭૨/એલ.—ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૪૧ હેઠળ, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ અમદાવાદે નગરરચના યોજના, વસ્ત્રાપુર નં. ૧ (પ્રથમ સુધારેલ) કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો;

અને સદરહુ અધિનિયમની કલમ–૪૨ ની પેટા–કલમ (૧) હેઠળ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ, અમદાવાદે (જેનો આમાં હવે પછી, "સદરહુ સત્તામંડળ" કહ્યું છે તેણે) નગરરચના યોજના, વસ્ત્રાપુર નં–૧, (પ્રથમ સુધારેલ) માં સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં યોજનાનો મુસદ્દો (જેને આમાં હવે પછી, "સદરહુ પ્રથમ સુધારેલ યોજના" કહી છે તે) ઠરાવેલી રીતે તૈયાર કરીને, યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો ;

અને, પોતાને મળેલાં વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ સત્તામંડળે સદરહુ અધિનિયમની કલમ ૪૮ માં જોગવાઈ કરેલી રીતે, તે હેઠળ મંજુરી માટે, રાજ્ય સરકારને, સદરહુ પ્રથમ સુધારેલ યોજના રજૂ કરેલી ;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ ની પેટા–કલમ (૨) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફારોને આધીન રહીને, સદરહુ યોજના મંજૂર કરે છે, અને

(ખ) જણાવે છે કે, સદરહુ યોજના, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ અમદાવાદની કચેરીમાં, તમામ કામકાજના દિવસોએ, કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

અનુસૂચિ

(૧) સુધારેલ મુસદ્દા યોજનાને આખરી સ્વરૂપ આપતી વખતે નગરરચના અધિકારીએ, યોજના અને તેની આસપાસના વિસ્તારમાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન થયેલા તમામ વેચાણના દાખલા એકઠા કરવા જોઈશે અને મૂલ્યાંકન નક્કી કરતા પહેલા તેને ધ્યાનમાં લેવા જોઈશે.

(૨) ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં ફાઈનલ પ્લોટની સંયુકત માલિકોને ફાળવણીના કિસ્સામાં નગરરચના અધિકારીએ, "માલિકો મૂળ પ્લોટોમાં તેમના હિસ્સાના પ્રમાણમાં વળતર મેળવશે અને ફાળો ચૂકવશે" એ નોંધનો તેમાં સમાવેશ કરવો જોઈશે.

(૩) ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં કોલમ નં–૩ (ક) માં દર્શાવેલ મહેસૂલી સર્વે નંબર અંગેની વિગતો કમી કરવી.

(૪) સુધારેલ યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે નગરરચના અધિકારીએ, રસ્તા અને શેરીની દીવાબત્તીના સૂચિત વિકાસ કાર્યના ખર્ચમાં ઉચક અંદાજને બદલે ખરેખરો અંદાજ કરવો જોઈશે.

(૫) સુધારેલ યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે નગરરચના અધિકારીએ, સુધારેલ યોજનાના મુસદ્દા હેઠળ સૂચિત વિકાસ કાર્ય પૂરા કરવા માટે પ્રારંભિક યોજના અમલમાં આવે તે તારીખથી એક વર્ષની સમય મર્યાદા નક્કી કરવી જોઈશે.

(૬) (ક) સુધારેલ યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે નગરરચના અધિકારીએ ઉપર જણાવેલ સુધારા ક્રમાંક (૪) ના પરિણામે થતા અન્ય ખર્ચ કલમ ૪૦ (૩) (ખ) (ગ) (ઘ) (ચ) (જ) હેઠળ નમૂના ક્રમાંક "(જી)" માં અનુક્રમાંક ૧ પર ખર્ચ તરીકે રૂા. ૩.૦૦ લાખની રકમ મૂકવી જોઈશે.

(ખ) સુધારેલ યોજના મુસદ્દાનામા નમૂનામાં ક્રમાંક "(જી)" માં અનુક્રમાંક ૨ પર, "રૂા. શૂન્ય" અને અનુક્રમાંક ૮ પર "રૂા. ૧,૫૬,૭૦૦/-" ને બદલે અનુક્રમે "રૂા. (--) ૧,૫૬,૭૦૦/- " અને "શૂન્ય" એ રકમો મૂકવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
અને સંયુકત સચિવ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૦મી ડિસેમ્બર, ૧૯૯૫ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીઓચ/વી/૧૯૯૫ નો ૧૮૩/ડીવીપી--૨૩૯૪--૧૦૩૩--૯૪/એલ નો, ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૦મી ડીસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીઓચ/વી/૧૯૯૫નો ૧૮૩/ડીવીપી--૨૩૯૪/૧૦૩૩/૯૪/એલ.--ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૦ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીઓચ/વી/૧૯૯૦નો ૬ અને૭/ડીવીપી ૨૩૮૭--૧૪૩ અને ૧૪૩ (૧) /એલ, હેઠળ મંજૂર કરેલ, ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ માટેની છેવટની વિકાસ યોજના (જેમાં આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું, અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફારો, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૫ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીઓચ/વી/૧૯૯૫નો ૯/ડીવીપી/૨૩૯૪--૪૧૬૬/એલ હેઠળ, તારીખ ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૫ ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ--૪--બી ના પાના નંબર ૫--૪ અને ૫--૫ ઉપર પ્રસિધ્ધ કર્યા હતા અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિધ્ધ કરી હતી ;

અને, ગુજરાત સરકારને, કોઈ સૂચનો અને વાંધા મળ્યા નથી;

અને, સરકારે ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ સાથે વિચાર-વિનિમય કર્યો છે ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા)ની કલમ ૧૯ થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં બતાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાના સદરહુ ફેરફાર મંજૂર કરે છે ; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાના ફેરફાર, તારીખ ૨૦મી ડિસેમ્બર, ૧૯૯૫ થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૦--૧--૧૯૯૫ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીઓચ/વી/૧૯૯૫નો ૯/ડીવીપી/૨૩૯૪--૪૧૬૬/(૯૪)--એલ, થી મંજૂર કરેલ ભાવનગર વિસ્તાર વિકાસ સત્તા મંડળના વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો આખરી ફેરફાર.

(૧) ભાંડાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં આકવાડા ગામના મહેસૂલી સરવે નં. ૧૦૫/૨, ૧૦૫/૩, ૧૦૫/૪, ૧૦૫/૫, ૧૦૩, ૬૨, ૯૦, ૭, ૫ અને ૩ માંથી પસાર થતો, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણેનો સુચિત ૩૦.૦ મીટર પહોળો રસ્તો કમી કરવો અને એ રીતે મુકત કરેલ જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૫૨ (૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

INDEX

(૨) અકવાડા ગામના મહેસૂલી સરવે નં. ૧૦૫/૧, ૧૦૫/૨, ૧૦૫/૩, ૧૦૫/૪, ૧૦૪, ૧૦૩, ૯૨, ૯૦, ૭, ૫ અને ૩ માંથી પસાર થતો, આ સાથે જોડેલા પ્લાનમાં ABGHA અને CDEF તરીકે દર્શાવેલ વિદ્યમાન ૨૪.૦ મીટર પહોળો રસ્તો બંને બાજુએ એવી એક સરખી રીતે પહોળો કરવો જોઈશે કે જેથી રસ્તાની પહોળાઈ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (ઘ) હેઠળ ૩૦.૦ મીટર રહે.

(૩) બાડાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "કૃષિવિષયક ઝોન" માટે મુકરર કરેલ, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણેની અકવાડા, ગામની મહેસુલી સરવે નં. ૩/પૈકી, ૪/પૈકી, ૫/પૈકી, ૭/પૈકી, ૯૦/પૈકી, અને ૧૬/૧ પૈકીવાળી જમીન સદરહુ મુકરર કરેલ જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી ડિસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી/૧૮૧/૯૫/જીએચઈ/૧૦૯૫/૬૧૧/ક નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT HOUSING BOARD RULES, 1977.

ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ નિયમો, ૧૯૭૭ સુધારવા સંબંધી જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૧૯મી ડિસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૬૧.

ક્રમાંક : કેવી/૧૮૧/૯૫/જીએચઈ/૧૦૯૫/૬૧૧/ઠ.—ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૧ના ગુજરાતના ૨૮મા)ની કલમ ૨૩ની પેટા કલમ (૧) સાથે વાંચતા, કલમ ૭૩ની પેટા-કલમ (૧) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ કલમ-૭૩ની પેટા કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે સદરહુ મુસદ્દો, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી ગુજરાત સરકાર વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થયે અથવા તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યકિત તરફથી ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, બ્લોક નં. ૧૪, નવમો માળ, સચિવાલય, ગાંધીનગરને જે કાંઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

INDEX

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : કેવી/૧૮૧/૯૫-જીએચઈ-૧૦૯૫-૬૧૧-ઠ.—ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૧ ના ગુજરાતના ૨૮મા) ની કલમ ૨૩ ની પેટા-કલમ (૧) સાથે વાંચતા તેની કલમ ૭૩ પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ નિયમો, ૧૯૭૭ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ (સુધારા) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ નિયમો, ૧૯૭૭ માં, નિયમ ૭માં, પેટા-નિયમો (૧) (૨) અને (૩) ને બદલે નીચેનો મજકૂર મૂકવો:—

"(૧) જેમાં બે લાખ પચાસ હજાર રુપિયાથી વધુ ખર્ચનો સમાવેશ થતો હોય તેવા કોઈપણ કાર્ય અથવા સાધન સામગ્રી અથવા માલસામાનના પુરવઠાની બજવણી માટેનો દરેક કરાર લેખિતમાં હોવો જોઈશે અને તે શીલ કરેલો હોવો જોઈશે.

(૨) બોર્ડનો સામાન્ય સિક્કો અધિક્ષક, ઈજનેર (આયોજન અને આલેખન) ની કસ્ટડીમાં રહેશે અને સંબંધિત ક્ષેત્ર અધીક્ષક ઈજનેરની હાજરી સિવાય કોઈપણ કરાર અથવા બીજા ખત ઉપર લગાડી શકાશે નહિ, જેણે તે કરાર અથવા ખત તેની હાજરીમાં સીલ કરવામાં આવ્યું હતું તેના પુરાવા તરીકે તેની સાથે તેની સહી જોડવી જોઈશે.

(૩) સદરહુ અધિક્ષક ઈજનેરની સહી, તે કરાર અથવા ખતની બજવણીના કોઈપણ સાક્ષીની સહી ઉપરાંતની રહેશે."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એલ. એ. શાહ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૦ ડીસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫મા ૧૮૫/ટીપીએસ/૧૨૯૪/૨૭૯૪/એલ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૨૦મી ડીસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫ના ૧૮૫/ટીપીએસ/૧૨૯૪/૨૭૯૪/એલ.— ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન-૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૪૧ હેઠળ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને, નગરરચના યોજના, વડોદરા નં. ૩ (પ્રથમ ફેરફાર) (બાયોદ) કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો છે;

અને, સદરહુ અધિનિયમની કલમ-૪૨ની પેટા-કલમ (૧) હેઠળ, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરાએ (જેનો આમાં હવે પછી "સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશન" કહી છે તેણે) નગર રચના યોજના વડોદરા નં. ૩ (પ્રથમ ફેરફાર) (બાયોદ) માં સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં યોજનાનો મુસદ્દો (જેને આમાં હવે પછી, "સદરહુ પ્રથમ ફેરફાર યોજનાનો મુસદ્દો" કહયો છે તે) ઠરાવેલી રીતે તૈયાર કરીને યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો;

INDEX

અને પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશને, સદરહુ અધિનિયમની કલમ-૪૮માં જોગવાઈ કરેલી રીતે, તે હેઠળ મંજૂરી માટે, રાજ્ય સરકારને સદરહુ યોજના રજૂ કરેલી;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ-૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફારોને અધીન રહીને, સદરહુ પ્રથમ ફેરફાર યોજનાનો મુસદ્દો મંજૂર કરે છે, અને

(ખ) જણાવે છે કે, સદરહુ પ્રથમ ફેરફાર યોજના વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરાની કચેરીમાં, તમામ કામકાજના દિવસોએ, કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

અનુસૂચિ

(૧) પ્રથમ ફેરફાર યોજનાના મુસદ્દાના દસ્તાવેજોમાં, પુનઃ વહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં કોલમ નં. ૩ (ક)માં મહેસૂલી સરવે નં.ની વિગતો કમી કરવી.

(૨) સમુચિત સત્તા મંડળે છેવટના પ્લોટ નં. ૪૨૮/૧ ૪૨૮/૨ અને ૪૨૯ના સંબંધમાં, નગરરચના અધિકારીને, મૂલ્યાંકનના હેતુ માટે તેની વિચારણા માટે, વેચાણના દાખલા અને વેચાણ, યોજના સહિત, આ પ્રથમ ફેરફાર યોજનાનો મુસદ્દો તૈયાર કરવાના ઈરાદાની જાહેરાતની તારીખે બજારમાં પ્રવર્તમાન મૂલ્ય પર આધારિત જમીન મૂલ્ય અને નમૂના -'છ' અને 'જ'ની નાણાંકીય વિગતો ગણતરીઓ પૂરી પાડવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ-ફરજ પરના અધિકારી અને સંયુક્ત સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચટી-૯૬-૫-બીસીઆર-૧૫૯૩-૨૬૮૭-ઈ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE BOMBAY CINEMA RULES, 1954.

મુંબઈ સિનેમા નિયમો, ૧૯૫૪ સુધારવા સંબંધી જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

મુંબઈ સિનેમા (નિયમન) અધિનિયમ, ૧૯૫૩.

ક્રમાંક : જીએચટી-૯૬-૫-બીસીઆર-૧૫૯૩-૨૬૮૭-ઈ.— મુંબઈ સિનેમા નિયમો, ૧૯૫૪ વધુ સુધારતા નિયમોનો અમુક મુસદ્દો, મુંબઈ સિનેમા (નિયમન) અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૩ના મુંબઈના ૧૧મા) ની કલમ ૯ની પેટા—કલમ (૪) થી ઠરાવ્યા પ્રમાણે, માહિતી પ્રસારણ અને પ્રવાસન વિભાગના તારીખ ૧૬મી ઓકટોબર, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચટી-૯૫-૧૭-બીસીઆર-૧૫૯૩-૨૬૮૭-ઈ, હેઠળ તારીખ ૧૬મી ઓકટોબર, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર, અસાધારણ, ભાગ ૪—બીના પાના ૧૮૧—૧ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી તારીખ ૧૭મી નવેમ્બર, ૧૯૯૫ સુધીમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા ;

INDEX

અને સદરહુ મુસદ્દા અંગે સરકારને લોકો તરફથી કોઈ વાંધા અને સૂચનો મળ્યા નથી ;

તેથી, હવે, મુંબઈ સિનેમા (નિયમન) અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૩ના મુંબઈના ૧૧મા) ની કલમ ૯ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ સિનેમા નિયમો, ૧૯૫૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો, "મુંબઈ સિનેમા (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૬" કહેવાશે.

૨. મુંબઈ સિનેમા નિયમો, ૧૯૫૪માં, નિયમ ૨માં ખંડ (ખ) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

"(ખ) "સિનેમા" એટલે કોઈ સ્થળ કે જેમાં સિનેમેટોગ્રાફના સાધનો દ્વારા પ્રદર્શન કરાતું હોય પરંતુ તેમાં ગુજરાત સિનેમા (વિડિયો દ્વારા પ્રદર્શનનું નિયમન) નિયમો, ૧૯૮૪ના નિયમ ૨ના ખંડ (ચ)માં વ્યાખ્યા આપેલ વિડિયો સિનેમાનો સમાવેશ થતો નથી."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બી. બી. સ્વેઈન,
સરકારના નાયબ સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચવી/૧૯૯૬ના ૧૫/ડીવીપી/૧૪૯૨/૮૭૨/એલ, ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ના ૧૫/ડીવીપી/૧૪૯૨/૮૭૨/એલ.– ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૧૮ની પેટા–કલમ (૩) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી, તારીખ ૨૬મી એપ્રિલ, ૧૯૯૩ના ગુજરાત સરકારી રાજપત્ર, ભાગ–૪–બી, અસાધારણ પાના નં. ૬૦–૧ થી ૬૦–૩ ઉપર પ્રસિધ્ધ કરેલા શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૬મી એપ્રિલ, ૧૯૯૩નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચ/વી/૧૯૯૩ના ૭૩/ડીવીપી/૧૪૯૨/૮૭૨/એલ, રદ કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુક્ત સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૭મી જાન્યુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેવી-૧૨/૯૬-એએમએન-૮૦૯૫-૨૪૫૦-પી,નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

THE TERRITORIAL AREAS, FUNCTIONS-DUTIES OF WARD COMMITTEE RULES, 1996.

પ્રાદેશિક વિસ્તારો, વોર્ડ સમિતિના કાર્યો-ફરજોના નિયમો, ૧૯૯૬ સંબંધી જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી જાન્યુઆરી, ૧૯૯૬.

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન, અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : કેવી-૧૨-૯૬-એએમએન-૮૦૯૫-૨૪૫૦-પી.—મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૫૯મા) (જેનો આમાં હવે પછી 'સદરહુ અધિનિયમ' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ--૨૯(ક)ની પેટા-કલમ (૧), (૮) અને (૯) સાથે વાંચતાં, કલમ--૪૫૬ની પેટા-કલમ (૧) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ-૪૫૬ની પેટા-કલમ (૨)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારૂં પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યકિત તરફથી અધિક મુખ્ય સચિવ, ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર--ને સૂચિત જાહેરનામા મુસદ્દા અંગે જે કોઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ ના મુંબઈના ૫૯મા)ની કલમ--૨૯(ક)ની પેટા-કલમ (૧), (૮) અને (૯) સાથે વાંચતાં, કલમ--૪૫૬ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો, "પ્રાદેશિક વિસ્તારો વોર્ડ-સમિતિના કાર્યો-ફરજોના નિયમો, ૧૯૯૬" કહેવાશે.

૨. તે રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી અમલમાં આવશે.

૩. (૧) કોર્પોરેશન, સામાન્ય ચૂંટણી પછીની તેની પ્રથમ બેઠકમાં અથવા યથાપ્રસંગ, તે પછીની કોઈપણ બેઠકમાં વોર્ડ-સમિતિઓની રચના કરશે અને તેના પ્રાદેશિક વિસ્તારો નક્કી કરશે.

(૨) દરેક વોર્ડ-સમિતિ, કોર્પોરેશનના ઓછામાં ઓછા ચાર સળંગ ચૂંટણી-વોર્ડના પ્રાદેશિક વિસ્તારને આવરી લેશે.

(૩) દરેક વોર્ડ-સમિતિ, અધિનિયમની કલમ--૨૯-કની પેટા-કલમ (૨)(ક)માં જોગવાઈ કર્યા મુજબ કાઉન્સિલરોની અને અધિનિયમની કલમ ૨૯-કની પેટા કલમ (૨)(ખ)માં જોગવાઈ કર્યા મુજબ રાજ્ય સરકારે નિયુકત કરેલા સભ્યોની બનશે.

(૪) અધ્યક્ષસ્થાન લેનાર વ્યકિત, અધિનિયમની કલમ ૨૯-કની પેટા-કલમ (૩)માં જોગવાઈ કર્યા મુજબ વોર્ડ-સમિતિ દ્વારા ચૂંટાયેલો હોવો જોઈશે.

INDEX

૪. વૉર્ડ-સમિતિની ફરજો અને કાર્યો નીચે પ્રમાણેના રહેશે:—

(ક) સદરહુ વૉર્ડના પ્રાદેશિક વિસ્તારની અંદર મ્યુનિસિપલ સેવાઓ અને સામાજિક માળખાની મરામત અથવા જાળવણી અંગે કોઈ ફરિયાદ/અરજી અથવા દરખાસ્ત મળ્યેથી, સમિતિ, સ્થાયી સમિતિને અથવા કોર્પોરેશનને નિયુક્ત કરેલી સંબંધિત ખાસ સમિતિને યોગ્ય ભલામણો કરી શકશે.

(ખ) વૉર્ડની અંદરની, નીચેની બાબતો ઉપર વિચારણા કરવી અને કોર્પોરેશનની સંબંધિત સમિતિઓને—

(૧) પાઈપના પુરવઠા અને જગાઓના ગટર જોડાણની જોગવાઈઓની,

(૨) શેરીઓમાં અથવા સાર્વજનિક સ્થળોએ વરસાદને લીધે અથવા અન્યથા એકઠા થયેલા પાણીના નિકાલની,

(૩) ઘન કચરો એકઠો કરવાની અને તે દૂર કરવાની,

(૪) રોગમુક્તિ અને આરોગ્ય રોગપ્રતિકાર સેવાઓની જોગવાઈઓની,

(૫) દિવાબત્તીની જોગવાઈઓની,

(૬) રસ્તાઓની મરામત, જાળવણી અને તે ફરી બનાવવાની,

(૭) ઉદ્યાનો, બગીચાઓ અને રમતના મેદાનોની જાળવણી કરવાની

યોગ્ય ભલામણો કરવી જોઈશે.

(ગ) કોર્પોરેશન વૉર્ડ-સમિતિને વખતોવખત લખી જણાવે અથવા સોંપે એવા બીજા કાર્યો કરવા જોઈશે.

૫. વૉર્ડ-સમિતિની બેઠક, ત્રણ મહિનામાં એક વખત અને જરૂર જણાય એવાં બીજા સમયે મળશે.

૬. દરેક વૉર્ડ-સમિતિની પ્રથમ બેઠક, મ્યુનિસિપલ સેક્રેટરી નક્કી કરે તેવા દિવસે અને તેવા સમયે મળશે અને તે દિવસે ન મળે તો, મ્યુનિસિપલ સેક્રેટરી નક્કી કરે તેવા પછીના કોઈ દિવસે મળશે અને વૉર્ડ-સમિતિની પછીની દરેક બેઠક, સદરહુ સમિતિ વખતોવખત નક્કી કરે તેવા દિવસે અને તેવા સમયે મળશે.

૭. સમિતિનું અધ્યક્ષસ્થાન લેનાર વ્યકિત, સમિતિના ચૂંટાયેલા પચાસ ટકા અથવા તેથી વધુ કાઉન્સિલરોએ સહી કરેલા લેખિત માંગ પત્ર પર, સદરહુ માંગ-પત્રથી સૂચવેલા કોઈપણ કામકાજ ચલાવવા માટે દસ દિવસની અંદર સદરહુ સમિતિની બેઠક બોલાવશે.

૮. આવી બેઠકની શરૂઆતથી અંત સુધી ઓછામાં ઓછા પચાસ ટકા સભ્યો હાજર ન હોય તે સિવાય, સમિતિની બેઠકમાં કોઈપણ કામકાજ ચલાવાશે નહીં.

૯. બેઠક જે જગ્યાના નિયત સમયે, અધ્યક્ષસ્થાન લેનાર વ્યકિત હાજર હોય તો અધ્યક્ષસ્થાન લેનાર વ્યકિત સમિતિની દરેક બેઠકનું પ્રમુખસ્થાન લેશે. અને અધ્યક્ષસ્થાન લેનાર વ્યકિત ગેરહાજર હોય તો, તે પ્રસંગ માટે, બેઠક દ્વારા ચૂંટાયેલા હાજર સભ્યો પૈકીના એક સભ્યની પસંદગી કરીને અધ્યક્ષસ્થાન લેનાર વ્યકિત તરીકે બેઠકનું પ્રમુખસ્થાન લેશે.

૧૦. દરેક પ્રશ્નનો નિર્ણય, સમિતિના હાજર સભ્યોના બહુમતિ મતોથી થશે અને તે પ્રશ્ન પર મત આપતી વખતે મતો સરખા હોય ત્યારે બીજો અથવા નિર્ણાયક મત ધરાવતા પ્રમુખસ્થાન લેનાર સત્તાધિકારી દ્વારા નિર્ણય થશે.

૧૧. મ્યુનિસિપલ સેક્રેટરી, હાજર રહેલા સભ્યોના નામોની અને સમિતિની આવી બેઠકમાં થયેલી કાર્યવાહીની કાર્યનોંધ, આ હેતુ માટે પૂરી પાડવામાં આવેલી બુકમાં રાખશે અને આગામી બેઠક સુનિશ્ચિત કરનાર પ્રમુખસ્થાન લેનાર સત્તાધિકારી, બેઠક પૂરી થયે તેમાં સહી કરશે.

૧૨. સ્થાયી સમિતિ અધિનિયમની કલમ--૯૬ હેઠળ, કમિશનરના બજેટ અંદાજ અને દરખાસ્તોની વિચારણા કરે ત્યારે, મ્યુનિસિપલ સેક્રેટરી સમિતિના તમામ ઠરાવો સ્થાયી સમિતિની સમક્ષ વખતોવખત મૂકશે.

૧૩. વૉર્ડ સમિતિનું અધ્યક્ષસ્થાન લેનાર વ્યકિતને અને સભ્યો ને સમિતિની બેઠકમાં હાજરી આપવા માટે, કોર્પોરેશન વખતોવખત નક્કી કરે તેવો વાહન ખર્ચ ચૂકવવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલકીના હુકમથી અને તેમના નામે,

એ. એસ. સુતરીયા,
સરકારના સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી જાન્યુઆરી ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૬ના ૧૭/ડીવીપી-૧૫૯૪-૩૯૧૧-એલ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોના જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ના ૧૭/ડીવીપી-૧૫૯૪-૩૯૧૧-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭ના ૨૪૦/ડીવીપી-૧૫૮૩-૪૪૨૦-(૮૭) એલ હેઠળ મંજૂર કરેલ, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરુરી હતું;

અને, સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક, જીએચ/વી/૧૯૯૫ના ૧૦૦/ડીવીપી-૧૫૯૪-૩૯૧૧-(૯૪)-એલ. હેઠળ, તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ, ભાગ-૪-બીના પાના નંબર ૧૧૧-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં, સૂચનો અથવા વાંધા હોય તો, તે સદરહુ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને, ગુજરાત સરકારને, આ સૂચિત ફેરફારના સંબંધમાં, કોઈપણ સૂચનો અને વાંધા મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે જણાવેલા ફેરફાર તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૬થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭ના ૨૪૦/ડીવીપી-૧૫૮૩-૪૪૨૦-(૮૭)-એલ થી મંજૂર કરેલ એડાના શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

INDEX

તેથી, હવે, ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૫ ની પેટા-કલમ (૨) સાથે વાંચતા, પેટા-કલમ (૧)ના ખંડ (ક), પેટા-કલમ (૨) ના ખંડ (ખ) અને કલમ ૭ની પેટા-કલમ (૩)ના ખંડ (ક) (૨)થી મળેલી સત્તાની રૂએ, અને ન્યૂનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી ૧લી એપ્રિલ, ૧૯૯૬ના રોજ અને તે તારીખથી અમલમાં આવે તે રીતે શ્રમ અને રોજગાર વિભાગ ના તારીખ ૩૦મી જૂન, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર-૧૩૯-એમડબલ્યુએ-૧૦૮૮-એમ--૨૦૧-એમ (૨) હેઠળ નક્કી કરેલ વેતનના ન્યૂનતમ દરો સુધારે છે અને સમગ્ર ગુજરાત રાજ્યમાં, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૧) માં દર્શાવ્યા મુજબ કૃષિ રોજગારમાં શેરડી કાપવા માટે કામે રાખેલા કામદારોના સંબંધમાં ન્યૂનતમ દરો નક્કી કરે છે જેથી કરીને તેના કોલમ (૨)માં તેમની સામે જણાવેલા છૂટક કામના પ્રકારમાં ચૂકવાતા છૂટક દર, ગુજરાત રાજ્યમાં સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોની બાબતમાં તેના કોલમ (૩)માં દર્શાવ્યા પ્રમાણેના વેતનના છૂટક દરો જેટલા થાય.

અનુસૂચિ

કામદારોનો વર્ગ ૧	છૂટક કામનો પ્રકાર ૨	મજૂરને ચૂકવાતા દરો. ૩
કૃષિ રોજગારમાં શેરડી કાપવામાં કામે રાખેલા કામદારો	શેરડી કાપવાનો અને ભરવાનો	રૂા. ૭૩ ટન દીઠ.

સ્પષ્ટીકરણ:-- આ જાહેરનામાના હેતુ માટે :

(૧) સમગ્ર રાજ્યને એક ઝોન તરીકે ગણવો.

(૨) ન્યૂનતમ દરો ચૂકવવા બાબતમાં પુરૂષ અને સ્ત્રી કામદારો વચ્ચે ભેદભાવ રાખી શકાશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એચ. આર. પટેલ,
સરકારના નાયબ સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી એપ્રિલ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૬ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૬નો ૧૨/ વીબીએન/ ૩૫૯૬--એમએલ.એ ૧-ચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT PANCHAYATS ACT, 1993

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૬નો ૧૨/વીબીએન/૩૫૯૬-એમએલએ-૧-ચ.-- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૭થી મળેલી સત્તાની, રૂએ અને સંબંધિત ગ્રામપંચાયત, તાલુકા પંચાયત, ચોર્યાસી અને જિલ્લા પંચાયત સુરત સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી:-

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે, અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

INDEX

અનુસૂચિ

આ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત કરેલ સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	ચોર્યાસી	સુવાલી	૧ સુવાલી મહેસૂલી ગામ ૨. જૂનાગામ જૂનાગામ ફળીયા ફળીયા (ફળીયા) (ફળીયા)		સુવાલી જૂનાગામ ફળીયા	૧ સુવાલી મહેસૂલી ગામ ૨. જૂનાગામ ફળીયા (ફળીયા)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એન. પરમાર,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૯મી એપ્રિલ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તા. ૧લી માર્ચ, ૧૯૯૬ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ નો ૪૪/ટીપીએસ–૧૫૯૪–૮૧૧–એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. ત્રિવેદી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧લી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ નો ૪૪/ટીપીએસ–૧૫૯૪–૮૧૧–એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૯૧ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧ નો -૧૮૮/ટીપીએસ/૧૫૯૦/૨૩૮૦/(૯૧)–એલ, હેઠળ, ગુજરાત સરકારે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૪૮ ની પેટા–કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ, અમદાવાદે પોતાને સાદર કરેલ નગરરચના યોજના મેમનગર યોજના મેમનગર ક્રમાંક : ૧ (પ્રથમ ફેરફાર કરેલી) ની મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહુ પ્રથમ ફેરફાર કરેલા યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો.

અને સદરહુ અધિનિયમની કલમ ૫૦ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે, નગરરચના અધિકારીની નિમણૂક કરી હતી.

INDEX

અને નીમેલા નગરરચના અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) ની કલમ--૫૨ ની પેટા--કલમ (૨) અને કલમ ૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના, મેમનગર નં-૧. (પ્રથમ ફેરફાર કરેલી) પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ પ્રથમ સુધારેલા પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી શકે છે;

તેથી, હવે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા) ની કલમ ૬૫થી મળેલી સત્તાની રુએ ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફારોને આધીન રહીને, "સદરહુ પ્રારંભિક યોજના" મંજૂર કરે છે.

(ખ) જણાવે છે કે " સદરહુ પ્રથમ સુધારેલી પ્રારંભિક યોજના" રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

(ગ) સદરહુ કલમ ૬૫ની પેટા--કલમ (૨) ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે તારીખ ૩જી એપ્રિલ, ૧૯૯૬ નક્કી કરે છે.

અનુસૂચિ

(૧) છેવટના પ્લોટ નં. ૧૨૪ ની ઉત્તર હદે આવેલો સૂચિત ૧૨.૦ મીટર પહોળો રસ્તો રદ કરેલો છે એમ ગણાશે અને ૪૦૬૬ ચો.મી.ના વિસ્તારવાળા આ સૂચિત માર્ગની જે જમીન, યોગ્ય સત્તામંડળ અમદાવાદ, શહેરી સત્તામંડળને વાણિજ્યિક વેચાણ માટે ફાળવેલી છે તે જમીનનો, આખરી પ્લોટ નં. ૧૨૪ માં (સમાવિષ્ટ કરીને) તેમાં સમાવેશ કરવો.

વળી, ઉપરના ફેરફારના પરિણામે, મૂળ પ્લોટ, છેવટના પ્લોટના પ્લાન અને છેવટના પ્લોટના પ્લાનમાં, આ સાથે જોડેલા પ્લાન નં. ૩ અને ૪ માં દર્શાવ્યા પ્રમાણે અંશત : ફેરફાર કરવો જોઈશે. અને ફેરવહેંચણી પત્રક, આ સાથે જોડેલા પત્રકમાં દર્શાવ્યા પ્રમાણેનું હોવું જોઈશે.

(૨) પ્રથમ ફેરફાર કરેલી પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી પત્રકમાં, પાના નં. ૨૨ પર, અનુક્રમાંક ૪ (ચાર) ના કોલમ નં--૨, પર 'વાણિજ્યિક માટે" એ શબ્દોને બદલે, "વાણિજ્યિક માટેના વેચાણ માટે" એ શબ્દો મૂકવા. અને તદ્નુસાર, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, નકશા નં. ૩ અને ૪માં ફેરફાર કરવો જોઈશે અને વળી, કોલમ નં. ૮ પરના "૧૯૦૧૬" એ આંકડાને બદલે, "૨૦૩૭૫" એ આંકડો મૂકવો જોઈશે.

(૩) પ્રથમ ફેરફાર કરેલી પ્રારંભિક યોજનામાં, મૂળ પ્લોટ નં. ૩૨માં ૧૨.૦ મીટર પહોળા રસ્તાની દરખાસ્ત રદ કરેલી છે એમ ગણાશે અને આ ફેરફારના પરિણામે છેવટનો પ્લોટ નં. ૩૨ (૭૧૧૬ ચોરસ મીટરનો વિસ્તાર) સમુચિત સત્તામંડળ એટલે કે 'અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળને, મુખ્ય યોજનામાં દર્શાવ્યા મુજબ, 'ખુલ્લી જગા' ના હેતુ માટે ફાળવેલો રહેશે.

વળી, ઉપરના ફેરફારના પરિણામે મૂળ પ્લોટ, છેવટના પ્લોટના પ્લાન અને છેવટના પ્લોટના પ્લાનમાં, આ સાથે જોડેલા પ્લાન નં. ૩ અને ૪ માં દર્શાવ્યા પ્રમાણે અંશત : ફેરફાર કરવો જોઈશે અને વહેંચણીપત્રક , આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણેનું હોવું જોઈશે.

(૪) પ્રથમ ફેરફાર કરેલી પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં, ફેર વહેંચણી પત્રકમાં, પાના નં. ૨૨ પર, અનુક્રમાંક ૨ (૨) ના કોલમ નંબર ૨ માં "કો. ઓપ. કન્ઝ્યુમર્સ સ્ટોર" એ શબ્દોને બદલે, "વાણિજ્યિક માટેના વેચાણ માટે" એ શબ્દો મૂકવા.

વળી, ઉપરના ફેરફારના પરિણામે, મૂળ પ્લોટ, છેવટના પ્લોટના પ્લાન અને છેવટના પ્લોટના પ્લાનમાં, આ સાથે જોડેલા પ્લાન નં. ૩ અને ૪માં દર્શાવ્યા પ્રમાણે અંશત: ફેરફાર કરવો જોઈશે.

(૫) પ્રથમ ફેરફાર કરેલી પ્રારંભિક યોજનામાં, સમુચિત સત્તામંડળ-અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળને" "રિસ્પેન્સરી" માટે છેવટના પ્લોટ નં. ૧૦૮ની, ફાળવણી રદ કરવી અને આ ફેરફારને પરિણામે, છેવટનો પ્લોટ નં. ૧૦૮, (વિસ્તાર : ૨૪૧૬ ચોરસ મીટર) મંજૂર કરેલ નગરરચના યોજનાના મુસદ્દા નં. ૧- મેમનગર--પ્રથમ ફેરફાર કર્યા મુજબ, સમુચિત સત્તામંડળને, "રહેણાંક માટેના વેચાણ" માટે ફાળવેલો રહેશે.

વળી, ઉપરના ફેરફારના પરિણામે, મૂળ પ્લોટ, છેવટના પ્લોટના પ્લાન અને છેવટના પ્લોટના પ્લાનમાં, આ સાથે જોડેલા પ્લાન નં. ૩ અને ૪માં દર્શાવ્યા પ્રમાણે અંશત: ફેરફાર કરવો જોઈશે અને આ સાથે જોડેલા પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે ફેરવહેંચણી પત્રકમાં ફેરફાર કરવો જોઈશે.

(૬) પ્રથમ ફેરફાર કરેલી પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાં, પ્લાન નં. ૩ અને ૪ પર અને ફેરવહેંચણી પત્રકમાં પાના નં. ૨૩ પર, અનુક્રમાંક ૭ (૨ અને ૩) પર, છેવટના પ્લોટ નં. ૧૪૧ અને ૫૧ માટે, "સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે ગૃહ નિર્માણ" તરીકે દર્શાવેલ હેતુના બદલે" "સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગના લોકો માટે ગૃહનિર્માણ " એ શબ્દો મૂકવા જોઈશે.

INDEX

(૭) પ્રથમ ફેરફાર કરેલી પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાં, ફેરવહેંચણીપત્રકમાં પાના નં. ૨૪ પર, અનુક્રમાંક ૧૬ પર, છેવટના પ્લોટ નં. ૨૯૨ની "ગ્રામપંચાયત માટે સાર્વજનિક કેન્દ્ર" ના હેતુ માટેની ફાળવણીના, "સાર્વજનિક હેતુ" તરીકે ફેરફાર કરવો. અને ઉપરના ફેરફારના પરિણામે, પ્લાનમાં નં. ૩ અને ૪ માં, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, અંશત : ફેરફાર કરવો જોઈશે અને આ સાથે જોડેલા પત્રકમાં દર્શાવ્યા મુજબ ફેરવહેંચણી પત્રકમાં ફેરફાર કરવો જોઈશે.

ગુજરાત નગરરચના અને શહેરી ગૃહનિર્માણ અધિનિયમ, ૧૯૭૬.

નગરરચના યોજના, મેમનગર નં--૧, (પ્રથમ ફેરફાર કરેલી) પ્રારંભિક યોજના.

ફેરવહેંચણી પત્રક.

અનુક્રમાંક	માલિકનું નામ	હક	મ.સ. નંબર નંબર	મૂળ પ્લોટ નંબર	ચો. મિ. માં વિસ્તાર	છેવટનો પ્લોટ		નોંધ
						નંબર	ચો.મિ.માં. વિસ્તાર	
૧	૨	૩	૩--ક	૪	૫	૬	૭	૮
	નગરરચના અધિકારીએ સાદર કરેલ પ્રારંભિક યોજના પ્રમાણે.							
૪ (૪)	વાણિજ્યક માટે	...	...	...	...	૧૨૪	૨૭૭૭	...
૯	ખુલ્લી જગા	...	...	૩૨	૭૧૧૬	૩૨	૬૧૭૭	...
૪ (૩)	દવાખાનૂ	...	...	...	...	૧૦૮	૨૪૧૬	...
૧૬	ગ્રામપંચાયત માટે સાર્વજનિક કેન્દ્ર	...	...	૨૯૨	૮૦૩	૨૯૨	૮૦૩	...
	ફેરફાર કર્યા પ્રમાણે							
૪ (૪)	વાણિજ્યક માટેના વેચાણ માટે	...	...	...	...	૧૨૪	૪૦૬૬	...
૯	ખુલ્લી જગા	...	...	૩૨	૭૧૧૬	૩૨	૭૧૧૬	...
૪ (૩)	રહેણાંક માટે વેચાણ	...	...	...	...	૧૦૮	૨૪૧૬	...
૧૬	સાર્વજનિક કેન્દ્ર	...	...	...	...	૨૯૨	૮૦૩	...

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,

ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુક્ત સચિવ.

વૈદ્યાનીક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી એપ્રિલ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૧મી માર્ચ, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૬નો ૪૭/ટીપીએસ/૧૨૯૫/૭૧૫/એલ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર,

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ, અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૬ના ૪૭/ટીપીએસ/૧૨૯૫/૭૧૫/એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૯મી માર્ચ, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧ના ૭૦/ટીપીએસ/૧૨૯૦/૮૫૫-(૯૧)-એલ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ પોતાને સાદર કરેલી નગરરચના યોજના, બિલ નં. ૧નો મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો,

અને સદરહુ અધિનિયમની કલમ ૧૦ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણૂક કરી હતી;

અને નીમાયેલા નગરરચના અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૫૨ની પેટા-કલમ (૨) અને કલમ-૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના, બિલ નં. ૧, પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી હતી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા) ની કલમ ૬૫ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા ફેરફારોને આધીન રહીને, "સદરહુ પ્રારંભિક યોજના" મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે સદરહુ યોજના વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની કચેરીમાં રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ લોકોને જોવા માટે ખુલ્લી રહેશે, અને

(ગ) સદરહુ કલમ ૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે સન ૧૯૯૬ના એપ્રિલ, મહિનાની ૧૫મી તારીખ નક્કી કરે છે.

અનુસૂચિ

(૧) પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી પત્રકમાં, પાના નં. ૫૨ ઉપર અનુક્રમાંક નં. ૭૮(ધ)ના કોલમ નં. ૨માં અને નકશા નં. ૩, ૪ અને ૪(ક) ઉપર "સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગો માટે " એ શબ્દોને બદલે, "સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગો માટે ગૃહ નિર્માણ" એ શબ્દો મૂકવા.

(૨) પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી પત્રકમાં, પાના નં. ૫૦ ઉપર, અનુક્રમાંક ૭૮ પર "માલિકનું નામ"ના કોલમ નંબર-૨માં "સમુચિત સત્તામંડળ" એ શબ્દોને બદલે, "સમુચિત સત્તામંડળ-વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ" એ શબ્દો મૂકવા.

(૩) પ્રારંભિક યોજનામાં, ફેરવહેંચણી પત્રકમાં પાના નં. ૪૭, ૪૮ અને ૪૯ ઉપર, ખુલ્લા પ્લોટો નં. ૯૮/૧, ૯૪/૧, ૯૩/૧, ૮૬/૧, ૮૭/૧, ૮૮/૧, ૮૯/૧, ૯૧/૧, ૯૦/૧, ૨૪/૧, ૨૭/૧, ૨૮/૧, ૨૯/૧, ૨૩/૧, ૨૨/૧, ૨૧/૧, ૧૮/૧, ૧૯/૧, ૨૦/૧, ૪૭/૧, ૪૮/૧, ૫૦/૧, ૫૧/૧, ૫૩/૧, જે નર્મદા નહેર માટે સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડની માલિકીની છે, તેની સામે છેવટના પ્લોટ ફાળવાયેલા નથી. તેથી છેવટના પ્લોટ નં. એ-૩૪૮૦ ચો.મી. છેવટના પ્લોટ નં. બી-૩૬૪૬૫ ચો.મી. અને છેવટના પ્લોટ નં. સી-૧૬૨૪૮ ચો.મી. (કુલ ૫૬૧૯૩ ચો. મી.) ઉપર જણાવેલા ખુલ્લા પ્લોટો સામે ફાળવવા.

INDEX

અને ફેરવહેંચણી પત્રકમાં આ ફેરફારને પરિણામે, ખુલ્લા પ્લોટ-છેવટના પ્લોટ પ્લાન છેવટના પ્લોટ પ્લાન, અને પ્લાન નં. ૪/કમાં, આ સાથે જોડેલા પ્લાન નં. ૩, ૪ અને ૪-ક અને આંશિક ફેરવહેંચણી પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે અંશત: ફેરફાર કરવો.

(૪) વિકાસ નિયંત્રણ વિનિયમોને પ્રારંભિક યોજના દસ્તાવેજોમાંથી બાકાત કર્યા હોય તેમ ગણવું.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુક્ત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી એપ્રિલ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/બી/૧૯૯૬ના ૫૩/ડીવીપી/૨૯૯૫/એમ--૧૧૮/ એલ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT

ACT 1976

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું,

ગુજરાત સરકાર,

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ નો ૫૩/ડીવીપી/૨૯૯૫/એમ--૧૧૮/એલ.--ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે પંચાયત અને આરોગ્ય વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૭૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/ ૧૯૭૬નો ૨૨-ડીવી.પી/૨૮૭૪/ ૭૭૩૬--કયુ હેઠળ મંજુર કરેલી ભૂજ નગર માટેની છેવટની સુધારેલ વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી.--

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ઉપર્યુકત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે ;

INDEX

અનુસૂચિ

પંચાયત અને આરોગ્ય વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૭૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૭૬નો ૨૨/ડીવીપી/૨૮૭૪/૭૭૩૪/ક્યુ. થી મંજૂર કરેલી ભૂજની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

ભૂજ વિસ્તાર વિકાસ સત્તામંડળની મંજૂર કરેલી વિકાસ યોજનામાં 'કૃષિ-વિષયક ઝોન' માટે મુકરર કરેલ આ સાથે જોડેલા પ્લાન ઉપર (ABC DEFGHIJA, KLMK, NOPQRSTN, UVWXYU અને X1Y1Z1XI તરીકે નિશાની કરીને દર્શાવેલી ભૂજની મહેસૂલી સરવે નંબર ૪૧૧, ૪૧૩ થી ૪૧૭, ૩૫૩, ૩૫૬, ૩૬૦, ૩૬૧, ૪૩૯ અને ૪૩૭ ૪૩૮, ૪૪૦ વાળી જમીનો અને સરવે નંબર ૪૩૭, ૪૩૮ અને સરવે નંબર ૪૧૭ આસપાસની વોંકળાની જમીનો વચ્ચેની પટ્ટી વાળી જમીનો, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ આ સાથે જોડેલા પ્લાન ઉપર દર્શાવ્યા પ્રમાણે 'રહેણાંકના ઝોન' માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,

ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ:
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી એપ્રિલ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧લી માર્ચ, ૧૯૯૬ નાં ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૪૩/ડીવીપી]૨૨૯૩--૨૬૯૧ એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJART TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર,

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧લી માર્ચ, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ નો ૪૩/ડીવીપી/૨૨૯૩--૨૬૯૧--એલ.—હિમતનગર વિસ્તાર વિકાસ સત્તામંડળે (હિમતનગર મ્યુનિસિપાલિટી) ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, , ૧૯૭૬ (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની જોગવાઈ હેઠળ, સદરહુ અધિનિયમની કલમ ૧૩(૧) હેઠળ તેની હદોની અંદર સમાવિષ્ટ કરેલી જમીનોના સંબંધમાં સુધારેલ વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કરીને પ્રસિદ્ધ કર્યો હતો અને સુધારેલ વિકાસ યોજનાનો મુસદ્દો પ્રસિદ્ધ કરવા સંબંધી અને સૂચિત સુધારેલ વિકાસ યોજનાના મુસદ્દા અંગે વાંધા અને સૂચનો મંગાવતી જાહેર ખબર, તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૨ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૨, પ્રકીર્ણ અને પાન નં. ૪૮૩ ઉપર જાહેર ખબર વિભાગમાં પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

INDEX

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૧૭ ની પેટા-કલમ (૧) ના ખંડ (ક) ના પેટા-ખંડ (૨) ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(૧) આ સાથે જોડેલી અનુસૂચિ પ્રમાણે, ઉપર્યુક્ત સુધારેલી વિકાસ યોજના મુસદ્દામાં ફેરફાર કરવા ધારે છે, અને

(૨) કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારો સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો, તે, આ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે. નીચે ઉલ્લેખેલ ફેરફારો દર્શાવતી યોજના, હિંમતનગર મ્યુનિસિપાલીટીની કચેરીએ, બે મહિનાની મુદત દરમિયાન તમામ કામકાજના દિવસોએ કચેરી કલાકો દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

અનુસૂચિ

હિંમતનગરની સુધારેલી વિકાસ યોજના મુસદ્દામાં સૂચિત ફેરફારો.

(૧) હિંમતનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં રજૂ થયેલ, હિંમતનગર વિસ્તાર વિકાસ સત્તામંડળની હદની અંદર સમાવિષ્ટ કરેલ હોય તેમ, ભૂલથી દર્શાવેલ નથી તે હિંમતનગરની મહેસૂલી સર્વે નં. ૨૮૦/૧, ૨૮૦/૨ અને ૨૮૧ વાળી જમીનો, હિંમતનગર વિસ્તાર વિકાસ સત્તામંડળની હદની અંદર સમાવિષ્ટ કરેલી છે તેમ દર્શાવેલ હોય એમ ગણવું. અને આ સાથે જોડેલ પ્લાન પર અનુક્રમાંક નંબર ૧ પર દર્શાવ્યા પ્રમાણે આ રીતે સમાવિષ્ટ દર્શાવેલ જમીનો સદરહુ અધિનિયમની કલમ ૧૨(૨)(ક) હેઠળ 'રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(૨) મોતીપુરાના મહેસૂલી સરવે નંબર ૧૨ માંથી પસાર થતો વિદ્યમાન ૩૦ મીટર પહોળો ઉપમાર્ગ વિદ્યમાન જમીન ઉપયોગ પ્લાનમાં દર્શાવવો અને આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમાંક નંબર-૨ પર દર્શાવ્યા પ્રમાણે, હિંમતનગરની સુધારેલી વિકાસ યોજના મુસદ્દાની સૂચિત જમીન યોજનામાં દર્શાવવો.

(૩) હિંમતનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં મોતીપુરાની સર્વે નંબર ૨૧ અને ૬૩ માંથી પસાર થતો ૧૨ મીટર પહોળો રસ્તો, સદરહુ અધિનિયમની કલમ ૧૨(૨) (ઘ) હેઠળ આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમાંક નંબર ૨ ઉપર દર્શાવ્યા પ્રમાણે ૧૮ મીટર પહોળો સૂચિત કરવો.

(૪) હિંમતનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં અનુક્રમાંક નંબર ૧૫, ૧૪, ૪૧ અને અનુક્રમાંક નંબર ૫૪, ૫૩, ૩૯ અને ૪૦ ની ઉત્તર દિશામાંથી પસાર થતો ૧૮.૦૦ મીટર પહોળો રસ્તો, સદરહુ અધિનિયમની કલમ ૧૨(૨)(ઘ) હેઠળ આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમાંક નંબર ૪ પર દર્શાવ્યા પ્રમાણે ૩૦.૦૦ મીટર પહોળા રસ્તા તરીકે સૂચિત કરવો.

(૫) હિંમતનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં રહેણાંકના ઝોન તરીકે મુકરર કરેલી, હિંમતનગરની મહેસૂલી સર્વે નંબર ૧૧૮ પૈકી વાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમાંક નંબર ૫ પર દર્શાવ્યા પ્રમાણે, સદરહુ અધિનિયમની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "વાણિજ્યિક ઝોન" માટે મુકરર કરવી.

(૬) હિંમતનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "વાણિજ્યિક ઝોન અને રહેણાંકના ઝોન" તરીકે મુકરર કરેલી, મોતીપુરાની મહેસૂલી સર્વે નંબર ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧ અને ૩૩ હિંમતનગરની મહેસૂલી સર્વે નંબર ૨૪, ૩૪ પૈકી અને ૩૧વાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમાંક નંબર ૬ પર દર્શાવ્યા પ્રમાણે સદરહુ અધિનિયમની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરવી.

(૭) હિંમતનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "રહેણાંકના ઝોન" તરીકે મુકરર કરેલી, મોતીપુરાની મહેસૂલી સર્વે નંબર ૧૪/પૈકી વાળી જમીન, સદરહુ ઝોનમાંથી મુકત કરવી અને એ રીતે મુકત કરેલી જમીન; આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમાંક નંબર ૭ પર દર્શાવ્યા પ્રમાણે સદરહુ અધિનિયમની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરવી.

(૮) હિંમતનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "રહેણાંકના ઝોન" તરીકે મુકરર કરેલી, હાથમતી નદીની પૂર્વ સરહદે આવેલ મોતીપુરાની મહેસૂલી સર્વે નંબર ૧૦/૨ પૈકી વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમાંક નંબર ૮ પર દર્શાવ્યા પ્રમાણે સદરહુ અધિનિયમની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "કબ્રસ્તાન/સ્મશાન" માટે મુકરર કરવી.

(૯) હિંમતનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ" માટે અનામત રાખેલી હિંમતનગરની મહેસૂલી સર્વે નંબર ૩/પી, ૪/પી, ૫/પી, ૬/પી અને ૧૧૩/પી વાળી જમીનો, સદરહુ અનામતમાંથી મુકત કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમાંક નંબર ૯ (૧) અને ૯(૨) પર દર્શાવ્યા પ્રમાણે સદરહુ અધિનિયમની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

INDEX

(૧૦) હિંમતનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "રહેણાંકના ઝોન" તરીકે મુકરર કરેલી ઉત્તર, પશ્ચિમ અને દક્ષિણ સરહદ પરના સૂચિત ૧૮.૦૦ મીટર પહોળા રસ્તાની હદથી બંધાયેલ હિંમતનગરની મહેસૂલી સર્વે નંબર ૧૧૩/પી, ૧૧૨/પી, ૧૨૧/પી અને ૯૨/પી વાળી જમીન, સદરહુ ઝોનમાંથી મુકત કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલી પ્લાન ઉપર, અનુકમાંક નંબર ૧૦-પર દર્શાવ્યા પ્રમાણે, સદરહુ અધિનિયમની કલમ ૧૨ (૨) (ડ) હેઠળ "ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ" માટે અનામત રાખવી.

(૧૧) અહેવાલના પાના નંબર ૪૦ ઉપર સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દા દસ્તાવેજોમાં, સૂચિત જમીન ઉપયોગ દર્શાવતા પત્રકને બદલે નીચેનું પત્રક મુકવું:-

પત્રક

અનુ. નંબર	ઉપયોગ	વિસ્તાર હેક્ટર ચો.મી.	ટકાવારી		કુલ વિસ્તાર ટકાવારી
			વિકસિત વિસ્તારની ટકાવારી		
૧	૨	૩	૪		૫
૧.	રહેણાંક ઝોન ગામતળ	૨૭૩.૧૯ ૨૪૯.૯૮	૫૨૩.૭૩	૬૯.૫૭	૧૯.૩૬
૨.	વાણિજ્યિક ઝોન	૪૩.૫૭		૫.૮૦	૪.૯૪
૩.	ઔદ્યોગિક ઝોન	૭૦.૩૬		૯.૩૭	૭.૯૮
૪.	વિદ્યમાન અને સૂચિત રસ્તો	૮૬.૩૩૫૧		૧૧.૫૦	૯.૭૯
૫.	કબ્રસ્તાન	૧.૭૬		૦.૨૩	૦.૨૦
૬.	(ક) રેલવે પટ્ટી	૧૦.૭૮૪૯		૧.૪૪	૧.૨૨
	(ખ) જાહેર સેવા અને ઉપયોગ	૬.૮૫		૦.૯૧	૦.૭૮
	(ગ) જાહેર હેતુ	૭.૬૪		૧.૦૨	૦.૮૭
	કુલ વિકસિત વિસ્તાર :	૭૫૦.૮૭૦૦		૧૦૦.૦૦ ટકા	
૭.	નદી માર્ગ	૬૯.૨૦			૭.૮૪
૮.	કૃષિ વિસ્તાર	૬૧.૯૩			૭.૦૨
		૮૮૨.૦૦			૧૦૦.૦૦

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી એપ્રિલ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી માર્ચ, ૧૯૯૬ના ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીપી-૭/ડીએનટી-૨૨૭૯-૧૩૧૭ (૧) (૯૬)વી. નો ગુજરાતી અનુવાદ અથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

THE PROFESSOR IN GENERAL PATHOLOGY IN GENERAL STATE SERVICES, CLASS I RECRUITMENT RULES, 1996.

સામાન્ય રાજ્ય સેવા, વર્ગ-૧માં, સામાન્ય પેથોલોજીમાં પ્રોફેસરની ભરતી નિયમો, ૧૯૯૬ સંબંધી જાહેરનામું.

ગુજરાત સરકાર,

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી માર્ચ, ૧૯૯૬.

ભારતનું સંવિધાન,

ક્રમાંક : જીપી-૭-ડીએનટી-૨૨૭૯-૧૩૧૭-(૧)-(૯૬)-વી.—ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, સરકારી ડેન્ટલ કોલેજો અને હોસ્પિટલોમાં સામાન્ય રાજ્ય સેવા, વર્ગ-૧માં સામાન્ય પેથોલોજીમાં પ્રોફેસરની જગા ઉપરની ભરતીનું નિયમન કરવા માટે નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો સામાન્ય રાજ્ય સેવા વર્ગ-૧માં, સામાન્ય પેથોલોજીમાં પ્રોફેસરની ભરતી નિયમો, ૧૯૯૬ કહેવાશે.

૨. સામાન્ય રાજ્ય સેવા વર્ગ-૧માં, સરકારી ડેન્ટલ કોલેજો અને હોસ્પિટલોમાં, સામાન્ય પેથોલોજીમાં પ્રોફેસરની જગા ઉપરની નિમણૂક—

(ક) સરકારી ડેન્ટલ કોલેજોમાં, પેથોલોજીમાં મદદનીશ પ્રોફેસર તરીકે કામ કરતી અને સીધી પસંદગીથી નિમણૂક માટે નિયમ-૩માં ઠરાવેલી શૈક્ષણિક લાયકાત અને શિક્ષણ કાર્યનો અનુભવ ધરાવતી વ્યકિતઓમાંથી સિધ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યકિતને બઢતી આપીને; અથવા

(ખ) સીધી પસંદગીથી; કરવામાં આવશે.

પરંતુ બઢતી દ્વારા જગા ભરવા માટે યોગ્ય ઉમેદવારો પ્રાપ્ય ન હોય ત્યારે જ સીધી પસંદગીથી નિમણૂક કરવામાં આવશે.

૩. નિયમ ૨માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,—

(ક) ૪૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈએ નહિ;

(ખ) (૧) ગુજરાતમાંની વૈધાનિક યુનિવર્સિટીની બી. ડી. એસ.ની પદવી અથવા ભારતની ડેન્ટલ કાઉન્સિલ દ્વારા માન્ય કરાયેલ અન્ય કોઈપણ સમકક્ષ લાયકાતો; અથવા ગુજરાતમાંની વૈધાનિક યુનિવર્સિટીની એમ.બી.બી.એસ.ની પદવી અથવા ભારત મેડીકલ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૫૬ની પહેલી અથવા બીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી અન્ય કોઈપણ લાયકાતો ધરાવતો હોવો જોઈએ;

(૨) પેથોલોજીમાં અનુસ્નાતકની પદવી અથવા ભારત મેડીકલ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૫૬ની પહેલી અથવા બીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી સમકક્ષ લાયકાતો ધરાવતો હોવો જોઈએ.

(૩) ઉપરના ખંડ (ખ) (૨)માં નિર્દિષ્ટ કરેલ અનુસ્નાતકની લાયકાત મેળવ્યા પછી, મેડીકલ અથવા ડેન્ટલ કોલેજમાં, પેથોલોજીમાં મદદનીશ પ્રોફેસર તરીકે આશરે નવ વર્ષનો શિક્ષણ કાર્યનો અનુભવ ધરાવતો હોવો જોઈએ.

INDEX

પરંતુ અસાધારણ સારી લાયકાતો અથવા અનુભવ અથવા તે બન્ને ધરાવતા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય મર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત રાજ્ય સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર, ગુજરાત સરકારની નોકરીમાં અગાઉથી હોય તેવી વ્યકિતના કિસ્સામાં પણ ઉપલી વય મર્યાદા હળવી કરી શકાશે.

વળી, પાયાની ડેન્ટલ લાયકાતવાળા ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે:

વળી, તે વિષયના સંશોધન કાર્યમાં અગાઉથી તાલીમ અને અનુભવ ધરાવતા, અને તે વિષય ઉપર મૌલિક સંશોધન કાર્ય માન્ય કરેલ સામાયિકોમાં પ્રસિધ્ધ કરેલ હોય તેવા ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

૪. સીધી પસંદગીથી નિમાયેલ ઉમેદવારને, બે વર્ષની મુદત સુધી પ્રોબેશન ઉપર રાખવામાં આવશે.

૫. પસંદ થયેલ ઉમેદવારે, વખતોવખત તે અર્થે સરકારે કરેલા નિયમો અનુસાર ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેની પરીક્ષા પાસ કરવી પડશે.

૬. દંત ચિકિત્સક અધિનિયમ, ૧૯૪૮ અથવા ગુજરાત મેડીકલ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૬૭ અથવા તે સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈપણ તત્સમાન કાયદા હેઠળ જો પસંદ થયેલ ઉમેદવારનું નામ રજિસ્ટર થયેલ ન હોય તો તેમણે ફરજ ઉપર જોડાતાં પહેલાં, પોતાનું નામ એવી રીતે રજિસ્ટર કરાવવું જોઈશે.

૭. જગા ઉપર નિમાયેલ ઉમેદવારને, તાલીમમાં ગાળેલી કોઈપણ મુદત હોય તો, તે સહિત ચાર વર્ષથી ઓછી નહિ તેટલી મુદત માટે, કોઈપણ સંરક્ષણ સેવામાં અથવા ભારતના સંરક્ષણ સાથે સંકળાયેલી કોઈ જગા ઉપર સેવા બજાવવાનું કામ ફરમાવવામાં આવે તો, તે તેમ કરવાને જવાબદાર રહેશે:

પરંતુ આવા ઉમેદવારને:

(ક) નિમણૂકની તારીખથી દસ વર્ષ પૂરા થયા પછી, ઉપર્યુકત પ્રમાણે સેવા બજાવવાનું ફરમાવી શકાશે નહિ, અને

(ખ) સામાન્યત: ૪૫ વર્ષની ઉંમરે પહોંચ્યા પછી, ઉપર્યુકત પ્રમાણે સેવા બજાવવાનું ફરમાવી શકાશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એમ. કિશ્ચિયન,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GN-2



The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, OCTOBER 31, 1996/KARTIKA 9, 1918 No. 44

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૭મી એપ્રિલ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૩૭/ટીપીએસ/૧૫૯૪–૨૮૧૮–એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ના ૩૭/ટીપીએસ/૧૧૯૪/૨૮૧૮/એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૨૦-૪-૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૦નો ૮૨/ટીપીએસ/૧૫૮૮-૧૦૧૬-(૯૦)-એલ. હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬, (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, બાવળા નગર પંચાયતે તેને સાદર કરેલ નગર રચના યોજના, બાવળા ક્રમાંક ૨નો મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો;

અને સદરહુ અધિનિયમની કલમ-૫૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે સદરહુ યોજનાના મુસદ્દા માટે, નગરરચના અધિકારીની નિમણૂંક કરી હતી;

અને નિમાયેલા નગર રચના અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૫૨ની પેટા-કલમ (૨) અને કલમ ૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે નગરરચના યોજના, બાવળા, ક્રમાંક-૨ પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા)ની કલમ ૬૫ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલ ફેરફારોને આધીન રહીને, "સદરહુ પ્રારંભિક યોજના" મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે, સદરહુ યોજના, રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન બાવળા મ્યુનિસિપલ બરોની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે;

(ગ) સદરહુ કલમ ૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે તારીખ ૨૫-૩-૧૯૯૬ નક્કી કરે છે.

અનુસૂચિ

વિકાસ નિયંત્રણ વિનિયમોને પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાંથી બાકાત રાખવામાં આવેલા છે એમ ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

જે. એચ. તમાકુવાલા,

ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુક્ત સચિવ,

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૭મી એપ્રિલ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ના ૩૮/ટીપીએસ/૧૧૯૫-૮૮૬-એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ના ૩૮/ટીપીએસ-૧૧૯૫-૮૮૬-એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૮૭ના ૪૮/ટીપીએસ-૧૧૮૬-૪૬૫-(૮૭)-એલ, હેઠળ ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા-કલમ(૨)થી મળેલી સત્તાની રુએ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદે તેને સાદર કરેલ નગરરચના યોજના, અમદાવાદ ક્રમાંક ૨૨ પાલડી વિસ્તરણ) દ્વિતીય ફેરફાર કરેલ નો મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહુ દ્વિતીય ફેરફાર કરેલ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો;

અને, સદરહુ અધિનિયમની કલમ-૫૦થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણુંક કરી હતી;

અને, નીમાયેલા નગર રચના અધિકારીએ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૫૨ની પેટા કલમ (૨) અને કલમ ૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના, અમદાવાદ ક્રમાંક: ૨૨ (પાલડી વિસ્તરણ)(દ્વિતીય ફેરફાર કરેલ) પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ દ્વિતીય ફેરફાર કરેલ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે) ગુજરાત સરકારને સાદર કરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૬૫થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલ ફેરફારોને અધીન રહીને, "સદરહુ દ્વિતીય ફેરફાર કરેલ પ્રારંભિક યોજના" મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે સદરહુ યોજના, રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે, અને

(ગ) સદરહુ કલમ ૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે તારીખ ૨૫મી માર્ચ, ૧૯૯૬ નક્કી કરે છે.

અનુસૂચિ

(૧) દ્વિતીય ફેરફાર કરેલ પ્રારંભિક યોજના હેઠળના સૂચિત વિકાસ કામો પૂરા કરવાની સમય મર્યાદા, સદરહુ દ્વિતીય ફેરફાર કરેલ પ્રારંભિક યોજના અમલમાં આવે તે તારીખથી એક વર્ષની રહેશે.

(૨) દ્વિતીય ફેરફાર કરેલ પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાં, ફેર વહેંચણી પત્રકમાં, કોલમ નં. ૨માં અનુક્રમાંક: ૬ના પાના નંબર ૩૧ ઉપર "સમુચિત સત્તામંડળ" એ શબ્દોને બદલે, "સમુચિત સત્તામંડળ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૩મી એપ્રિલ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી માર્ચ, ૧૯૯૬ના ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીપી-૬-ડીઓનટી-૨૨૭૯-૧૩૧૭-(૯૬)-વી, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,

સરકારના નાયબ સચિવ

Notification

Re

THE PROFESSOR IN GENERAL PHARMACOLOGY IN GENERAL STATE SERVICES, CLASS-I, RECRUITMENT RULES, 1996.

સામાન્ય રાજ્ય સેવા વર્ગ-૧માં સામાન્ય ઔષધ વિજ્ઞાનના પ્રોફેસરની ભરતી ના નિયમો, ૧૯૯૬ સંબંધી જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૯મી માર્ચ, ૧૯૯૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જીપી-૬-ડીઓનટી-૨૨૭૯-૧૩૧૭-(૯૬)-વી.—ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, સરકારી ડેન્ટલ કોલેજો અને હોસ્પિટલોમાં સામાન્ય રાજ્ય સેવા વર્ગ-૧માં, સામાન્ય ઔષધ વિજ્ઞાનના પ્રોફેસરની જગા ઉપરની ભરતીનું નિયમન કરવા માટે નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો સામાન્ય રાજ્ય સેવા વર્ગ-૧માં, સામાન્ય ઔષધ વિજ્ઞાનના પ્રોફેસરની ભરતીના નિયમો, ૧૯૯૬ કહેવાશે.

૨. સામાન્ય રાજ્ય સેવા, વર્ગ-૧માં, સરકારી ડેન્ટલ કોલેજો અને હોસ્પિટલો ખાતે સામાન્ય ઔષધ વિજ્ઞાનમાં પ્રોફેસરની જગા ઉપરની નિમણૂક.—

(ક) સરકારી ડેન્ટલ કોલેજોમાં, સામાન્ય ઔષધ વિજ્ઞાનના મદદનીશ પ્રોફેસર તરીકે કામ કરતી અને સીધી પસંદગીથી નિમણૂક માટે નિયમ ૩માં ઠરાવેલી શૈક્ષણિક લાયકાત અને શિક્ષણ કાર્યનો અનુભવ ધરાવતી વ્યકિતઓમાંથી સિધ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યકિતને બઢતી આપીને; અથવા

(ખ) સીધી પસંદગીથી, કરવામાં આવશે :

પરંતુ, બઢતી દ્વારા જગા ભરવા માટે યોગ્ય ઉમેદવારો પ્રાપ્ય ન હોય ત્યારે જ સીધી પસંદગીથી નિમણૂક કરવામાં આવશે.

૩. નિયમ-૨માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,—

(ક) ૪૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈએ નહિ;

(ખ) (૧) ગુજરાતમાંની વૈધાનિક યુનિવર્સિટીની બી. ડી. એસ.ની પદવી અથવા ભારતની ડેન્ટલ કાઉન્સિલ દ્વારા માન્ય કરાયેલ અન્ય કોઇપણ સમકક્ષ લાયકાતો; અથવા ગુજરાતમાંની વૈધાનિક યુનિવર્સિટીમાંથી એમ. બી. બી. એસ.ની પદવી અથવા ભારત મેડીકલ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૫૬ની પહેલી અથવા બીજી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી અન્ય કોઇપણ લાયકાતો ધરાવતો હોવો જોઈશે;

(૨) ઔષધ વિજ્ઞાનમાં અનુસ્નાતકની પદવી અથવા ભારત મેડીકલ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૫૬ની અથવા બીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી સમકક્ષ લાયકાતો ધરાવતો હોવો જોઇશે.

(૩) ઉપરના ખંડ (ખ) (૨)માં નિર્દિષ્ટ કરેલ અનુસ્નાતક લાયકાત મેળવ્યા પછી મેડીકલ અથવા ડેન્ટલ કોલેજમાં ઔષધ વિજ્ઞાનના મદદનીશ પ્રોફેસર તરીકે આશરે નવ વર્ષનો શિક્ષણ કાર્યનો અનુભવ ધરાવતો હોવો જોઇશે:

પરંતુ, અસાધારણ સારી લાયકાતો અથવા અનુભવ અથવા તે બન્ને ધરાવતા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

INDEX

વધુમાં, ગુજરાત રાજ્ય સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર, ગુજરાત સરકારની નોકરીમાં અગાઉથી હોય તેવી વ્યકિતના કિસ્સામાં પણ ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

વળી, પાયાની ડેન્ટલ લાયકાતવાળા ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે :

વળી, તે વિષયમાં સંશોધન કાર્યમાં અગાઉથી તાલીમ અને અનુભવ ધરાવતા હોય અને તે વિષય પર મૌલિક સંશોધન કાર્ય માન્ય કરેલ સામયિકોમાં પ્રસિધ્ધ કરેલ હોય તેવા ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

૪. સીધી પસંદગીથી નિમાયેલ ઉમેદવારને, બે વર્ષની મુદત સુધી પ્રોબેશન ઉપર રાખવામાં આવશે.

૫. પસંદ થયેલ ઉમેદવારે, વખતોવખત તે અર્થે સરકારે કરેલા નિયમો અનુસાર ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેની પરીક્ષા પાસ કરવી પડશે.

૬. દંત ચિકિત્સક અધિનિયમ, ૧૯૪૮ હેઠળ અથવા ગુજરાત મેડીકલ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૬૭ અથવા તે સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈપણ તત્સમાન કાયદા હેઠળ જો પસંદ થયેલ ઉમેદવારનું નામ રજિસ્ટર થયેલ ન હોય તો તેમણે ફરજ ઉપર જોડાતાં પહેલાં પોતાનું નામ એવી રીતે રજિસ્ટર કરાવવું જોઈશે.

૭. જગા ઉપર નિમાયેલ ઉમેદવારને તાલીમમાં ગાળેલી કોઈપણ મુદત હોય તો તે સહિત ચાર વર્ષથી ઓછી નહિ તેટલી મુદત માટે, કોઈપણ સંરક્ષણ સેવામાં અથવા ભારતના સંરક્ષણ સાથે સંકળાયેલી કોઈપણ જગા ઉપર સેવા બજાવવાનું ફરમાવવામાં આવે તો તે તેમ કરવાને જવાબદાર રહેશે;

પરંતુ આવા ઉમેદવારને :

(ક) નિમણૂકની તારીખથી દસ વર્ષ પૂરા થયા પછી, ઉપર્યુકત પ્રમાણે સેવા બજાવવાનું ફરમાવી શકાશે નહિ, અને

(ખ) સામાન્યત: ૪૫ વર્ષની ઉંમરે પહોંચ્યા પછી, ઉપર્યુકત પ્રમાણે સેવા બજાવવાનું ફરમાવી શકાશે નહિ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એમ. કિશ્ચયન,
સરકારના નાયબ સચિવ.

XI—117

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

REGISTERED NO. G/GNR/

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, NOVEMBER 21, 1996/KARTIKA 30, 1918 [No. 47

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી એપ્રિલ, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૨૬૫/ડીવીપી/૧૩૮૮-૧૩૦૨-(૯૪)-એલ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી એપ્રિલ, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૪નો ૨૬૫/ડીવીપી/૧૩૮૮-૧૩૦૨-(૯૪)-એલ. — ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી તારીખ ૨૯મી માર્ચ, ૧૯૯૦ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪બી અસાધારણ, પાના નં. ૫૬-૧૦-થી ૫૬-૧૨ ઉપર પ્રસિધ્ધ કરેલા શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના, તારીખ ૨૯મી માર્ચ, ૧૯૯૦નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચ/વી/૧૯૯૦નો ૪૧/ડીવીપી-૧૩૮૮-૮૮૬-(૯૦)- એલ રદ કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,

સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકતસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૪થી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/એલ/૧૭/ડીએનએસ/૧૦૮૫/૪૬૨/એમ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT ARTICLES UNFIT FOR USE AS INTOXICATING LIQUOR (MANUFACTURE AND IMPORT) REGULATION RULES, 1966

ગુજરાતના કેફીદારુ તરીકે ઉપયોગ કરવા માટે અયોગ્ય હોય તેવી ચીજોના (ઉત્પાદન અને આયાતના) નિયમન બાબતના નિયમો, ૧૯૬૬ સુધારવા સંબંધી જાહેરનામું

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૯૬.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એલ/૧૭/ડીએનએસ/૧૦૮૫/૪૬૨/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ ૧૦૭ સાથે વાંચતા, તેની કલમ ૧૪૩ની પેટા-કલમ (૧) અને પેટા-કલમ (૨)ના ખંડ (ભ) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ કલમ ૧૪૩ની પેટા-કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારુ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પુરા થયે અથવા તે પછી ગુજરાત સરકાર સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

INDEX

૨. ઉપર્યુકત મુદત પૂરી થતાં પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી, નશાબંધી અને આબકારી નિયામક ગુજરાત રાજય, ઓ/૨, ન્યુ મેન્ટલ હોસ્પિટલ બિલ્ડીંગ, અસારવા, અમદાવાદ-૩૮૦૦૧૬ને, જે કાંઈ વાંધા અથવા સૂચનો મળશે તે, સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાં : જીએચ/એલ/૧૭/ડીએનએસ/૧૦૯૫/૪૬૨/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ ૧૦૭ સાથે વાંચતા તેની, કલમ ૧૪૩ની પેટા-કલમ (૧) અને પેટા-કલમ (૨)ના ખંડ (ભ) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાતના કેફી દારુ તરીકે ઉપયોગ કરવા માટે અયોગ્ય હોય તેવી ચીજોના (ઉત્પાદન અને આયાતના) નિયમન બાબતના નિયમો, ૧૯૬૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો 'ગુજરાતના કેફી દારુ તરીકે ઉપયોગ કરવા માટે અયોગ્ય હોય તેવી ચીજોના (ઉત્પાદન અને આયાતના) નિયમન બાબતના (સુધારા) નિયમો', ૧૯૯૫ કહેવાશે.

૨. ગુજરાતના કેફીદારુ તરીકે ઉપયોગ કરવા માટે અયોગ્ય હોય તેવી ચીજોના (ઉત્પાદન અને આયાતના) નિયમન બાબતના નિયમો, ૧૯૬૬ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ થયો છે તે)માં, નિયમ-૪માં "રૂપિયા પચાસની ફી"એ શબ્દોને બદલે, "રૂપિયા પંચોતેરની ફી" એ શબ્દો મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૧૨માં, પેટા-નિયમ (૨)માં, —

(ક) ખંડ (૧)માં, "માત્ર રૂા. ૧૦૦" એ અક્ષરો, આંકડા અને શબ્દોને બદલે, "માત્ર રૂા. ૧૫૦/-"એ અક્ષરો, આંકડા અને શબ્દો મૂકવા.

(ખ) ખંડ (૨)માં, "માત્ર રૂા. ૧૦/-" એ અક્ષરો, આંકડા અને શબ્દોને બદલે, "માત્ર રૂા. ૧૫/-" એ અક્ષરો, આંકડાં અને શબ્દો મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ-૧૫માં, પેટા-નિયમ (૨)માં, "રૂપિયા દસની ફી" એ શબ્દોને બદલે, "રૂપિયા પંદરની ફી" એ શબ્દો મૂકવા.

૫. સદરહુ નિયમોમાં, નમૂના એસ.એ.-૧માં, પ્રસ્તાવનાના બીજા પરિચ્છેદમાં, "રૂપિયા પચાસની ફી" એ શબ્દોને બદલે, "રૂપિયા પંચોત્તેરની ફી" એ શબ્દો મૂકવા.

૬. સદરહુ નિયમોમાં, નમૂના એસ.એ.-૩માં, પ્રસ્તાવનામાં, "રૂપિયા દસની ફી" એ શબ્દોને બદલે "રૂપિયા પંદરની ફી" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એચ. એસ. રાઠોડ,
સરકારના ઉપ-સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૧લી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૭મી મે, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-વી-૧૯૯૬નો ૬૨/ટીપીએસ/૧૯૯૨/૨૮૪૦/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ૧૭મી મે, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક: જીએચ-વી-૧૯૯૬નો ૬૨/ટીપીએસ/૧૯૯૨/૨૮૪૦/એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૯મી માર્ચ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૮નો ૭૪/ટીપીએસ/૧૯૮૭/૧૮૭૫/૮૮-એલ, હેઠળ ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદર અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રુએ, ઉના વિસ્તાર વિકાસ સત્તામંડળે પોતાને સાદર કરેલી નગરરચના યોજના, ઉનાં નં. ૪નો મુસદ્દા (જેનો આમાં હવે પછી "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે. તે) મંજૂર કર્યો હતો.

અને સદરહુ અધિનિયમની કલમ-૫૦થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણૂંક કરી હતી;

અને નગર રચના અધિકારીએ ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૫૨ની પેટા-કલમ (૨) અને કલમ ૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના ઉના નં. ૪ પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી હતી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી—

(ક) આ સાથે જોડેલી અનુસુચિમાં જણાવેલા ફેરફારોને અધીન રહીને, "સદરહુ પ્રારંભિક યોજના" મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે સદરહુ યોજના, ઉના વિસ્તાર વિકાસ સત્તામંડળ ઉનાની કચેરીમાં, કચેરીના સમય દરમિયાન, દરરોજ, રવિવાર અને રજાના દિવસો સિવાય, લોકોને જોવા માટે ખુલ્લી રહેશે, અને

(ગ) સદરહુ કલમ ૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે, સન ૧૯૯૬ના જૂન મહિનાની ૧૮મી તારીખ નક્કી કરે છે.

અનુસૂચિ

૧. વિકાસ નિયંત્રણ વિનિયમોને પ્રારંભિક યોજના દસ્તાવેજોમાંથી બાકાત કર્યા હોય તેમ ગણવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા
ગુજરાત સરકારના ખાસ ફરજપરના અધિકારી અને સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૧લી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૦મી મે, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીજી/૬૬/૯૨/ ગોટી ગે-૧૭૯૬/૩૯૩/ખ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE BOMBAY MOTOR VEHICLES TAX ACT, 1958

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૨૦મી મે, ૧૯૯૬.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીજી/૯૬/૯૨/એમટીએ-૧૭૯૬/૩૯૩/ખ.—મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ના નિયમ ૧૬-કની સાથે વાંચતા, મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૧૩ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ક્ષયરોગ સંશોધન કેન્દ્ર શ્રી કે. જે. મહેતા ટી. બી. હોસ્પિટલ, અમરગઢ, (જિ. ભાવનગર)ની માલિકીના જે મોટર વાહન તબીબી ઉદ્દેશ સાધવા માટે ઉપયોગમાં લેવાતા હોય અથવા ઉપયોગ કરવા માટે રાખેલ હોય તે મોટર વાહનને, નોંધણી ચિહ્ન ક્રમાંક : જીજે-૪-ટી. ૯૮૧૩ (મોબાઈલ વાન)ને, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થવાની તારીખથી અમલમાં આવે તેમ, ઉપર્યુક્ત ઉદ્દેશ સાધવા માટે એવી રીતે ઉપયોગમાં લેવાનું અથવા ઉપયોગ કરવા માટે રાખવાનું ચાલુ રાખવામાં આવે ત્યાં સુધી, વેરો ભરવામાંથી સંપૂર્ણતઃ મુક્તિ આપે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટકર,
સરકારના ઉપ—સચિવ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR

INDEX

REGISTERD NO. G/GNR/2.





The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, NOVEMBER 28, 1996/ AGRAHAYANA 7, 1918 No. 48

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૭મી મે, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૯૬નો ૬૬/ડીવીપી-૧૧૯૦-૧૩૧૨-એલ--નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિક્ષારી;
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ

જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી મે, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ના ૬૬/ડીવીપી-૧૧૯૦-૧૩૧૨-એલ.— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે તારીખ ૨૭ નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭ના ૨૪૦–ડીવીપી-૧૧૮૩-૪૪૨૦-(૮૭) એલ હેઠળ મંજૂર કરેલ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેલ્લી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક: ૨૭મા) ની કલમ–૧૮ ની પેટા કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી.—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે ; અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨ જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭/ના ૨૪૦/ડીવીપી- ૧૧૮૩-૪૪૨૦-(૮૭)-એલ થી મંજૂર કરેલી ઔડાની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

---

(૧) ઔડાની મંજૂર કરેલ વિકાસ યોજનામાં "ખુલ્લી જગ્યા" માટે મુકરર કરેલ અને આ સાથે જોડેલા પ્લાનમાં "ABCDEFGH-IJKLMNA" અને ("OPQO") તરીકે દર્શાવેલ ગામ કઠવાડા, તાલુકા-દસક્રોઈની મહેસૂલી સરવે નં. ૮૩૨, ૮૩૩/પૈકી, ૮૩૪/પૈકી, ૮૩૫/પૈકી, ૮૩૭/પૈકી, ૮૩૮, ૮૩૯/પૈકી, ૮૪૦/પૈકી, ૮૪૧/પૈકી, ૮૪૨, ૯૧૪/પૈકી, ૯૧૫/ભાગ, ૯૧૬/ભાગ, ૯૧૭, ૯૧૮, ૯૧૯, ૯૨૦/ભાગ, ૯૨૧/ભાગ, ૯૩૫/ભાગ, ૯૩૬/ભાગ, ૯૩૭, ૯૩૮ ૯૩૯, ૯૪૦/ભાગ, ૯૪૧/ભાગ, ૭૫૬ અને ૭૫૭ વાળી જમીનો, સદરહુ મુકરર કરેલી જમીનોમાંથી, કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૧ પર દર્શાવ્યા પ્રમાણે "સામાન્ય ઔદ્યોગિક ઝોન" તરીકે મુકરર કરવી.

(૨) ઔડાની મંજૂર કરેલ વિકાસ યોજનામાં "કૃષિવિષયક ઝોન" માટે મુકરર કરેલ, આ સાથે જોડેલા પ્લાનમાં "HIRSTUVWHMNXM" અને "ABCDEFA" તરીકે દર્શાવેલ ગામ કઠવાડા, તાલુકા : દસક્રોઈની મહેસૂલી સરવે નં. ૯૪૦/પૈકી, ૯૪૧/પૈકી, ૯૨૦/પૈકી, ૯૧૪/ભાગ, ૯૧૫/પૈકી, ૯૧૬/પૈકી ૮૩૯/ભાગ, ૮૪૦/ભાગ ૮૪૧/ભાગ અને ૮૪૪ વાળી જમીનો, સદરહુ મુકરર કરેલી જમીનોમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૨ પર દર્શાવ્યા પ્રમાણે "સામાન્ય ઔદ્યોગિક ઝોન" તરીકે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૨૧મી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૧મી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચટી ૯૬-૧૬) એમએનઆર ૧૦૯૫-૧૧૦૮-ઈ નો ગુજરાતી અનુવાદ અથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

Notification

Re.

AMENDMENT TO THE GUJARAT ENTERTAINMENTS TAX RULES, 1979.

ગુજરાત મનોરંજન કર નિયમો, ૧૯૭૯ સુધારવા સંબંધી જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૧૧મી જૂન, ૧૯૯૬.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક : જીએચટી (૯૬-૧૬) એમઅનઆર-૧૦૯૫-૧૧૦૮-ઈ. -ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા)ની કલમ-૩૧ હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદો, સદરહુ કલમ-૩૧ની પેટા કલમ (૪)થી કરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોઈને તમામ વ્યકિતઓની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે રાજય પત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસપૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પુરી થતાં પહેલાં, સદરહુ મુસદાના સંબંધમાં કોઈ વ્યકિત તરફથી, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, માહિતી પ્રસારણ અને પ્રવાસન વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કંઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદો

ક્રમાક : (જીએચટી-૯૬-૧૬) એમ. એન.આર-૧૦૯૫-૧૧૦૮-ઈ ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૩૧થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મનોરંજન કર નિયમો, ૧૯૭૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે;

૧. આ નિયમો ગુજરાત મનોરંજન કર (સુધારા) નિયમો, ૧૯૯૬ કહેવાશે.

૨. ગુજરાત મનોરંજન કર નિયમો, ૧૯૭૯માં, નિયમ-૧૭માં, પેટા-નિયમ (૧)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :

(૧) માલિકે, કોમ્પ્લીમેન્ટરી ટિકિટો ન હોય તેવી ટિકિટોનું પુરતા પાનાં ધરાવતું રજિસ્ટર રાખવું જોઈશે. જેથી કરીને તેમાં આખા નાણાંકીય વર્ષના હિસાબો એક સાથે રાખી શકાય."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જી. એસ. રોય
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૨૧મી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી મે, ૧૯૯૬ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કોપી/૧૯૯૬નો ૧૩-વીબીએન/૩૧૯૪/૨૩૬૮-૨૦૭-ચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૨૧મી મે, ૧૯૯૬.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩

ક્રમાંક : કેપી/૧૯૯૬નો-૧૩-વીબીએન/૩૧૯૪-૨૩૬૯-૧૦૭-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૭૭ની મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, વિજાપુર અને જિલ્લા પંચાયત મહેસાણા સાથે વિચાર-વિનિમય કર્યા પછી :—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ-૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારો બાકાત કર્યા પછી,

(૨) સદરહુ અનુસૂચિના કોલમ-૩માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારોના બનતા, કોલમ ૬માં જણાવેલા નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત રાખેલ સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી પછી બનેલા નવા ગામોનાનામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	વિજાપુર	માણેકપુર—મકાખાંડ	૧. માણેકપુર (મહેસૂલી ગામ)		૧. માણેકપુર	૧. માણેકપુર (મહેસૂલી ગામ)
૨.			૨. મકાખાડ (પેટાપરા)	મકાખાડ (પેટાપરા)	૨. મકાખાડ	૨. મકાખાડ (પેટા પરા)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૧મી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૧મી જુન, ૧૯૯૬ના ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ના સંસ્કારી જાહેરનામા ક્રમાંક : જીવાય/૯૬-/૧૯/પીએફએ/૧૦૯૫--૧૬૮૯--(૯૬)/જેએચ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Nortification

Under

THE PREVENTION OF FOOD ADULTERATION ACT. 1954.

ખાદ્ય પદાર્થ ભેળસેળ પ્રતિબંધ અધિનિયમ, ૧૯૫૪ હેઠળ જાહેરનામું

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી જુન, ૧૯૯૬.

ખાદ્ય પદાર્થ ભેળસેળ પ્રતિબંધ અધિનિયમ, ૧૯૫૪.

ક્રમાંક:- જીવાય/૯૬/૧૯/પીએફએ-૧૦૯૫--૧૬૮૯-(૯૬)-જએચ.—ખાદ્ય પદાર્થ ભેળસેળ પ્રતિબંધ અધિનિયમ, ૧૯૫૪ (સન ૧૯૫૪ના અધિનિયમ ક્રમાંક : ૩૭)ની કલમ ૮ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદરના વિસ્તાર માટે, શ્રી અતુલકુમાર શંકરલાલ સોનીને સરકારી પૃથકકાર તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

શ્રીમતી અનુરાધા મલ્લ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૬/૧૧૭/એમવીઆર/૧૦૯૫/૩૯૨૧/ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re.

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES RULES 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જૂન, ૧૯૯૬.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૬/૧૧૭/એમવીઆર/૧૦૯૫/૩૯૨૧/ખ.— ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારતા નિયમોના મુસદ્દો, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા) ની કલમ-૨૧૨ની પેટા-કલમ (૧) થી દર્શાવ્યા પ્રમાણે તારીખ ૨૪મી મે, ૧૯૯૬ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ ભાગ ૪-એમાં પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી તારીખ ૨૪મી જૂન, ૧૯૯૬ સુધીમાં વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યાં હતાં.

અને, સરકારને, સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં કોઈપણ વ્યકિત તરફથી વાંધા અથવા સૂચનો મળ્યાં નથી.

તેથી, હવે, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા) ની કલમ ૧૦૭ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

INDEX

૧. આ નિયમો ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૧૯૯૬ કહેવાશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯માં, નિયમ ૧૩૭ પછી, નીચેનો નવો નિયમ દાખલ કરવો :-

"૧૩૭ ક. રાજ્ય વાહન-વ્યવહાર અન્ડરટેકિંગ દ્વારા ખાનગી બસો ભાડે લેવા બાબત."

નિયમ ૧૩૭માં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય વાહન-વ્યવહાર અન્ડરટેકિંગ પોતાની સેવાઓ ચલાવવા તેનું પોતાનું વાહન ઉપલબ્ધ ન કરી શકે ત્યારે તે, નિયમો ૭૦ અને ૭૧ની જોગવાઈઓ અનુસાર પરમિટ મેળવ્યા પછી નિર્દિષ્ટ વિસ્તારો અથવા નિર્દિષ્ટ રૂટોમાં ચલાવવા માટે, નક્કી કરેલ ભાડાના દર ચૂકવીને કોઈપણ ખાનગી વાહન ભાડે રાખી શકશે."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. યુ. ગામીત,
સેક્શન અધિકારી.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૬/૧૧૯/એમવીઆર/૧૦૯૨/૪૨૯૮/ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ

Notification

Re.

AMENDMENT TO THE BOMBAY MOTOR VEHICLES (TAXATION OF PASSENGERS) ACT, 1958.

મુંબઈ મોટર વાહન (ઉતારુવેરા) નિયમો, ૧૯૫૮ સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી જુલાઈ, ૧૯૯૬.

મુંબઈ મોટર વાહન (ઉતારુવેરા) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જી/જી/૯૬/૧૧૯/એમવીઆર/૧૦૯૨/૪૨૯૮/ખ.— મુંબઈ મોટર વાહને (ઉતારુવેરા) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૭મા) ની કલમ ૨૨ હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૨૨ની પેટા-કલમ (૩) થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓની જાણ સારુ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થયે અથવા તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યકિત તરફથી અધિક મુખ્ય સચિવ (વાહન વ્યવહાર), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કોઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો.

ક્રમાંક : જી/જી/૯૬/૧૧૯/એમવીઆર/૧૦૯૨/૪૨૯૮/ખ.— મુંબઈ મોટર વાહન, વાહન (ઉતારુવેરો) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૭મા) ની કલમ ૨૨થી મળેલી સત્તાની રૂએ, જેટલે સુધી ગુજરાત રાજ્યને લાગુ પાડતી હોય તેટલે સુધી, ગુજરાત સરકાર, આથી, મુંબઈ મોટર વાહન (ઉતારુવેરો) નિયમો, ૧૯૫૮ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો, "મુંબઈ મોટર વાહન (ઉતારુવેરો) (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૬ કહેવાશે.

૨. મુંબઈ મોટર વાહન (ઉતારુવેરો) નિયમો, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ ૪માં, પેટા-નિયમ (૧)માં, "વાહન વ્યવહાર નિયામક" એ શબ્દોને બદલે, "વાહન વ્યવહાર કમિશનર અથવા યથાપ્રસંગ વાહન વ્યવહાર નિયામક" એ શબ્દો મૂકવા.

INDEX

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦માં, પેટા-નિયમ (૨)માં, "વાહન વ્યવહાર નિયામક" એ શબ્દોને બદલે, "વાહન વ્યવહાર કમિશનર અથવા યથાપ્રસંગ વાહન વ્યવહાર નિયામક" એ શબ્દો મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૧૨માં, પેટા-નિયમ (૧)માં, "અથવા નાયબ સચિવ" એ શબ્દો કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઓન. એસ. પાટલીયા,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જૂલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ નો ૯૭/ટીપીએસ--૧૩૯૪/૧૦૯૯/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જૂન, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૯૭/ટીપીએસ--૧૩૯૪/૧૦૯૯/એલ.— શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૭મી મે, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૮૨નો ૮૧/ટીપીએસ/૧૩૩૪/૧૫૨૫/એલ હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૪૮ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, રાજકોટ, શહેરી વિકાસ સત્તામંડળે પોતાને સાદર કરેલી નગરરચના યોજના, રાજકોટ નં. ૨ (નાના મવા) નો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો ;

અને સદરહુ અધિનિયમની કલમ ૫૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, સદરહુ યોજનાના મુસદ્દા માટે નગરરચનાના અધિકારી ની નિમણૂંક કરી હતી ;

અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૯મી ઓગસ્ટ, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૯નો ૧૪૬/ટીપીએસ--૧૯૮૮/૨૪૫૪-(૮૯)-એલ હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬નાં રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૬૫થી મળેલી સત્તાની રૂએ, નગરરચના યોજના રાજકોટ નં. ૨(નાના મવા) પ્રારંભિક મંજુર કરી છે ;

અને નગરરચના અધિકારીએ, સદરહુ અધિનિયમની કલમ ૫૨ની પેટા--કલમ (૨) અને કલમ ૬૨ની પેટા--કલમ (૨) હેઠળ કરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના રાજકોટ નં. ૨ (નાના મવા) છેવટની યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ છેવટની યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરેલ છે ;

INDEX

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફારને આધીન રહીને, "સદરહુ છેવટની યોજના" મંજૂર કરે છે ;

(ખ) જાહેર કરે છે કે, સદરહુ છેવટની યોજના, રવિવાર અને રજાના દિવસો સિવાય તમામ કામકાજનાં દિવસોએ કચેરીના સમય દરમિયાન, રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે; અને

(ગ) સદરહુ કલમ ૬૫ની પેટા--કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે તારીખ ૨૨મી જુલાઈ, ૧૯૯૬ નક્કી કરે છે .

અનુસૂચિ

યોજના બુકમાં, વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના નંબર ૧૩ ઉપર, વિનિયમ ક્રમાંક ૬.૨ (ક) (૧)માં કરેલી જોગવાઈ એટલે કે, "પરંતુ જ્યારે નગરરચના યોજના જાહેર હેતુ માટે અમલમાં હોય અને અનામત, સદરહુ નગરરચના યોજના હેઠળ કરેલી હોય ત્યારે સક્ષમ સત્તાધિકારી, વિનિમય ક્રમાંક : ૧૩.૧ ૭--ક અને ૧૩.૧ ૭--ખ અને સહિયારા પ્લોટની જોગવાઈઓના લગતા બીજા કોઈપણ વિનિયમોની જોગવાઈઓમાંથી, નગરરચના યોજના હેઠળ જાહેર હેતુ માટે ઉપર જણાવેલી અનામત વિચારણામાં લીધા પછી પૂર્ણત: અથવા અંશત: પ્લોટના માલિકને મુકિત આપી શકશે." એ મજકૂર કમી કરવો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ--નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૬નો ૧૦૪/ટીપીએસ--૧૪૯૫/૧૮૪૯--એલ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જુન, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૦૪-ટીપીએસ-૧૪૯૫/૧૮૪૯-એલ.--ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૧ હેઠળ, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને નગરરચના યોજના, સુરત નં. ૨૪ (ટૂંકી) કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો ;

અને સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા-કલમ (૧) હેઠળ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને (જેને આમાં હવે પછી, "સદરહુ મ્યુનિ-સિપલ કોર્પોરેશન" કહ્યુ છે તેણે) નગરરચના યોજના, સુરત નં. ૨૪ (ટૂંકી) માં સમાવિષ્ટ વિસ્તારનાં સંબંધમાં યોજનાનો મુસદ્દો (જેને આમાં હવે પછી," સદરહુ યોજનાનો મુસદ્દો" કહ્યો છે તે) ઠરાવેલી રીતે તૈયાર કરીને, યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો ;

INDEX

અને પોતાને મળેલાં વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશને, સદરહુ અધિનિયમની કલમ ૪૮ હેઠળ તેમાં જોગવાઈ કરેલી રીતે, મંજૂરી માટે રાજ્ય સરકારને સદરહુ યોજનાનો મુસદ્દો રજૂ કરેલો ;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી.--

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા ફેરફારોને અધીન રહીને, સદરહુ યોજનાનો મુસદ્દો મંજૂર કરે છે; અને

(ખ) જાહેર કરે છે કે સદરહુ યોજનાનો મુસદ્દો, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીમાં, તમામ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લો રહેશે.

અનુસૂચિ

(૧) સુરત શહેરી વિકાસ સત્તામંડળની પ્રસિધ્ધ કરેલ સુધારેલી વિકાસ યોજનામાં,મૂળ પ્લોટ નં. ૨૮/ભાગ, ૨૯/ભાગ, ૩૭, ૩૮/ભાગ ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫/ભાગ અને ૫૯//ભાગ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે અનામત હેઠળ સૂચિત કરેલ છે. મંજૂર કરેલ સુધારેલી વિકાસ યોજનામાં આ અનામત ચાલુ રહે ત્યારે યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે નગરરચના અધિકારીએ ઉપરના સદરહુ મૂળ પ્લોટોની નવેસરથી રચના કમી કરવાનો નિર્ણય કરવો જોઈશે.

(૨) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, એ જોવું જોઈશે કે દરેક મૂળ પ્લોટના વિસ્તારમાંના કપાતની ટકાવારી શક્ય હોય તેટલે સુધી, યોજના વિસ્તારમાંની સરેરાશ કપાતની ટકાવારીની સરખામણીએ સરખી રહે.

(૩) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, એ જોવું જોઈશે કે મૂળ પ્લોટ નં. ૨૮, ૫૮ અને ૫૯ દરેકના વિસ્તારમાંની કપાતની ટકાવારી, યોજના વિસ્તારમાંની સરેરાશ કપાતની ટકાવારીની સરખામણીએ સરખી રહે.

(૪) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ નીચેની નોંધ આમેજ કરવી.

"યોજના વિસ્તાર હેઠળ આવરી લીધેલ જમીનો, શહેરી જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૭૬ને અધીન રહેશે અને સદરહુ અધિનિયમ અનુસાર નિર્ણયને અધીન રહેશે."

(૫) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, શહેરી જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૭૬ હેઠળ ફાજલ પ્લોટો તરીકે જાહેર કરાયેલા જમીનના મૂળ પ્લોટોને બદલે અલગ યોગ્ય છેવટના પ્લોટોની ફાળવણી કરવા નિર્ણય લેવો જોઈશે, આમ કરતી વખતે, તેણે યોજનાના ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં યોગ્ય ફેરફાર કરવા જોઈશે.

(૬) યોજનાના મુસદ્દામાં, ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં, જુદા જુદા જાહેર હેતુઓ માટે સમુચિત સત્તામંડળને ફાળવેલા છેવટના પ્લોટોની માલિકી "સમુચિત સત્તામંડળ, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન"ની રહેશે.

(૭) જાહેર હેતુઓ માટે સમુચિત સત્તામંડળને ફાળવેલા છેવટના પ્લોટોના કિસ્સામાં, નગરરચના અધિકારીએ, સમુચિત સત્તામંડળ સાથે વિચાર-વિનિમય કરીને, જાહેર જનતા અને યોજના વિસ્તારને લાભદાયી ટકાવારીનો નિર્ણય કરવો જોઈશે.

(૮) યોજનાના મુસદ્દામાં, છેવટનો પ્લોટ નં. ૭૮, "આર્થિક રીતે નબળા વર્ગ"ને બદલે "સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગોના ગૃહનિર્માણ" માટે સમુચિત સત્તામંડળને ફાળવવામાં આવશે.

(૯) યોજનાના મુસદ્દામાં, છેવટના પ્લોટ નં. ૭૫ અને ૭૭, "આર્થિક રીતે નબળાવર્ગ"ને બદલે "સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગોના ગૃહનિર્માણ (ઔદ્યોગિક કામદારો)" માટે સમુચિત સત્તામંડળને ફાળવવામાં આવશે.

(૧૦) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે નગરરચના અધિકારીએ, સમુચિત સત્તામંડળ સાથે વિચાર--વિનિમય કરીને સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગના લોકો માટે ગૃહનિર્માણ માટેની ફાળવણી માટેની જોગવાઈ, યોજના વિસ્તારના ૫ ટકા સુધી વધારવાનો નિર્ણય લેવો જોઈશે. નગરરચના અધિકારીએ, યોજના વિસ્તારમાં અન્ય જાહેર હેતુઓ માટે ફાળવેલા છેવટના પ્લોટોના વિસ્તારમાં યોગ્ય ફેરફારો કરીને અને યોજના વિસ્તારમાં સરેરાશ ટકાવારી કપાત વધારે સિવાય આ બધું કરશે.

(૧૧) છેવટના પ્લોટ નં. ૬૨ અને ૭૧, જે " ઉપયોગિતા કેન્દ્ર" તરીકેના જાહેર હેતુ માટે દર્શાવેલ છે તે, આ અધિનિયમ હેઠળ વિશિષ્ટ જાહેર હેતુ સૂચવતા નથી, જ્યારે યોજનાને આખરી સ્વરૂપ આપવા નિમણૂક થાય ત્યારે નગરરચના અધિકારીએ સમુચિત સત્તામંડળ સાથે વિચાર--વિનિમય કરીને આ પ્લોટોના વિશિષ્ટ જાહેર હેતુનો નિર્ણય કરવો જોઈશે.

(૧૨) છેવટના પ્લોટ નં. ૬૯--૮૦ અને ૮૧--૮૨, જે "જિલ્લા કેન્દ્ર" અને "પેટા કેન્દ્ર" તરીકે જાહેર હેતુ માટે દર્શાવેલ છે તે, આધિનિયમ હેઠળ વિશિષ્ટ હેતુ સૂચવતા નથી, નગરરચના અધિકારીએ સમુચિત સત્તામંડળ સાથે વિચાર-વિનિમય કરીને અધિનિયમ હઠળ વિશિષ્ટ જાહેર હેતુનો નિર્ણય કરવો જોઈશે.

INDEX

(૧૩) છેવટનો પ્લોટ નં. ૭૩ જે " સ્ટાફ ક્વાર્ટર" તરીકેના જાહેર હેતુ માટે દર્શાવેલ છે તે, અધિનિયમ હેઠળ વિશિષ્ટ હેતુ સૂચવતો નથી, નગરરચનાના અધિકારીએ સદરહુ છેવટના પ્લોટનો "સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગના ગૃહનિર્માણ" તરીકે વિશિષ્ટ હેતુનો નિર્ણય કરવો જોઈશે.

(૧૪) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે નગરરચના અધિકારીએ, યોજનાના ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકના કોલમ નં. ૬ (ખ), ૯ (ખ) અને ૧૦ (ખ) માં બાંધકામ કરેલ મિલકત સંબંધી નિર્દેશ કરવો જોઇશે.

(૧૫) સંયુકત માલિકીમાં ફાળવેલા છેવટના પ્લોટના કિસ્સામાં, નગરરચના અધિકારીએ, ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકની વિશેષ નોંધની કોલમમાં વ્યકિતગત માલિકોના હક અને ભાગ સંબંધી નોંધ કરવી જોઈશે.

(૧૬) યોજનાના ફેર વહેંચણી અને મૂલ્યાંકન પત્રકો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ હેઠળ ઠરાવ્યા અનુસાર ન હોય, તેથી, યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીઓ, નિયમો અનુસાર ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકો તૈયાર કરવા જોઈશે.

(૧૭) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, ઈરાદાની જાહેરાતની તારીખ પહેલાંના છેલ્લા પાંચ વર્ષ દરમિયાનનાં તમામ સમાન અને પ્રાપ્ય વેચાણો એકઠા કરવા જોઈશે અને એકઠા કરેલા વેચાણો વિચારણામાં લીધા પછી મૂલ્યાંકનની પુનઃ વિચારણા કરવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૮મી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૬ના ૮૫/ડીવીપી-૨૭૯૩-૩૨૪૨-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોના જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી જૂન, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ના ૮૫/ડીવીપી-૨૭૯૩-૩૨૪૨-એલ.—વિસનગર વિસ્તાર વિકાસ સત્તામંડળે (વિસનગર નગરપાલિકા) (જિલ્લો મહેસાણા) (જેનો આમાં હવે પછી, "સદરહુ સત્તામંડળ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની જોગવાઈઓ હેઠળ પોતાની હદોમાં સમાવિષ્ટ કરેલી જમીનોના સંબંધમાં, સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી

સદરહુ સુધારેલી વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ-૧૩(૧) હેઠળ તૈયાર કર્યો હતો અને પ્રસિદ્ધ કર્યો હતો, અને સદરહુ સુધારેલી વિકાસ યોજના પ્રસિદ્ધ કરવા સંબંધી અને સૂચિત સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દા અંગે વાંધા અને સૂચનો મંગાવતી જાહેરખબર, તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૯૩ના ગુજરાત સરકારી રાજપત્ર, ભાગ-૨, પ્રકીર્ણ અને જાહેરાત વિભાગના પાના નં. ૨૪૫--૨૪૬ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવી હતી;

અને, ગુજરાત સરકારને, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઈઓ હેઠળ સદરહુ સત્તામંડળ (નગરપાલિકા) દ્વારા રાજ્ય સરકારને મંજૂરી માટે રજૂ કરેલી સદરહુ સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાંના ફેરફાર (જેનો આમાં હવે પછી, "સદરહુ ફેરફાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કરવાનું જરૂરી જણાયું હતું;

અને, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ--૧૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૨)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીઓચ/વી/૧૯૯૬નો ૧૯/ડીવીપી-૨૭૯૩-૩૨૪૨-ઓલ હેઠળ સદરહુ ફેરફાર, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ--૪-બીનાં પાના નં. ૩૨--૧ અને ૩૨--૨ ઉપર પ્રસિધ્ધ કર્યા હતા અને સૂચિત ફેરફારના સંબંધમાં કોઈ વ્યક્તિને કોઈ વાંધા અથવા સૂચનો હોય તો તે, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૬ના સદરહુ સરકારી જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવ્યું હતું;

અને, ગુજરાત સરકારને, સદરહુ ફેરફારના સંબંધમાં કોઈપણ સૂચનો અને વાંધા મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ--૧૭ની પેટા--કલમ (૧)ના ખંડ (ગ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:--

(ક) સદરહુ ફેરફારને આખરી સ્વરૂપ આપે છે;

(ખ) એવી રીતે આખરી સ્વરૂપ આપેલા અને આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણેના ફેરફારોને આધીન રહીને, સદરહુ વિકાસ યોજનાનો સુધારેલો મુસદ્દો અને તેના વિનિયમો મંજૂર કરે છે; અને

(ગ) સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો અમલમાં આવવાની તારીખ તરીકે સન ૧૯૯૬ના જુલાઈ મહિનાની ૧૯મી તારીખ, નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

ગુજરાત સરકારે આખરી સ્વરૂપ આપ્યા પ્રમાણેની વિસનગર વિસ્તારે વિકાસ સત્તામંડળ (વિસનગર નગરપાલિકા)ની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાંના ફેરફારો.

(૧) વિસનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં રહેણાંકના ઝોન માટે મુકરર કરેલી વિસનગરની સરવે નં. ૧૫૭/ભાગ, ૧૬૦/ભાગ અને ૧૬૨/ભાગવાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક--૧માં દર્શાવ્યા પ્રમાણે સદરહુ અધિનિયમની કલમ--૧૨(૨)(ક) હેઠળ "વાણિજ્યિક ઝોન" માટે મુકરર કરવી.

(૨) વિસનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "રહેણાંકના ઝોન" માટે મુકરર કરેલ વિસનગરની મહેસૂલી સરવે નં. ૨૭૨વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક--૨માં દર્શાવ્યા પ્રમાણે સદરહુ અધિનિયમની કલમ--૧૨(૨)(ક) હેઠળ "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરવી.

(૩) વિસનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "જાહેર હેતુ" માટે મુકરર કરેલી વિસનગરની મહેસૂલી સરવે નં. ૨૮૫૪, ૨૮૫૩/૧/ભાગ, ૨૮૫૫/ભાગ, ૨૮૫૨/ભાગ, ૨૮૫૯/ભાગ વાળી જમીનો, સદરહુ હેતુમાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક--૩માં દર્શાવ્યા પ્રમાણે સદરહુ અધિનિયમની કલમ--૧૨(૨)(ક) હેઠળ "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરવી.

(૪) વિસનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલી વિસનગરની સરવે નં. ૨૭૭૯/ભાગ, ૨૭૮૦/ભાગ, ૨૭૮૧, ૨૭૮૨/ભાગ, ૨૭૮૪/ભાગ, ૨૭૮૩/ભાગવાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક--૪માં દર્શાવ્યા પ્રમાણે સદરહુ અધિનિયમની કલમનો૧૨(૨)(ક) હેઠળ " વાણિજ્યિક ઝોન" માટે મુકરર કરવી.

INDEX

(૫) વિસનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "કૃષિવિષયક ઝોન" માટે મુકરર કરેલી વિસનગરની મહેસૂલી સરવે નં. ૨૨૫૮ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા બાનમાં અનુક્રમાંક--૫માં દર્શાવ્યા પ્રમાણે, સદરહુ અધિનિયમની કલમ--૧૨ (૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(૬) વિસનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "રહેણાંકના ઝોન" અને ઔદ્યોગિક ઝોન" તરીકે મુકરર કરેલી વિસનગરની મહેસૂલી સરવે નંબર ૨૪૯, ૨૨૪, ૫૮૬, ૫૯૨ વગેરે અને મહેસૂલી સરવે નંબર ૩૧૩, ૩૧૪ અને ૩૧૫ની દક્ષિણ હદની વચ્ચેની જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક--૬માં દર્શાવ્યા પ્રમાણે સદરહુ અધિનિયમની કલમ--૧૨(૨)(ક) હેઠળ "વોટર બોડી" તરીકે દશાવવી.

(૭) વિસનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "રહેણાંકના ઝોન" તરીકે મુકરર કરેલી વિસનગરની સરવે નંબર ૩૯/૧વાળા જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક--૭માં દર્શાવ્યા પ્રમાણે, સદરહુ અધિનિયમની કલમ--૧૨(૨)(ક) હેઠળ "વાણિજ્યક ઝોન" માટે મુકરર કરવી.

(૮) વિસનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "ઔદ્યોગિક ઝોન" તરીકે મુકરર કરેલી વિસનગરની મહેસૂલી સરવે નંબર ૬૪/ભાગ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક=૮માં દર્શાવ્યા પ્રમાણે સદરહુ અધિનિયમની કલમ--૧૨(૨)(ક) હેઠળ "રહેણાંક ઝોન" માટે મુકરર કરવી.

(૯) વિસનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "રહેણાંકના ઝોન" તરીકે મુકરર કરેલી વિસનગરની સરવે નંબર ૨૫૩૦, ૪૫૧/ભાગ, ૪૫૦/૧/ભાગ, ૩૦૮, ૩૦૯/૧, ૩૧૦, ૩૧૧વાળી અને "કૃષિવિષયક ઝોન" તરીકે મુકરર કરેલી વિસનગરની મહેસૂલી સરવે નંબર ૪૫૩/ભાગવાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક-૯મ દર્શાવ્યા પ્રમાણે, સદરહુ અધિનિયમની કલમ--૧૨(૨)(ક) હેઠળ "સ્મશાનભૂમિ/કબ્રસ્તાન" માટે મુકરર કરવી.

(૧૦) વિસનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "કબ્રસ્તાન/સ્મશાન" તરીકે દર્શાવેલી વિસનગરની મહેસૂલી સરવે નંબર ૩૯૦ વાળી જમીન, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક--૧૦ માં દર્શાવ્યા પ્રમાણે, સદરહુ અધિનિયમની કલમ--૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(૧૧) વિસનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં મહેસૂલી સરવે નંબર ૨૭૮૦/ભાગ, ૨૭૮૩/ભાગ, ૨૭૭૬/ભાગ વગેરે માંથી પસાર થતો સૂચિત ૧૨.૦ મીટર પહોળો રસ્તો કમી કરવો અને લાઈનદોરી, સદરહુ અધિનિયમની કલમ--૧૨(૨) (ક) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક--૧૧(ક) તરીકે દર્શાવેલા મહેસૂલી સરવે નંબર ૨૭૮૩ અને ૨૭૬૯ વચ્ચેના વિદ્યમાન નેળીયા પાસે ખસેડવી. આ રીતે કમી કરેલા સૂચિત રસ્તા હેઠળની જમીનો, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક--૧૧(ખ) ઉપર દર્શાવ્યા પ્રમાણે, સદરહુ અધિનિયમની કલમ--૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.

તા. ૧--૧૦--૧૯૯૬ થી તા. ૩૧--૧૦--૧૯૯૬ દરમ્યાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી

ક્રમ	અસાધારણ રાજપત્ર ક્રમાંક	જાહેરનામાનો નંબર અને તારીખ	પ્રસિધ્ધની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
		ભાગ--૯		
૧	૫૯	સન ૧૯૯૬નો ગુજરાત વટ હુકમ ક્રમાંક ૬	૧૨--૧૦--૯૬	વે. અને સ. બા. વિ.
૨	૬૦	" " " ક્રમાંક ૭	"	"
૩	૬૧	" " " ક્રમાંક ૮	"	"
૪	૬૨	" " " ક્રમાંક ૯	૧૪--૧૦--૯૬	"
૫	૬૩	" " " ક્રમાંક ૧૦	"	"
૬	૬૪	જીજી-૧૫૧-૯૬-એસબીઆઈ-ઈએલસી-૧૦૯૬-૧૪૦૫-	"	"
૭	૬૫	સન ૧૯૯૬નો ગુજરાત વટહુકમ ક્રમાંક ૧૧	૨૨--૧૦--૯૬	"

જે. કે. દવે,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GN/3

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol XXXVII] THURSDAY, DECEMBER 5, 1996/AGRAHAYAVA 14, 1918 [No. 49

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩જી જૂન, ૧૯૯૬ નાં ગુજરાત સરકારનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૭૮/૯૬/એસએએ--૧૦૯૦-૫૧૮/ક નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT SLUM AREAS (IMPROVEMENT, CLEARANCE AND RE-DEVELOPMENT) ACT, 1973

ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા, નાબૂદી અને પુર્નવિકાસ) અધિનિયમ, ૧૯૭૩ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા, નાબૂદી અને પુર્નવિકાસ) અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક : જીએચ/પી/૭૮/૯૬/એસએએ--૧૦૯૭-૫૧૮/ક.—ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા, નાબૂદી અને પુર્નવિકાસ) અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૩ ના ગુજરાતના ૧૧મા) ની કલમ ૨૪ ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, શ્રી આર. કે. પાઠક, મુખ્ય કારોબારી અધિકારી, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ, અમદાવાદને છૂટા કરીને, તારીખ ૧૪-૫-૧૯૯૬ થી અમલમાં આવે તેમ, ગુજરાત ગંદા વસવાટ નાબૂદી બોર્ડના સેક્રેટરી તરીકે શ્રી એ. એન. શેખની નિમણૂક કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એલ. એ. શાહ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિકાસ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૨મી મે, ૧૯૯૬ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીજેવી/૧૯૯૬ નો ૬૯/ડીવીપી/૨૪૯૪/ ૧૯૧૫/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૨૨મી મે, ૧૯૯૬.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીજે/વી/૧૯૯૬ નો ૬૯/ડીવીપી/૨૪૯૪/૧૯૧૫/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૩મી મે, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૮ના ૧૧૭--ડીવીપી--૨૪૮૬--૧૮૪૭ (૮૮)--એલ-- હેઠળ મંજૂર કરેલ ગોંડલ નગર માટે છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરુરી છે ;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૧૯ ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી:—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુકત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

INDEX

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે, આ જાહેરનામું સરકારી રાજયપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને લેખિતમાં રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૩મી મે, ૧૯૮૮ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૮ ના ૧૧૭/ ડીવીપી-૨૪૮૬/૧૮૪૭/(૮૮) થી મંજૂર કરેલી ગોંડલની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

ગોંડલની મંજૂર કરેલી છેવટની સુધારેલી વિકાસ યોજનામાં 'ઉપયોગિતા અને સેવાઓ" માટે મુકરર કરેલ, આ સાથે જોડેલા પ્લાનમાં 'ABCDEFGHIA' તરીકે દર્શાવેલ ગોંડલની વોર્ડ નં. ૧ સી. ટી. સરવે નં. ૨૮૧૬/ભાગ (મહેસૂલી સરવે નં. ૫૧૫/ભાગ) માં આવેલ 'હજૂર બંગલા' નજીકની જમીન કમી કરવા, અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨) (ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૫મી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક-જીજી/૯૪/૧૦૦/એસ.ટી.સી.-૩૪૯૪/૧૯૭૯/ધ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી.
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT STATE TRANSPORT CORPORATION RULES, 1971.

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન નિયમો, ૧૯૭૧ સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૬ઠ્ઠી જૂન, ૧૯૯૬.

માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦.

ક્રમાંક : જીજી/૯૪/૧૦૦/એસટીસી-૩૪૯૪/૧૯૭૯/ધ.—માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના ૬૪મા)ની કલમ-૪૪ની પેટા-કલમ (૨) સાથે વાંચતા, પેટા કલમ (૧)થી મળેલી સત્તાની રૂઈએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન, નિયમો, ૧૯૭૧ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો, "ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન (સુધારા) નિયમો, ૧૯૯૬" કહેવાશે.

૨. ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન, નિયમો, ૧૯૭૧માં નિયમ-૫ (ક) પછી નીચેનો નિયમ દાખલ કરવો :—

૫ (ખ) કોર્પોરેશનના અંશકાલિક બિન-સરકારી અધ્યક્ષને તબીબી સવલતો આપવા બાબત.—સરકારનો પ્રતિનિધિ ન હોય તેવો સભ્ય કોર્પોરેશનના અધ્યક્ષ તરીકે નિમાયેલ હોય, ત્યારે તે અને તેના કુટુંબના સભ્યો રૂા. ૫૧૦૦/- કરતાં ઓછો ન હોય તેટલો પગાર મેળવતા કોર્પોરેશનના વર્ગ-૧ અધિકારીને મળવાપાત્ર તબીબી લાભ મેળવવાને પાત્ર થશે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

રક્ષા હાથી,
સેકશન અધિકારી

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૭મી મે, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૬૭/ડીવીપી-૧૫૯૪-૩૫૮૯-એલ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી મે, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૬૭/ડીવીપી--૧૫૯૪-૩૫૮૯-એલ.– ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૨૪૦/ડીવીપી-૧૫૮૩-૪૪૨૦- (૮૭)- એલ, હેઠળ મંજૂર કરેલ, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું ;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો સૂચિત ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ–૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૭મી ડિસેમ્બર, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક :. જીએચ/વી/૧૯૯૫નો ૧૯૫/ડીવીપી/૧૫૯૪-૩૫૮૯-એલ હેઠળ, તારીખ ૨૭મી ડીસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના અસાધારણ રાજપત્ર, ભાગ–૪બીના પાના નંબર ૨૨૬--૧ અને ૨૨૬-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફારના સંબંધમાં, સૂચનો અથવા વાંધા કોઈ હોય તો, તે સદરહુ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી.

અને ગુજરાત સરકારને, આ સૂચિત ફેરફારના સંબંધમાં કોઈ સૂચનો અને વાંધા મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી :–

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર આ જાહેરનામાની તારીખથી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭. ના ૨૪૦/ ડીવીપી--૧૫૮૩-૪૪૨૦-(૮૭)-એલથી મંજૂર કરેલી ઔડાના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

INDEX

ઓડાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં, આ સાથે જોડેલા પ્લાન ઉપર 'ABCDE' તરીકે નિશાની કરીને દર્શાવેલ સાણંદ ગામના મહેસૂલી સરવે નં. ૧૬૬, ૧૬૭, ૧૬૯, ૧૭૦, ૧૭૬, ૧૮૦, ૧૮૧, ૧૮૩, ૧૮૪ અને ૧૮૭માંથી પસાર થતો સૂચિત ૧૮.૦૦ મીટર પહોળો રસ્તો કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીનો, અધિનિયમન કલમ ૧૨ (૨) (ક) હેઠળ, સામાન્ય ઔદ્યોગિક ઝોન માટે મુકરર કરવી અને સાણંદ ગામના સરવે નંબર ૧૧૩, ૧૫૭, ૧૫૮, ૧૬૦, ૧૬૫ અને ૧૬૬માંથી પસાર થતો, ઉપર્યુકત આ સાથે જોડેલા પ્લાનમાં 'A—A' નિશાની કરીને દર્શાવ્યા પ્રમાણેનો નવો ૧૮.૦૦મી. પહોળો રસ્તો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ધ) હેઠળ સૂચિત કરવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૩મી મે, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૭૧/ડીવીપી/૨૯૯૬/એમ-૬૬/ઓલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી મે, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૭૧/ડીવીપી/૨૯૯૬/એમ--૬૬/ઓલ.-- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે પંચાયત અને આરોગ્ય વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૭૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી ૧૯૭૬નો ૨૨--ડીવીપી-૨૮૭૪-૭૭૩૬--કયૂ હેઠળ મંજૂર કરેલી ભૂજ નગર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક. : ૨૭ મા) ની કલમ, ૧૯ નો પેટા--કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:-

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુકત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઇપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે;

INDEX

અનુસૂચિ

પંચાયત અને આરોગ્ય વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૭૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૭૬નો ૨૨/ડીવીપી/૨૮૭૪/૭૭૩૬/ક્યૂ થી મંજૂર કરેલી ભૂજની છેવટની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

ભૂજની મંજૂર થયેલી વિકાસ યોજનામાં "કૃષિ વિષયક ઉપયોગ" માટે મુકરર કરેલ, આ સાથે જોડેલા પ્લાન પર, ABCDEFG HIJKLMNOPQA, તરીકે નિશાની કરીને દર્શાવેલ ભૂજની સરવે નં. ૮૬૩/૧, ૮૬૩/૨, ૮૬૪/૧ અને ૮૬૪/૨ વાળી જમીનો, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલ પ્લાન પર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,

ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જુન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૭મી મે, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૬૩/ડીવીપી/૧૩૯૫/૬૩૦/એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેર ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી મે, ૧૯૯૬.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૬૩/ડીવીપી/૧૩૯૫/૬૩૦/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૮નો ૧૦૨-ડીવીપી-૧૩૮૫-૧૫૦૭-(૮૮)-એલ, હેઠળ મંજૂર કરેલ રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના શહેરી વિકાસ વિસ્તાર માટે છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

INDEX

૨. કોઇપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઇ સૂચનો અથવા વાંધા હોય, તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૮નો ૧૦૨/ડીવીપી/૧૩૮૫/૧૧૦૭-(૮૮)-એલ, થી મંજૂર કરેલી રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

આ સાથે જોડેલા પ્લાનમાં "ABCDA" તરીકે નિશાની કરીને દર્શાવેલ "રુડા" ની મંજૂર કરેલી વિકાસ યોજનામા રાજકોટ ગામની સરવે નંબર ૮૫ પૈકી (૫૦૦૦ ચોરસ મીટર) જે જમીન "રહેણાંકની જગા અને સર્વિસ પ્રોજેકટ" (આનુષંગિક પ્રાયોજના) માટે અનામત રાખેલ છે તે જમીન, સદરહુ અનામત રાખેલી જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (૬) હેઠળ "ગુજરાત વિદ્યુત બોર્ડ માટેનું ૬૬ કી. વો. સબ-સ્ટેશન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૦મી મે, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૭૪/ટીપીએસ-૧૯૯૩/૧૩૦૬/એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી મે, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૭૪/ટીપીએસ-૧૯૯૩/૧૩૦૬/એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૯મી માર્ચ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૮નો ૭૪/ટીપીએસ-૧૯૮૩-૮૭૫-(૮૮)-એલ હેઠળ ગુજરાત સરકારે, ગુજરાત નગર-રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક, ૨૭મા)ની (જેનો આમાં હવે પછી 'સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રુએ, ઉના નગરપાલિકાએ તેને સાદર કરેલ નગરરચના યોજના ઉના ક્રમાંક ૪નો મુસદ્દો(જેનો આમાં હવે પછી, "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો.

અને સદરહુ અધિનિયમની કલમ-૧૦૩થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણૂંક કરી હતી;

INDEX

અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૭મી મે, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ના-૬૨/ટીપીએસ-૧૯૯૨/૨૮૪૦-એલ, લેઠળ ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા)ની કલમ ૬૫થી મળેલી સત્તાની રુએ, નગર રચના યોજના ઉના ક્રમાંક-૪ પ્રારંભિક મંજુર કરી હતી;

અને નગર રચના અધિકારીએ, સદરહુ અધિનિયમની કલમ ૫૨ની પેટા-કલમ (૨) અને કલમ ૬૨ની પેટા-કલમ (૨) લેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના ઉના ક્રમાંક ૪ છેવટની યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ છેવટની યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી હતી;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ-૬૫થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી:--

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા ફેરફારોને આધીન રહીને, "સદરહુ છેવટની યોજના" મંજૂર કરે છે;

(ખ) જાહેરાત કરે છે કે "સદરહુ છેવટની યોજના" ઉના નગરપાલિકા, ઉનાની કચેરીમાં રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ લોકોને જોવા માટે ખુલ્લી રહેશે; અને

(ગ) સદરહુ કલમ-૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે સન ૧૯૯૬ના જુલાઈની ૧લી તારીખ નક્કી કરે છે.

અનુસૂચિ

૧. છેવટનો યોજના દસ્તાવેજોમાં, પત્રક-૧માં, પાના નં. ૭૧ પર 'નોંધ' ની કોલમમાં નોંધ નં. ૧ને બદલે, "પ્રારંભિક યોજના જે તારીખે અમલમાં આવે તે તારીખથી પાંચ વર્ષની અંદર સૂચિત વિકાસકીય કાર્યો પૂરા કરવા જોઈશે" એ નોંધ મૂકવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુક્ત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૫મી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૪મી મે, ૧૯૯૬ ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૬/૯૫/એમવીઆર/૧૦૯૫/૩૯૨૫/ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૪મી મે, ૧૯૯૬.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૬/૯૫/એમવીઆર/૧૦૯૫/૩૯૨૫/ખ.--મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯ મા) ની કલમ ૧૦૭ ની પેટા-કલમ (૧) લેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૨૧૨ ની પેટા-કલમ (૧) થી ફરમાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે સદરહુ મુસદ્દો રાજ્યપત્રમાં આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા ત્યાર પછી, ગુજરાત સરકાર વિચારણામાં લેશે.

INDEX

૨. ઉપર્યુક્ત મુદત પૂરી થાય તે પહેલાં સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈપણ વ્યકિત તરફથી મુખ્ય સચિવ (વાહન વ્યવહાર) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કંઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જી/જી/૯૬/૯૫/એમવીઆર/૧૦૯૫/૩૯૨૫/ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ ના ૫૯ મા) ની કલમ ૧૦૭ ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેનાં નિયમો કરે છે:—

૧. આ નિયમો ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૧૯૯૬ કહેવાશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ માં, નિયમ ૧૩૭ પછી, નીચેનો નવો નિયમ દાખલ કરવો;

"૧૩૭-ક. રાજ્ય વાહન-વ્યવહાર અન્ડર ટેકિંગ દ્વારા ખાનગી બસો ભાડે લેવા બાબત.—

નિયમ ૧૩૭ માં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય વાહન -વ્યવહાર અન્ડરટેકિંગ પોતાની સેવાઓ ચલાવવા તેનું પોતાનું વાહન ઉપલબ્ધ ન કરી શકે ત્યારે તે, નિયમ ૭૦ અને ૭૧ની જોગવાઈઓ અનુસાર પરમિટ મેળવ્યા પછી નિર્દિષ્ટ વિસ્તારો અથવા નિર્દિષ્ટ રૂટોમાં ચલાવવા માટે, નક્કી કરેલ ભાડાના દર ચૂકવીને કોઈપણ ખાનગી વાહન ભાડે રાખી શકશે".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
એન. યુ. ગામીત,
સેકશન અધિકારી,

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૦મી મે ૧૯૯૬ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: કેપી/૧૯૯૬નો ૩૧-વીબીએન-૩૫૯૬-૧૧૪૨-૧-ચનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી મે, ૧૯૯૬.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૬નો ૩૧-વીબીએન/૩૫૯૬-૧૧૪૨-૧-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ—૩થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત વ્યારા અને જિલ્લા પંચાયત સુરત સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી:—

(૧) અનુસૂચિના કોલમ—૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ—૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ—૬માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ—૬માં જણાવેલા નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

INDEX

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામ-માંથી બાકાત કરેલ સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	વ્યારા	પાલવડી	૧. પાલવડી મહેસૂલી ગામ		૧. પાલવડી	(૧) પાલવડી મહેસૂલી ગામ
			૨. ચકધરા મહેસૂલી ગામ	૧. ચકધરા મહેસૂલી ગામ	૨. ચકધરા	૨. (૧) ચકધરા મહેસૂલી ગામ
			૩. કેલવણ મહેસૂલી ગામ	૨. કેલવણ મહેસૂલી ગામ		(૨) કેલવણ મહેસૂલી ગામ
			૪. આંબાપાણી મહેસૂલી ગામ	૩. આંબાપાણી મહેસૂલી ગામ		(૩) આંબાપાણી મહેસૂલી ગામ
			૫. બરમડા મહેસૂલી ગામ	૪. બરમડા મહેસૂલી ગામ		(૪) બરમડા મહેસૂલી ગામ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૭મી મે, ૧૯૯૬ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા : ક્રમાંક જીએચ/વી/૧૯૯૬ નો ૬૪/ટીપીએસ--૧૩૯૩/૨૦૫૬/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે,

આઇ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

Under

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬. હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી મે, ૧૯૭૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૬૪/ટીપીએસ/૧૩૯૩/૨૦૫૬/એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૭મી ડિસેમ્બર, ૧૯૮૭ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૨૭૫/ટીપીએસ/૧૩૮૬/૪૨૯૬/(૮૭)—એલ હેઠળ ગુજરાત સરકારે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા--કલમ (૨) થી મળેલી સત્તાની રુએ, રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળે તેને સાદર કરેલ નગરરચના યોજના ક્રમાંક : ૫ નાના મવા (રાજકોટ) નો મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહુ યોજનાના મુસદ્દા તરીકે ઉલ્લેખ કર્યો છે) તે મંજૂર કર્યો હતો;

અને સદરહુ અધિનિયમની કલમ ૫૦ થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે, નગરરચના અધિકારીની નિમણૂંક કરી હતી;

અને નીમાયેલા નગરરચના અધિકારીએ, ગુજરાત નગરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) ની કલમ ૫૨ ની પેટા--કલમ (૨) અને કલમ--૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના નં.૫--, નાના મવા (રાજકોટ), પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ પ્રારંભિક યોજના, તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી છે ;

તેથી, હવે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) ની કલમ ૬૫ થી મળેલી સત્તાની રુએ ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલ ફેરફારોને આધીન રહીને, "સદરહુ પ્રારંભિક યોજના" મંજૂર કરે છે.

(ખ) જણાવે છે કે "સદરહુ યોજના" રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ, રાજકોટની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લો રહેશે.

(ગ) સદરહુ કલમ--૬૫ ની પેટા--કલમ (૨) ના ખંડ (ખ) ના સદરહુ હેતુ માટેની તારીખ તરીકે ૧૯૯૬ ના જૂન મહિનાની ૧૮મી તારીખ નક્કી કરે છે.

અનુસૂચિ

(૧) પ્રારંભિક યોજનામાં, "જાહેર હેતુ" માટે સમુચિત સત્તામંડળને ફાળવેલા છેવટના પ્લોટ નં. ૧૦૪, ૨૮૫ અને ૪૪૬ અને "જાહેર ગૃહનિર્માણ" માટે સમુચિત સત્તામંડળને ફાળવેલા છેવટના પ્લોટ નં. ૨૧૮, ૩૨૬ અને ૩૬૧ને, "સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગોના લોકો માટેના ગૃહનિર્માણ" તરીકે સમુચિત સત્તામંડળને ફાળવેલા ગણવા જોઈશે.

(૨) પ્રારંભિક યોજનામાં, ફેરવહેંચણી પત્રકમાં, કોલમ નં. ૬માં, અનુક્રમાંક ૩/૬ પર, "૨૬૯૦૫" અને "૪૨૧૫૮" એ આંકડાને બદલે, અનુક્રમે "૨૮૩૪૭" અને "૪૪૬૦૦" એ આંકડા મૂકવા.

(૩) પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી પત્રકમાં, પાના નં. ૫૯ પર, કોલમ નં. ૯માં, અનુક્રમાંક ૩/૬ પરની નોંધ--૧ ને બદલે "મહેસૂલી રેકર્ડ પ્રમાણે મૂળ પ્લોટની માલિકી" એ શબ્દો મૂકવા.

(૪) પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી પત્રકમાં, પાના નં. ૨૫૯ પર, કોલમ નં. ૯માં અનુક્રમાંક ૩/૬ પરની નોંધ નં. ૪ માં "સમુચિત સત્તામંડળે જમીન વધારવા માટેના (જમીન વધારવાની કિંમત) ફાળાની રકમ ચૂકવવાની છે". એ શબ્દોને બદલે" "સમુચિત સત્તામંડળે, મૂળ પ્લોટમાં દબાણને લીધે વધારાની જમીનની કિંમત સરકાર (કલેક્ટર) ને ચૂકવવાની છે." એ શબ્દો મૂકવા.

INDEX

(૫) પ્રારંભિક યોજનામાં, સૂચિત વિકાસ કામો પૂરા કરવા માટેની સમય મર્યાદા "જે તારીખે યોજના અમલમાં આવે તે તારીખથી સાત વર્ષ" એ શબ્દોને બદલે, "જે તારીખે પ્રારંભિક યોજના અમલમાં આવે તે તારીખથી સાત વર્ષ" એ શબ્દો દર્શાવવા.

(૬) વિકાસ નિયંત્રણ વિનિયમોને, પ્રારંભિક યોજનામાંથી બાકાત કરેલા ગણવા.

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
અને સંયુક્ત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી મે, ૧૯૯૬ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચયુ-૧૧૬-ડબલ્યુસીએ-૧૦૮૮-૪૬૮૭-ભાગ-૨-એમ-૩નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ

Notification

Re

amendment to the Government Notification Labour and Employment Department No. GHU-93-44-PWA-1080-11836-M(3) dated 15-2-1993.

શ્રમ અને રોજગાર વિભાગનું તા. ૧૫-૨-૯૩નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચયુ-૯૩-૪૪-પીડબલ્યુએ-૧૦૮૦-૧૧૮૩૬-એમ(૩) સુધારવા સંબંધી જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી મે, ૧૯૯૬.

વેતન ચૂકવણી અધિનિયમ, ૧૯૩૬.

ક્રમાંક : જીએચયુ-૧૧૬-ડબલ્યુસીએ-૧૦૮૮-૪૬૮૭-ભાગ-૨-અમ-૩.—વેતન ચૂકવણી અધિનિયમ, ૧૯૩૬ (સન ૧૯૩૬ના ૪થા) ની કલમ—૧૫ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, શ્રમ અને રોજગાર વિભાગનું તા. ૧૫—૨—૯૩નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચયુ-૯૩-૪૪-પીડબલ્યુએ-૧૦૮૦-૧૧૮૩૬-એમ(૩) નીચે પ્રમાણે સુધારે છે:—

(૧) સદરહુ જાહેરનામામાં—

(૧) અનુક્રમાંક ૧ પરની નોંધ સામે, કોલમ નં. ૩ હેઠળ આવતો "સાબરકાંઠા" એ શબ્દ કમી કરવો;

(૨) અનુક્રમાંક ૨ પરની નોંધ સામે, કોલમ નં. ૩ હેઠળ આવતા "અને કચ્છ" એ શબ્દો કમી કરવા; અને

(૩) અનુક્રમાંક ૯ પરની નોંધ સામે કોલમ નં.. ૩ હેઠળ આવતો "બનાસકાંઠા" એ શબ્દ કમી કરવો;

(૪) અનુક્રમાંક ૧૫ પછી, નીચેની નોંધો ઉમેરવી :

૧૬.	મજૂર કોર્ટ, હિમતનગર.	સાબરકાંઠા જિલ્લો.
૧૭.	મજૂર કોર્ટ, પાલનપુર	બનાસકાંઠા જિલ્લો.
૧૮.	મજૂર કોર્ટ, ગાંધીધામ.	કચ્છ જિલ્લો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એ. વ્યાસ,
સેકશન અધિકારી,
શ્રમ અને રોજગાર વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી મે, ૧૯૯૬ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીઓચયુ-૧૧૭-ડબલ્યુસીએ-૧૦૮૮-૪૬૮૭-ભાગ-૨-એમ-૩નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION LABOUR & EMPLOYMENT DEPARTMENT NO. GHU-93-45-WCA-1088-9687-M(3) DATED THE 15-2-93.

શ્રમ અને રોજગાર વિભાગનું તા. ૧૫-૨-૯૩નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીઓચયુ-૯૩-૪૫-ડબલ્યુસીએ-૧૦૮૮-૯૬૮૭-એમ(૩) સુધારવા સંબંધી જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી મે, ૧૯૯૬.

કામદાર વળતર અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક : જીઓચયુ-૧૧૭-ડબલ્યુસીએ-૧૦૮૮-૪૬૮૭-ભાગ-૨-એમ-૩.—કામદાર વળતર અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના આધનિયમ ક્રમાંક ૮મા)ની કલમ—૨૦ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, શ્રમ અને રોજગાર વિભાગનું તા. ૧૫—૨—૯૩નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચયુ-૯૩-૪૫-ડબલ્યુસીએ-૧૦૮૮-૯૬૮૭-એમ(૩) નીચે પ્રમાણે સુધારે છે:—

૧. સદરહુ જાહેરનામામાં—

(૧) અનુક્રમાંક ૧ પરની નોંધ સામે, કોલમ નં. ૩ હેઠળ આવતો "સાબરકાંઠા" એ શબ્દ કમી કરવો;

(૨) અનુક્રમાંક—૨ પરની નોંધ સામે કોલમ નં. ૩ હેઠળ આવતા "અને કચ્છ" એ શબ્દો કમી કરવા; અને

(૩) અનુક્રમાંક—૯ પરની નોંધ સામે, કોલમ નં. ૩ હેઠળ આવતો "બી. કે." એ શબ્દ કમી કરવો;

(૪) અનુક્રમાંક ૧૫ પછી, નીચેની નોંધો ઉમેરવી :

૧૬.	મજૂર કોર્ટ, હિમતનગર.	સાબરકાંઠા જિલ્લો.
૧૭.	મજૂર કોર્ટ, પાલનપુર.	બનાસકાંઠા જિલ્લો.
૧૮.	મજૂર કોર્ટ, ગાંધીધામ.	કચ્છ જિલ્લો.

ગુજરાતનાં રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એ. વ્યાસ,
સેકશન અધિકારી,
શ્રમ અને રોજગાર વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૭મી મે, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૬૫/ટીપીએસ/૩૧૯૫/૨૮૫૨/એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી મે, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૬૫/ટીપીએસ/૩૧૯૫/૨૮૫૨/એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૮મી એપ્રિલ, ૧૯૮૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૪ને ૨૬૮/ટીપીએસ/૩૧૮૨/૧૮૩૭/એલ. હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ભરૂચ નગરપાલિકા, ભરૂચે યોગ્ય સાદર કરેલી નગરરચના યોજના, ભરૂચ નં. ૧ (તૃતીય ફેરફાર કરેલ)નો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુ મુસદ્દો તૃતીય ફેરફાર કરેલ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો;

અને સદરહુ અધિનિયમની કલમ-૫૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના દ્વિતીય ફેરફાર કરેલ મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણૂંક કરી હતી;

અને નિમાયેલા અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક-૨૭મા)ની કલમ-૫૨ની પેટા-કલમ (૨) અને કલમ-૬૪ હેઠળ કાયમ પ્રમાણે, નગરરચના યોજના ભરૂચ નં. ૧ (તૃતીય ફેરફાર કરેલ)-પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ તૃતીય ફેરફાર કરેલ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી હતી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) "સદરહુ તૃતીય ફેરફાર કરેલ પ્રારંભિક યોજના" મંજૂર કરે છે;

(ખ) જાહેર કરે છે કે સદરહુ યોજના ભરૂચ નગરપાલિકાની કચેરી, ભરૂચ—માં રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ લોકોને જોવા માટે ખુલ્લી રહેશે; અને

(ગ) સદરહુ કલમ—૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે ૧૮મી જૂન, ૧૯૯૬ નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુક્ત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERD NO. G/GHBD.

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

[EXTRA ... XXXVII] THURSDAY, DECEMBER 19, 1996/ AGRAHAYANA 28, 1918 No. 51

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના ક્રામ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ-૯૫ ૧૯૯૬/એફઓસી/૧૮૯૯/આઈ/૧૫/(ભાગ-૨)(૨),એમ(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE DANGEROUS MACHINES (REGULATION) ACT, 1983.

જોખમી યંત્ર (નિયમન) અધિનિયમ, ૧૯૮૩ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી નવેમ્બર, ૧૯૯૫.

જોખમી યંત્ર (નિયમન) અધિનિયમ, ૧૯૮૩. (સન ૧૯૮૩નો ક્રમાંક ૩૫) :

ક્રમાંક : જીપ્રા-૯૫/૧૯૮૬ એફએસી/૧૦૮૯/૫૬૬૬/૧૫/(મ ગ ૨ (૨)-એમ (૩) : જોખમી યંત્ર (નિયમન) અધિનિયમ, ૧૯૮૩ (જેનો આમાં હવે પછી "મદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે) ની કલમ ૭ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મદરહુ અધિનિયમ હેતુઓ માટે, અહીં નીચે જોડેલ અનુસૂચિના કોલમ ૧માં દર્શાવેલા શ્રમ વિભાગના નીચેના સત્તાધિકારીઓને, મદરહુ અનુસૂચિની કોલમ ૨માં દર્શાવેલા હકૂમત ધરાવતા ઈન્સ્પેક્ટરો તરીકે નીમે છે :—

અનુસૂચિ

૧	૨
(૧) કારખાના ઈન્સ્પેક્ટરો	કારખાના અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૮ હેઠળના ઈન્સ્પેક્ટરો.
(૨) મજૂર અધિકારીઓ.	(૧ મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪૬ની કલમ ૮ હેઠળના મજૂર અધિકારીઓ. (૨) લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૧૯ હેઠળના ઈન્સ્પેક્ટરો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૧૫મી જુન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલ નીચે દર્શાવેલ ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક (જીએચટી--૯૫--૧૧) એમએનઆર--૧૦૯૩--૩૧૧૧--(૩)--ઈનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડીયા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT ENTERTAINMENTS TAX (AMENDMENT) ACT, 1995

ગુજરાત મનોરંજન કર (સુધારા) અધિનિયમ, ૧૯૯૫ હેઠળ જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી ઓગષ્ટ, ૧૯૯૫.

ગુજરાત મનોરંજન કર (સુધારા) અધિનિયમ, ૧૯૯૫.

ક્રમાંક : (જીએચટી--૯૫--૧૧)-એમએનઆર--૧૦૯૩-૩૧૧૧-(૩)--ઈ.— ગુજરાત મનોરંજન કર (સુધારા) અધિનિયમ, ૧૯૯૫ (સન ૧૯૯૫ના ગુજરાત ૧૧૧)ની કલમ-૧ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂઈએ, ગુજરાત સરકાર, આથી, સદરહું અધિનિયમ, અમલમાં આવવાની તારીખ તરીકે સન ૧૯૯૫ના ઓગસ્ટ, મહિનાની ૧લી તારીખ નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એન. પરમાર,
સરકારના ઉપ--સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૫મી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩જી જુન, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૭૭/ટીપીએસ-૧૧૯૫-૩૪૮૧-એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩જી જુન, ૧૯૯૬.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૭૭/ટીપીએસ-૧૧૯૫-૩૪૮૧-એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૮--૨--૮૭ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૪૪/ટીપીએસ-૧૧૮૬-૪૬૧-(૮૭)-એલ હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહું અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રુએ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને પોતાને સાદર કરેલી નગરરચના યોજના, અમદાવાદ નંબર-૧૫, વાડજ (દ્વિતીય ફેરફાર કરેલ)નો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુ દ્વિતીય ફેરફાર કરેલ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો;

INDEX

અને સદરહુ અધિનિયમની કલમ-૫૦થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકારે, સદરહુ દ્વિતીય ફેરફાર કરેલ યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણૂક કરી હતી.

અને, નીમેલા નગરરચના અધિકારીએ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા)ની કલમ ૫૨ની પેટા-કલમ (૨) અને કલમ-૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના, અમદાવાદ નંબર-૧૫, વાડજ (દ્વિતીય ફેરફાર કરેલ) પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ દ્વિતીય ફેરફાર કરેલ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરેલ છે;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૬૫થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા સુધારાને અધીન રહીને, "સદરહુ દ્વિતીય ફેરફાર કરેલ પ્રારંભિક યોજના" મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે સદરહુ દ્વિતીય ફેરફાર કરેલી પ્રારંભિક યોજના, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીમાં રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ લોકોને જોવા માટે ખુલ્લી રહેશે; અને

(ગ) સદરહુ કલમ-૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે ૩૭ જુલાઈ, ૧૯૯૬ નક્કી કરે છે.

અનુસૂચિ

પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં, ફેર વહેંચણી પત્રકમાં પાના નં. ૩૧ ઉપર, કોલમ નં. ૨માં અનુક્રમ નંબર ૧૪/૫૨ માલિકના નામ તરીકે "યોગ્ય સત્તાધિકારી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન"એ શબ્દો દાખલ કરવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તગાડુવાલા,

ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુક્ત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૦મી મે, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ના ૭૩/ડીવીપી-૨૭૯૫-૩૧૧૪-એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩૦મી મે, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ના ૭૩/ડીવીપી/૨૭૯૫-૩૧૧૪-એલ.—ગુજરાત સરકારનો રચેવો અભિપ્રાય છે કે તારીખ ૮-૧૦-૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-વી-૧૯૮૬ના ૧૭૪/ડીવીપી-૨૭૮૧-૩૯૩૩-(૮૬)-એલ હેઠળ મંજૂર કરેલી માણસા વિસ્તાર વિકાસ સત્તા મંડળના વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

INDEX

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી:—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઇપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનું તા. ૮-૧૦-૧૯૮૬નું જાહેરનામું ક્રમાંક જીએચ/વી/૮૬ના ૧૮૭૪/૩૧વીપી-૨૭૮૧-૮૯૪૩-(૮૬)-૨૦૯ થી સરકારે મંજુર કરેલ માણસા વિસ્તાર વિકાસ સત્તામંડળની છેવટની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

માણસાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરેલી, આ સાથે જોડેલા પ્લાનમાં " ABCDEFA " નિશાની કરીને દર્શાવેલી માણસાની મહેસૂલી સરવે નં. ૯૨૧૧ળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને તે રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨-(૨)-(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૭મી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીજી/૯૭/સીડીએમ/૧૦૮૯/૧૫૧૯/એફ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

re

THE ASSISTANT DIRECTOR OF CIVIL DEFENCE CLASS II RECRUITMENT RULES, 1996.

નાગરિક સંરક્ષણના મદદનીશ નિયામક, વર્ગ—૨, ભરતી નિયમો, ૧૯૯૬ સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી જૂન, ૧૯૯૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જીજી/૯૭/સીડીએમ/૧૦૮૯/૧૫૧૯/એફ.—ભારતના સંવિધાનની કલમ ૩૫૪—૩૫૪ પરંતુકની ૨૩૪ની સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, અ થી, ગુજરાત નાગરિક સંરક્ષણ સેવમાં, નાગરિક સંરક્ષણના મદદનીશ નિયામક, વર્ગ—૨ની જગાની ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે—

૧. આ નિયમો, નાગરિક સંરક્ષણના મદદનીશ નિયામક, વર્ગ—૨, ભરતી નિયમો, ૧૯૯૬ કહેવાશે.

૨. ગુજરાત નાગરિક સંરક્ષણ સેવમાં નાગરિક સંરક્ષણના મદદનીશ નિયામક, વર્ગ—૨ની જગા ઉપરની નિમણુક—

(ક) (૧) જે વ્યકિતએ નાગરિક સંરક્ષણ નિયામકની કચેરીમાં તબની સેવામાં ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ વર્ગ—૩ની કેડરમાં ઓછામાં ઓછા સાત વર્ષ માટે કામ કર્યું હોય; અને

INDEX

(૨) ઠરાવેલી ખાતાકીય પરીક્ષા પાસ કરી હોય; અને

(૩) સીધી પસંદગી માટે નિયમ—૩ના ખંડ (ખ)માં ઠરાવ્યા પ્રમાણેની શૈક્ષણિક લાયકાતો ધરાવતી હોય;

તે વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિને બઢતી આપીને ;

પરંતુ નિમણૂંક કરનાર સત્તાધિકારીને એવી ખાતરી થાય કે બઢતી માટે ખંડ (ક)માં નિર્દિષ્ટ કરેલ અનુભવ ધરાવતી વ્યક્તિ ઉપલબ્ધ નથી અને ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને જગા ભરવી જાહેર હિતમાં જરૂરી છે તો તે, લેખિતમાં કારણોની નોંધ કરીને, ઉપર ખંડ (ક)ના પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે-તૃતિયાંશથી ઓછી નહી તેટલી મુદતનો અનુભવ ધરાવતી આવી વ્યક્તિને બઢતી આપી શકશે.

(ખ) સીધી પસંદગીથી નિમણૂક માટે ઠરાવેલી જરૂરી લાયકાતો અને અનુભવ ધરાવતી રાજ્ય સરકાર હેઠળના કોઈપણ વિભાગમાંથી સમાન પગાર ધોરણ ધરાવતી વ્યક્તિને પ્રતિનિયુક્તિ ઉપર બદલીથી,

(ગ) સીધી પસંદગીથી કરવામાં આવશે.

૫. નિયમ—૨માં જણાવેલ જગા ઉપર સીધી પસંદગીથી નિમણુકને પાત્ર થવા માટે, ઉમેદવાર—

(એ) ૨૧ વર્ષથી ઓછી ઉંમરનો અને ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ;

(બ) સરકાર દ્વારા માન્ય યુનિવર્સિટીની સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈએ;

(ક) સરકારી અથવા અર્ધ સરકારી કચેરીમાં ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ અથવા સમકક્ષ હોદ્દા તરીકેનો સાત વર્ષનો વહીવટી અનુભવ ધરાવતો હોવો જોઈએ; અને

(ડ) ગુજરાતી અને હિન્દીનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ :

પરંતુ અસાધારણ સારી લાયકાત અથવા અનુભવ અથવા તે બંને ધરાવતા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય મર્યાદા હળવી કરી શકાશે :

વધુમાં, વખતોવખત સુધારા પ્રમાણેના ગુજરાત રાજય સેવા, વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર ગુજરાત સરકારની નોકરીમાં અગાઉથી હોય તેવા ઉમેદવારની તરફેણમાં પણ ઉપલી વય મર્યાદા હળવી કરી શકાશે :

વધુમાં, આ ક્ષેત્રમાં પ્રતિષ્ઠિત સંગઠનમાં ઓછામાં ઓછા સાત વર્ષના અનુભવ સાથે સંદેશાવ્યવહારમાં પ્રમાણપત્રની પદવી અથવા ડિપ્લોમા ધરાવતા ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

૪. સીધી પસંદગીથી નિમાયેલ ઉમેદવાર, બે વર્ષની મુદત માટે પ્રોબેશન ઉપર રહેશે.

૫. પસંદ થયેલ ઉમેદવારે, વખતોવખત સરકાર ઠરાવે તે નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા (ઓ) અને હિન્દી અને ગુજરાતી અથવા તે બંને પરીક્ષા(ઓ) પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમાયેલ ઉમેદવારે, સરકાર વખતોવખત ઠરાવે તેવી તાલીમ લેવી પડશે.

૭. સીધી પસંદગીથી નિમાયેલ ઉમેદવારે, ઓછામાં ઓછા ત્રણ વર્ષની મુદત સુધી સરકારની સેવા કરવી પડશે અને ઠરાવેલ નમૂનામાં રૂા. ૧૦૦૦/—ના જામીનગીરી અને જામીન ખત કરવા પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. એસ. મહેતા,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગષ્ટ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલ તારીખ ૬ઠ્ઠી જુન ઈ. ૧૯૬૪ના ગુજરાત સરકારના સમાજકલ્યાણ વિભાગના સરકારી હુકમ ક્રમાંક : જીએલએ—એચ/૧૫/એમડીપી/૧૦૬૩/૧૩૭૪/એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારેખી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Order

Under

THE BOMBAY PROHIBITION ACT, 1949.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ હેઠળ હુકમ.

સમાજ કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૪.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એલ/૧૫/એમટીપી/૧૦૯૩/૧૭૦૪/એમ.— મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા) ની કલમ ૬—કની જોગવાઈઓ અનુસાર, નિષ્ણાત મંડળની સલાહ મેળવ્યા પછી ગુજરાત સરકાર, આથી, અવા નિર્ણય કરે છે કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલી જોગવાઈઓ "કેફી દારૂ અને ઔષધ તરીકે વાપરવા માટે યોગ્ય છે."

અનુસૂચિ

અનુક્રમાંક. (૧)	બનાવટનું નામ. (૨)	કોણે ઉત્પાદન કર્યું તે. (૩)
(૧)	સોમામૃત.	બેસર્સ ડાબર ઈન્ડિયા લિમિટેડ, કલકત્તા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જી. ટી. પરમાર,
સરકારના ઉપ-સચિવ.

સરકારી મુદ્રણ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/G[illegible]

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, DECEMBER 26, 1996/PAUSA 5, 1918 [NO. 52

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૪થી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૬/૯૬/એમટીએ/૧૦૯૫/૨૭૬૦/ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી જૂન, ૧૯૯૬.

મુંબઈ મોટર વાહનવેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જી/જી/૯૬/૯૯/એમટીએ/૧૦૯૫/૨૭૬૦/ખ.—મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સને ૧૯૫૮ના મુંબઈના ૬૫મા) ની કલમ ૨૩ની પેટા-કલમ (૨) ના ખંડ (ચ) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૨૩ની પેટા-કલમ (૧) થી ફરમાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે. અને આથી નોટિસ આપવામાં આવે છે કે સદરહુ મુસદ્દો, રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા ત્યાર પછી, ગુજરાત સરકાર વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલાં સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈપણ વ્યકિત તરફથી ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ (વાહન વ્યવહાર), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કાંઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જી/જી/૯૬/૯૯/એમટીએ/૧૦૯૫/૨૭૬૦/ખ.—મુંબઈ મોટર વાહનવેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા) ની કલમ ૨૩ની પેટા-કલમ (૨) ના ખંડ (ચ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૬ કહેવાશે.

૨. મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯માં, પરિશિષ્ટમાં, "માત્ર ન્યુમેટિક ટાયર બેસાડેલા મોટર વાહનો" એ શીર્ષક હેઠળ,—

(૧) ખંડ ૧ ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

"૧. મોટર સાયકલો અને ટ્રાઈસિકલો (મોટર સ્કૂટરો અને એવી જ યાંત્રિક શકિતથી ચલાવવા માટેના સાધન સાથેની સાયકલો સહિત), જે—

(૧) કોઈ વ્યકિત, સ્થાનિક સત્તામંડળ, સાર્વજનિક ટ્રસ્ટ, યુનિવર્સિટી અથવા શૈક્ષણિક કે સમાજ કલ્યાણ સંસ્થાની માલિકીની હોય તે—

રિફંડની વધુમાં વધુ રકમ.

રિફંડનો દર	ભાર લાદ્યા વગરની, ૫૦ કિ.ગ્રા. કરતાં વધારે વજનની ન હોય તેવી સાયકલો.	ભાર લાદ્યા વગરની ૫૦ કિ.ગ્રા. કરતાં વધારે વજનની હોય, પણ ભાર લાદ્યા વગરની ૧૦૦ કિ.ગ્રા. કરતાં વધારે વજનની ન હોય તેવી સાયકલો.	ભાર લાદ્યા વગરની ૧૦૦ કિ.ગ્રા. કરતાં વધારે વજનની સાયકલો.	ટ્રાયસિકલો	ટ્રેઈલર અથવા સાઈડકાર જોડવા માટે વપરાતી સાયકલો અને ટ્રાઈસિકલો.
	રૂ. (ક)	રૂ. (ખ)	રૂ. (ગ)	રૂ. (ઘ)	રૂ. (ચ)
વાહન અગાઉથી રજિસ્ટર થયેલું હોય અને રજિસ્ટ્રેશનના મહિનાથી તે વાહન—					કોલમ (ક), (ખ), (ગ), અથવા (ઘ) માં નિર્દિષ્ટ કરેલ દરો ઉપરાંત.
(૧) ૨ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો—	૫૦૦/-	૧૩૦૦/-	૩૦૮૦/-	૩૦૮૦	૯૨૦/-
(૨) ૨ વર્ષ કરતાં વધુ પણ ૩ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો	૪૫૦/-	૧૨૦૦/-	૨૮૭૦/-	૨૮૭૦/-	૮૮૦/-

INDEX

		(ક)	(ખ)	(ગ)	(ઘ)	(ચ)
(૩)	૩ વર્ષ કરતાં વધુ પણ ૪ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો	૪૦૦/-	૧૧૦૦/-	૨૬૬૦/-	૨૬૬૦/-	૮૪૦/-
(૪)	૪ વર્ષ કરતાં વધુ પણ ૫ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો	૩૫૦/-	૧૦૦૦/-	૨૪૫૦/-	૨૪૫૦/-	૮૦૦/-
(૫)	૫ વર્ષ કરતાં વધુ પણ ૬ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો	૩૦૦/-	૯૦૦/-	૨૨૪૦/-	૨૨૪૦/-	૭૬૦/-
(૬)	૬ વર્ષ કરતાં વધુ પણ ૭ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો	૨૫૦/-	૮૦૦/-	૨૦૩૦/-	૨૦૩૦/-	૭૨૦/-
(૭)	૭ વર્ષથી વધુ પણ ૮ વર્ષથી વધુ જૂનું ન હોય તો	૨૦૦/-	૭૦૦/-	૧૮૨૦/-	૧૮૨૦/-	૬૮૦/-
(૮)	૮ વર્ષથી વધુ પણ ૯ વર્ષથી વધુ જૂનું ન હોય તો	૧૫૦/-	૬૦૦/-	૧૬૧૦/-	૧૬૧૦/-	૬૪૦/-
(૯)	૯ વર્ષથી વધુ પણ ૧૦ વર્ષથી વધુ જૂનું ન હોય તો	૧૦૦/-	૫૦૦/-	૧૪૦૦/-	૧૪૦૦/-	૬૦૦/-
(૧૦)	૧૦ વર્ષથી વધુ પણ ૧૧ વર્ષથી વધુ જૂનું ન હોય તો	૬૦/-	૪૦૦/-	૧૧૯૦/-	૧૧૯૦/-	૫૬૦/-
(૧૧)	૧૧ વર્ષથી વધુ પણ ૧૨ વર્ષથી વધુ જૂનું ન હોય તો	૬૦/-	૩૦૦/-	૯૮૦/-	૯૮૦/-	૫૨૦/-
(૧૨)	૧૨ વર્ષથી વધુ પણ ૧૩ વર્ષથી વધુ જૂનું ન હોય તો	૬૦/-	૨૦૦/-	૭૭૦/-	૭૭૦/-	૪૮૦/-
(૧૩)	૧૩ વર્ષ કરતાં વધુ જૂનું હોય તો.	શૂન્ય	શૂન્ય	શૂન્ય	શૂન્ય	શૂન્ય
(૨)	કોઈ વ્યકિત, સ્થાનિક સત્તામંડળ, સાર્વજનિક ટ્રસ્ટ, યુનિવર્સિટી અથવા શૈક્ષણિક કે સમાજકલ્યાણ સંસ્થા સિવાયની કોઈ વ્યકિતની માલિકીના હોય ત્યારે,	ઉપર નિર્દિષ્ટ કરેલા દરો કરતાં બમણો દર."				

(૨) ખંડ ૩ને બદલે, નીચેનો મજકુર મૂકવો.–

"૩. આ અનુસૂચિની પૂર્વવર્તી જોગવાઈઓ હેઠળ વેરાપાત્ર હોય તે સિવાયના મોટર વાહનો, જે–

(૧) કોઈ વ્યકિત, સ્થાનિક સત્તામંડળ, સાર્વજનિક ટ્રસ્ટ, યુનિવર્સિટી અથવા શૈક્ષણિક કે સમાજકલ્યાણ સંસ્થાની માલિકીના હોય,તે

રિફંડની વધુમાં વધુ રકમ.

રફંડનો દર	ભાર લાદ્યા વગરનાં ૭૫૦ કિ.ગ્રા. કરતાં વધારે વજનના, ન હોય તેવા વાહનો.	ભાર લાદ્યા વગરનાં ૭૫૦ કિ.ગ્રા. કરતાં વધારે વજનના પણ ભાર લાદ્યા વગરનાં ૧૨૦૦ કિ.ગ્રા. કરતાં વધારે વજનનાં ન હોય તેવા વાહનો.	ભાર લાદ્યા વગરના ૧૨૦૦ કિ.ગ્રા. કરતાં વધારે વજનના પણ ભાર લાદ્યા વગરના ૨૨૫૦ કિ.ગ્રા. કરતાં વધારે વજનનાં ન હોય તેવા વાહનો.
	રૂા. (ક)	રૂા. (ખ)	રૂા. (ગ)
વાહન અગાઉથી રજિસ્ટર થયેલ હોય અને રજિસ્ટ્રેશનના મહિનાથી તે વાહન–			
(૧) ૨ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૬૨૨૦/–	૧૦,૮૦૦/–	૧૮,૦૦૦/–
(૨) ૨ વર્ષ કરતાં વધુ પણ ૩ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૫૮૩૦/–	૧૦,૨૦૦/–	૧૭,૦૦૦/–
(૩) ૩ વર્ષ કરતાં વધુ પણ ૪ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૫૪૪૦/–	૯૬૦૦/–	૧૬,૦૦૦/–
(૪) ૪ વર્ષ કરતાં વધુ પણ ૫ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૫૦૫૦/–	૯૦૦૦/–	૧૫,૦૦૦/–
(૫) ૫ વર્ષ કરતાં વધુ પણ ૬ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૪૬૬૦/–	૮૪૦૦/–	૧૪,૦૦૦/–
(૬) ૬ વર્ષ કરતાં વધુ પણું ૭ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો,	૪૨૭૦/–	૭૮૦૦/–	૧૩,૦૦૦/–
(૭) ૭ વર્ષ કરતાં વધુ પણ ૮ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૩૮૮૦/–	૭૨૦૦/–	૧૨,૦૦૦/–
(૮) ૮ વર્ષ કરતાં વધુ પણ ૯ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૩૪૯૦/–	૬૬૦૦/–	૧૧,૦૦૦/–
(૯) ૯ વર્ષ કરતાં વધુ પણ ૧૦ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૩૧૦૦/–	૬૦૦૦/–	૧૦,૦૦૦/–
(૧૦) ૧૦ વર્ષ કરતાં વધુ પણ ૧૧ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૨૭૧૦/–	૫૪૦૦/–	૯,૦૦૦/–

INDEX

		(ક)	(ખ)	(ગ)
(૧૧)	૧૧ વર્ષ કરતાં વધુ પણ ૧૨ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૨૩૨૦/-	૪૮૦૦/-	૮,૦૦૦/-
(૧૨)	૧૨ વર્ષ કરતાં વધુ પણ ૧૩ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૧૯૩૦/-	૪૨૦૦/	૭,૦૦૦/
(૧૩)	૧૩ વર્ષ કરતાં વધુ જૂનું હોય તો.	શૂન્ય	શૂન્ય	શૂન્ય
(૨)	કોઈ વ્યકિત, સ્થાનિક સત્તામંડળ, સાર્વજનિક ટ્રસ્ટ, યુનિવર્સિટી અથવા શૈક્ષણિક કે સમાજકલ્યાણ સંસ્થા સિવાયની કોઈ વ્યકિતની માલિકીનાં હોય ત્યાં.	ઉપર નિર્દિષ્ટ કરેલા દરો કરતાં બમણો દર.".		

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૯મી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ના ૮૮/ડીવીપી/૨૨૯૫/૧૪૨૧/એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૮મી જૂન, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ના ૮૮/ડીવીપી/૨૨૯૫/૧૪૨૧/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧ના ૮૪/ડીવીપી-૨૨૮૮-૭૪૨-(૯૧)-એલ હેઠળ મંજુર કરેલી જામજોધપુર નગર માટેની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

INDEX

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૨૭-૩-૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧ના ૮૪-ડીવીપી/૨૨૮૮/૭૪૨/(૯૧)-એલ થી મંજૂર કરેલી જામજોધપુર વિસ્તાર વિકાસ સત્તામંડળની સુધારેલી વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

જામજોધપુર વિસ્તાર વિકાસ સત્તા મંડળની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરેલી અને આ સાથે જોડેલા પ્લાનમાં " A B C D E F G H A " તરીકે નિશાની કરીને દર્શાવિલ જામજોધપુરની મહેસૂલી સરવે નંબર ૪૩૩/ભાગ (૧૩૫૫૭ ચો. મી.)વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત થયેલી જમીન, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨ (૨) (૬) હેઠળ "શૈક્ષણિક અને તેની સાથે જોડાયેલી પ્રવૃત્તિઓ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૯મી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૮૨/ટીપીએસ-૧૫૯૫-૩૧૦૨-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૮મી જૂન, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૮૨/ટીપીએસ-૧૫૯૫-૩૧૦૨-એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૨૦મી એપ્રિલ, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી-૧૯૯૦નો ૮૨/ટીપીએસ-૧૫૮૮-૧૦૫૬-૯૦-એલ હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રુએ, બાવળા નગર પંચાયતે (બાવળા વિસ્તાર વિકાસ સત્તામંડળ) તેને સાદર કરેલ નગરરચના યોજના બાવળા ક્રમાંક ૨નો મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો.

INDEX

અને સદરહુ અધિનિયમની કલમ ૫૦ની મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે, નગરરચના અધિકારીની નિમણૂંક કરી હતી.

અને, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી-૧૯૯૬નો ૩૭/ટીપીએસ-૧૫૯૪-૨૮૧૮-એલ હેઠળ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, નગરરચના યોજના બાવળા નં. ૨ પ્રારંભિક મંજૂર કરે છે;

અને, નગરરચના અધિકારીએ, સદરહુ અધિનિયમની કલમ ૫૨ની પેટા-કલમ (૨) અને કલમ ૬૨ની પેટા-કલમ (૨) હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના બાવળા નં. ૨ છેવટની યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ છેવટની યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ-૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી :—

(ક) "સદરહુ છેવટની યોજના" મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે "સદરહુ છેવટની યોજના" રવિવાર અને રજાના દિવસો સિવાય, કચેરીના સમય દરમિયાન બાવળા મ્યુનિસિપલ બરો (બાવળા વિસ્તાર વિકાસ સત્તા મંડળ)ની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

(ગ) સદરહુ કલમ-૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે તારીખ ૧૯મી જુલાઈ, ૧૯૯૬ નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૯મી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૮૬/ડીવીપી-૨૯૯૨-૭૦૪-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૮મી જુન, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૮૬/ડીવીપી-૨૯૯૨-૭૦૪-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૦નો ૧૮૦/ડીવીપી-૨૯૯૯-૨૫૧૩-

INDEX

(૯૦)—અલ હેઠળ મંજૂર કરેલી માંડવા નગર (જિલ્લો કચ્છ) માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો સૂચિત ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩જી મે, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-વી-૧૯૯૪નો ૨૭૭/ડીવીપી-૨૯૨૨-૧૩૦૩-(૯૪)-એલ હેઠળ તા. ૩જી મે, ૧૯૯૪ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ ૪-બીના પાના નંબર ૭૬-૧ અને ૭૬-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને સૂચિત ફેરફારના સંબંધમાં કોઈ વ્યકિતને સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિદ્ધ કરી હતી.

અને ગુજરાત સરકારને કોઈ વાંધા અથવા સૂચનો મળ્યા નથી;

અને ગુજરાત સરકારે સમુચિત સત્તામંડળ/વિસ્તાર વિકાસ સત્તામંડળ (માંડવી નગરપાલિકા) સાથે વિચાર-વિનિમય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર તારીખ ૧૯મી જુલાઈ, ૧૯૯૬થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૦નો ૧૮૦/ડીવીપી-૨૯૮૯-૨૫૧૩-(૯૦)-એલ થી મંજૂર કરેલ માંડવી (જિલ્લો કચ્છ)ની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

માંડવી (જિલ્લો—કચ્છ)ની મંજૂર કરેલ વિકાસ યોજનામાં "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરેલી આ સાથે જોડેલા પ્લાન ઉપર દર્શાવ્યા પ્રમાણે મહેસૂલી સરવે નંબર ૧૩૮, ૧૪૦ અને ૧૪૧વાળી જમીનો, સદરહુ મુકરર કરેલી જમીનોમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જૂન, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૯મી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીજી/૯૬/૧૦૫/એમટીએ-૧૭૯૬/૧૫૩૬/ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE BOMBAY MOTOR VEHICLES TAX ACT, 1958.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જૂન, ૧૯૯૬.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીજી/૯૬/૧૦૫/એમટીએ-૧૭૯૬/૧૫૩૬/અ.—મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ના નિયમ ૧૬-કના ખંડ (૧)સાથે વાંચતાં, મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૧૩ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી શ્રી સ્વામિનારાયણ સર્વમંગલમ ટ્રસ્ટ, કાંસા, તા. વિસનગર, જિ. મહેસાણા—ની માલિકીનું એન્જિન નંબર એસ ૪-૩૩-૨૪૦૨૨ અને ચેસિસ નં. એસ ૪-૩૩-૨૪૦૨૨ (મહિન્દ્રા મિનિબસ)વાળું જે મોટર વાહન ધાર્મિક ઉદ્દેશ સાધવા માટે ઉપયોગમાં લેવાતું હોય અથવા ઉપયોગ કરવા માટે રાખેલ હોય તે મોટર વાહનને, આ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સાધવા માટે ઉપયોગ કરવાનું અથવા ઉપયોગ કરવા માટે રાખવાનું ચાલુ રાખવામાં આવે ત્યાં સુધી વેરો ભરવામાંથી સંપૂર્ણ મુક્તિ આપે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૫મી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૬નો ૧૦૭/ટીપીએસ-૧૧૯૫-૧૩૦૬-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જૂન, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૦૭/ટીપીએસ-૧૧૯૫-૧૩૦૬-એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૪મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૮૬નો ૧૬/ટીપીએસ-૧૫૮૫-૬૯૯-(૮૯)-એલ હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ—૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળે પોતાને સાદર કરેલી નગરરચના યોજના ઘોડાસર નંબર ૧નો મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો;

INDEX

અને, સદરહુ અધિનિયમની કલમ–૫૮થી ૨ જોલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે સદરહુ યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણૂક કરી હતી;

અને, નીમેલા નગરરચના અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મો)ની કલમ–૫૨ની પેટા-કલમ (૨) અને કલમ–૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના ઘોડાસર નંબર–૧ પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી હતી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ–૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:–

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા સુધારાને અધીન રહીને, "સદરહુ પ્રારંભિક યોજના" મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે સદરહુ યોજના અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીમાં રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ લોકોને જોવા માટે ખુલ્લી રહેશે, અને

(ગ) સદરહુ કલમ–૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ) ના હેતુ માટેની તારીખ તરીકે સન ૧૯૯૬ના જુલાઈ મહિનાની ૨૬મી તારીખ નક્કી કરે છે.

અનુસૂચિ

(૧) પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં, "જાહેર ગૃહનિર્માણ" માટે સમુચિત સત્તામંડળ–અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ફાળવેલ છેવટના પ્લોટ નં. ૧૨૦, ૧૨૨, ૧૨૩ અને ૧૨૬ "સમાજના સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગો માટે ગૃહનિર્માણ માટે ફાળવણી" માટે રહેશે.

(૨) પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં, પાના નં. ૮૧ ઉપર, અનુક્રમાંક–૮૭ની કોલમ નં. ૨માં, "સમુચિત સત્તામંડળ" એ શબ્દો પછી, "અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ" એ શબ્દો દાખલ કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુક્ત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી જૂન ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ના ૯૮/ડીવીપી/૧૫૯૦/૧૩૧૨/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

શુદ્ધિપત્ર

સચિવાલય, ગાંધીનગર તારીખ ૨૧મી જૂન, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬:

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૯૮/ડીવીપી/૧૫૯૦/૧૩૧૨/એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૯મી મે, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૬૬/ડીવીપી-૨૫૯૦-૧૩૧૨-એલ, માં સૂચિત ફેરફારમાં આનુસૂચિના અનુક્રમાંક-(૧) ૫૨ " ABCDEFGHIJKLMNA " એ શબ્દ પછી આવતા અને " OPCQO "એ શબ્દો ક્રમી કરેલા ગણવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. ડી. પટેલ,
સેકશન અધિકારી.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૦મી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૬ના ૯૨/ડીવીપી/૨૭૯૫-૨૮૪૨-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જુન, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ના ૯૨/ડીવીપી/૨૭૯૫/૨૮૪૨/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે તારીખ ૬—૪—૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪ના ૬૩/ડીવીપી/૨૭૯૨-૧૦૦૯-એલ, હેઠળ મંજૂર કરેલી વિજાપુર વિસ્તાર વિકાસ ચત્તામંડળની વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

INDEX

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુક્ત છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર—ને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૬—૪—૧૯૯૪ના જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪ના ૬૩/ડીવીપી-૨૭૯૨/૧૦૦૯/૯૪-એલ.થી સરકારે મંજૂર કરેલી વિજાપુરની છેવટની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

વિજાપુરની મંજૂર કરેલી વિકાસ યોજનામાં, "ઔદ્યોગિક ઉપયોગ" માટે મુકરર કરેલી, આ સાથે જોડેલા પ્લાન ઉપર "ABCD EFGHIJKLMA" અને " HIJKH. " નિશાની કરીને દર્શાવેલી વિજાપુરની મહેસૂલી સરવે નંબર ૧૫૩૪/૧, ૧૫૩૪/૨/ભાગ, ૧૫૩૫, ૧૫૩૬/ભાગ અને ૧૫૫૧/ભાગવાળી જમીનોનો બ્લોક, સદરહુ ઉપયોગમાંથી કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ—૧૨(૨) (ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૮૭/ડીવીપી/૨૬૯૪/૧૮૩૩/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી.
સરકારના નાયબ સચિવ.

Notification
Under
THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૧૮મી જૂન, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૮૭/ડીવીપી/૨૬૯૪/૧૮૩૩/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૧૧મી ડિસેમ્બર, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક:જીએચ/વી/૧૯૯૧નો ૨૮૭/ડીવીપી-૨૬૯૦/૩૭૪૭(૯૧) એલ હેઠળ મંજુર કરેલી કોડીનાર નગર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુક્ત છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

INDEX

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસુચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧ના ૨૮૭/ડીવીપી/૨૬૯૦/૩૭૪૭ (૯૧)-એલ થી મંજૂર કરેલી કોડીનાર ની છેવટની વિકાસ યોજનામાં સૂચિત ફેરફાર.

---

૧. કોડીનારની મંજૂર કરેલ વિકાસ યોજનામાં "કૃષિ વિષયક ઉપયોગ" માટે મુકરર કરેલી, આ સાથે જોડેલા પ્લાન ઉપર 'HIJKLMH તરીકે નિશાની કરીને દર્શાવેલ કોડીનારની મ. સ. નં. ૫૯૫/૧, ૫૯૫/૨ અને ૫૯૬ પૈકી વાળી (સૂચિત ઔદ્યોગિક ઝોન સિવાયની' જમીનો, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

૨. કોડીનારની મંજૂર કરેલ વિકાસ યોજનામાં "કૃષિ વિષયક ઉપયોગ" માટે મુકરર કરેલી આ સાથે જોડેલા પ્લાન ઉપર "ABCDEFGA" તરીકે નિશાની કરીને દર્શાવેલ કોડીનારની મ. સ. નં. ૮૯૭, ૮૯૮, ૮૯૯, ૯૦૦, ૯૦૧ પૈકી, ૯૦૭ પૈકી અને ૯૦૮ પૈકીવાળી જમીનો, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી. અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૦મી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચવી/૧૯૯૬નો ૯૩/ડીવીપી/૨૭૯૩-એમ-૧૦૪-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ. ૨૦મી જુન, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૯૩/ડીવીપી-૨૭૯૩-એમ-૧૦૪-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૨૬મી ઓગસ્ટ, ૧૯૮૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૮૧નો ૯૮/ડીવીપી-૨૩૭૮-૧૮૯૬-૮૧-એલ હેઠળ મંજૂર કરેલી કડી વિસ્તાર વિકાસ સત્તામંડળના વિકાસ વિસ્તાર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ છેવટની સુધારેલી વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

INDEX

અને સદરહુ છેવટની સુધારેલી વિકાસ યોજનામાં કરવા ધારેલો સૂચિત ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ-૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૨૫/ડીવીપી-૨૭૯૩-એમ-૧૦૪-એલ હેઠળ તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ ૪-બીના પાના નંબર ૪૧/૩ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને સૂચિત ફેરફારના સંબંધમાં કોઈ વ્યકિતને સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહીનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી.

અને ગુજરાત સરકારને આ સૂચિત ફેરફારના સંબંધમાં કોઈ વાંધા અથવા સૂચનો મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૧૯થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલ અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ છેવટની સુધારેલી વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજુર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર તારીખ ૨૦/૬/૧૯૯૬થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૬--૮--૧૯૮૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૮૧નો ૯૮-ડીવીપી-૨૩૭૮-૧૮૯૬-૮૧-એલ થી મંજુર કરેલ કડીની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર.

કડીની મંજુર કરેલ સુધારેલી વિકાસ યોજનામાં "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલી આ સાથે જોડેલા પ્લાન ઉપર"ABCDEFGHIJA, KLMNOPQRSTUK, VWXYZ" નિશાની કરીને બ્લોકમાં દર્શાવ્યા પ્રમાણે કડીની મહેસૂલી સરવે નંબર ૧૪૫૪, ૧૪૫૫, ૧૪૫૬, ૧૪૫૭/૧, ૧૪૫૭/૨, ૧૪૫૯/૧, ૧૪૬૦/૧, ૧૪૬૦/૨, ૧૪૯૮/૧, ૧૪૯૮/૨, ૧૪૯૯/૧, ૧૪૯૯/૨, ૧૫૦૦, ૧૫૦૬, ૧૫૦૭, ૧૫૦૮, ૧૫૦૯/૧,૨,૩, ૧૫૧૦, ૧૫૧૧/૧ અને ૧૫૧૨/૨વાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન' માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૬ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/એલ/૧૪/એવીકે/૧૦૯૩-૨૧૯૮/(૧૬)/ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડિયા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT SCHEDULED CASTES DEVELOPMENT CORPORATION ACT, 1985

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૮૫ હેઠળ જાહેરનામું

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૮૫.

ક્રમાંક. જીએચએલ/૧૪-એવીકે-૧૦૯૩-૨૧૯૮ (૧૬) ખ.—ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૮૫ (સન—૧૯૮૫ના ગુજરાતના ૧૦મા)ની કલમ—૩ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સન,૧૯૯૬ના ઓગષ્ટ મહિનાની ૧૫મા તારીખથી અમલમાં આવે તેમ, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન એ નામનું કોર્પોરેશન સ્થાપે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. એલ. ભટ્ટ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ઓગષ્ટ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૪મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી-૧૯૯૫નો ૪૪-વીબીએન-૩૨૯૩-૨૧૬૦-ચનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT PANCHAYAT ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર; ૨૪મી જુલાઈ, ૧૯૯૫

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક કેપી,૧૯૯૫નો ૪૪-વીબીએન-૩૨૯૩-૨૧૬૦-ચ,—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત ઝાલોદ અને જિલ્લા પંચાયત પંચમહાલ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી:—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામનાં સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી,

INDEX

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૩માં દર્શવિલ સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	ઝાલોદ	સંજેલી	૧. (૧) સંજેલી મહેસૂલી ગામ.		(૧) સંજેલી	૧. (૧) સંજેલી મહેસૂલી ગામ.
			(૨) ટીસાના મુવાડા મહેસુલી ગામ.			(૨) ટીસાના મુવાડા મહેસુલી ગામ.
			(૨) ગોવિંદા તલાઈ મહેસુલી ગામ.	(૧) ગોવિંદા તલાઈ મહેસુલી ગામ.	(૨) ગોવિંદા તલાઈ	(૨) ગોવિંદા તલાઈ મહેસૂલી ગામ.
			(૩) કોટા મહેસૂલી ગામ.	(૩) કોટા મહેસૂલી ગામ.	(૩) કોટા	(૩) કોટા મહેસૂલી ગામ.
			(૪) પ્રતાપપુરા મહેસૂલી ગામ.	(૩) પ્રતાપપુરા મહેસૂલી ગામ.	(૪) પ્રતાપપુરા	(૪) પ્રતાપપુરા મહેસૂલી ગામ.
			(૫) ચમારિયા મહેસૂલી ગામ.	(૪) ચમારિયા મહેસૂલી ગામ.	(૫) ચમારિયા	(૫) ચમારિયા મહેસૂલી ગામ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૦મી ઓગસ્ટ, ૧૯૯૪ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૯૪/૧૦૧/એમવીઆર/૧૦૯૨/૪૨૯૭/ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE BOMBAY MOTOR VEHICLES TAX RULES, 1959.

મુંબઈ મોટર વાહનવેરા નિયમો, ૧૯૫૯ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૩૦મી ઑગસ્ટ, ૧૯૯૪.

મુંબઈ મોટર વાહનવેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીજી/૯૪/૧૦૧/એમવીઆર/૧૦૯૨/૪૨૯૭/ખ.—મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ક્રમમાં) ની કલમ ૨૩ હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો સદરહુ અધિનિયમ ની કલમ-૨૩ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યક્તિઓની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે, અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, સરકાર સદરહુ મુસદ્દા ધ્યાનમાં લેશે.

૨. ઉપર્યુક્ત મુદત પુરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યક્તિ તરફથી, સચિવ (વાહન વ્યવહાર) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કાંઈ લેખિત સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક જી જી/૯૪/૧૦૧/એમવીઆર/૧૦૯૨/૪૨૯૭/ખ.–મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ક્રમમાં)ની કલમ ૨૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે;

૧. આ નિયમો, 'મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૪' કહેવાશે.

૨. મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨માં (૧) ખંડ (ચ)માં, "મોટર વાહન અધિનિયમ, ૧૯૩૯" એ શબ્દો અને આંકડાને બદલે, 'મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮" એ શબ્દો અને આંકડા મુકવા,

(૨) ખંડ (ઝ)માં, "મોટર વાહન અધિનિયમ, ૧૯૩૯ અથવા મુંબઈ મોટર વાહન નિયમો, ૧૯૫૯માં" એ શબ્દો અને આંકડાને બદલે "મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ અથવા કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯માં અથવા ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૯૯માં" એ શબ્દો મુકવા;

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૧૬ ક્રમાં (૧) ખંડ (૮)માં, "મોટર વાહન અધિનિયમ, ૧૯૩૯ની કલમ ૬૩ની પેટા-કલમ (૧૧)"એ શબ્દો, આંકડા અને કૌંસ ને બદલે, "મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૮૮ની પેટા-કલમ (૧૨)" આ શબ્દો, આંકડા અને કૌંસ મૂકવા;

(૨) ખંડ (૯)માં, "મોટર વાહન અધિનિયમ, ૧૯૩૯ની કલમ ૬૩ની પેટા-કલમ (૬) અથવા કલમ ૬૩ની પેટા-કલમ (૭) હેઠળ મંજુર કરેલ ટુરિસ્ટ પરમિટ" એ શબ્દો, આંકડા અને કૌંસને બદલે "મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૮૮ની પેટા-કલમ (૮) અથવા પેટા-કલમ (૯) હેઠળ મંજુર કરેલી ટુરિસ્ટ પરમિટ" એ શબ્દો આંકડા અને કૌંસ મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ--૨૯માં, પેટા-નિયમ (૧)માં,-

(૧) "વાહન વ્યવહાર નિયામક" એ શબ્દોને બદલે "યથાપ્રસંગ, વાહન-વ્યવહાર કમિશનર અથવા વાહન-વ્યવહાર નિયામક" એ શબ્દો મૂકવા;

(૨) "બંદર, વાહન-વ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગ" એ શબ્દોને બદલે, "ગૃહ વિભાગ" એ શબ્દો મુકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા,
સરકારના ઉપ સચિવ

INDEX

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

તા. ૧–૧૧–૯૬ થી ૩૦–૧૧–૯૬ દરમિયાન પ્રસિદ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી

ક્રમ	અસાધારણ રાજપત્રનો ક્રમાંક	જાહેરનામાનો નંબર અને તારીખ	પ્રસિદ્ધિની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
		ભાગ ૯		
૧	૬૬	ભા. એ. ૪૨૮- તા. ૧–૧૧–૯૬ નં.વટ-૧-૯૬-૧-૧૧-૯૬	૧-૧૧-૯૬	ઉ. અને સં. ભા. વિ.
૨	૬૭	,, ૫૪૮–સન ૧૯૯૬નો ગુજ. ૭૨ હુકમ ક્રમાંક-૧૪	૧૬-૧૧-૯૬	,,
૩	૬૮	,, ૫૪૯ ,, ૧૩	,,	,,
૪	૬૯	,, ૫૫૦ ,, ૧૨	,,	,,
૫	૭૦	,, ૫૬૨ ,, ૧૫	૨૩-૧૧-૯૬	,,
૬	૭૧	,, ૫૬૪ ,, ૧૬	૨૯-૧૧-૯૬	,,

જે. કે. દવે,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX